Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ॐ

नमः सिद्धेभ्यः।

શ્રી

# પરમાગમસાર

[ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં વિવિધ
આગમો ઉપરના પ્રવચનોમાંથી ચૂંટેલા ૧૦૦૮ રત્નો ]

સંપાદકઃ
શશીકાંત મ. શેઠ

પ્રકાશકઃ
**શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
ભાવનગર.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પ્રાપ્તિસ્થાનઃ
**શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ,**
૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર–૩૬૪૦૦૧
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ – ૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

પ્રથમાવૃત્તિઃ પ્રત ૫૦૦૦
વિ. સં. ૨૦૩૮
વીર સં. ૨૫૦૮

મુદ્રકઃ
સુમતિ પ્રિન્ટિંગ પ્રેસ
પાલીતાણા રોડ, સોનગઢ – ૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

This shastra has been kindly donated by Hevika Foundation (hastè Kamal, Vijen, Hemal Bhimji Shah and Family), London, UK who have paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) We have taken great care to ensure this electronic version of Parmagamsaar is a faithful copy of the paper version. However if you find any errors please inform us on Rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 12 Dec 2002 | First electronic version. |



પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# સંપાદકીય

અનંત ઉપકારી પૂ. ગુરુદેવશ્રીના ૧૦૦૮ વચનરત્નોના સંગ્રહરૂપે આ "પરમાગમસાર" નામક ગ્રંથ પ્રકાશિત કરતાં અમોને હર્ષ થાય છે. પૂ. ગુરુદેવશ્રીએ અનેક વર્ષો સુધી સોનગઢમાં બિરાજમાન રહી. દિ. જૈન આચાર્યો રચિત પરમાગમો અને અનુભવ પ્રકાશ, મોક્ષમાર્ગ પ્રકાશ-જેવા અધ્યાત્મિક ગ્રંથો ઉપર અનેક વિશદ પ્રવચનો કરેલાં છે; આવા સેંકડો પ્રવચનો "આત્મધર્મ" અને "પ્રવચન પ્રાસાદ" માં પ્રસિદ્ધ થયેલાં છે. તેમાંથી સારભૂત વચનો ચૂંટીને આ 'પરમાગમસાર' માં ગ્રંથારૂઢ કરવામાં આવ્યાં છે. આ રીતે પરમાગમો ઉપર થયેલાં પ્રવચનોના દોહનરૂપ હોવાથી, આ ગ્રંથનું નામાભિધાન પરમાગમસાર-યથા અર્થમાં આપેલ છે. વચનોની પસંદગી કરવામાં, ચારે અનુયોગમાં પ્રરૂપિત સિદ્ધાંતો, અધ્યાત્મિક સિદ્ધાંતો, નૈતિક સિદ્ધાંતો વગેરે વિષયોની વિશાળતા અને પૂ. ગુરુદેવના શ્રીમુખે પ્રગટતી જે તે વિષયોની વિવિધતા, મૌલિકતા વગેરેને ધ્યાનમાં લઈને વિશાળ દ્રષ્ટિકોણ અપનાવવામાં આવેલ છે. આ રીતે પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનોના વિશાળ ફલક ઉપર થયેલ આ ગ્રંથની રચના એક ઐતિહાસિક ગ્રંથ બની રહેશે.

પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનો પ્રત્યક્ષ સાંભળવાનો લ્હાવો અનેક ભવ્યજીવોએ લીધો છે અને તેમની વાણીમાં રહેલાં અતિશયનો અનુભવ તે સર્વને થયો છે. પૂ. ગુરુદેવની એવી સાતિશય વાણીનું વર્ણન કરવું તે મારી શક્તિ બહારની વાત છે. તેઓશ્રીને "શ્રુતની લબ્ધિ હતી" એવું જે પૂ. બહેનશ્રીને અનુભવાયું છે અને (વચનામૃતમાં) કહ્યું છે, તે યથાર્થ જ છે, તેઓશ્રીના નિર્મળ ભાવશ્રુત જ્ઞાનમાં, અધ્યાત્મનાં અનેક ગૂઢ રહસ્યો ભાસ્યમાન થઈને વચનરૂપે વ્યક્ત થયાં છે. સાદી ભાષામાં પણ છણાવટ કરવાની વિશદ શૈલીમાં અધ્યાત્મની અનેકવિધ સૂક્ષ્મતા, (આત્માનું સૂક્ષ્મ સ્વરૂપ અને પ્રાપ્તિની વિધિ) પુરુષાર્થ પ્રેરક તીક્ષ્ણતા, સ્વાનુભવની અભેદતા આદિ અલૌકિક ગુણોથી વિભૂષિત એવી તેઓશ્રીની વાણીમાં, લૌકિક વકતૃત્વકળાની કૃત્રિમતા ન હોવા છતાં, વિદ્વાનમાં વિદ્વાન શ્રોતા અને અભણમાં અભણ શ્રોતા ઉપર કોઇ એવી અવર્ણનીય પ્રભાવિત અસર થતી કે હજારો શ્રોતાઓ પ્રવચનમાં જાણે મંત્ર મુગ્ધ થઈને ડૂબી જતાં. તેમનાં શ્રોતાગણમાં જૈન અને જૈનેતરનો વિશાળ સમુદાય છે, તેમાં સૌને પોતાને યોગ્ય એવું કાંઈક મળી રહેતું અને તેથી સોનગઢ જેવાં સૌરાષ્ટ્રની અંદરના ભાગમાં આવેલા નાના ગામમાં પણ આખા દેશના ખૂણે ખૂણેથી હજારો માણસો તેમના પ્રવચન - શ્રવણના લાભાર્થે આવતા હતા; આવો ક્રમ અનેક વર્ષો પર્યંત છેવટ સુધી ચાલુ રહ્યો, તે ઉપરોક્ત આકર્ષણની પ્રતીતિરૂપે હતું.

પૂ. ગુરુદેવશ્રીએ પ્રવચનો દ્વારા જે 'સત્' નો પ્રકાશ કર્યો, તેથી વર્તમાન અને ભાવિ મુમુક્ષુ સમાજ ઉપર તેઓશ્રીનો અમાપ ઉપકાર વર્તે છે. જે વચનના નિમિત્તે સંસાર પરિભ્રમણથી સંતૃપ્ત જીવનું ભવભ્રમણ ભાંગી જાય, તે વચનોનું મૂલ્ય શું થઈ શકે? તથા પ્રકારે ઉપકૃત એવા નિકટ ભવ્યજીવોના ભક્તિ અને બહુમાન ભર્યા ભાવો ઘટ અંતરમાં સમાતા નથી, ત્યારે બાહ્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના બંધનને તોડીને પ્રવર્તવા લાગે છે. જેની પ્રતીતિ પૂ. બહેનશ્રી અને પૂ. સોગાનીજીનાં વચનોથી પ્રસિદ્ધપણે થઈ છે.

સત્‌નાં દાન દેનાર, એવા અનુપમ ઉપકારી પૂ. ગુરુદેવશ્રી પ્રત્યેની ભક્તિવશ, તેઓશ્રીની સત્ પ્રરૂપણાનો જગતમાં પ્રસાર થાય તેવી ભાવનાનો ભાવ આ ગ્રંથનું પ્રકાશન થવામાં પ્રેરક થયો છે;

તેમાં શરૂઆતથી છેવટસુધી શ્રી હીરાલાલ કાલા અને શ્રી હસમુખભાઈ ગાંધીની ભાવનાઓનો સહયોગ પ્રાપ્ત થયો છે અને આ કાર્યને મૂર્ત સ્વરૂપ મળેલ છે.

આભાર:

તે ઉપરાંત વિદ્વાન પં. શ્રી હિંમતલાલ જે. શાહે ચૂંટાયેલા વચનોનું અવલોકન કરીને, અનેકવિધ પ્રકારે માર્ગદર્શન, સલાહ-સૂચનો આપી, શક્ય તેટલી ક્ષતિઓ નિવારી, ગ્રંથના સુંદર પ્રકાશનમાં અમૂલ્ય ફાળો આપ્યો છે, તે બદલ તેમનો આભારી છું.

આ ગ્રંથની વિષય-સૂચિ અને શુદ્ધિ-પત્રક વગેરે તૈયાર કરવામાં શ્રી અરવિંદભાઈ ગાંધી અને સરોજબહેન ગાંધીએ ઘણો પરિશ્રમ લીધો છે, તે બદલ તેમનો તેમ જ સુમતિ પ્રિન્ટિંગ પ્રેસમાં ત્વરિતગતિએ સુંદર મુદ્રણ કરી આપ્યું તે બદલ તેમનો આભાર માનું છું.

આ ગ્રંથની કિંમત ઘટાડવા માટે જે જે દાતાઓની રકમો આવી છે તેમનો આભાર માનવામાં આવે છે.

અંતમાં પૂ. ગુરુદેવના વચનામૃતના પાન દ્વારા ભવ્યજીવો આત્મકલ્યાણ કરે તેવી ભાવના ભાવું છું.

– સંપાદક

ફાગણ વદ-૧, વિ. સં. ૨૦૩૮, ભાવનગર.

# પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો અપાર ઉપકાર

[પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના હસ્તાક્ષરમાં]

હે પરમ કૃપાળુ ગુરુદેવ! આપના અપાર ગુણોનું શું વર્ણન કરું? આપના અનંત ઉપકારોનું શું વર્ણન કરું? આ આત્માના દરેક પર્યાયમાં આપનો અસીમ ઉપકાર છે. આપે આ ભારતના જીવોને જાગ્રત કર્યા છે, અંતરમાં આત્મા તરફ વાળ્યા છે.

હે ગુરુદેવ! આપના શુદ્ધાત્મામાં પ્રગટેલા શુદ્ધ પર્યાયોના-જ્ઞાન-વિરક્તિ આદિની છાયા આપના અંતરમાં તેમજ આપની મુદ્રામાં છવાઈ ગઈ હતી.

હે ગુરુદેવ! આપના અંતરમાં ચૈતન્યરત્નાકર-સ્પર્શી અતિશયે શ્રુતજ્ઞાનની ચમત્કારી સમ્યક્ પર્યાયોના ઝળઝળતા જ્ઞાન-દીવડા પ્રકાશિત રહ્યા હતા; આપની અતિશયે વાણી ચૈતન્યદેવનો અદ્ભુત ચમત્કાર દેખાડનારી હતી.

હે ગુરુદેવ! આપનું ચૈતન્યદ્રવ્ય મંગળસ્વરૂપ અને મંગળતાના પ્રગટાવનાર તથા અલૌકિક હતું, દિવ્ય હતું.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

હે ગુરુદેવ! આપે એકાકી, નિસ્પૃહ અને નીડરપણે અંતરમાં પુરુષાર્થ કરી આત્મરત્નને પ્રગટ કરી ભારતના જીવોને તે અપૂર્વ માર્ગે નિઃસ્પૃહપણે અને નીડરપણે આપના પરાક્રમથી વાળ્યા છો; શાસ્ત્રોનાં ને આત્મદેવનાં ઊંડાં સૂક્ષ્મ ગૂઢ પ્રકાશ્યાં છે; ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, દ્રવ્યદ્રષ્ટિ, જ્ઞાતા, કર્તા, અકર્તા, સ્વાનુભૂતિના નિર્વિકલ્પ દશા વગેરે ચૈતન્યના અદ્‌ભુતતા વાણી દ્વારા પ્રકાશ કરી લાખો જીવોને અંતરદ્રષ્ટિનો માર્ગ બતાવ્યો છે, તે પંથે વાળ્યા છે. આપ ભારતના મહાન વિભૂતિ અને અજોડ રત્ન હતા.

હે ગુરુદેવ! આપના ઉપકારોનું શું વર્ણન કરવું? તે તો હૃદયપટમાં કોતરાઈ ગયા છે. આ દાસના આત્મા ઉપર આપનો અનંત અનંત ઉપકાર છે. આપના સેવા-ભક્તિ અંતરમાં વસી રહો. આપના ચરણ કમળમાં આ દાસના વારંવાર પરમભક્તિથી વંદન નમસ્કાર હો.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# શ્રી સમયસારજી-સ્તુતિ

( હરિગીત )

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

( અનુષ્ટુપ )

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

( શિખરિણી )

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

( શાર્દૂલવિક્રિડિત )

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

( વસંતતિલકા )

સુણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

( અનુષ્ટુપ )

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

( હરિગીત )

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ ક્હાન તું નાવિક મળ્યો.

( અનુષ્ટુપ )

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

( શિખરિણી )

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

( શાર્દૂલવિક્રીડિત )

હૈયું ‘સત સત, જ્ઞાન જ્ઞાન’ ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
-રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

( વસંતતિલકા )

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

( સ્રગ્ધરા )

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, -મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

# અનુક્રમણિકા


| પ. વચનામૃત નંબર પાના નં. | આત્મધર્મ અંક પાના નં. | ગ્રંથ/શાસ્ત્રનું નામ ગાથા/કળશ | પ. વચનામૃત નંબર પાના નં. | આત્મધર્મ અંક પાના નં. | ગ્રંથ/શાસ્ત્રનું નામ ગાથા/કળશ |
|---|---|---|---|---|---|
| ૧–૧૮/૧–૮ | | | ૧૩૨–૧૩૬/૪૦, ૪૧ | ૪૧૭/૧૩–૨૪ | પ્રવચનસાર/ગા. ૮૦ |
| ૧૯–૨૦/૯ | ૪૦૫/૩ | કળશટીકા/ક. ૩ | ૧૩૭/૪૨ | ૪૧૭/૨૬ | કળશટીકા/ક. ૨૦૩ |
| ૨૧–૨૨/૯ | ૪૦૫/૬, ૯ | સમયસાર/ગા. ૨૯૪ | ૧૩૮/૪૨ | ૪૦૪/૧ | કળશટીકા/ક. ૧ |
| ૨૩–૨૫/૧૦ | ૪૦૫/૧૧–૧૩ | પરમાત્મપ્રકાશ | ૧૩૯/૪૨ | ૪૦૪/૯ | સમયસાર/ગા. ૨૭૩ |
| | | ગા. ૨૯૭ વિ. અ. | ૧૪૦–૧૪૨/૪૨, ૪૩ | ૪૦૪/૧૬, ૧૭ | સમયસાર/ગા. |
| ૨૬/૧૦ | ૪૦૫/૧૭ | કળશટીકા/ક. ૪ | | | ૨૭૬–૨૭૭ |
| ૨૭–૩૨/૧૧, ૧૨ | ૪૦૫/૨૨–૨૪ | જ્ઞાનગોષ્ઠી | ૧૪૩–૧૪૯/૪૪, ૪૫ | ૪૦૪/૨૦–૨૫ | જ્ઞાનગોષ્ઠી |
| ૩૩/૧૩ | ૪૦૩/૬ | પરમાત્મપ્રકાશ | ૧૦૫–૧૫૧/૪૫ | ૪૦૪/૧૨ | સમયસાર/ગા. ૨૭૪ |
| | | પ્ર. અ. ગા. ૩૩ | | | |
| | | | ૧૫૨–૧૬૪/૪૬–૪૯ | ૪૦૯/૧૩–૨૧ | જ્ઞાનગોષ્ઠી |
| ૩૪–૪૩/૧૩–૧૫ | ૪૦૩/૯–૧૪ | જ્ઞાનગોષ્ઠી | ૧૬૫/૪૯ | ૪૦૯/૨૨ | કળશટીકા/ક. ૭ |
| ૪૪–૪૫/૧૫, ૧૬ | ૪૦૩/૧૪, ૨૦ | સમયસાર/ગા. ૭૧ | ૧૬૬/૪૯ | ૪૦૯/૨૫ | સમયસાર/ક. ૨૧૩ |
| ૪૬/૧૬ | ૩૮૬/મુખપુષ્ઠ | – | ૧૬૭/૪૯ | ૪૦૯/૨૯ | કળશટીકા/ક. ૨૯ |
| ૪૭/૧૬ | ૩૮૬/૩ | સમયસાર/ક. ૧ | ૧૬૮/૫૦ | ૪૦૯/૩૧ | સમયસાર/કળશ–૨૩૮ |
| ૪૮–૫૩/૧૭, ૧૮ | ૩૮૬/૬–૧૩ | પ્રવચનસાર/૪૭ નય | ૧૬૯–૧૭૦/૫૦, ૫૧ | ૪૦૮/૧–૭ | સમયસાર/૪૭ શક્તિ |
| ૫૪/૧૮ | ૩૮૬/૩૨ | જ્ઞાનગોષ્ઠી | ૧૭૧–૧૭૫/૫૧, ૫૨ | ૪૦૮/૯–૧૩ | કળશટીકા/ક. ૪૮ |
| ૫૫–૫૭/૧૯ | ૩૮૬/ટાઇટલ પેજ ૪ | – | ૧૭૬–૧૮૯/૫૨–૫૬ | ૪૦૮/૧૪–૨૪ | જ્ઞાનગોષ્ઠી |
| ૫૮–૫૯/૧૯, ૨૦ | ૪૧૧/૨, ૪ | કળશટીકા/ક. ૧૩૮ | ૧૯૦–૨૫૩/૫૬–૬૬ | ૪૫૧/૪–૩૭ | પૂ. ગુ. ની ૯૨મી |
| ૬૦/૨૦ | ૪૧૧/૯ | સમયસાર/ગા. ૪૧૨ | | | જન્મ–જયંતી |
| ૬૧/૨૦ | ૪૧૧/૧૪ | કળશટીકા/ક. ૧૪૪ | ૨૫૪–૨૫૭/૬૭–૬૮ | ૪૧૨/૧–૬ | પ્રવચનસાર/ગા. ૧૭૨ |
| ૬૨–૬૩/૨૧ | ૪૧૧/૧૫–૧૬ | રાત્રિચર્ચા | ૨૫૮–૨૬૦/૬૮ | ૪૧૨/૧૪–૨૪ | કળશટીકા/ક. ૧૮૧ |
| ૬૪–૬૯/૨૧–૨૩ | ૪૧૧/૨૨–૨૬ | જ્ઞાનગોષ્ઠી | ૨૬૧–૨૬૪/૬૮–૭૦ | ૪૧૨/૨૮–૩૦ | જ્ઞાનગોષ્ઠી |
| ૭૦–૭૩/૨૩–૨૪ | ૪૧૧/૨૭–૨૯ | કળશટીકા/ક. ૧૪૨ | ૨૬૫–૨૬૮/૭૦–૭૧ | ૪૧૩/૩–૮ | નિયમસાર/ગા. ૩૮ |
| ૭૪–૭૬/૨૪, ૨૫ | ૪૧૦/૪, ૭, ૧૧, | સમયસાર/ગા. | ૨૬૯–૨૭૦/૭૨ | ૪૧૩/૧૦–૧૩ | – |
| | | ૩૯૦–૪૦૪ | ૨૭૧/૭૨ | ૪૧૩/૨૦ | કળશટીકા/ક. ૧૬૩ |
| ૭૭–૭૯/૨૫, ૨૬ | ૪૧૦/૧૮, ૨૦ | કળશટીકા/ક. ૧૩ | ૨૭૨–૨૮૨/૭૨–૭૫ | ૪૧૩/૨૩–૨૭ | જ્ઞાનગોષ્ઠી |
| ૮૦–૯૨/૨૬, ૩૦ | ૪૧૦/૨૨–૨૭ | જ્ઞાનગોષ્ઠી | ૨૮૩–૨૮૪/૭૬ | ૪૧૪/૪ | – |
| ૯૩–૧૧૧/૩૦–૩૪ | ૩૯૦/ટાઇટલ | ૮૭ મી જન્મ | ૨૮૫/૭૬ | ૪૧૪/૧૯ | કળશટીકા/ક. ૧૮૨ |
| | પેજ ૮, ૧, ૧૨ | જયંતી અંક | | | |
| | | | ૨૮૬–૨૯૫/૭૭–૮૦ | ૪૧૪–૨૦–૨૪ | જ્ઞાનગોષ્ઠી |
| ૧૧૨–૧૨૨/૩૪–૩૭ | ૪૦૬/૫૨૬ | સમયસાર/ગા. ૩૨૦ | ૨૯૬–૩૩૧/૮૦–૮૭ | ૪૧૫/૧–૧૩ | પૂ. ગુ. ની ૮૯ જન્મ જ. |
| ૧૨૩–૧૨૪/૩૮ | ૪૦૭/ટાઇટલ પેજ ૨ | રાત્રિચર્ચા | ૩૩૨/૮૭ | ૪૧૫/૨૬ | સમયસાર ગા. ૩૯ |
| ૧૨૫–૧૨૭/૩૭–૩૯ | ૪૦૮/૨૩, ૨૬ | સમયસાર/ગા. | ૩૩૩–૩૩૫/૮૭–૮૮ | ૪૧૫/૩૭, ૩૯, ૪૦ | સમયસાર/ગા. ૬ |
| | | ૩૦૮–૩૧૧ | | | |
| | | | ૩૩૬–૮૮ | ૪૧૫/૪૫ | – |
| ૧૨૮–૧૨૯/૩૦ | ૪૧૭/ટાઇટલ પેજ–૧ | – | ૩૩૭–૩૩૯/૮૮–૮૯ | ૪૧૫/ટાઇટલ પેજ – ૩ | જ્ઞાનગોષ્ઠી |
| ૧૩૦–૧૩૧/૪૦ | ૪૧૭/૧૧, ૧૨ | સમયસાર/ગા. | ૩૪૦–૩૪૫/૮૯–૯૧ | ૪૧૬/–૧૫ | સમયસાર/ગા. ૧૧ |
| | | ૧૭–૧૮ | ૩૪૬–૩૫૪/૯૧–૯૩ | ૪૧૬/૧૭–૨૫ | સ./ગા. ૧૭–૧૮ |

| પ. વચનામૃત નંબર પાના નં. | આત્મધર્મ અંક પાના નં. | ગ્રંથ/શાસ્ત્રનું નામ ગાથા/કળશ | પ. વચનામૃત નંબર પાના નં. | આત્મધર્મ અંક પાના નં. | ગ્રંથ/શાસ્ત્રનું નામ ગાથા/કળશ |
|---|---|---|---|---|---|
| ૩૫૫/૯૩ | ૪૧૬/ટાઈટલ પેજ-૨ | બ. વચનામૃત | ૪૫૧/૧૨૪ | ૪૨૪/૩૨ | - |
| | | બોલ/૩૨ | ૪૫૨/૧૨૪ | ૪ ૪/૬ | સમયસાર/ગા. ૩૮ |
| ૩૫૬/૯૩ | ૪૧૬/૧૩ | સમયસાર/ગા. ૨ | ૪૫૩/૧૨૫ | ૪૨૫/૧૫ | પ્રવચનસાર/ગા. ૩૩ |
| ૩૫૭-૩૫૮/૯૪ | ૪૧૬/૨૧-૨૨ | સમયસાર/ગા. ૩ | ૪૫૪-૪૫૬/૧૨૫-૧૨૬ | ૪૨૫/૨૧-૨૨ | બ. વચનામૃત/ |
| ૩૫૯-૩૬૫/૯૪-૯૭ | ૪૧૬/૨૩-૨૮ | જ્ઞાનગોષ્ઠી | | | બો. ૩૩૭, ૩૪૫ |
| ૩૬૬/૩૬૭/૯૮ | ૪૨૦/૭-૮ | સમયસાર/ગા. ૪ | ૪૫૭/૧૨૬ | ૪૨૫/૨૩ | પ્રવચનસાર/ગા. ૩૪ |
| ૩૬૮-૯૮ | ૪૨૦/૧૨ | સમયસાર/ગા. ૫ | ૪૫૮-૪૫૯ /૧૨૬ | ૪૨૫/૨૪-૨૬ | બ. વચનામૃત/ |
| ૩૬૯-૧૮૪/૯૯-૧૦૪ | ૪૨૦/૨૦-૨૭ | જ્ઞાનગોષ્ઠી | | | બો. ૩૫૯ ૩૬૫ |
| ૩૮૫/૧૦૪ | ૪૨૦/૩૧ | - | ૪૬૦-૧૨૭ | ૪૨૫/૨૬ | - |
| ૩૮૬/૧૦૪ | ૪૨૧/૨. | બ. વચનામૃત/બો. ૩૧૪ | ૪૬૧-૪૭૦/૧૨૭-૧૩૦ | ૪૨૫/૨૭-૩૩ | જ્ઞાનગોષ્ઠી |
| ૩૮૭/૧૦૪ | ૪૨૧/૪ | બ. વચનામૃત/બો. ૧૨૮ | ૪૭૧/૧૩૧ | ૪૨૫/૩૪ | - |
| ૩૮૮/૧૦૫ | ૪૨૧/૧૫ | સમયસાર/ગા. ૮ | ૪૭૨-૪૭૫/૧૩૧-૧૩૨ | ૪૨૬-૬-૯ | સમયસાર/ગા. ૭૨ |
| ૩૮૯/૧૦૫ | ૪૨૧/૧૭ | બ. વચનામૃત/બો. ૩૧૪ | ૪૭૬/૧૩૨ | ૪૨૬/૨૧ | બ. વચનામૃત/બો. ૩૮૭ |
| ૩૯૦/૧૦૫ | ૪૨૧/૧૮ | - | ૪૭૭-૪૮૫ /૧૩૨-૧૩૫ | ૪૨૬/૨૭-૩૧ | જ્ઞાનગોષ્ઠી |
| ૩૯૧/૧૦૬ | ૪૨૧/૨૩ | બ. વચનામૃત/બો. ૭૯ | ૪૮૬-૪૯૩/૧૩૫-૧૩૭ | ૪૩૦/૧૩-૨૨ | બ. વચનામૃત |
| ૩૯૨-૩૯૯/૧૦૬-૧૦૮ | ૪૨૧/૨૪-૨૭ | જ્ઞાનગોષ્ઠી | | | બો. ૪૧૬-૪૨૫ |
| ૪૦૦-૧૦૯ | ૪૨૧/૩૦ | - | ૪૯૪-૫૦૦/૧૩૮-૧૩૯ | ૪૩૦/૨૩-૨૫ | જ્ઞાનગોષ્ઠી |
| ૪૦૧-૪૧૩/૧૦૯-૧૧૨ | ૪૨૨/૧૨-૨૫ | બ. વચનામૃત/ | ૫૦૧-૫૦૨/૧૩૯-૧૪૦ | ૪૩૬/ટાઈટલ પેજ - ૨ | - |
| | | બો. ૯૬-૧૬૨ | ૫૦૩/૧૪૦ | ૪૩૬/૭ | પ્રવચનસાર/ગા. ૧૭૨ |
| ૪૧૪-૪૨૦/૧૧૨-૧૧૫ | ૪૨૨/૨૬-૩૧ | જ્ઞાનગોષ્ઠી | ૫૦૪/૧૪૦ | ૪૩૬/૧૫ | સમયસાર/ગા. ૨૬૫ |
| ૪૨૧-૪૨૨/૧૧૫ | ૪૨૩/૨ | - | ૫૦૫ ૫૦૯/૧૪૦-૧૪૨ | ૪૩૬/૨૬-૨૮ | જ્ઞાનગોષ્ઠી |
| ૪૨૩-૪૨૪/૧૧૬ | ૪૨૩/૯-૧૦ | સમયસાર/ગા. ૩૧ | ૫૧૦/૧૪૨ | ૪૩૮/૨૨ | પ્રવચનસાર/ગા. ૧૭૨ |
| ૪૨૫-૪૨૮/૧૧૬-૧૧૭ | ૪૨૩/૧૧-૨૨ | બ. વચનામૃત/ | ૫૧૧/૧૪૨ | ૪૪૦/ટાઈટલ પેજ-૨ | - |
| | | બો. ૧૭૧ ૩૮૨ | ૫૧૨/૧૪૩ | ૪૪૦/૭ | સમયસાર/ગા. ૬ |
| ૪૨૯-૪૩૩/૧૧૭-૧૧૯ | ૪૨૩/૨૬-૨૮ | જ્ઞાનગોષ્ઠી | ૫૧૩-૫૧૪/૧૪૩-૧૪૪ | ૪૪૦/૧૨, ૧૩ | વચનામૃત/બો. ૨૦૧ |
| ૪૩૪-૪૩૬/૧૧૯-૧ | ૪૨૪/૩-૫ | સમયસાર/ગા. ૩૪ | ૫૧૫-૫૧૬/૧૪૪ | ૪૪૦/૧૫, ૨૭ | પ્ર. ગા. ૧૭૨ |
| ૪૩૭-૪૩૯/૧૨૦ | ૪૨૪/૮-૧૦ | - | ૫૧૭-૫૨૩/૧૪૫-૧૪૬ | ૪૪૦/૨૯-૩૩ | જ્ઞાનગોષ્ઠી |
| ૪૪૦-૪૪૧/૧૨૧ | ૪૨૪/૧૨-૧૪ | બ. વચનામૃત/ | ૫૨૪-૫૨૫/૧૪૭ | ૪૪૧/ટાઈટલ પેજ-૨ | - |
| | | બો. ૨૭૭, ૨૮૧ | ૫૨૬-૫૧૯ /૧૪૭- | ૪૪૧/૪-૧૧૨ | નિયમસાર/ક. |
| ૪૪૨/૧૨૧ | ૪૨૪/૧૮ | - | ૧૪૮ | | ૧૨૦ ૧૨૩ ૧૭૬ |
| ૪૪૩-૪૪૪/૧૨૨ | ૪૨૪/૨૧ | બ. વચનામૃત/બો. ૩૦૬ | ૫૩૦-૧૪૮-૧૪૯ | ૪૪૧/૧૪-૧૭ | પ્ર. /ગા. ૧૭૨ |
| ૪૪૫-૧૨૨ | ૪૨૪/૨૫ | - | ૫૩૨-૫૩૩-૫૩૬/૧૪૯ | ૧૫૦ ૪૪૧/૨૨-૨૭ | સ. /ગા. |
| | | | | | ૨૮૩-૨૭૫ |
| ૪૪૬-૪૪૮/૧૨૨-૧૨૩ | ૪૨૪/૨૬-૨૮ | જ્ઞાનગોષ્ઠી | | | |
| ૪૪૯/૧૨૩ | ૪૨૪/૨૦ | - | ૫૩૭-૫૪૪/૧૫૦-૧૫૨ | ૪૪૧/૨૮-૩૨ | જ્ઞાનગોષ્ઠી |
| ૪૫૦/૧૨૪ | ૪૨૪/૨૮ | જ્ઞાનગોષ્ઠી | ૫૪૫/૧૫૩ | ૪૪૨/૫ | નિયમસાર/ક. ૨૫૮ |

| પ. વચનામૃત નંબર પાના નં. | આત્મધર્મ અંક પાના નં. | ગ્રંથ/શાસ્ત્રનું નામ ગાથા/કળશ | પ. વચનામૃત નંબર પાના નં. | આત્મધર્મ અંક પાના નં. | ગ્રંથ/શાસ્ત્રનું નામ ગાથા/કળશ |
|---|---|---|---|---|---|
| ૫૪૬/૧૫૩ | ૪૪૨/૭ | સમયસાર/ગા. ૩૧૯ | ૬૬૩-૬૬૭/૧૮૨-૧૮૩ | ,, | ૨૭૮/મો. મા. |
| ૫૪૭/૧૫૩ | ૪૪૨/૧૬ | સ. /ગા. ૩૩૨-૩૪૪ | | | પ્ર. /રહસ્યપૂર્ણ ચિઠ્ઠી |
| ૫૪૮-૫૫૦/૧૫૪ | ૪૪૩/૨૦, ૨૫, ૩૩ | બ. વચનામૃત/ | ૬૬૭-૬૭૨/૧૮૩-૧૮૫ | ,, ૨૯૪/૨૯૬ | પરમાર્થ વચનિકા |
| | | બો. ૩૨, ૩૮, ૧૦૫ | ૬૭૩-૧૮૫ | ,, | સમયસાર/ગા. ૧ |
| ૫૫૧/૧૫૪ | ૪૪૫/૭ | નિયમસાર/ગા. ૫૦ | ૬૭૪-૧૮૫ | ,, ૩૦૦ | પરમાર્થવચનિકા |
| ૫૫૨/૧૫૫ | ૪૪૫/૧૬ | સમયસાર/ગા. | ૬૭૫-૧૮૫ | સ. પ્રવચનપ્રસાદ | નિયમસાર/ |
| | | ૩૬૬-૩૭૧ | | નં. ૪૫ | ગા. ૯૨ |
| ૫૫૩-૫૬૭/૧૫૫-૧૫૮ | ૪૪૫/૨૭-૩૩ | જ્ઞાનગોષ્ઠી | ૬૭૬-૭૧૨/૧૮૬-૧૯૫ | સ. પ્રવચનપ્રસાદ | અનુભવ- |
| ૫૬૮-૫૬૯/૧૫૯ | ૪૪૬/૨૪-૨૭ | પ્ર. /ગા. ૧૭૨ | | નં. ૫૯-૧૨૬ | પ્રકાશ |
| ૫૭૬-૫૭૬/૧૬૦-૧૬૧ | ૪૪૬/૨૮-૩૧ | જ્ઞાનગોષ્ઠી | ૭૧૩/૧૯૫ | ,, ૧૨૬ अ | સ. /ગા. ૧ |
| ૫૭૭-૫૮૨/૧૬૨-૧૬૩ | ૪૪૭/૫-૧૧ | પૂ. શ્રી કાનજીસ્વામી | ૭૧૪-૭૨૦/૧૯૫-૧૯૭ | ,, | ૨૮૨-૨૯૨ મોક્ષમાર્ગ |
| | | શ્રદ્ધાંજલિ અંક | | | પ્રકાશક |
| ૫૮૨/૧૬૩ | ૪૪૯/૭ | બ. વચનામૃત/બો. ૪૧૬ | ૭૨૧-૭૨૯/૧૯૭-૧૯૯ | ,, ૨૯૯-૩૦૩ | સત્તાસ્વરૂપ |
| ૫૮૪-૫૮૫/૧૬૩-૧૬૪ | ૪૪૯/૧૮-૧૯ | પ્ર. /ગા. ૧૭૨ | ૭૩૦-૭૪૨/૨૦૦-૨૦૪ | - | પ્રવચનસારનાં મોતી |
| ૫૮૬-૫૯૨/૧૬૪-૧૬૬ | ૪૪૯/૨૦-૨૩ | જ્ઞાનગોષ્ઠી | ૭૪૩/૨૦૪ | સ. પ્ર. પ્ર. સ્વા. કા. અ. / | |
| ૫૯૩-૫૯૪/૧૬૬ | ૪૫૦/૧अ | ૧૯૨ | | નં. ૧૯૧ | ગા. ૨-૩ |
| ૫૯૫/૧૬૬ | ૪૫૦/૧૦ | સમયસાર/ગા. ૪૯ | ૭૪૪/૨૦૫ | ,, ૧૯૭,, | ગા. ૧૯ |
| ૫૯૬-૫૯૯/૧૬૬-૧૬૭ | ૪૫૦/૧૭-૨૦ | પ્ર. સાર ગા. ૧૭૨ | ૭૪૫/૨૦૫ | ,, ૧૯૩,, | ગા. ૪ |
| ૬૦૦-૬૦૭/૧૬૭-૧૬૯ | ૪૫૦/૨૭-૨૯ | જ્ઞાનગોષ્ઠી | ૭૪૬/૨૦૬ | ,, ૨૦૩,, | ગા. ૪૯ |
| ૬૦૮/૧૭૦ | અધ્યાત્મપ્રણેતા/૧૧ | સ. /ગા. ૧૧ | ૭૪૭/૨૦૬ | ,, ૨૦૩,, | ગા. ૫૨ |
| ૬૦૯/૧૭૦ | અધ્યાત્મપ્રણેતા/૧૧ | પંચાસ્તિકાય/ગા. ૧૭૨ | ૭૪૮/૨૦૬ | ,, ૨૦૫,, | ગા. ૫૫ |
| ૬૧૦/૧૭૦ | અધ્યાત્મપ્રણેતા/૧૪ | સમયસાર પરિશિષ્ટ | ૭૪૯-૭૫૦/૨૦૭ | ,, ૨૦૯,, | ગા. ૫૯-૬૦ |
| ૬૧૧-૬૩૦/૧૭૦-૧૭૩ | ,, ૨૫-૧૦૨ | - | ૭૫૧-૭૫૨/૨૦૭ | ,, ૨૧૭,, | ગા. ૯૭-૧૦૨ |
| ૬૩૧-૬૫૪/૧૭૩-૧૮૦ | સદ્‌ગુરુ પ્રવચન | સમયસાર | ૭૫૩/૨૦૭ | ,, ૨૨૩,, | ગા. ૧૪૩ |
| | પ્રસાદ/૫૯-૧૦૨ | પરિશિષ્ટ | ૭૫૪-૭૫૬/૨૦૭ | ,, ૨૨૦,, | ગા. ૧૫૫ ૧૫૮ |
| ૬૫૫-૬૫૭/૧૮૦-૧૮૧ | ,, ૨૮૬-૩૦૮-૩૧૩ | સ્વામી કાર્તિકેય | ૭૫૭-૭૬૧/૨૦૮-૨૦૯ | ,, ૨૨૭,, | ગા. ૧૮૯-૧૯૩ |
| | | અનુપ્રેક્ષા ૩૮૬ ૪૨૦ | ૭૬૨/૨૦૯ | ,, ૨૨૯,, | ગા. ૧૯૬ |
| | | ૪૩૮ ૪૩૯ | ૭૬૩-૭૬૪/૨૧૦ | ,, ૨૯૭,, | ગા. ૨૩૨-૨૩૫ |
| ૬૫૮-૬૫૯/૧૮૧ | ,, ૧૭૦-૨૦૬ | મોક્ષમાર્ગ પ્રકાશક | ૭૬૫/૨૧૦ | ,, ૨૩૯,, | ગા. ૨૩૭ |
| | | | ૭૬૬-૭૬૭/૨૧૧ | ,, ૨૪૧,, | ગા. ૨૩૮-૨૪૧ |
| ૬૬૦/૧૮૧ | ,, ૨૫૦ | સમયસાર ગા. ૨૧૨-૨૧૩ | ૭૬૮-૭૬૯/૨૧૧ | ,, ૨૪૫,, | ગા. ૨૪૪ |
| | | | ૭૭૦/૨૧૨ | ,, -,, | ૩૦૨ |
| ૬૬૧/૧૮૧ | ,, ૨૭૮ | પદ્મનંદિપંચ વિંશતિકા/ગા. ૨૩ | ૭૭૧/૨૧૨ | , , ૨૬૦,, | ગા. ૨૫૧ |
| | | | ૭૭૨-૭૭૪/૨૧૨ | ,, ૨૬૨,, | ગા. ૨૫૬, ૨૬૧ |
| ૬૬૨-૧૮૨ | ,, ૨૭૮ | સમયસાર / ગા. ૪ | ૭૭૫/૨૧૩ | ,, ૨૬૪,, | ગા. ૨૬૫ |

| પ. વચનામૃત નંબર પાના નં. | આત્મધર્મ અંક પાના નં. | ગ્રંથ/શાસ્ત્રનું નામ ગાથા/કળશ | પ. વચનામૃત નંબર પાના નં. | આત્મધર્મ અંક પાના નં. | ગ્રંથ/શાસ્ત્રનું નામ ગાથા/કળશ |
|---|---|---|---|---|---|
| ૭૭૬/૨૧૩ | સ.પ્ર.૨૭૨ | સ્વા.કા.અ./ગા. ૨૯૩ | ૮૪૮–૮૬૦ /૨૩૩–૨૩૭ | ૫, ૯, ૧૧, ૧૬, ૨૦ | મો. પ્ર. દ્વિ. અધિકાર |
| ૭૭૭/૨૧૪ | ,, ૨૭૨,, | ગા. ૩૦૦ | | | |
| ૭૭૮/૭૭૯–૨૧૪ | ,, ૨૪૭,, | ગા. ૩૦૩, ૩૧૧, ૩૧૨ | ૮૬૧–૮૭૫/૨૩૮–૨૪૧ | ૨૨, ૩૨, ૪૨, ૫૪ | મો. પ્ર. તૃતીય અધિકાર |
| ૭૮૦–૭૮૨/૨૧૫ | ,, ૨૫૩, ૨૫૬,, | ગા. ૩૧૬, ૩૧૧, ૩૧૨ | ૮૭૬–૯૦૭/૨૪૧–૨૫૧ | ૧૫૧, ૧૫૩, ૧૬૮,૧૭૨, ૧૭૬, ૧૭૮, ૧૭૯, ૧૮૦, ૧૮૨, ૧૮૬, ૨૦૦, ૨૦૨, ૨૦૪ | મો. પ્ર. સાતમો અધિકાર |
| ૭૮૩–૭૮૪/૨૧૬ | ,, ૨૫૪,, | ગા. ૩૧૧, ૩૧૨ | | | |
| ૭૮૫–૭૮૭/૨૧૬–૨૧૭ | ,, ૨૫૧,, | ગા. ૩૧૧, ૩૧૨ | | | |
| ૭૮૮–૭૯૪/૨૧૭–૨૧૯ | ૨૫૮ | ગા. ૩૨૦–૩૨૭ | ૯૦૮–૯૨૫/૨૫૧–૨૫૬ | ૨૦૮, ૨૧૨, ૨૧૪, ૨૧૮, ૨૨૦, ૨૨૨, ૨૨૪, ૨૨૮, ૨૩૦ | મો. પ્ર. આઠમો અધિકાર |
| ૭૯૫–૭૯૬/૨૧૯–૨૨૦ | ,, ૨૭૬,, | ૩૩૫–૪૨ | | | |
| ૭૯૭/૨૨૦ | ,, ૨૭૮,, | ૩૫૦ | | | |
| ૭૯૮–૮૯૦/૨૨૦ | ,, ૨૮૨,, | ૩૧૩, ૩૭૭ | ૯૨૬–૯૪૦/૨૫૬–૨૫૯ | ૫૮, ૬૦, ૬૮, ૭૦, ૭૨ | મો. પ્ર. ચોથો અધિકાર |
| ૮૦૧/૨૨૧ | ,, ૨૯૦,, | ૩૯૮ | | | |
| ૮૦૨/૨૨૧ | ,, ૨૯૨,, | ૪૦૦ | ૯૪૧/૨૬૦ | ૮૩ | અનુભવ પ્રકાશ |
| ૮૦૩/૨૨૧ | ,, ૨૯૪,, | ૪૦૩ | ૯૪૨–૯૫૭/૨૬૦–૨૬૪ | ૧૧૦, ૧૧૬, ૧૧૮, ૧૨૧, ૧૩૫, ૧૩૭, ૧૪૧, ૧૪૩, ૧૪૫, ૩૭૫ | મો. પ્ર. સાતમો અધિકાર |
| ૮૦૪–૮૦૬/૨૨૧–૨૨૨ | ,, ૨૯૬,, | ૪૦૮–૪૧૩ | | | |
| ૮૦૭/૨૨૨ | ,, ૩૦૬,, | ૪૧૩ | | | |
| ૮૦૮–૮૦૯/૨૨૨–૨૨૩ | ,, ૩૧૬,, | ૪૪૬–૪૫૬ | ૯૫૮/૯૭૩ | ૮૩,૨૧૬, ૨૨૨, ૨૧૮,૨૨૪, ૨૨૬, ૨૫૨, ૨૩૦, ૨૩૨, ૨૬૦, ૨૬૨ | મો. પ્ર. નવમો અધિકાર |
| ૮૧૦–૮૧૩/૨૨૩–૨૨૪ | ,, ૩૨૪,, | ,, ૪૭૦–૪૭૬ | | | |
| ૮૧૪–૮૧૭/૨૨૪–૨૨૫ | ,, ૩૨૬,, | ,, ૪૭૭–૪૭૯ | | | |
| ૮૧૮–૮૨૦/૨૨૫–૨૨૬ | ૩૩૪, ૩૩૬ | મો. પ્ર. | ૯૭૪/૯૯૭ | ૩૦૬, ૩૦૮, ૨૮૨, ૩૧૨, ૩૧૪, ૩૧૬, ૩૧૮, ૩૨૦, ૩૨૨, ૩૨૪, ૩૨૮, ૩૪૪, ૩૪૬, ૩૪૮, ૩૫૫, ૩૫૭ | મો. પ્ર. સાતમો અધિકાર |
| ૮૨૧/૨૨૬ | ૩૩૭ | દ્રવ્યસંગ્રહ | ૯૯૮–૧૦૦૮/૨૭૬–૨૭૮ | અધ્યાત્મપરાગ / ૯–૧૮ | |
| ૮૨૨–૮૪૭/૨૨૭–૨૩૩ | ૩૩૮, ૩૪૦, ૩૪૨, ૩૪૪, ૩૪૬, ૩૪૮, ૩૫૦, ૩૫૨, ૩૫૪ | મો. પ્ર. પ્ર. અધિકાર | | | |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

वीतरागाय नमः।

# પરમાગમસાર

( પૂજ્ય ગુરુદેવશ્રીનાં વિવિધ આગમો ઉપરના પ્રવચનોમાંથી ચૂંટેલા ૧૦૦૮ રત્નો )

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ સમયપ્રાભૃતમાં કહે છે કે હું જે આ ભાવ કહેવા માગું છું તે અંતરના આત્મસાક્ષીના પ્રમાણ વડે પ્રમાણ કરજો; કારણ કે આ અનુભવપ્રધાન શાસ્ત્ર છે, તેમાં મારા વર્તતા સ્વ-આત્મવૈભવ વડે કહેવાય છે. આમ કહીને છઠ્ઠી ગાથા શરૂ કરતાં આચાર્યભગવાન કહે છે કે ~~આત્મ~~ આત્મદ્રવ્ય અપ્રમત્ત નથી અને પ્રમત્ત નથી એટલે કે એ બે ~~અ~~ અવસ્થાનો નિષેધ કરતો હું એક જાણનાર અખંડ છું- એ મારી વર્તમાન વર્તતી દશાથી કહું છું. મુનિપણાની દશા અપ્રમત્ત અને પ્રમત્ત એ બે ભૂમિકામાં હજારો વાર આવ-જા કરે છે, તે ભૂમિકામાં વર્તતા મહામુનિનું આ કથન છે.

સમયપ્રાભૃત એટલે સમયસારરૂપી ભેટણું. જેમ રાજાને મળવા ભેટણું આપવું પડે છે તેમ પોતાની પરમ ઉત્કૃષ્ટ આત્મદશાસ્વરૂપ પરમાત્મદશા પ્રગટ કરવા સમયસાર-જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ આત્મા તેની પરિણતિરૂપ ભેટણું આપ્યે પરમાત્મદશા-સિદ્ધદશા-પ્રગટ થાય છે.

આ શબ્દબ્રહ્મરૂપ પરમાગમથી દર્શાવેલા એકત્વવિભક્ત આત્માને પ્રમાણ કરજો, હા જ પાડજો, કલ્પના કરશો નહિ. આનું બહુમાન કરનાર પણ મહાભાગ્યશાળી છે.



Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

परम पारिणामिक भाव हुं

कारण परमात्मा हुं

कारण जीव हुं

शुद्ध उपयोगोऽहं

निर्विकल्पोऽहं

२.

ॐ

चैतन्य स्वभावनुं अज्ञान ज राग द्वेषनुं कर्तृत्व मनावे छे. राग द्वेषनुं कर्तृत्व छतां अकर्ता एवो ज्ञाता-दृष्टा स्वभाव एनी दृष्टिमां आवतो नथी तेथी परिभ्रमणनुं मूळ एवुं रागद्वेषनुं कर्तृत्व एवुं अज्ञान एज संसारनुं बीज छे. ३.

ॐ

આત્માને અવિરત શોધતા જીવ
ધ્યાનમાં પણ પ્રથમ સ્વસંવેદન પ્રત્યક્ષપણું
શુદ્ધ તે અનિવાર્ય છે કેમકે તેમાં રાગાદિ
ની અપેક્ષા રહેતી નથી. તેથી તેને વિતરાગ
અનુભૂતિ કહેવાય છે. ૪.

ॐ

નિજ સ્વરૂપનો ઉપયોગ તે સુખ છે.
ને આત્મા નિર્બાધ કરી શકે છે.
એ વીના શાંતીનો બીજો કોઈ ઉપાય નથી. ૫.

ॐ

આત્મામાં એક સુખ શક્તિ નામનો
ગુણ કે જેની અંતર શક્તિની મર્યાદા અનંત
છે. તેથી જ્ઞાની બુદ્ધિ વડે આત્મરૂપ
ફક્ત આદર કરતા પાંચ ઈંદ્રિયોના
ઈંદ્રાસનાદિના વિષયોને પણ હેય ગણી
છોડે છે. ૬.

ॐ

ભાવ શ્રુતજ્ઞાનરૂપ પરિણમન કે જેમાં સમ્યક્ દર્શન
જ્ઞાન-ચારિત્ર સમાય છે તે ભાવશ્રુતજ્ઞાનરૂપ
પરિણમન અખંડ એક દ્રવ્યના આશ્રયે પ્રગટે છે
જે સર્વજ્ઞનાં સર્વ કથનનો સાર છે. ૭.

ॐ

આત્મા સહજ આનંદ સ્વરૂપ છે તેને ખરેખર
દુઃખ છે જ નહિ. કેમકે પદાર્થનો સહજ સ્વભાવ
અહિતરૂપ હોતો નથી તેથી આત્મામાં દુઃખ નથી. ૮.

ॐ

સ્વભાવ તે ઈષ્ટ છે, વિભાવ તે અનિષ્ટ છે.
સ્વભાવમાં વિભાવનો અને વિભાવમાં
સ્વભાવનો અભાવ છે તે ખરૂં અનેકાંત છે.
જગતના જીવોને આ સમજવું જ કલ્યાણ છે ૯.

ૐ

આત્માનું બળ એટલે કે વીર્ય એમાં એવી તાકાત છે કે તે આત્મ સ્વરૂપની રચના કરે છે અને તેજ તેનો સ્વભાવ છે. તે વિકાર ને રચે કે પરને રચે તેવું તે વીર્યનું સ્વરૂપ જ નથી

પરમજ્ઞાની આત્માની દિવ્ય શક્તિઓનું વર્ણન કરતાં જણાય છે કે આત્મામાં દ્રવ્ય ગુણ પર્યાયની રચનાના સામર્થ્ય રૂપ એક વીર્ય શક્તિ છે કે જેનું શક્તિવાન એવા આત્મ દ્રવ્ય ઉપર નજર જતાં દ્રવ્ય ગુણ પર્યાય એ ત્રણેમાં વ્યાપ્યું થાય છે. ૧૦.

ૐ

એક આત્માને જાણતા સર્વ જાણી શકાય છે. કેમકે આત્માનો સર્વને જાણવાનો સ્વભાવ છે. આત્માના સ્વપર પ્રકાશક સ્વભાવ હોવાથી. સ્વને જાણતા પર જણાઈ જાય છે. ૧૧.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ॐ

જેને સુખી થાવું હોય તેણે સુખ સમૃદ્ધ એવો આત્મા જે જે શુદ્ધ સ્વભાવનું આલંબન પામે છે તેના આશ્રયથી સુખ પ્રગટાય છે અને દુઃખનો નાશ થાય છે.

જેવું સત્ય મતિમાં આવે છે અને અસત્યની ભ્રાન્તિનો નાશ થાય છે આખા સત્યનું દર્શનથી જ્ઞાન થાય છે અને અજ્ઞાનનો નાશ થાય છે. તેમજ સત્યમાં સ્થિરતા થાય છે અને અસ્થિરતાનો નાશ થાય છે. ૧૨.

ॐ

નિજ પરમ પાવન પરમાત્માનું નિજ પરમ સ્વરૂપ, તેના સ્વભાવની પરમ પ્રતીતિ અને તેમાં સ્થિરતા એ અમૂલ્ય ચિંતામણી રત્ન છે. કે તેનું મુલ્યાંકન હોઈ શકે નહિ. ૧૩.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ૐ

આત્મામાં એટલે કે અનંત શક્તિ
સંપન્ન દ્રવ્યમાં અનંત શક્તિનું સ્વસંવેદન થવા
એટલે કે નિજ (પોતાના) ભાવથી જાગતા
અનુભવરૂપ પોતાના સ્વભાવથી પ્રત્યક્ષ
વેદ્ય વેદક અનંત ગુણાદિની એક
એવી સ્વસંવેદન શક્તિને ધરાવે છે. ૧૪.

ૐ

શુદ્ધ આત્મા સિવાય બીજા પાંચ દ્રવ્યો
અને સંસારી જીવનું જ્ઞાન કરતા જ્ઞાન કરનારને
જ્ઞાન નથી, તેમ સુખ નથી.
શુદ્ધ આત્માનું જ્ઞાન કરનારને જ્ઞાન છે
અને સુખ છે, માટે શુદ્ધાત્માનો ઉપદેશ છે. ૧૫.

ૐ

અનેકાંત એ અમૃત છે
કારણ કે સ્વ સ્વરૂપે છે ને પરરૂપે નથી
તેમાં સ્વનું હોવું તેમાં પરનો અભાવ ભાવરૂપ હોવાથી
આત્મ શાંતિ વેદાય છે. એ જ અમૃત છે. ૧૬.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ૐ

મૃતક કલેવરમાં મૂર્છાએલો એવો અમૃત આનંદ સ્વરૂપ આત્મા પોતા તરફ નજર પણ કરતો નથી. પોતા તરફ નજર કરતાં સુખરૂપ અમૃતથી ભરેલો પૂર્ણ સમુદ્ર તેને નિહાળતાં, જોતાં, અવલોકતાં, દેખતાં માનતા અને તેમાં સ્થિર થતાં વચન પાર થાય તેવી ચીજ પોતેજ છે. ૧૭.

ૐ

આત્માનું જ્ઞાન સ્વ પર પ્રકાશક હોવાથી તેના અનુભવના કાળમાં પણ તે જ્ઞાન સ્વરૂપ જ્ઞાનને પણ પ્રકાશે છે અને આનંદને પણ પ્રકાશે છે તેથી તેને નિશ્ચયથી સ્વપર પ્રકાશક કહેવાય છે: ૧૮.

આ શાસ્ત્ર તો પરમાર્થસ્વરૂપ છે ને વૈરાગ્યોત્પાદક છે. સમયસાર શાસ્ત્ર છે તે પરમ પ્રભુ પરમાત્માને બતાવનારું ને પર તરફથી ઉદાસીન કરનારું છે. પોતાના પૂર્ણ સ્વરૂપને પ્રાપ્ત એવું જે પરમાર્થસ્વરૂપ તેને બતાવનારું ને વિકલ્પથી ઉદાસીન કરનારું વૈરાગ્યપ્રેરક આ સમયસાર શાસ્ત્ર છે. ૧૯.

*

એકલું જાણવું... જાણવું... જાણવું. જ્ઞાતા... જ્ઞાતા... જ્ઞાતા મારું સ્વરૂપ છે. હું કોઈનું કરી દઉં એવું મારું સ્વરૂપ નથી. દ્રવ્યને જોવાનું જેનું પ્રયોજન છે એવા દ્રવ્યાર્થિકનયે દ્રવ્યસ્વરૂપ તો ચિન્માત્ર – ચૈતન્યમાત્ર જ છે. ૨૦.

*

પ્રશ્નઃ– (સ્વભાવ અને વિભાવ) બન્ને જુદા જ છે તો જુદા પાડવાના સાધનની વાત ક્યાં રહી?

ઉત્તરઃ– જુદા હોવા છતાં જુદા માન્યા છે ક્યાં? તેથી જુદા પાડવાનું સાધન શું છે તે અહીં સમજાવાય છે. જ્ઞાનની વર્તમાન દશાને વિકાર સાથે એકતા હતી તે જ્ઞાનની પર્યાય અંતરમાં વળે છે તે ભગવતી પ્રજ્ઞા છે અને તે ભગવતી પ્રજ્ઞા સાધન છે. વસ્તુ સાધન નથી. પણ તેની પ્રજ્ઞા દશા તે સાધન છે. કર્તા, કરણ ગુણ છે પણ તેની નિર્મળ પર્યાય તે સાધન છે. ૨૧.

*

જાણનપર્યાય અને જાણનગુણ એવા લક્ષણ વડે આત્માને જાણી શકાય એ એક જ ઉપાય છે. બીજો કોઈ ઉપાય નથી. જ્યાં જ્યાં જાણન પર્યાય છે ત્યાં ત્યાં અનંતી પર્યાય છે અને જ્યાં જ્યાં જાણનગુણ છે ત્યાં ત્યાં અનંતગુણ છે અને તે આત્મા છે એમ નિશ્ચય કરવો જોઇએ. ૨૨.

*

ભાઈ ! શરીરના સંસર્ગ અને પરથી ઉત્પન્ન થતો વિકલ્પ એને તું ભૂલી જા. અનંત જ્ઞાન આદિ અનંત શક્તિઓ રાગને અડતી નથી પણ એક સમયની પર્યાયને પણ અડતી નથી, એવો અનંત જ્ઞાનમય અને પરમ આનંદ સ્વભાવી તું છો. તેનો દ્રષ્ટિમાં સ્વીકાર કર. પાંચ ઇન્દ્રિય તરફનો પ્રેમ છે તે આનંદને ગાળી નાખે છે ને શાંતિને દઝાડે છે. ૨૩.

*

ભાઈ ! તારે સમ્યક્ દેખવું હોય તો ભગવાન સ્વરૂપ તું છો તેનો સ્વીકાર કર. મિથ્યાત્વ રાગ-દ્વેષના કાળે પણ જેવું એનું વાસ્તવિક સ્વરૂપ છે તે રીતે જોઇએ તો શક્તિરૂપે પરમાત્મસ્વરૂપે બિરાજમાન છે. ૨૪.

*

નિશ્ચયદૃષ્ટિથી દરેક જીવ પરમાત્મસ્વરૂપ જ છે. જિનવર ને જીવમાં ફેર નથી. ભલે તે એકેન્દ્રિયનો જીવ હોય કે સ્વર્ગનો જીવ હોય. એ બધું તો પર્યાયમાં છે. વસ્તુ સ્વરૂપે તો પરમાત્મા જ છે. પર્યાય ઉપરથી જેની દૃષ્ટિ ખસીને સ્વરૂપ ઉપર દૃષ્ટિ થઈ છે એ તો પોતાને પણ પરમાત્મા સ્વરૂપ દેખે છે ને દરેક જીવને પણ પરમાત્મસ્વરૂપ દેખે છે. સમ્યગ્દૃષ્ટિ બધા જીવોને જિનવર જાણે છે અને જિનવરને જીવ જાણે છે. અહા ! કેટલી વિશાળ દૃષ્ટિ ! અરે, આ વાત બેસે તો કલ્યાણ થઈ જાય, પણ આવી કબૂલાતને રોકનારા માન્યતારૂપી ગઢના પાર ન મળે ! અહીં તો કહે છે કે ૧૨ અંગનો સાર એ છે કે જિનવર સમાન આત્માને દૃષ્ટિમાં લેવો કેમ કે આત્માનું સ્વરૂપ પરમાત્મસ્વરૂપ જ છે. ૨૫.

*

જે જીવ શુદ્ધ ત્રિકાળી વસ્તુનો રાગના અવલંબન વિના સીધો પ્રત્યક્ષ અનુભવ કરે છે તેણે શુદ્ધ જીવ વસ્તુને ઉપાદેય કર્યો છે. જ્ઞાનને

જ્ઞાન દ્વારા વેદે તેને પ્રત્યક્ષ અનુભવ કહે છે. ૨૬.

*

પ્રશ્નઃ- જ્ઞાનમાં રાગ જણાય છે. પણ જ્ઞાનમાં રાગ એકમેક હોય એવું કેમ લાગે છે?

ઉત્તરઃ- ભેદજ્ઞાનના અભાવથી અજ્ઞાની રાગ અને જ્ઞાનની અતિ નિકટતા દેખી એકમેક હોય તેવું માને છે પણ રાગ અને જ્ઞાન એકમેક છે નહિ. ૨૭.

*

જીવ જિનવર છે ને જિનવર જીવ છે એવી દૃષ્ટિ થાય તેને પર્યાયબુદ્ધિ છૂટી જાય છે. સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે કેટલાય ગઢ ઓળંગીને અંદરમાં જવાય છે. વ્યવહારમાં કેટલાય પ્રકારની લાયકાત હોય. સંસારભાવો જરાય રુચે નહિ, આત્મા,... આત્મા... ની ધૂન લાગે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. ૨૮.

*

નિર્વિકલ્પ થવાવાળો જીવ નિર્વિકલ્પ થયા પહેલાં આવો નિર્ણય કરે છે કે રાગાદિભાવે સદાય હું પરિણમનારો નથી. પણ જ્ઞાન-દર્શનરૂપ પરિણમનારો (એવા સ્વભાવે) છું. હજુ રાગાદિભાવો થશે એમ જાણે છે. છતાં તેના સ્વામીપણે હું થનાર નથી, મને ભવિષ્યમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થશે એવો મારો પ્રયત્ન છે છતાં તે વખતે રાગ હશે. પરંતુ તે રૂપે હું (સ્વભાવે કરીને) પરિણમનાર નથી તેવો નિર્ણય છે. નિર્ણય કરે છે પર્યાયમાં. પછી અનુભવ થશે પર્યાયમાં. પણ તે પર્યાય એવો નિર્ણય કરે છે કે હું તો ચિન્માત્ર અખંડ જ્યોતિસ્વરૂપ છું, પર્યાયરૂપ નથી. ૨૯.

*

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


વિકારી પર્યાય પરદ્રવ્યની સન્મુખતા કરે છે તેથી વિકારને દ્રવ્યથી ભિન્ન કહ્યો અને શુદ્ધ પર્યાય સ્વદ્રવ્યની સન્મુખ થાય છે તેથી શુદ્ધ પર્યાયને દ્રવ્યથી અભિન્ન કહેવાય છે. પણ અભિન્નતાનો અર્થ એ છે કે દ્રવ્યનું જેટલું સામર્થ્ય છે - શક્તિ છે એ જ્ઞાન પર્યાયમાં આવી જાય છે. પ્રતીતિમાં આવી જાય છે. તેથી શુદ્ધ પર્યાયને દ્રવ્યથી અભિન્ન કહી છે. પણ એનો અર્થ એ નથી કે અનિત્ય પર્યાય નિત્ય દ્રવ્યની સાથે એકમેક થઈ જાય છે. દ્રવ્ય-પર્યાય બન્નેનું સ્વરૂપ જ ભિન્ન હોવાથી બન્ને ભિન્ન છે. પર્યાય દ્રવ્યનો આશ્રય કરે છે. લક્ષ કરે છે તેથી પર્યાય શુદ્ધ થાય છે. પણ તેથી દ્રવ્ય પર્યાય એક થઇ જાય છે તેમ નથી, બન્નેના સ્વરૂપ ભિન્ન હોવાથી પર્યાય દ્રવ્યરૂપ થતી નથી અને દ્રવ્ય પર્યાયરૂપ થતું નથી. ૩૦.

*

પ્રશ્નઃ- અનુમાન જ્ઞાન દ્વારા આત્માનો નિર્ણય કરે તે અનુમાન જ્ઞાનને સમ્યક્જ્ઞાન કહેવાય?

ઉત્તરઃ- અનુમાન જ્ઞાનને સમ્યક્જ્ઞાન કહેવાય નહિ. સમ્યક્જ્ઞાન સાથે આનંદ હોય છે. આનંદ સહિતના જ્ઞાનને સમ્યક્જ્ઞાન કહેવાય. પ્રત્યક્ષ પૂર્વકનું અનુમાન જ્ઞાન હોય તેને સમ્યક્જ્ઞાન કહેવાય છે. પ્રત્યક્ષ વિનાનું એકલું અનુમાન જ્ઞાન તે સમ્યક્જ્ઞાન નથી. પ્રવચનસારમાં (ગા. ૧૭૨) અલિંગગ્રહણના બોલમાં પ્રત્યક્ષ વિનાના એકલા અનુમાન જ્ઞાનનો વિષય આત્મા નથી તેમ કહ્યું છે. ૩૧.

*

પ્રશ્નઃ- આત્માની સન્મુખ શી રીતે થવું ?

ઉત્તરઃ- પરની સામે જોવે છે તે સ્વની સામે જોવાથી સ્વસન્મુખ થવાય. અનંત અનંત જ્ઞાનાનંદ સામર્થ્યવાળી વસ્તુ છે તેનું જેવું અને જેટલું મહાત્મ્ય છે તેવું અને તેટલું મહાત્મ્ય તેના જ્ઞાનમાં આવે તો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

તે જ્ઞાન સ્વસન્મુખ થઈ શકે. ૩૨

*

ચૈતન્ય આત્માનો પ્રેમ કરવો. નિર્વિકલ્પ શાંતિ દ્વારા તેને જોવો તે ધર્મ છે. ભગવાન (આત્મા) દેહની જેમ અપવિત્ર નથી. આનંદરસ પ્રભુ છે પણ તેની ખબર નથી. એટલે બહાર ભટકે છે કે જાણે યાત્રાથી કે પૂજાથી મળી જશે. ભગવાન અંદરમાં બિરાજે છે તેને બહાર વિકલ્પો ને રાગની ક્રિયામાં (અજ્ઞાની) શોધે છે. ૩૩.

*

આત્મા જેવડો ને જેટલો મહાન પદાર્થ છે એવડો મહાન માનવો તે જ આત્માની દયા પાળવારૂપ સમાધિ છે. અને એવા મહાન આત્માને રાગાદિ જેવડો માનવો કે મતિજ્ઞાન આદિ ચાર અલ્પજ્ઞ પર્યાય જેવડો માનવો તે આત્માની હિંસા છે. ૩૪.

*

આગમ પદ્ધતિને અજ્ઞાની જાણે છે પણ અધ્યાત્મપદ્ધતિના વ્યવહારને પણ જાણતો નથી. તે કર્મફળચેતનારૂપ વસ્તુને શ્રદ્ધે છે, પણ શુદ્ધ જ્ઞાનચેતનારૂપ વસ્તુને શ્રદ્ધતો નથી. કારણ કે તે સદાય સ્વ પર ભેદવિજ્ઞાનને અયોગ્ય છે તેથી કર્મબંધન છૂટવાના કારણભૂત જ્ઞાનમાત્ર એવા ભૂતાર્થ ધર્મને શ્રદ્ધતો નથી. ભોગના હેતુભૂત શુભકર્મને જ ધર્મ જાણી શ્રદ્ધાન કરે છે. ૩૫.

*

ચોથા ગુણસ્થાને વિષય - કષાયના પરિણામ હોય છતાં તે સમ્યગ્દર્શનને બાધા કર્તા નથી અને સમ્યગ્દર્શન ન હોય છતાં અનંતાનુબંધી આદિ કષાયની મંદતા હોય છતાં મિથ્યાત્વના પાપને બાંધે છે. કેમ કે તેને સ્વભાવનો આશ્રય હોતો નથી. કોઈને (સમ્યગ્દષ્ટિને) (અપ્રત્યાખ્યાનના) કષાયની ઘણી તીવ્રતા હોય છતાં તેને ક્ષાયિક સમ્યગ્દર્શન

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોય છે. કોઈને બાર અંગનું જ્ઞાન હોય તેથી કાંઈ સમ્યગ્દર્શન વિશેષ નિર્મળ હોય ને કોઈને ક્ષયોપશમ થોડો હોય તેથી સમ્યગ્દર્શનમાં નિર્મળતા ઓછી હોય એમ નથી. સમ્યગ્દર્શનના પરિણામ આત્માનો આશ્રય લઈને સ્વતંત્ર પ્રગટ થાય છે. વિષય-કષાયના પરિણામ હોય તે સમ્યગ્દર્શનને બાધા કરતા નથી પણ વિશેષ સમાધિ-(નિર્મળતા) થઈ શકતી નથી. ૩૬.

*

પ્રશ્નઃ- શાસ્ત્રથી આત્માને જાણ્યો અને પછી પરિણામ આત્મામાં મગ્ન તે બેમાં આત્માને જાણવામાં શું ફેર છે?

ઉત્તરઃ- શાસ્ત્રથી જાણપણું કર્યું એ તો સાધારણ ધારણારૂપ જાણપણું છે અને આત્મામાં મગ્ન થઈ અનુભવમાં તો આત્માને પ્રત્યક્ષ વેદનથી જાણે છે. તેથી એ બેમાં મોટો ફેર છે, અનંતગણો ફેર છે. ૩૭.

*

(જો) કોઈ આકરી પ્રતિકૂલતા આવી પડે, કોઈ આકરા કઠોર મર્મછેદક વચન કહે તો શીઘ્ર પરમાનંદસ્વરૂપ દેહમાં સ્થિત પરમાત્માનું ધ્યાન કરીને દેહનું લક્ષ છોડી દેવું. સમતાભાવ કરવો. ૩૮.

*

રાગથી ભિન્ન આત્માનું એકત્વ સદાકાળ અંતરમાં પ્રકાશમાન છે પણ રાગની એકતાથી એની દૃષ્ટિમાં ઢંકાઈ ગયું છે તેથી દેખવામાં આવતું નથી. રાગ છે તે હું છું ને શુભરાગથી મને લાભ થાય છે એ માન્યતા જ આત્માનું અત્યંત અહિત કરનારી છે. વિસંવાદ ઊભો કરનારી છે, આત્માનું બૂરું કરનારી છે. ૩૯.

*

પુરુષાર્થસિદ્ધિઉપાયમાં કહ્યું છે કે, જે વ્યવહારને પકડે છે તે જીવ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દેશના સાંભળવાને લાયક નથી, કેમ કે અમારે સંભળાવવું છે પરથી ભિન્ન આત્માના એકત્વરૂપ નિશ્ચયને, એ નિશ્ચય સ્વરૂપને તો ગ્રહણ કરતો નથી ને એકલા વ્યવહારને જ પકડે છે તે દેશના સાંભળવાને પાત્ર નથી. ૪૦.

*

અજ્ઞાની સુખને ઈચ્છે છે પણ સાચા સુખના ઉપાયનું ભાન નથી. જ્ઞાન નથી તેથી દુઃખના ઉપાયને સુખ જાણી જાણીને દુઃખમાં ઝંપલાવી મરે છે. અહા! સુખના સાચા ઉપાયના ભાન વિના સુખ મળે નહિ માટે સુખી થવા ઈચ્છનારે સુખનો સાચો ઉપાય શું છે તે જાણવું જરૂરી છે. ૪૧.

*

આખા સિદ્ધાંતનો સારમાં સાર તો બહિર્મુખતા છોડી અંતર્મુખ જવું તે છે. શ્રીમદે કહ્યું છે નેઃ "ઉપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર, અંતર્મુખ અવલોકતાં વિલય થતા નહિ વાર.' ' જ્ઞાનીના એક વચનમાં અનંતી ગંભીરતા ભરી છે. અહો! ભાગ્યશાળી હશે તેને આ તત્ત્વનો રસ આવશે, અને તત્ત્વના સંસ્કાર ઊંડા ઉતરશે. ૪૨.

*

સમયસાર ગાથા ૪૫ મા આઠ કર્મના ફળને દુઃખરૂપ કહ્યા છે. શાતા ફળને પણ દુઃખરૂપ કહ્યા છે. આ તો જેને ચારગતિમાં બધુંય દુઃખ લાગ્યું હોય તેને માટે આ વાત છે. પ્રતિકૂળતાથી દુઃખ લાગે તે નહિ, સ્વર્ગ પણ જેને દુઃખરૂપ લાગે છે તેને માટે આ આત્મહિતની વાત છે. ૪૩.

*

લસણ-ડુંગળીની રાઈ જેટલી કણીમાં અસંખ્ય ઔદારિક શરીર હોય છે ને એક શરીરમાં અનંત જીવ હોય છે એવા તો તેં અનંત ભવ કર્યા. એ કેમ કર્યા? - કે આત્મા 'જ્ઞ' સ્વભાવી વસ્તુ છે. આત્મા જેવી વસ્તુ છે તેવી તે રીતે ન ભાસી ને તેનાથી વિરુદ્ધ ભાવ તે પણે હું છું. પુણ્ય-

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પાપના વિકારપણે હું છું એમ માનીને તેના ફળમાં એવા અનંત ભવ કર્યા છે. ૪૪.

*

( આત્મા ) વસ્તુ જે જ્ઞાનાનંદ સહજાનંદ પ્રભુ એનું જેને જ્ઞાન થયું તેને આત્મા ભાસે છે. તેને રાગનું થવું ભાસતું નથી એટલે કે રાગ મારો છે તેમ તેને ભાસતું નથી. રાગ સંબંધી જે પોતાનું જ્ઞાન તે જ્ઞાનનું થવું ભાસે છે. પોતાનું જ્ઞાન ને રાગનું જ્ઞાન તે જ્ઞાનપણે ભાસે છે પણ વિકારપણે ભાસતું નથી. ૪૫.

*

આ નિયમસાર શાસ્ત્રની ટીકામાં કહેલા ભાવોનું – વસ્તુસ્વરૂપનું નિરૂપણ અમે નવું કર્યું નથી. પણ ગણધર આદિ શ્રુતધરોની પરંપરાથી ચાલ્યું આવે છે. એવા આ પરમાગમમાં એમ કહ્યું છે કે કારણપરમાત્મા તે જ ખરેખર આત્મા છે અને કારણપરમાત્મા જ ખરેખર મોક્ષમાર્ગનો હેતુ છે. અહીં ત્રિકાળી પરમપારિણામિકભાવને ધ્યેય બતાવવું છે, તેથી પ્રગટ થતી મોક્ષમાર્ગરૂપ નિર્મળ પર્યાયને પણ પરદ્રવ્ય તેમ જ પરસ્વભાવ કહીને આશ્રય કરવા યોગ્ય નથી – એમ કહ્યું છે. જેમ પરદ્રવ્યના આશ્રયથી નિર્મળ પર્યાય પ્રગટ થતી નથી. તેમ નિર્મળ પર્યાયના આશ્રયથી પણ નવી નિર્મળ પર્યાય પ્રગટ થતી નથી. તેથી તેને પર સ્વભાવ તથા પરદ્રવ્ય કહ્યું છે. અહીં ભગવાનની ગાદીએ બેસીને અંદરથી વાત આવે છે તે પરમાત્માની કહેલી આવે છે. આજે અહીં બેસતાની સાથે જ વિચાર આવ્યો હતો કે પ્રભો! આ વાત આપની જ છે. ૪૫.

*

( સમયસાર ) સંવર અધિકારમાં તો એમ કહ્યું છે કે, જાણનક્રિયા તે આધાર છે ને દ્રવ્ય તે આધેય છે. ત્યાં આશ્રયની ( અવલંબનની ) વાત નથી. પણ શેમાં–કોનામાં જણાય છે તે અપેક્ષાની મુખ્યતાથી ત્યાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


વાત છે. ધ્રુવ વસ્તુ પોતે ધ્રુવ વસ્તુને જાણતી નથી. પણ પર્યાયમાં ધ્રુવ વસ્તુ જણાય છે. કાર્યમાં કારણનું જ્ઞાન થાય છે તેમ દર્શાવ્યું છે. તેમ અહીં પણ એમ કહ્યું કે સ્વાનુભૂતિથી વસ્તુ પ્રકાશે છે એટલે કે અનુભૂતિની પર્યાયમાં ધ્રુવ વસ્તુ જણાય છે. પરંતુ અનુભૂતિની અર્થાત્ પર્યાયની દૃષ્ટિ કરવાથી ધ્રુવ વસ્તુ પ્રકાશે છે, એમ અહીં કહેવું નથી. નિર્મળ પર્યાય વસ્તુનો આશ્રય કરે છે. ત્યારે તે નિર્મળ પર્યાયમાં વસ્તુ જણાય છે. જાણનારી પર્યાય હોવાથી પર્યાય દ્વારા દ્રવ્ય પ્રકાશે છે. તેમ કહ્યું છે. ૪૭.

*

દ્રવ્યદૃષ્ટિનો વિષય એવું જે આત્મદ્રવ્ય તેને સમ્યક્પણે સમજવા માટે જ આચાર્યદેવે નયનો અધિકાર લખ્યો છે. પ્રમાણ જ્ઞાનનો વિષય એવો જે દ્રવ્ય – ગુણ – પર્યાય સહિતનો આત્મા, તેના યથાર્થ જ્ઞાન વિના શુદ્ધ-દ્રવ્યાર્થિકનયના વિષયભૂત દ્રવ્યસામાન્યનું અવલંબન શી રીતે લઈશ? દ્રવ્ય -ગુણ તો ત્રિકાળ શુદ્ધ જ છે, પરંતુ યોગ્યતા રૂપ અનંત ધર્મો છે એ જાણીને ત્રિકાળી વસ્તુભાવને મુખ્ય કરી તેનું અવલંબન લેવું તે આ નયોના કથનનું પ્રયોજન છે. ૪૮.

*

ઈશ્વરનયનું તાત્પર્ય એમ છે કે, પરને વશ થવારૂપ પરતંત્રતા તેં તારી સ્વતંત્રતા વડે ઊભી કરી છે, માટે તે પરવશતા પણ તું તારા સ્વતંત્ર સામર્થ્ય વડે તોડી શકીશ. તારી પરતંત્રતાના નાશ માટે તારે પર સામે જોઈને બેસી રહેવું પડે તેમ નથી. ૪૯.

*

પોતે વિકારરૂપે, રાગરૂપે પરિણમતો હતો. તેનો સ્વતંત્રપણે નાશ કરી શકવારૂપ ધર્મનો ધારક આત્મદ્રવ્ય છે. જેમ સ્વયં કર્મને વશ થઈને વિકારરૂપ પરિણમવાનો એક ધર્મ છે તેમ વિકારને નાશ કરવાનું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પણ સ્વતંત્ર સામર્થ્ય જીવનું પોતાનું જ છે. વિકારને સ્વતંત્રપણે નાશ કરવાનો ધર્મ પણ જીવે ધારી રાખ્યો છે. કર્મનો ઉદય મોળો પડે ત્યારે વિકારનો નાશ કરી શકે. અથવા પ્રકૃતિ મોળી પડે ત્યારે જીવ પુરુષાર્થ કરી શકે, તે વાત તદ્દન જૂઠી છે. ૫૦.

*

નય શ્રુતજ્ઞાનપ્રમાણનો અંશ છે. પ્રમાણજ્ઞાનને પ્રમાણપણું ત્યારે અને તો જ પ્રાપ્ત થાય છે કે જો અંદર દૃષ્ટિમાં વિભાવ તેમ જ પર્યાયના ભેદોથી રહિત શુદ્ધાત્મદ્રવ્યરૂપ ધ્રુવની શ્રદ્ધાનું આલંબનનું જોર સતત વર્તતું હોય. ધ્રુવસ્વભાવના આલંબનનું બળ જ્ઞાનીને સદૈવ વર્તતું હોવાથી તેનું જ્ઞાન સમ્યક્પ્રમાણ છે. ૫૧.

*

શુદ્ધ ચૈતન્યધ્રુવના ધ્યાને જેને સમ્યક્જ્ઞાન પ્રગટયું છે તેવા જીવને આવી પર્યાયની યોગ્યતાઓ હોય છે. (અનેક પ્રકારની) તેવું જ્ઞાન થાય છે. પણ તે તે ધર્મોના જ્ઞાનથી કે તેના અવલંબનથી સમ્યગ્દર્શન થાય છે એમ નથી. આવા વિવિધ ધર્મોનું જ્ઞાન કરીને સાધક જીવને સદૈવ ત્રિકાળ ચૈતન્યમૂર્તિ ધ્રુવનું જ દ્રવ્યસ્વભાવનું જ અવલંબન હોય છે. ૫૨.

*

અહો! સંતો કેટલી કરુણાપૂર્વક આવા ગહન વિષયને સમજાવી રહ્યા છે. જ્ઞાનથી મુક્તિ થાય એ વાત સાચી છે પરંતુ તે પણ પર્યાય છે. માટે તે માત્ર જાણવાયોગ્ય છે. ધ્યાનના વિષયમાં વિવેકને – જ્ઞાનને (પર્યાયને) લેવાનો નથી. ધ્યાનનો વિષય તો અખંડ ચિદાનંદસ્વરૂપ ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય છે. મોક્ષમાર્ગની નિર્મળ પર્યાયનો પણ જેમાં અભાવ છે એવું શુદ્ધ ચૈતન્યદ્રવ્ય જ સાધકનું ધ્યેય છે. તેના આશ્રયે જ મોક્ષમાર્ગની શુદ્ધ પર્યાય પ્રગટે છે. અને તેનાથી જ મુક્તિ પ્રાપ્ત થાય છે. ૫૩.

*

પ્રશ્નઃ– (વ્યવહાર અને નિશ્ચય) બે નયોને જાણવાનું કહ્યું છે ને?

ઉત્તરઃ- જાણવું એ તો જ્ઞાનનો સ્વભાવ છે. જાણવા માટે તો બધા નયો કહ્યા છે. પણ ધર્મરૂપ પ્રયોજનની સિદ્ધિ માટે તો એકરૂપ ત્રિકાળી ધ્રુવ શુદ્ધ ચૈતન્યસામાન્યદ્રવ્ય છે તે જ આશ્રય કરવા યોગ્ય છે. જાણવાના વિષયમાં આદરવાપણું માની લેતાં દૃષ્ટિની વિપરીતતા થાય છે. ૫૪.

*

(દરેકને) દેહ છૂટવાનો કાળ સમયે સમયે નજીક આવી રહ્યો છે. જો વાસ્તવિકપણે એ દેહને નહિ છોડે તો દેહ છૂટવા ટાણે. ખરેખર એણે દેહને છોડયો નથી પરંતુ દેહે એને છોડયો છે. આગમમાં જેવું વસ્તુસ્વરૂપ કહ્યું છે એના સમ્યક્ નિર્ણય વિના એ વાસ્તવિકપણે દેહને છોડી શકશે નહીં. ૫૫.

*

તારા સ્વભાવ સિવાય ભાઈ! બીજે ક્યાંય તને મીઠાશ રહી ગઈ હશે તો તને એ ચૈતન્યની મીઠાશમાં નહિ આવવા દે. ચૈતન્યની મીઠાશમાં પરની મીઠાશ તને વિઘ્ન કરશે. માટે હે ભાઈ! સમજીને પરની મીઠાશ છોડ. ૫૬.

*

પોતાના આનંદ નિધાનને ભૂલેલું અને આત્માના અતીન્દ્રિય આનંદને નહિ પામેલું આખું જગત ભીખારી છે. કેમ કે ધન આદિ વિષયો પાસે તે આનંદની ભીખ માગી રહ્યું છે. સંતો તેને સંબોધે છે કે, અરે! વિષયોના ભીખારી! તું તો ચૈતન્ય રાજા છો. રાજા થઈને તું ભીખ કાં માગ? તારામાં તો અતીન્દ્રિય આનંદનાં નિધાન ભરેલાં છે, તું ઈન્દ્રિય - વિષયો પાસે ભીખ ન માગ. જરા શરમા! ભીખારીપણું છોડીને તારા આનંદ-નિધાનને સંભાળીને અતીન્દ્રિય આનંદનો ભોક્તા બન. ૫૭.

*

આનંદરસના રસિયા મુનિ કરુણા કરીને એમ કહે છે કે રે

આંધળા! તું આંધળો છે, કેમકે જે છતી ચીજ-તારું આત્મસ્વરૂપ છે તેને તું જોતો નથી ને તારી નજર પુણ્ય-પાપ ને તેના ફળમાં છે માટે આંધળો છો. ભલે શાસ્ત્ર જાણતો હોય કે મહાવ્રતાદિની ક્રિયા પાળતો હોય પણ તે આંધળો છે, કેમ કે જેમાં અનંત આનંદ ને શાંતિ પૂર્ણ ભરેલી છે તેને તે ભાળતો નથી-દેખતો નથી. ૫૮.

*

રાગનો રાગ કરનારાને, પુણ્યનો રાગ કરનારાને, સ્ત્રી - પુત્રાદિનો રાગ કરનારાને ચૈતન્યનો પ્રેમ નથી, તે ચૈતન્યનો ખૂની છે. માયાજાળનો પ્રેમીલો શુદ્ધસ્વરૂપી ભગવાનનો ખૂની છે. તારા ચૈતન્યના ખજાનાને જોતાં તને ભાસશે કે જે ખજાને ખાલી છે એવા શુભાશુભમાં તું પડયો છે. ભાઈ! તને મનુષ્યપણું મળ્યું છે ને? - જો તું તારા આત્માને અનુભવે તો મનુષ્યપણું મળ્યું કહેવાય. નહીં તો મનુષ્યરૂપે ઢોર સમાન છે. ૫૯.

*

ભવ ને ભવના ભાવથી રહિત પ્રભુ છે, તેના સિવાય બીજે ક્યાંય ચેન પડે નહીં તેવી વસ્તુ છે. ચૈતન્યસ્વરૂપ એક જ ચેન પડે તેવી ચીજ છે તેથી તેને એકને જ અવલંબો. અહીં એકાંતે જ્ઞાયકસ્વભાવને જ અચળપણે અવલંબો તેમ કહ્યું છે. નિમિત્તનું દેવ-ગુરુ-શાસ્ત્રનું, રાગનું કે શુદ્ધ પર્યાયનું પણ અવલંબન લેવા કહ્યું નથી. ૬૦.

*

શુભાશુભના વિકલ્પોથી, રાગાદિના ભાવથી કે દ્રવ્યોના ભેદરૂપ વિચારથી તને શું લાભ છે? એવા વિકલ્પોનું સાવધાની પૂર્વક પ્રતિપાલન એટલે કે આચરણ અને સ્મરણ તેનાથી તને કઈ કાર્યસિદ્ધિ થાય છે? કોઈ કાર્યસિદ્ધિ થતી નથી. એક બાજુ ભગવાન આત્માનો અનુભવ છે ને બીજી બાજુ ભેદ - વિકલ્પો આદિ છે પણ તારે એ બીજી બાજુનું શું કામ છે? અભેદ ચૈતન્યસ્વભાવનો અનુભવ થયો તેને દયા, દાન આદિ

વિકલ્પોથી શું સિદ્ધિ છે? અરે! દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ વિકલ્પોથી શું પ્રયોજન છે? તેના તરફનું સાવધાનપણું છોડ! ૬૧.

*

ચૈતન્ય ચમત્કારી તત્ત્વનું સામર્થ કેટલું!-એમ અંદરમાં દેખે-પ્રતીત કરે તો ધર્મનો મહેલ થવાનો પાયો ઊભો થાય. વિકલ્પ તૂટયા વિના આવી વસ્તુ અંદરમાં બેસે નહિ. વસ્તુ છે તે સીમા રહિત છે. અમર્યાદિત વસ્તુ છે, અક્ષય ને અમેય વસ્તુ છે. એ વસ્તુને શ્રદ્ધામાં લેનારી પર્યાય પણ કદી નાશ ન થાય એવી અક્ષય ને અમેય છે. ભલે અચારિત્રના પરિણામ હોય તોપણ એની શ્રદ્ધા પર્યાયની -જ્ઞાનપર્યાયની એટલી તાકાત છે કે રાગ (પોતામાં) નથી. પરદ્રવ્ય પોતામાં નથી.-એમ જાણી લ્યે છે. ૬૨.

*

અરે! આવા ચમત્કારી સ્વભાવની વાત સ્વના લક્ષે સાંભળે તો મિથ્યાત્વના ભૂકા ઉડી જાય એવી આ વાત છે. ૬૩.

*

શરીરના એક એક તસુમાં ૯૬-૯૬ રોગ છે. એ શરીર ક્ષણમાં દગો દેશે, ક્ષણમાં છૂટી જશે. કાંઈક સગવડતા હોય ત્યાં ઘુસી જાય છે. પણ ભાઈ! તારે ક્યાંક જવું છે ત્યાં કોનો મહેમાન થઈશ? કોણ તારું ઓળખીતું હશે? એનો વિચાર કરીને તારું તો કાંઇક કરી લે! શરીર સારું હોય ત્યાં સુધી આંખ ઉઘડે નહીં ને ક્ષણમાં દેહ છૂટતા અજાણ્યા સ્થાને હાલ્યો જઈશ! નાની નાની ઉંમરના પણ ચાલ્યા જાય છે માટે તારું કાંઈક કરી લે! ૬૪.

*

પ્રશ્નઃ- ચોથા ગુણસ્થાનવાળા સમ્યગ્દષ્ટિને તો ભય થતો દેખાય છે ને તેનો ઉપાય પણ કરે છે ને?

ઉત્તરઃ- સમ્યગ્દષ્ટિ અંતરમાં તો નિર્ભય જ છે, બાહ્યમાં ભયપ્રકૃતિમાં જોડાવાથી અસ્થિરતાનો જરી ભય દેખાય છે તોપણ અંતર સ્વરૂપમાં તો નિર્ભય જ છે. તેથી તે આલોક પરલોક આદિ સાતે પ્રકારના ભયથી રહિત નિર્ભય છે. ૬૫.

*

પ્રશ્નઃ- વાંચન-શ્રવણ-મનન કરવાં છતાં આત્માનો અનુભવ કેમ થતો નથી ?

ઉત્તરઃ- વાંચન આદિ તો બધું બહિર્મુખ છે ને આત્મવસ્તુ આખી અંતર્મુખ છે. એથી એને અંતર્મુખ થવું જોઇએ. પરને જાણવાનો ઉપયોગ સ્થૂલ છે તેને સૂક્ષ્મ કરી અંતર્મુખ કરવાનો છે. અંતરમાં ઊંડાણમાં જાય તો અનુભવ થાય. જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... છું, ધ્રુવ છું એવા અંતરમાં સંસ્કાર નાખે તો આત્માનું લક્ષ થઇને અનુભવ થાય જ. ૬૬.

*

પ્રશ્નઃ- શાસ્ત્ર દ્વારા મનથી આત્મા જાણ્યો હોય તેમાં આત્મા જણાયો છે કે નહિ ?

ઉત્તરઃ- એ તો શબ્દજ્ઞાન થયું. આત્મા તો જણાયો નથી આત્મા તો આત્માથી જણાય છે. શુદ્ધ ઉપાદાનથી થયેલાં જ્ઞાનમાં સાથે આનંદ આવે પણ અશુદ્ધ ઉપાદાનથી થયેલાં જ્ઞાનમાં સાથે આનંદ આવે નહિ અને આનંદ આવ્યા વિના આત્મા ખરેખર જાણવામાં આવતો નથી. ૬૭.

*

પ્રશ્નઃ- શુભ-અશુભ ભાવનો વ્યવહારે ભેદ હોવા છતાં પરમાર્થે ભેદ માનનાર ઘોર સંસારમાં રખડશે તેમ શાસ્ત્રમાં કહ્યું છે, અને દેવ ગુરુ-વાણી પુણ્ય વિના મળતા નથી તો આવતા ભવે તે મેળવવા માટે પુણ્યની તો અપેક્ષા રહે ને ?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્તરઃ- પુણ્યથી દેવ-ગુરુ-વાણીનો યોગ મળે છે તે બરાબર છે પણ પુણ્યભાવ વર્તમાનમાં દુઃખરૂપ છે ને ભાવી દુઃખનું કારણ છે તેમ શાસ્ત્રમાં કહ્યું છે. કેમકે પુણ્યથી જે સામગ્રી મળશે તેના લક્ષે રાગ થશે તે દુઃખરૂપ છે. ભગવાનની વાણી મળે તેની સામે લક્ષ જાય તે રાગ દુઃખરૂપ છે. શુભ રાગ આવે છે, હોય છે પણ ચેતનનો ધર્મ શુભરાગ નથી. શુભરાગ દુઃખરૂપ છે. આહાહા! આ વાત જગતને આકરી લાગે તેવી છે. ઝીણી વાત છે. બેસવી કઠણ પડે તેવી છે પણ જે સત્ય છે તે આમ જ છે. ૬૮.

*

જ્ઞાનમાં ચૈતન્યસ્વભાવની મોટપ ભાસ્યા વિના જ્ઞાન અંદરમાં ઢળી શકતું નથી. જ્ઞાનમાં ચૈતન્યસ્વભાવનો મહિમા ને મોટપ ભાસે ત્યારે જ જ્ઞાન અંદરમાં ઢળી જાય છે. ૬૯.

*

આત્મવસ્તુ કે જેના ધ્રુવદળમાં અનંત શાંતિ ને અનંત વીતરાગતા છે તેનો પર્યાયમાં અનુભવ નથી એટલે કે અનુભવની શક્તિ જેણે પ્રગટ કરી નથી ને રાગની રુચિમાં પડયા છે તે જીવ, ચૈતન્યચંદ્ર અર્થાત્ ઉપશમરસથી ભરેલા ભગવાન આત્માના જ્ઞાનસ્વરૂપનાં અનુભવ વિના તેને પામી શકતા નથી. દયા-દાન આદિ કોટિ ઉપાય કરે તોપણ ચૈતન્ય ભગવાન તેને પ્રગટ થતો નથી. રાગની ક્રિયા લાખ શું કરોડ કરે તોપણ ભગવાન આત્મા પ્રગટ થાય એવો નથી. ૭૦.

*

તો ઉપાય શું?-કે જે દશાની દિશા પર ઉપર છે તે દશાની દિશાને સ્વઉપર વાળવી તે ઉપાય છે. રાગાદિ તો પર વસ્તુ છે તેનાથી આત્મા સંવેદ્યમાન થતો નથી. સ્વ સ્વયં સંવેદ્યમાન છે. પોતાના વડે સંવેદ્યમાન-સંવેદનમાં આવવા યોગ્ય છે. આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે, તેમાં પોતાના વડે એકતા કરે અને વિભાવથી પૃથકતા કરે તે ઉપાય છે ને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


તે મોક્ષનો માર્ગ છે. ૭૧.

*

જ્ઞાનસ્વરૂપી ને અતીન્દ્રિય આનંદ સ્વરૂપી પ્રભુ અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદ વડે આસ્વાદવા લાયક છે. ભગવાન આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપી હોવાથી ભગવાન આત્મા જ્ઞાનગુણ વડે અનુભવવા લાયક છે. જ્ઞાનગુણ સિવાય અનુભવવા યોગ્ય નથી. કારણ કે કારણાંતર વડે તે અનુભવવા યોગ્ય નથી. એટલે કે આ કારણ સિવાય અર્થાત્ જ્ઞાનગુણ સિવાય રાગની ક્રિયા આદિ અન્ય કારણો વડે ભગવાન આત્મા જણાવા લાયક નથી. ૭૨.

*

કરોડો રૂપિયા ખર્ચે, મંદિરો બંધાવે કે જાવજીવ – આજીવન બ્રહ્મચર્ય પાળે પણ એ શુભરાગ છે. શુભરાગ છે તે કલેશ છે, દુઃખ છે, આડંબર છે. એવો આડંબર કરો તો કરો, પણ સર્વજ્ઞ વીતરાગદેવે જે આત્મા કહ્યો છે તેની પ્રાપ્તિ તો તેનાથી થશે નહીં. ધર્મના નામે એ શુભરાગનો રસ છે પણ એ રાગના રસ વડે વીતરાગ સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી. ૭૩.

*

શ્રુતની જે વાણી છે તે અચેતન છે તેમાં જ્ઞાન નથી આવ્યું માટે ભગવાન આત્મા ને દ્રવ્યશ્રુત ભિન્ન છે, એટલે કે દ્રવ્યશ્રુતથી આત્માને જ્ઞાન થતું નથી.

દ્રવ્યશ્રુતનું જ્ઞાન પણ ખરેખર અચેતન છે કેમ કે તે પરલક્ષી જ્ઞાન છે. સ્વલક્ષી જ્ઞાન નથી. દ્રવ્યશ્રુત જડ વાણી તે આત્મા નથી ને તેને સાંભળવાથી જ્ઞાન થાય તે પરલક્ષી જ્ઞાન હોવાથી તે જ્ઞાન નથી. સ્વભાવને સ્પર્શીને થયેલું જ્ઞાન તે જ્ઞાન છે. દ્રવ્યશ્રુત તો જડ છે પણ તેના નિમિત્તે જે જ્ઞાન થાય તે પરસત્તાવલંબી જ્ઞાન હોવાથી તે જ્ઞાન નથી. દ્રવ્યશ્રુતના

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

જ્ઞાનથી આત્મા ભિન્ન છે. ૭૪.

*

જ્ઞાન ને આત્મા એમ બે ધ્વનિ ઉઠે છે માટે જ્ઞાન ને આત્મા જુદા હશે એવી શંકા ન કરવી. ગુણને જ અહીં ગુણી કહેવો છે. જ્ઞાન તે જ આત્મા છે. નામ ભિન્ન પડયું માટે ભાવ અને ભાવવાન એટલે કે જ્ઞાન ને ભગવાન બે જુદા છે એમ જરીયે શંકા ન કરવી. નામ ભલેને જુદા પડયા પણ ભાવ જુદા નથી. ૭૫.

*

ચારિત્ર તે ધર્મ અને તેનું મૂળ સમ્યગ્દર્શન તથા તેનું ફળ કેવળજ્ઞાન, તેની સામે કહે છે કે તું ભગવાન સ્વરૂપ છો પણ તેને ભૂલી જવું તે ભ્રમણા છે, એ ભ્રમણા પુણ્ય-પાપરૂપી અધર્મનું મૂળ છે અને તેનું ફળ સંસાર છે. ૭૬.

*

જેને સુખી થવું હોય તેને કહે છે કે શુદ્ધ ચૈતન્યવસ્તુ છે તે સર્વાંગ જ્ઞાનથી ભરેલી છે તેની સન્મુખ થવું તે સુખી થવાનો માર્ગ છે, તે ધર્મ છે. સર્વાંગ જ્ઞાનથી ભરેલી ચૈતન્યવસ્તુમાં રહેતાં શુદ્ધતા થાય છે અને અશુદ્ધતા નાશ થાય છે તેનું નામ પોતાનું હિત એટલે કે કલ્યાણ છે. ૭૭.

*

અરે! અનાદિથી તને વિજ્ઞાનઘન આત્માની મહિમા બેઠી નથી. અનાદિથી બાહ્ય ચીજમાં આશ્ચર્યતાને કારણે પોતાના જ્ઞાનસ્વરૂપ કરતાં પરમાં કાંઈક વિશેષતા તથા વિસ્મયતા લાગતાં ત્યાંથી ખસતો નથી. ભગવાન આત્મા સર્વાંગે જ્ઞાનથી ભરેલો છે. એટલે કે અસંખ્ય પ્રદેશે જ્ઞાનથી ભરેલો છે. તેની અદ્‌ભુતતાને નિહાળવા એકવાર પ્રયત્ન તો કર! ૭૮.

*

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનના ક્ષયોપશમનું વજન નથી પણ અનુભૂતિનું વજન છે. તેથી કહે છે કે આત્માને અનુલક્ષીને આત્માના સ્વાદનો અનુભવ થવો તે અનુભૂતિ છે અને બાર અંગમાં પણ અનુભૂતિનું વર્ણન કર્યું છે - અનુભૂતિ કરવાનું કહ્યું છે. અનાકુળ જ્ઞાન ને અનાકુળ આનંદનો અનુભવ કરવો એમ બાર અંગમાં કહ્યું છે. શુદ્ધ આત્માની દૃષ્ટિ કરીને સ્થિરતા કરવી એમ તેમાં કહ્યું છે. બાર અંગથી વિશેષ શ્રુતજ્ઞાન ન હોય. તેમાં ચારેય અનુયોગનું જ્ઞાન આવી જાય છે-એવું ઉત્કૃષ્ટ બાર અંગનું જ્ઞાન તે મોક્ષમાર્ગ નથી. બાર અંગવાળાને સમ્યગ્દર્શન હોય જ - સમ્યગ્દર્શન વિના બાર અંગનું જ્ઞાન ન જ હોય પણ તે ક્ષયોપશમજ્ઞાન તે મોક્ષમાર્ગ નથી પરંતુ અનુભૂતિ તે મોક્ષમાર્ગ છે. આટલો બધો ઉઘાડ થયો માટે મોક્ષમાર્ગ વધી ગયો તેમ નથી. ૭૯.

*

પ્રશ્નઃ- વ્યક્તપર્યાય છે તે ખ્યાલમાં આવે છે પણ અવ્યક્ત દ્રવ્યનો શી રીતે ખ્યાલ આવે?

ઉત્તરઃ- પહેલા શાસ્ત્ર આદિથી જાણપણું કરવું જોઈએ. રાગની પર્યાય વ્યક્ત છે તે તો ખ્યાલમાં લ્યે છે પણ તેની પાછળ અવ્યક્ત ભગવાન પડયો છે તેને લક્ષમાં લેવો જોઈએ. વ્યક્ત પર્યાયનું અસ્તિત્વ તો એક સમયનું છે. તેની પાછળ અવ્યક્ત ભગવાન છે તેનું ત્રિકાળ ટકતું મહાન અસ્તિત્વ પડયું છે તેને લક્ષમાં લઈને તેના સંસ્કારને પહેલા દૃઢ કરવા જોઇએ. લાખ વાત બીજી આવે. ક્રિયાકાંડ-શુભરાગ અનેક પ્રકારના હો, પણ તેમાં લક્ષ જતાં લાભ નથી. નુકશાન છે. સ્વના આશ્રયથી જ લાભ થાય છે. એવા દૃઢ સંસ્કાર પહેલા નાખે તો પછી અવ્યક્ત ભગવાન અનુભવમાં આવે છે. ૮૦.

*

સમ્યગ્દષ્ટિએ શુદ્ધ સ્વરૂપનો અનુભવ કર્યો ત્યાર પછી (એવી ભાવના

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

તેને રહે છે કે ) એક ક્ષણ પણ તે છોડવા લાયક નથી. પરમાત્માને પડખે આવ્યો પછી એક ક્ષણ પણ પરમાત્માનું પડખું છોડવા લાયક નથી અને પુણ્ય-પાપના પડખે ચડવા જેવું નથી. એક ક્ષણ પણ શુદ્ધાત્માને વિસ્મરણ કરવા યોગ્ય નથી. રાગનું કાર્ય કદી પણ ગ્રહણ કરવા લાયક નથી અને શુદ્ધાત્માને કદી પણ છોડવા લાયક નથી, અને જેને રાગનો રંગ ચડી ગયો છે તેને પરમાત્માનો રંગ કેમ ચડે? અને જેને પરમાત્માનો રંગ ચડી ગયો છે તેને રાગનો રંગ કેમ ચડે? હજુ સમ્યગ્દષ્ટિને રાગ આવે છે ખરો, પણ રાગનો રંગ ચડતો નથી, અને શુદ્ધાત્માનો રંગ એક સમય માત્ર પણ ઉતરતો નથી. સમ્યગ્દષ્ટિને અતીન્દ્રિય સુખનો અનુભવ ધારા પ્રવાહરૂપથી ચાલે છે તે એની મોટપ ( મહાનતા ) છે. ૮૧.

*

પ્રશ્નઃ- જાડીબુદ્ધિ હોય તો રાગ અને આત્માનું ભેદજ્ઞાન કેમ કરી શકે?

ઉત્તરઃ- આત્માની બુદ્ધિ જાડી નથી. આત્માનો રસ ને રુચિ હોય તો બુદ્ધિ ( આ વિષયમાં ) કામ કરે છે. સંસારના કામનો રસ હોય છે તો ત્યાં બુદ્ધિ જાડી રહેતી નથી. બધા પડખાનો વિવેક કરીને લાભ થાય તેમ કરે છે. જ્યાં રુચિ હોય ત્યાં વીર્ય કામ કરે છે, બુદ્ધિ કામ કરે છે, જો આત્માનો રસ જાગે, રુચિ જાગે તો વીર્ય પણ કામ કરે છે, બુદ્ધિ પણ કામ કરે છે, અને ભેદજ્ઞાન પામે છે. આત્માના કાર્ય માટે આત્માની સાચી રુચિની જરૂર છે. ૮૨.

*

પ્રશ્નઃ- અંતરનો માર્ગ બહુ કઠણ લાગે છે?

ઉત્તરઃ- અંતરનો માર્ગ કઠણ નથી. સહેલો છે, હળવો છે, સરળ છે, કઠણ તો જે થઈ શકે નહીં તે હોય. લાખ પ્રયત્ન કરે છતાં પરમાણુ આત્માનો થાય નહિ, એથી એ કઠણ કહેવાય પણ આત્માનો માર્ગ તો

અંતરના પ્રયત્નથી પમાય છે. માટે તે જ થઈ શકે તેવું તેનું સરળ ને સહજ કાર્ય છે, માત્ર અણ-અભ્યાસથી કઠણ લાગે છે. ૮૩.

*

પ્રશ્નઃ- સ્વરૂપનો અનુભવ થયો ન હોય અને શુભને હેય જાણવાથી સ્વછંદી થઈ ન જાય?

ઉત્તરઃ- શુભરાગને હેય જાણવાથી શુભરાગ છૂટતો નથી. સ્વભાવનું મહાત્મ્ય આવતાં શુભરાગનું મહાત્મ્ય છૂટી જાય છે પણ શુભરાગ છૂટતો નથી. શુભરાગ તો ભૂમિકા અનુસાર એના કાળે આવ્યા વિના રહેશે નહિ. વસ્તુનું જેવું સ્વરૂપ હોય તેવું સાચું જ્ઞાન કરવાથી સ્વછંદતા થઈ શકે નહિ. ૮૪.

*

જેમ પુત્રમાં પિતાની અણસાર આવે છે તેમ મોક્ષમાર્ગી મુનિઓમાં વીતરાગી જિન ભગવાનનો અણસાર-વીતરાગતાનો અણસાર આવે છે. શાંત... શાંત... વીતરાગતા.... અકષાય તરવરે છે. ‘બહેનશ્રીનાં વચનામૃત’ વાંચશે તેના કાળજામાં સત્યના ઘા વાગી જાય એવી વાતો છે. આ પક્ષની વાત નથી. વસ્તુ સ્થિતિની વાત છે. ૮૫.

પ્રશ્નઃ- આ સત્ય વાત સાંભળવા છતાં અત્યારે ધર્મ ન પામે તો?

ઉત્તરઃ- સત્યનું શ્રવણ આદિ રસ પૂર્વક કરે છે તેથી તેનાથી સંસ્કાર પડે છે. એ સંસ્કારથી ધર્મ પમાય છે. ભલે અત્યારે વિકલ્પ ન તૂટે તોપણ એના સંસ્કારથી આગળ વધીને ધર્મ પામે છે. ૮૬.

*

મરણનો સમય આવશે તે કાંઈ પૂછીને નહિ આવે કે લ્યો હવે તમારે મરવાનો કાળ આવ્યો છે. અરે! સ્વપ્ના જેવો સંસાર છે. કોના

કુટુંબ ને કોના મકાન મિલ્કત! એકદમ ફુ થઈને ક્ષણમાં દેહ છૂટી જશે. કુટુંબ કીર્તિ ને મકાન બધું અહીં પડયું રહેશે. અંદરથી ભગવાનને છૂટો પાડયો હશે તો મરણ સમયે છૂટો રહેશે. જો દેહની ભિન્નતા નહિ કરી હોય તો મરણ સમયે ભીંસમાં ભીંસાઈ જશે, માટે ટાણા છે ત્યાં દેહથી ભિન્નતા કરી લેવા જેવું છે. ૮૭.

*

સમ્યગ્દષ્ટિને રાગ કે દુઃખ નથી એમ કહ્યું છે એ તો દષ્ટિની પ્રધાનતાથી કહ્યું છે પણ પર્યાયમાં જેટલો આનંદ છે તેને પણ જ્ઞાન જાણે છે અને જેટલો રાગ છે એટલું દુઃખ પણ સાધકને છે તેમ જાણે છે. પર્યાયમાં રાગ છે દુઃખ છે તેને જો જાણે નહિ તો ધારણાજ્ઞાનમાં પણ ભૂલ છે. સમ્યગ્દષ્ટિને દષ્ટિનું જોર બતાવવા આસ્રવ નથી તેમ કહ્યું છે પણ જો આસ્રવ સર્વથા ન હોય તો મુક્તિ હોવી જોઇએ. ૮૮.

*

રાગ છે તે ચૂડેલ ડાકણ સમાન છે, રાગનો પ્રેમ કરવાથી એ તને ખાઈ જશે - ભરખી જશે. પાપરાગની તો શું વાત! પણ શુભરાગ કે જેણે હજારો રાણી છોડીને રાજપાટ છોડીને પંચમહાવ્રતના શુભરાગમાં પ્રેમ કર્યો છે તે આનંદસ્વરૂપ આત્માને ઘાયલ કરે છે, મારી નાખે છે. વીતરાગભાવ ધર્મ છે તેને રાગભાવથી ધર્મ મનાવે તે વીતરાગના વેરી છે. પાપી મિથ્યાદષ્ટિ છે. ૮૯.

*

(જેમ મુસાફર) એક ગામથી બીજે ગામ જાય તોય ભાતું સાથે લઈને જાય છે તો બીજા ભવમાં જવા માટે કાંઈ ભાતું હોય કે નહિ? શ્રદ્ધા - જ્ઞાનનું ભાતું સાથે લઈને જવું જોઈએ. બાયડી સામે જોવે તો પાપ, છોકરા સામું જોવે તો પાપ, પૈસા સામું જોવે તો પાપ, પર સામું જોતાં બધે પાપ... પાપ ને પાપ છે. અરે! કયાં એને જવું છે? રાગ

અને હું એક છું, એવું મિથ્યાત્વનું ભાતું લઈને જવું છે? રાગથી ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપ હું છું, એવું ભાતું સાથે લઈ જાય તો આગળ વધવામાં એને કામ આવશે. અંદરમાં અસંખ્ય પ્રદેશમાં ઊંડે ઊંડે તળીયે ધ્રુવમાં પર્યાયને લઈ જવાની છે. એ તો ધીરાના-વીરાના કામ છે. ૯૦.

*

પ્રશ્નઃ- જ્ઞાનનો સ્વભાવ જાણવાનો જ છે તો પોતે પોતાને કેમ નથી જાણતો ?

ઉત્તરઃ- એનો સ્વભાવ પોતાને જાણવાનો છે પણ અજ્ઞાનીની દૃષ્ટિ પર ઉપર છે. એટલે પોતે જણાતો નથી. પરમાં ક્યાંક ક્યાંક અધિકતા પડી છે એટલે બીજાને અધિક માનતો હોવાથી પોતે જણાતો નથી. અધિકપણાનું એનું બળ પરમાં જાય છે તેથી પોતે જણાતો નથી. ૯૧.

*

શરીર-ધન-મકાન આદિ અનુકૂળતા દેખીને તને વિસ્મયતા અને કુતૂહલતા આવે છે તો ભગવાન આત્મા મહિમાવંત પદાર્થ છે, અજાયબઘર છે તેનું કુતૂહલ તો કર! ભગવાન સર્વજ્ઞદેવે જેના આટલા-આટલા વખાણ ને મહિમા કર્યા છે એવો આત્મા કેવો છે તેને દેખવા કુતૂહલ તો કર! એકવાર વિસ્મયતા તો કર કે તું કેવડો મોટો મહાન પદાર્થ છો! તેને દેખવા-અનુભવવાનું કુતૂહલ તો કર! નરકનો નારકી મહા પીડામાં પડ્યો છે પણ આવા મહાન આત્માની કુતૂહલતા કરીને આત્માને અનુભવે છે તો તું આવા અનુકૂળ યોગમાં એકવાર કુતૂહલ તો કર! ૯૨.

*

પર્યાયની સ્વતંત્રતા જેને બેસે નહીં તેને દ્રવ્ય-ગુણ કે જે અવ્યક્ત શક્તિ સ્વભાવ છે તેની સ્વતંત્રતા બેસી શકે જ નહીં, વર્તમાન અંશ સ્વતંત્ર છે એ જેને બેસે તેને જ દ્રવ્યની સ્વતંત્રતા બેસી શકે છે. ૯૩.

*

તારા સ્વભાવસાગરની અશાતના ન થાય અને આરાધના થાય તેની આ વાત છે. આત્મામાં એક એક ગુણની અનંતી શક્તિ શુદ્ધ છે. એવા અનંત અનંત ગુણોની શુદ્ધતાનો આશ્રય જે પરિણતિ લ્યે છે તે પરિણતિને શુદ્ધત્વ પરિણમન કહે છે. તેને આત્માની આરાધના કહે છે. ૯૪.

*

આત્મા સમજવા માટે જેને અંતરમાં ખરેખરી ધગશ અને તાલાવેલી જાગે તેને અંતરમાં સમજણનો માર્ગ થયા વિના રહે જ નહીં. પોતાની ધગશના બળે અંતરમાં માર્ગ કરીને તે આત્મસ્વરૂપને પામે જ. ૯૫.

*

વ્રત-તપ-જપથી આત્મપ્રાપ્તિ થશે-તે જેમ શલ્ય છે, તેમ શાસ્ત્ર અભ્યાસથી આત્મા પ્રાપ્ત થશે એવી જેની માન્યતા છે તે પણ શલ્ય છે. આત્મવસ્તુ તરફ દૃષ્ટિ કરતાં જ આત્મપ્રાપ્તિ થાય છે. ૯૬.

*

અનંતા પ્રતિકૂળ દ્રવ્યો આવી પડે તેનાથી આત્મા હલ્યો હલે નહિ, તીવ્રમાં તીવ્ર આકરા અશુભ પરિણામો થાય તેનાથી પણ ધ્રુવ આત્મા હલ્યો હલે નહીં અને એક સમયની પર્યાયથી પણ આત્મા હલ્યો હલે નહિ. એવા અગાધ સામર્થ્યવાળો ધ્રુવ આત્મા છે, તેને લક્ષમાં લેવાથી ભવભ્રમણ છૂટે એવું છે. ૯૭.

*

મને બહારનું કાંઈક જોઈએ તેમ માનનાર ભીખારી છે. મને મારો આત્મા જ જોઈએ તેમ માનનાર બાદશાહ છે. આત્મા અચિંત્ય શક્તિનો ધણી છે, જે ક્ષણે જાગે તે જ ક્ષણે જાગતી જ્યોત આનંદસ્વરૂપ અનુભવમાં આવી શકે છે. ૯૮.

*

પહેલાં ચારિત્રદોષ ટાળવાનો તું પ્રયત્ન કરે છે તે કરતાં પહેલા દર્શનશુદ્ધિ માટે પ્રયત્ન કર! દૃષ્ટિમાં વિકલ્પનો ત્યાગ કરતો નથી અને બહારના ત્યાગ કરી બેસે છે તે મિથ્યાત્વના જ પોષણનું કારણ છે. ૯૯.

*

ગાય, ભેંસ, વગેરે પશુની વિષ્ટાના પોદળા (છાણ) મળતા ગરીબ સ્ત્રીઓ ખુશી ખુશી થઈ જાય છે. અને ધન વૈભવ મળતા શેઠીયાઓ ખુશી ખુશી થઈ જાય છે, પણ વિષ્ટાના પોદલા ને ધનાદિમાં કાંઈ જ ફેર નથી. એક વાર આત્માના નિધાનને દેખે તો બહારના નિધાનોની નિર્મૂલ્યતા ભાસે. ૧૦૦.

*

દેવ-ગુરુ-શાસ્ત્ર એમ કહે છે કે ભાઈ! તારી મહિમા તને આવે તેમાં અમારી મહિમા આવી જાય છે. તારો તને મહિમા આવતો નથી તો તને અમારો પણ ખરેખર મહિમા આવ્યો નથી. અમને તેં ઓળખ્યા નથી. ૧૦૧

*

સર્પના બચ્ચાને તેની માનું જ્ઞાન છે તેથી તે સર્પથી ડરે નહીં. સિંહના બચ્ચાને તેની માનું જ્ઞાન છે તેથી સિંહનું બચ્ચું સિંહથી ડરે નહિ. તેમ જ્ઞાન તેને કહીએ કે જેનાથી નીડરતા અને નિર્ભયતા આવે, તે ક્યારે આવે-કે જ્યારે શુદ્ધાત્માનું સાચું જ્ઞાન થાય ત્યારે. ૧૦૨.

*

જીવની દયા પાળવાના ભાવને લોકો જૈનના સંસ્કાર માને છે, પણ તે જૈનના સાચા સંસ્કાર નથી, જૈનના સાચા સંસ્કાર તો રાગથી ભિન્ન ચૈતન્યને માનવો તે જૈનના સાચા સંસ્કાર કહેવાય. 'જિન સોહી હૈ આત્મા, અન્ય સોહી હૈ કર્મ, એહી વચનસે સમજલે જિન પ્રવચનકા મર્મ.' ૧૦૩.

*

૧૨ અંગના જ્ઞાનને પણ સ્થૂલ જ્ઞાન કહ્યું છે કે જે બાર અંગનું જ્ઞાન લખ્યું લખાય નહિ, ભણ્યું ભણાય નહિ. સાંભળીને કહી શકાય નહિ, છતાં એ જ્ઞાનને સ્થૂલ કહ્યું છે. જે જ્ઞાન રાગને ભિન્ન પાડીને પર્યાયને ભગવાન બનાવે છે તે જ્ઞાનને ભગવતીપ્રજ્ઞા કહે છે. સમ્યગ્જ્ઞાન કહે છે. એ ભગવતીપ્રજ્ઞા વડે ભવના નીવેડા આવે છે. ૧૦૪.

*

અન્યાયથી ઉપાર્જન કરેલી લક્ષ્મી, બળાત્કારથી લાવેલી સ્ત્રી સમાન લાંબો વખત ટકશે નહિ. ધણીના ગુણપ્રેમથી આકર્ષાયેલી સ્ત્રી કાયમ રહેશે. તેમ ન્યાયથી ઉપાર્જિત લક્ષ્મી લાંબો વખત ટકી રહેશે. નીતિ તે કપડા સમાન છે. અને ધર્મ તે દાગીના સમાન છે. કપડાં વિના દાગીના શોભતા નથી, તેમ નીતિ વિના ધર્મ શોભા પામતો નથી. ૧૦૫.

*

વીર્યનું ફોરવવું જેટલું દોષ તરફ જાય તે બાલવીર્ય છે, અને વીર્યનું જેટલું વલણ ગુણ તરફ જાય તે પંડિતવીર્ય છે. ૧૦૬.

*

ભદ્રિકપણું એટલે પોતાનો નાનો દોષ કોઈ દેખાડે અથવા તો પોતે દેખે ત્યાં તુરત જ પોતે કબૂલ જ કરે છે, બીજાનો નાનો ગુણ દેખે ત્યાં બહુમાન કરે. પોતાની મોટપ વધારવા ને બીજાની હીણપ કરવામાં જે પ્રકારના વિચાર, વાણી અને વર્તન થાય તે ભદ્રિકતા ન ગણાય, પણ વક્રતા કહેવાય. પોતાની જે હદ હોય તે હદ ઉપરાંત વધારે પોતાની મોટપ બતાવવા જે વર્તન થાય તે વક્રતા છે. ૧૦૭.

*

પોતામાં જે ગુણ ન હોય અને બીજા કોઈ તે ગુણ કહે, તમે આવા ગુણી છો, ત્યારે જ્ઞાનીને એમ થાય છે કે, મારામાં આ ગુણ નથી અને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


મને આ ગુણ છે એમ કહે છે તે મને આળ આપે છે. અજ્ઞાનીને પોતામાં ગુણ ન હોવા છતાં તેની ભાવના એમ રહ્યા કરે છે કે, મને કોઈ ગુણી માને તો ઠીક. આ તેનું અજ્ઞાન છે. ૧૦૮.

*

એક અવગુણ ટળે ત્યાં તેની સામે ગુણ પ્રગટ થવો જ જોઈએ. ગુણ પ્રગટ થાય તો જ અવગુણ ટળ્યો કહેવાય. ૧૦૯.

*

આકુળતાવાળા સુખથી પણ શરીરનો વ્યાધિ ભૂલી જવાય છે તો અનાકુળતાવાળા સુખથી જગત કેમ ન ભુલાય? અર્થાત્ આત્માના સાચા સુખ વડે સંસારનાં ગમે તેવાં ઘોર દુઃખો પણ ભૂલી જવાય છે. ૧૧૦.

*

જગતનો પ્રેમ ઘટાડયા સિવાય પરમેષ્ઠીના હૃદયમાં શું છે? તેના કાળજામાં શું છે?–તે સમજાય નહિ. માટે પરમેષ્ઠીનું સ્વરૂપ જાણવા જગતનો પ્રેમ ઘટાડવો. ૧૧૧.

*

પ્રશ્નઃ– જ્ઞાન જ્ઞાનને તો કરેને?

સમાધાનઃ– એકલા જ્ઞાનને ન પકડવો, આખા આત્માને અનુભવવો, આ જ્ઞાન–પ્રધાન કથન છે પણ જ્ઞાન સાથે બધી શક્તિના નિર્મળ પરિણામ વડે આત્મા પરિણમે છે. ૧૧૨.

*

પ્રભુ તો ચૈતન્યઘન છે જેમાં મોક્ષ ને મોક્ષમાર્ગનું કરવું નથી, બંધ ને બંધના કારણનું કરવું નથી. બંધ–મોક્ષના કારણ અને બંધ–મોક્ષના પરિણામથી સમ્યગ્દર્શનનો વિષય ધ્રુવ ભગવાન શૂન્ય છે. સમ્યગ્દર્શનના પરિણામથી પણ ત્રિકાળી ધ્રુવ શૂન્ય છે. ઉત્પાદ–વ્યય તો પરિણામ છે, તેને (ધ્રુવ) સ્પર્શતું જ નથી તો કરે શી રીતે? ૧૧૩.

*

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

શુદ્ધ પારિણામિક ભાવ છે તે ભાવનારૂપ નથી, તે વર્તમાન પર્યાયરૂપ નથી. મોક્ષના કારણ રૂપ જે અબંધ પરિણામ છે તે ભાવનારૂપ છે ને ત્રિકાળ શુદ્ધ પારિણામિક તે ભાવનારૂપ નથી, એ તો ભાવ છે. રાગ તો કયાંય દૂર રહી ગયો. પણ મોક્ષનો માર્ગ પણ ભાવનારૂપ હોવાથી તે શુદ્ધ પારિણામિકભાવથી ભિન્ન છે. ૧૧૪.

*

મિથ્યાત્વભાવ છે તે વિકારીભાવ છે, તે પણ પોતાના ષટ્કારકોથી થાય છે, તેને કર્મની કે નિમિત્તની અપેક્ષા નથી. જ્યારે વિકારની પર્યાયને પણ કે જે આત્માનો સ્વભાવ નથી. તેમ જ કોઈ એવી શક્તિ નથી કે વિકારને કરે, છતાં પણ સ્વતંત્રપણે પોતાના એક સમયના ષટ્કારકથી થાય છે, તો પછી જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિશ્ચય મોક્ષમાર્ગની જે નિર્મળ પર્યાય છે તે પોતે એક સમયના ષટ્કારકથી પરિણમન થઈને જ ઉત્પન્ન થાય. જે નિશ્ચય મોક્ષમાર્ગને ત્રિકાળી શુદ્ધ દ્રવ્યની પણ અપેક્ષા નથી તે વ્યવહારરત્નત્રયના રાગથી થાય એમ કેમ બને? ૧૧૫.

*

શુદ્ધ પારિણામિકભાવ એવા ત્રિકાળી સહજાનંદ પ્રભુને અવલંબનારી જે ભાવના-ત્રિકાળી નિજાનંદ પ્રભુ તે ભાવ છે અને તેના લક્ષે-તેના અવલંબે જે નિશ્ચયમોક્ષનો માર્ગ પ્રગટે છે તે ભાવના છે. એવી ભાવનારૂપ ઉપશમ ક્ષયોપશમ ક્ષાયિક ભાવો સમસ્ત રાગાદિ રહિત છે. ઉપશમાદિ ભાવો સમસ્ત રાગાદિ રહિત છે. એટલે કે કોઈ પણ રાગનો અંશ મોક્ષમાર્ગ હોઈ શકે નહીં. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે મોક્ષનો માર્ગ ન હોય, તે ઉદયભાવ છે તેથી બંધ ભાવ છે અને જે આ ઉપશમાદિ ભાવો છે તેઓ સમસ્ત રાગાદિ રહિત હોવાથી મોક્ષમાર્ગ છે - મોક્ષનાં કારણ છે. ૧૧૬.

*

જે શક્તિરૂપ મોક્ષ છે તે તો ત્રિકાળ સ્વભાવભાવ છે. તે મોક્ષ

કરવો છે કે તે મોક્ષ થયો છે તેમ નથી, પણ એ શક્તિરૂપ મોક્ષનો આશ્રય કરીને જે પર્યાય થાય તે વ્યક્તિરૂપ મોક્ષ છે. તે વ્યક્તિરૂપ મોક્ષ મોક્ષમાર્ગની પર્યાયથી પ્રાપ્ત થાય છે. પણ દ્રવ્યથી પ્રાપ્ત થતો નથી. પર્યાય છે તે મોક્ષ પ્રગટ કરે છે. ત્રિકાળી ધ્રુવદ્રવ્ય મોક્ષને પ્રગટ કરતું નથી. કે જડકર્મ મોક્ષને પ્રગટ કરતું નથી. આ પણ ખરેખર તો શુદ્ધ ઉપાદાનકારણભૂત હોવાથી મોક્ષનું કારણ કહ્યું, પણ તે અપેક્ષિત છે. બાકી તો મોક્ષનો માર્ગ વ્યય થઈને મોક્ષની પર્યાય થાય. ૧૧૭.

*

અનંત શક્તિનો સમ્રાટ એવો જે ભગવાન આત્મા તે સમ્યગ્દર્શનનું ધ્યેય છે. પણ સમ્યગ્દર્શનરૂપ ધ્યાન તેમાં નથી. સમ્યગ્દર્શન ધ્યાન છે ને ત્રિકાળી વસ્તુ ધ્યેય છે. એમ સ્વસંવેદનજ્ઞાન-શાસ્ત્રજ્ઞાન નહીં, પરલક્ષીજ્ઞાન નહીં તે ધ્યાનરૂપ છે. અને નિજાનંદ પ્રભુ ધ્યેયરૂપ છે તે ધ્યાનરૂપ નથી. કારણ કે ધ્યાન વિનશ્વર છે, કેમ કે નિશ્ચય મોક્ષમાર્ગ છે તે પર્યાય છે ને મોક્ષ થતા મોક્ષમાર્ગની પર્યાય નાશ થઈ જાય છે-વ્યય થઈ જાય છે. શુદ્ધ પારિણામિકભાવ તો અવિનાશી છે. કોઈ પરિણમન થવું કે પરિણમનનો અભાવ થવો એવું તેમાં નથી. ૧૧૮.

*

સમ્યગ્દર્શનમાં ક્ષયોપશમજ્ઞાન છે તે કેવું છે-કે નિર્વિકાર-સ્વ સંવેદન લક્ષણવાળું છે, એમ કહીને એમાં કહે છે કે, શાસ્ત્રજ્ઞાન છે તે કાર્ય નહીં કરે પણ નિર્વિકારી સ્વસંવેદનજ્ઞાન છે તે કાર્ય કરે છે. તેને અહીં ક્ષયોપશમજ્ઞાન કહે છે. સમ્યગ્દર્શન થતાં જે જ્ઞાન છે તે ક્ષયોપશમજ્ઞાન છે, ભલે ક્ષાયિક સમ્યગ્દર્શન હો પણ જ્ઞાન તો ક્ષયોપશમજ્ઞાન છે. ૧૧૯.

*

નિશ્ચય મોક્ષમાર્ગ છે તે નિર્વિકલ્પ સમાધિ છે. તેનાથી ઉત્પન્ન થયેલ અતીન્દ્રિય આનંદનો અનુભવ જેનું લક્ષણ છે એવું સ્વસંવેદનજ્ઞાન

તે જ્ઞાન છે. શાસ્ત્રભણતર તે જ્ઞાન નથી, પણ નિર્વિકલ્પ-સ્વસંવેદનલક્ષણ તે જ્ઞાન છે. સુખાનુભૂતિમાત્રલક્ષણ સ્વસંવેદનજ્ઞાનથી આત્મા જણાય તેવો છે, તે સિવાય જણાય તેવો નથી. નિર્વિકારી-સ્વસંવેદનજ્ઞાનથી જણાય તેવો છે પણ ભગવાનની વાણીથી જણાય તેવો નથી. ભગવાનની ભક્તિથી જણાય તેવો નથી. આનંદની અનુભૂતિના સ્વસંવેદનજ્ઞાનથી જણાય એવો હું છું અને બધા આત્માઓ પણ એના સ્વસંવેદનજ્ઞાનથી એને જણાય એવા છે. ૧૨૦.

*

નિર્વિકારી આનંદ સહિત જે જ્ઞાન હોય તેને સમકિતિનું ક્ષયોપશમ જ્ઞાન કહેવામાં આવે છે. સમ્યગ્દર્શન થતાં આત્મ-અનુભવ થતાં તેની પર્યાયમાં આખો આત્મા આવતો નથી. પણ બધી શક્તિઓ પર્યાયમાં એકદેશ પ્રગટ થાય છે. તારો આત્મા તને શેનાથી જણાય ?-કે આનંદની અનુભૂતિ સહિતના સ્વસંવેદનજ્ઞાનથી આત્મા જણાય એવો છે, જ્યારે અનંત શક્તિઓ એક અંશે પર્યાયમાં પ્રગટ થાય ત્યારે આત્મા જણાય છે. ૧૨૧.

*

જેને આત્મા જણાયો છે એવો ધ્યાતા પુરુષ, ધર્મી જીવ કે જેને સ્વસંવેદન આનંદની અનુભૂતિ સહિતનું જ્ઞાન એક અંશે પ્રગટયું છે, તે પ્રગટેલી દશાનું ધ્યાન ધ્યાની-જ્ઞાની કરતો નથી. અનુભવની જે પર્યાય છે તે એકદેશ પ્રગટ પર્યાયરૂપ છે, છતાં ધ્યાતા પુરુષ ધ્યેયનું ધ્યાન કરનારો પુરુષ તે પ્રગટ પર્યાયનું ધ્યાન કરતો નથી. ધર્મી કોનું ધ્યાન કરે છે? ધર્મી જીવને સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટી છે છતાં પ્રગટેલાનું ધ્યાન કરતો નથી, તો કોનું ધ્યાન કરે છે?-કે એક સમયની પર્યાય પાછળ બિરાજમાન જે સકળ નિરાવરણ-અખંડ-એક-પ્રત્યક્ષપ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધ-પારિણામિકભાવલક્ષણ-નિજપરમાત્મદ્રવ્યનું ધ્યાન કરે છે. સમ્યગ્દષ્ટિનું ધ્યેય શું? સમ્યગ્દષ્ટિ ધર્મીનો વિષય શું ?-કે ત્રિકાળી-આત્મા

તે એનો વિષય છે કે જે સકળ-નિરાવરણ-એક અખંડ વસ્તુ છે. ૧૨૨.

*

પ્રશ્નઃ- સમ્યગ્દર્શન થતાં બધું વ્યવસ્થિત છે?

ઉત્તરઃ- અમસ્તું પણ બધું વ્યવસ્થિત જ છે, પણ સમ્યગ્દર્શન થતાં એનાં નિર્ણયમાં આવી જાય છે કે બધું વ્યવસ્થિત જ છે. ૧૨૩.

*

ભાવશક્તિના કારણે દરેક ગુણની પર્યાય ભવનરૂપ થશે જ, પર્યાય હોય જ છે, હોય છે તેને કરવું છે ક્યાં? ખરેખર તો દ્રવ્ય ઉપર દ્રષ્ટિ ગઈ-દ્રવ્યનો સ્વીકાર થયો એટલે બસ પર્યાય પ્રાપ્ત થઈ અને તે પણ તેનો પ્રાપ્ત થવાનો કાળ હતો. તે પર્યાયનો સ્વકાળ હતો. તેનો પણ કર્તા નથી. કેમ કે ભાવશક્તિના કારણે ભવન તો છે, તો છે એને કરવું શું? ૧૨૪.

*

જે સમયે જે પ્રકારની જે પર્યાય જ્યાં થાય તેની નોંધ કેવળજ્ઞાનમાં છે. કેવળજ્ઞાની એક સમયની પર્યાય ત્રણલોકની ત્રણકાળની પર્યાયોને પ્રત્યક્ષ જાણે છે. જે પર્યાય થઈ નથી. તેને પણ ભવિષ્યમાં જે વખતે થશે તેવી વર્તમાનમાં પ્રત્યક્ષ જાણે છે. નિગોદનો જીવ કયે સમયે સિદ્ધ થવાનો છે તેને કેવળી વર્તમાનમાં પ્રત્યક્ષ જાણે છે. કેવળજ્ઞાનનો જેને આવો નિર્ણય થાય તેની દ્રષ્ટિ પર્યાયમાંથી ખસીને દ્રવ્યમાં જાય અને તેના ભવ ભગવાને દીઠા નથી. કેવળજ્ઞાનની હૈયાતીનો સ્વીકાર જેને આવે તેને જ્ઞાનસ્વભાવનો નિર્ણય આવ્યા વિના રહે નહીં. અનાદિ અનંત જે સમયે જે પર્યાય થવાની છે તે ત્યારે જ થશે. અનંત પર્યાયનો તે સમયનો તે કાળ આઘો-પાછો ન થાય, ક્રમસર જ થાય. ૧૨૫.

*

ક્રમબદ્ધ સિદ્ધ કરવાનો હેતુ અકર્તાપણું બતાવવું છે. એક તત્ત્વના

પરિણામ બીજું તત્ત્વ કરે એમ ત્રણ કાળમાં બનતું નથી. જે સમયે જે દ્રવ્યની જે ક્રમબદ્ધપર્યાય થાય છે. તેનો કર્તા અન્ય દ્રવ્ય નથી એમ કહીને સિદ્ધ એમ કરવું છે કે જીવ છે તે રાગનો કર્તા નથી, જીવ તો જ્ઞાન શ્રદ્ધા આનંદનું કાર્ય કરે છે. ૧૨૬.

*

જીવ જ્ઞાન ને આનંદના પરિણામે ઉપજતો થકો રાગના પરિણામનું કારણ નથી. ચૈતન્યપ્રકાશસ્વરૂપ અતીન્દ્રિય આનંદના સ્વભાવથી પૂર્ણ ભરેલો ભગવાન છે, તેને દૃષ્ટિમાં લીધો છે. એવો જીવ જ્ઞાતા-દૃષ્ટાના પરિણામે ઉપજવા છતાં રાગના કાર્યનો કર્તા નથી. જે જીવ અનુભવના કાર્યપણે ઊપજ્યો તે રાગના કાર્યપણે ઉપજે એમ બનતું નથી, કારણ કે વિકારરૂપ પરિણમે એવી તેની કોઈ શક્તિ નથી. જીવ કર્તા એટલે કે કારણ અને વીતરાગી પર્યાય તે તેનું કાર્ય એવું હોવા છતાં રાગના કાર્યનું કારણ જીવ નથી કે પરદ્રવ્યના કાર્યનું કારણ જીવ નથી. ૧૨૭.

*

નિરંતર કલ્યાણમય એવા પરમાત્મતત્ત્વને વિષે દેહ-મન-વાણી ઉદયભાવ તો નથી જ. રાગ તો નથી જ પણ ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી. આહાહા! પરમાત્મતત્ત્વ તો સદાય શુદ્ધ જ છે. પર્યાયમાં ધ્યાનની જમાવટ જામી છે. આનંદની પરિણતિ જામી છે એવી પર્યાય પણ પરમાત્મતત્ત્વમાં હોવાનું શુદ્ધનય કહેતો નથી. આહાહા! પોતાને પામર.... પામર... પામર... માની લીધો છે એને પોતે સદાય પરમાત્મા છે એમ બેસવું કઠણ પડે છે. તેણે પોતાને સાધારણ પ્રાણી માની લીધો છે. ૧૨૮.

*

અરે ભાઈ! તારા જેવું કોઈ ધનાઢય નથી! તારી અંદરમાં પરમાત્મા બિરાજે છે એથી વિશેષ ધનાઢયપણું શું હોઈ શકે? આવું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરમાત્માપણું સાંભળતાં એને અંદરથી ઉલ્લાસ ઊછળવો જોઈએ. એની લગની લાગવી જોઈએ. એને માટે ગાંડા થવું જોઈએ. આવા પરમાત્મસ્વરૂપની ધૂન લાગવી જોઈએ. સાચી ધૂન લાગે તો જે સ્વરૂપ અંદરમાં છે તે પ્રગટ થયા વિના કેમ રહે? જરૂર પ્રગટ થાય જ. ૧૨૯.

*

એક સમયની વર્તમાન હલચલ થતી-પરિણમન થતી પર્યાયની પાછળ પ્રભુ પોતે બિરાજમાન છે પણ પુણ્ય-પાપને જોવા આડે તેની પાછળ જે ભગવાન બિરાજી રહ્યો છે તેને તું જોતો નથી. ૧૩૦.

*

જ્ઞાનની દશામાં અનુભૂતિસ્વરૂપ ભગવાન જણાય છે, છતાં તેને તું કેમ જાણતો નથી. અરેરે!! જ્ઞાનની દશામાં ભગવાન જણાવા છતાં અનાદિથી વિકલ્પને તાબે થઈને રહ્યો હોવાથી ભગવાન જણાતો નથી. જ્ઞાનરૂપી અરીસાની સ્વચ્છતામાં ભગવાન આત્મા જણાવા છતાં પોતાને ખબર કેમ પડતી નથી?-કે રાગના વિકલ્પને વશ થયો હોવાથી તેની નજરમાં રાગ આવે છે તેથી ભગવાન જણાવા છતાં જણાતો નથી. અજ્ઞાની અનાદિથી દયા-દાન આદિ વિકલ્પને તાબે થઈ ગયો હોવાથી જ્ઞાનની વર્તમાન દશામાં અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા જણાય છે તોપણ તેને જણાતો નથી. ૧૩૧.

*

અનાદિથી જે મોહની સેના છે તેને કઈ રીતે જીતવી? તેને જીતવાનો ઉપાય શું?-એ ઉપાય આચાર્ય મહારાજ અહીં બતાવે છે. જેણે ત્રણકાળ ત્રણલોકને એક સમયમાત્રમાં જાણી લીધા છે એવા અર્હંતદેવના દ્રવ્યને, ગુણને ને પર્યાયને પ્રથમ ખરેખર જાણવા. ખરેખર એટલે?-કે તેમને જાણીને પોતે પણ તેમના જેવો છે એમ મેળવણી કરવા માટે સ્વના લક્ષે અર્હંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણવા. ૧૩૨.

*

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


દુષ્કર લાગે તોપણ એ સિવાય ચાર ગતિના રઝળપાટ નહીં ટળે બાપુ! જ્ઞાનની જે વર્તમાન પર્યાય છે તેના પર અનાદિનું લક્ષ છે પણ તેની સમીપમાં જે પરમ પુરુષ નીકટ બિરાજે છે. સર્વોત્કૃષ્ટ પ્રભુ છે, તેનું લક્ષ કદી કર્યું નથી. તેથી હવે એ પર્યાયને ત્યાં અંતરમાં વાળ ભાઈ! ૧૩૩.

*

પહેલા પર્યાયનું લક્ષ છોડાવીને પછી ગુણ-ગુણીના ભેદનું લક્ષ છોડાવ્યું છે. સમજાવવામાં તો ક્રમ પાડયા સિવાય શી રીતે સમજાવે? તેથી કહે છે કે, પર્યાયને અંતરમાં વાળ અને સાથે જે ગુણ-ગુણીના ભેદ છે તેને તિરોધાન કરી દે-અદશ્ય કરી દે-ઢાંકી દે-એમ કહેવાય છે. વસ્તુ જે દ્રવ્ય છે એટલે કે ચેતન તે દ્રવ્ય ને ચૈતન્ય તે ગુણ એવા ભેદને ઢાંકી દે ને એક અભેદને લક્ષમાં લે. આ તો ત્રણલોકના નાથની વાણી છે. અનંતકાળમાં જે નથી કર્યું તેની વિધિની આ રીત છે. ૧૩૪.

*

ત્રણ લોકનો નાથ આત્મવસ્તુ અભેદ છે. તેના ઉપર લક્ષ જતાં સમ્યગ્દર્શન થાય છે. ગુણ-ગુણીના ભેદમાં લક્ષ રહેતાં વિકલ્પ ઉઠશે, રાગ થશે, બંધન થશે, તેથી ગુણ-ગુણીના ભેદને જાણતો નથી. એમ અલોપ કરી દેને! અને નિત્યાનંદ પ્રભુ છે ત્યાં દષ્ટિ દેને ભાઈ! દ્રવ્યદષ્ટિ તે સમ્યગ્દર્શન છે. પણ દ્રવ્ય ને ગુણની દષ્ટિ તે સમ્યગ્દર્શન છે એમ નથી કહ્યું. ૧૩૫.

*

પહેલાં દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે પહેલાં ભેદ આદિના વિકલ્પો હોય છે, પણ પછી પર્યાયને સંક્ષેપી નાખે છે અને ગુણ-ગુણીના ભેદને ટૂંકા કરી નાખે છે. સંક્ષેપી નાખે છે તેનો અર્થ શું! - કે તેના ઉપરનું લક્ષ છોડી દે છે ને અનંતા... અનંતા ગુણોને જે પી ગયું છે એવું જે દ્રવ્ય છે તેને ધ્યેય બનાવીને કેવળ આત્માને જાણતાં ક્ષણે-ક્ષણે મલિનતા નાશ પામે છે, ને વીતરાગતા પ્રગટે છે. મલિનતાનો ક્ષય થતો જાય છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

કરવો પડે છે એમ નથી કહ્યું-કેમ કે ક્ષણે-ક્ષણે નાશ પામતી જાય છે. ૧૩૬.

*

જ્યાં સુધી પરિપૂર્ણ સ્વભાવની દૃષ્ટિ નથી ત્યાં સુધી પર્યાય ઉપર દૃષ્ટિ હોવાથી તે કાળે એટલે કે મિથ્યાત્વદશાના કાળે રાગાદિનો કર્તા થાય છે. ૧૩૭.

*

જગતમાં સાર કોણ?-કે નિજ શુદ્ધ જીવવસ્તુ તે સાર છે, તે જ હિતકારી છે અને તેને જાણતાં પર્યાયમાં જ્ઞાન તથા સુખ પ્રગટે છે કેમ કે શુદ્ધ જીવવસ્તુમાં જ્ઞાન અને સુખ છે અને તેથી જ તે સારરૂપ હોવાથી નમસ્કાર યોગ્ય છે, આદરવા યોગ્ય છે. ૧૩૮.

*

જિનવરે કહેલો વ્યવહાર પોતે જ સમ્યક્ત્વસ્વરૂપ નથી અને તે સમ્યક્ત્વનું કારણ નથી. જ્ઞાયક ભગવાન પોતે જ સમ્યક્ત્વનું કારણ છે. તથા સ્વના જ્ઞાન ને સ્વની શ્રદ્ધા વિના જિનવરે કહેલો વ્યવહાર પાળે તોપણ તે સંસારનું કારણ છે. ૧૩૯.

*

બાર-અંગેનું જ્ઞાન પૂર્વે કદી થયું નથી છતાં તે વિસ્મયકારી નથી પણ તેમાં કહેલો ભગવાન આત્મા તે વિસ્મયકારી છે. જે જ્ઞાનમાં આત્મા કારણ ન થાય તે જ્ઞાન નહીં. અહીં તો અભેદથી આત્મા તે જ્ઞાન એમ કહ્યું પણ એમ કહીને પાછું કહ્યું એમ કે આત્મા તેમાં કારણ છે, હેતુ છે, નિમિત્ત છે. પરંતુ એમ કહ્યું નથી કે આત્મા જ્ઞાનની પર્યાયમાં આવી ગયો. આત્માનું જ્ઞાન પર્યાયમાં આવ્યું છે પણ આત્મા પર્યાયમાં આવ્યો નથી. ૧૪૦.

*

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


જે કાંઈ શાસ્ત્રનું જ્ઞાન થાય તેમાં શબ્દ નિમિત્ત છે. તેથી તે જ્ઞાનને શબ્દશ્રુતજ્ઞાન કહે છે પણ તે આત્મજ્ઞાન નથી. ખરેખર તો શબ્દશ્રુતજ્ઞાનમાં જ્ઞાનનું જે પરિણમન છે તે આત્માનું પરિણમન જ નથી, કેમ કે જેમ પુદ્ગલની ઠંડી ગરમ આદિ અવસ્થા જ્ઞાન કરાવવામાં નિમિત્ત છે, પણ શીત-ઉષ્ણપણે પરિણમવું તે જ્ઞાનનું કાર્ય નથી, તે તો પુદ્ગલનું કાર્ય છે, તેમ નવ તત્ત્વોની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન અને વ્યવહારચારિત્ર તે ત્રણે રાગ છે ને આત્માનું રાગપણે પરિણમવું અશક્ય છે. ૧૪૧.

*

જે જ્ઞાનમાં શબ્દશ્રુત આધાર છે પણ આત્મા આધાર નથી તે શબ્દશ્રુતજ્ઞાન છે, તેનાથી આત્મજ્ઞાન થતું નથી. શબ્દશ્રુતને જાણવાનો જેટલો વિકલ્પ છે તે જ્ઞાન પરલક્ષી છે. વીતરાગના શાસ્ત્રોનું જ્ઞાન છે તે પરલક્ષી જ્ઞાન હોવાથી પરલક્ષી જ્ઞાનનો નિષેધ કર્યો છે. ૧૪૨.

*

પ્રશ્નઃ- પર્યાય દ્રવ્યથી (ધ્રુવ) ભિન્ન કે અભિન્ન? કઈ રીતે?

ઉત્તરઃ- (ધ્રુવ) દ્રવ્ય છે તે પર્યાયથી ભિન્ન છે કેમ કે ધ્રુવ છે તેમાં પર્યાય નથી ને પર્યાયમાં ધ્રુવ આવતો નથી એટલે ધ્રુવ પર્યાયને સ્પર્શતો નથી. પરંતુ પરથી ભિન્ન પાડવા માટે એમ કહેવાય કે દ્રવ્યની પર્યાય છે. પણ તેનો અર્થ એ નથી કે સામાન્ય દ્રવ્ય ને વિશેષ પર્યાય બે ધર્મો એકરૂપ થઈ જાય છે. ખરેખર તો બન્ને ધર્મો એકબીજાને સ્પર્શતા નથી. ૧૪૩.

*

પ્રશ્નઃ- આગમનો વ્યવહાર અને આધ્યાત્મનો વ્યવહાર એટલે શું?

ઉત્તરઃ- સ્વરૂપની દૃષ્ટિ થતાં જે શુદ્ધ પરિણમન થાય તે આધ્યાત્મનો વ્યવહાર છે અને મહાવ્રત, ત્રણ ગુપ્તિ આદિ શુભરાગ તે આગમનો વ્યવહાર છે. ૧૪૪.

*

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પ્રશ્નઃ- કોઈ અપેક્ષાએ દ્રવ્ય પરિણામી છે ને?

ઉત્તરઃ- (ધ્રુવ) દ્રવ્ય તો અપરિણામી છે. બંધ મોક્ષના પરિણામને દ્રવ્ય કરતું નથી, પણ પર્યાય દૃષ્ટિથી કહેવું હોય તો પર્યાય ધ્રુવમાંથી આવે છે ને ધ્રુવમાં જાય છે તેથી પર્યાય અપેક્ષાએ દ્રવ્ય પરિણમન કરે છે. દ્રવ્ય દૃષ્ટિએ નિષ્ક્રિય છે, પર્યાય દૃષ્ટિ અપેક્ષાએ સક્રિય છે. ૧૪૫.

*

પ્રશ્નઃ- પરલક્ષી જ્ઞાનથી આત્મા જણાય નહીં ને અનાદિ મિથ્યાદૃષ્ટિને સ્વલક્ષી જ્ઞાન નથી તો સાધન શું?

ઉત્તરઃ- રાગથી ભિન્ન પડવું તે સાધન છે. પ્રજ્ઞાછીણીને સાધન કહો કે અનુભૂતિને સાધન કહો, તે એક જ સાધન છે. ૧૪૬.

*

પ્રશ્નઃ- પરિણામી નિશ્ચયથી પોતાના પરિણામનો કર્તા છે અને વળી પૂર્વ પર્યાયનો વ્યય કર્તા છે તે કઈ રીતે?

ઉત્તરઃ- ખરેખર તો ઉત્પાદની પર્યાયનો કર્તા ઉત્પાદ જ છે. પણ અભેદ ગણીને ઉપચારથી પરિણામીને કર્તા કહેવાય. પરંતુ (ધ્રુવ) દ્રવ્ય તો પરિણમતું જ નથી. ધ્રુવ દ્રવ્ય તો નિષ્ક્રિય છે, પલટે છે તે પર્યાય છે. વ્યયને ઉત્પાદનો કર્તા કહેવું તે પણ વ્યવહાર છે. ષટ્કારકના પરિણામ, ધ્રુવ અને વ્યયની અપેક્ષા વિના, સ્વયંસિદ્ધ ઉત્પાદ થાય છે. ૧૪૭.

*

જિજ્ઞાસુને પહેલા એવો નિર્ણય હોય કે હું મોક્ષ પામવાને લાયક જ છું. શંકાને સ્થાન ન હોય, આયુષ્ય બંધાઈ ગયું હશે તો! એવી શંકાને સ્થાન ન હોય. મોળી-પાતળી વાત આત્માને માટે ન કરવી. અનંત ગુણોથી બંધાએલો પોતે છે તેને જો, તું જ દેવાધિદેવ છો તેમ લેવું જોઈએ. ૧૪૮.

*

પ્રશ્નઃ- આત્મામાં જે શુભાશુભ ભાવો થાય છે તેનું મૂળ ઉપાદાન કોણ ?

ઉત્તરઃ- અશુદ્ધ ઉપાદાનથી આત્મા પોતે શુભાશુભ ભાવમાં વ્યાપક થઈને કરતો હોવાથી આત્મા તેનો કર્તા છે અને શુદ્ધ ઉપાદાનથી જોઈએ તો પુણ્ય-પાપ ભાવ તે આત્માનો સ્વભાવભાવ ન હોવાથી અને તે પુદ્ગલના લક્ષે થતા હોવાથી તે પુદ્ગલનું કાર્ય છે. પુદ્ગલ તેમાં વ્યાપક થઈને કર્તા થાય છે. જ્યારે સ્વભાવ ઉપર દૃષ્ટિ જાય છે ત્યારે જ્ઞાની. યોગ અને ઉપયોગ ( રાગ ) નો સ્વામી થતો ન હોવાથી જ્ઞાની તેનો કર્તા નથી પણ જ્ઞાનીના જ્ઞાનમાં રાગ નિમિત્ત થાય છે. ૧૪૯.

*

જેમ ભક્તિ આદિ બંધનું કારણ છે તેમ શાસ્ત્રભણતર પુણ્યબંધનું કારણ છે. પણ તેમાંથી નીકળીને જ્ઞાયકનો અનુભવ કરવો તે મોક્ષનું કારણ છે. શાસ્ત્ર કહે છે શું ? આચારાંગાદિમાં કહે છે શું-કે આત્માનો અનુભવ કરવો. પરથી, રાગથી ભિન્નવસ્તુભૂત જ્ઞાનમય આત્માનું જ્ઞાન કરવું તે શાસ્ત્ર ભણતરનો ગુણ છે પણ અભવીને તેનો અભાવ હોવાથી તે અજ્ઞાની છે, આત્મા શુદ્ધજ્ઞાનમય છે કે જે શાસ્ત્રજ્ઞાનના વિકલ્પથી પણ રહિત છે. એવા આત્માનું જેને જ્ઞાન નથી તે શાસ્ત્ર ભણ્યો પણ તેથી શું ? ૧૫૦.

*

પ્રશ્નઃ- તો પછી અમારે શાસ્ત્ર ભણવા કે નહીં ?

સમાધાનઃ- આત્માના લક્ષે શાસ્ત્ર ભણવા તેમ પ્રવચનસારમાં કહ્યું છે કેમ કે શાસ્ત્રનું કહેવું એમ છે કે, ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ શાશ્વત આનંદની મૂર્તિ છે, તેનું જ્ઞાન કરવું, અનુભવ કરવો. કરણાનુયોગ કે ચરણાનુયોગના ભણતરનો લાભ શું ?-કે તે ચારેય અનુયોગ ભણવાનો ગુણ જે આત્માનો અનુભવ તે પ્રાપ્ત કરવો, તે શાસ્ત્ર

ભણતરનો લાભ છે. એટલે કે આત્માનો અનુભવ કરવો તે શાસ્ત્રઅભ્યાસનું તાત્પર્ય છે. ૧૫૧.

*

પ્રશ્નઃ- પર્યાય દ્રવ્યને અડતી નથી તો આનંદ કેવી રીતે આવે?

ઉત્તરઃ- પર્યાય દ્રવ્યને અડતી ન હોવા છતાં પૂરા દ્રવ્યનું જ્ઞાન પર્યાયમાં આવી જાય છે, તોપણ દ્રવ્ય પર્યાયમાં આવતું નથી. ધર્મી અને ધર્મ બે વસ્તુ છે. પર્યાય વ્યક્ત છે ને ધ્રુવવસ્તુ અવ્યક્ત છે. બે એક દ્રવ્યના ધર્મ હોવા છતાં વ્યક્ત અવ્યક્તને અડતું નથી, પરંતુ પર્યાયનું લક્ષ દ્રવ્ય સન્મુખ છે. તેથી પર્યાય આનંદરૂપ પરિણમે છે. ૧૫૨.

*

પ્રશ્નઃ- અમે આત્માનું ધ્યાન તો ઘણું કરીએ છીએ પણ આત્માનો અનુભવ કેમ થતો નથી?

ઉત્તરઃ- આત્માનો ખરો પ્રેમ આવવો જોઈએ. જેમ બાળકને વ્હાલી માતા દેખાતા અને યુવાનને વ્હાલી સ્ત્રીં દેખતા અંતરથી પ્રેમ આવે છે, પ્રેમ ઉભરાય છે. તેમ અંતરથી આત્માનો સાચો પ્રેમ આવે તો આત્માનો અનુભવ થયા વિના રહે જ નહીં. આત્માનો અનુભવ થતો નથી તેનું કારણ હજુ આત્મા પ્રત્યે ખરો પ્રેમ જાગ્યો નથી. ૧૫૩.

*

પ્રશ્નઃ- આચાર્યદેવે સમ્યગ્દર્શન પ્રાપ્તિ માટે છ માસ અભ્યાસ કરવા કહ્યું છે અને અમને તો ૨૫-૩૦ વર્ષથી થતું નથી તો કઈ વિધિ બાકી રહી જાય છે?

ઉત્તરઃ- અંતરમાં ઊંડાણમાંથી રુચિ ને લગની લાગવી જોઈએ, તે વિધિ બાકી રહી જાય છે. છ માસ સુધી અંદર ધૂન લાગવી જોઈએ. જો આત્માના લક્ષે છ માસ આત્માની ધૂન લાગે તો આત્માનો અનુભવ થયા વિના રહે જ નહીં. ૧૫૪.

*

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


નરકના નારકીને સ્વર્ગના સુખની ગંધ નહીં, સ્વર્ગના દેવને નરકના દુઃખની ગંધ નહીં, રાગમાં ધર્મની ગંધ નહીં, પરમાણુમાં પીડાની ગંધ નહિ, સૂર્યમાં અંધકારની ગંધ નહિ અને સુખ સ્વભાવમાં સંસારદુઃખની ગંધ નહિ. ૧૫૫.

*

પ્રશ્નઃ- સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની વિધિ શું છે?

ઉત્તરઃ- પરનો કર્તા આત્મા નથી, રાગનો પણ કર્તા નથી, રાગથી ભિન્ન જ્ઞાયક મૂર્તિ છું-એવી અંતરમાં પ્રતીતિ કરવી એ વિધિ છે. અહાહા! આવો સમય મળ્યો છે એમાં તો આત્માને રાગથી જુદો કરી દેવાનો આ કાળ છે. ૧૫૬.

*

જયધવલમાં આવે છે કે, થાંભલાની એક હાંસ-પહેલ ખ્યાલમાં આવતાં આખો થાંભલો ખ્યાલમાં આવી જાય છે તેમ મતિજ્ઞાન કેવળજ્ઞાનનો અવયવ છે. તેથી તે એક અંશનું જ્ઞાન થતાં કેવળજ્ઞાનની પ્રતીત આવી જાય છે. ૧૫૭.

*

પ્રશ્નઃ- સમ્યગ્દ્રષ્ટિનો ઉપયોગ પરમાં હોય ત્યારે સ્વપ્રકાશક છે?

ઉત્તરઃ- સમ્યગ્દ્રષ્ટિનો ઉપયોગ પરમાં હોય ત્યારે પણ (જ્ઞાન) સ્વપ્રકાશક છે પણ ઉપયોગરૂપ પરપ્રકાશક વખતે ઉપયોગરૂપ સ્વપ્રકાશક ન હોય અને ઉપયોગરૂપ સ્વપ્રકાશક હોય ત્યારે ઉપયોગરૂપ પર પ્રકાશક ન હોય પણ જ્ઞાનનો સ્વભાવ તો સ્વપરપ્રકાશક જ છે. ૧૫૮.

*

પ્રશ્નઃ- ચૈતન્યતત્ત્વનો રસ લગાડવાથી શું લાભ થાય?

ઉત્તરઃ- ચૈતન્યતત્ત્વનો રસ લગાડવાથી આત્મામાં સંસ્કાર પડે છે. સંસ્કાર દ્રઢ થાય છે. ૧૫૯.

*

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રશ્નઃ– સંસ્કારથી લાભ થાય?

ઉત્તરઃ– ભેદજ્ઞાનના સંસ્કાર દ્રઢ થતાં થતાં ફડાક દઈને સ્વાનુભવ થઈ જાય છે. ૧૫૯.

પ્રશ્નઃ– એકદમ આત્મામાં કેમ જવાય?

ઉત્તરઃ– રાગથી જુદો પડતા એકદમ આત્મામાં જવાય છે. આ હું નહીં, આ હું નહીં, રાગ તે હું નહીં ને આ જ્ઞાનમૂર્તિ તે જ હું એમ અંદર ચાલતાં ચાલતાં આત્મામાં આવી જવાય છે. પણ એ વાતો બહુ આકરી છે. અલૌકિક છે. છતાં અંદર પ્રયત્નથી થઈ શકે તેવી છે. ૧૬૦.

*

દરેક દ્રવ્યની પયાર્ય તેના સ્વકાળે ષટ્કારકથી સ્વતંત્ર જ પરિણમે છે. આ સૂક્ષ્મ વાત છે. જૈનદર્શન વસ્તુસ્થિતિનું વર્ણન કરે છે. ૧૬૧.

પ્રશ્નઃ– આત્મા જાણવાની કોશિશ કરીએ છીએ છતાં આત્મા જાણવામાં કેમ નથી આવતો?

ઉત્તરઃ– સાચી કોશિશ કરી નથી. કોશિશ ઊંધી કરે છે. પુણ્યમાં એકતા કરે છે. રાગમાં એકતા કરી લાભ માને છે. વ્રતાદિમાં લાભ માની અભિમાન કરે છે. એ બધી વિપરીત બુદ્ધિ છોડીને જ્ઞાયકમૂર્તિ આત્માની સન્મુખ દેખે ત્યારે આત્મા જાણવામાં આવે છે. ૧૬૨.

*

યોગીન્દ્રદેવે તો ચોકખું કહ્યું છે કે હિંસા, જૂઠું, ચોરી આદિ તો પાપ ભાવ છે. પણ દયા-દાન-પૂજા-ભક્તિ આદિનો શુભરાગ પણ પરમાર્થે પાપ છે, કેમ કે સ્વરૂપમાંથી પતિત કરે છે ને! અહાહા! પાપને તો પાપ સહુ કહે છે પણ અનુભવી જીવ તો પુણ્યને પાપ કહે છે. બહુ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ઝીણી વાત છે, અંતરથી સમજે તો સમજાય તેવી છે. ૧૬૩.

*

પ્રશ્નઃ- જ્ઞાનીને દુઃખ જણાય છે કે વેદાય છે?

ઉત્તરઃ- જ્ઞાનીને દુઃખ જણાય છે ને વેદાય પણ છે. જેમ આનંદનું વેદન છે તેમ જેટલું દુઃખ છે એટલું દુઃખનું પણ વેદન છે. ૧૬૪.

*

જાણન-દેખન સ્વભાવ માત્રની દૃષ્ટિ કરતા નવતત્ત્વરૂપ પરિણમન અભેદમાં તો છે નહીં, ચેતનાસ્વભાવમાત્ર વસ્તુમાં ભેદ તો છે નહીં તેથી તેને જૂઠા કહી દીધા. પર્યાય પર્યાય તરીકે સત્ય છે, પણ લક્ષ કરવા માટે જૂઠી છે. દયા-દાન આદિ તો રાગ છે, તે લક્ષ કરવા લાયક નથી. પણ સંવર-નિર્જરા તે પણ લક્ષ કરવા લાયક નથી. જાણવા લાયક છે. ૧૬૫.

*

જે વિકલ્પ ઊઠે છે તેને ધર્મી જાણે છે, વિકલ્પ છે તેને ધર્મી જીવ કરતો તો નથી. પણ વિકલ્પ સંબંધી જે જ્ઞાન થયું તેનો કર્તા વિકલ્પ નથી. રાગ આવે છતાં રાગ છે માટે રાગ સંબંધીનું જ્ઞાનીને જ્ઞાન થાય છે તેમ નથી. રાગને ને જ્ઞાનીના જ્ઞાનને જ્ઞેયજ્ઞાયકસંબંધ છે. છતાં રાગ છે તે જ્ઞાનનો કર્તા નથી. ૧૬૬.

*

આનંદરસકંદ પ્રભુનો આસ્વાદ આવ્યા વિના અશુદ્ધભાવ છૂટતા નથી. ને અશુદ્ધ સંસ્કાર છૂટયા વિના સ્વરૂપનો અનુભવ થતો નથી. રાગની એકતાના સંસ્કાર છૂટયા વિના શુદ્ધસ્વરૂપનો અનુભવ થતો નથી. ને શુદ્ધસ્વરૂપનો અનુભવ થયા વિના રાગની એકતાના સંસ્કાર છૂટતા નથી. મહિમાવંત એવા પ્રભુનો મહિમા આવ્યા વિના તુચ્છતાના

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પામરતાના સંસ્કાર છૂટશે નહીં. ને તુચ્છતાના–પામરતાના સંસ્કાર છૂટયા વિના મહિમાવંત પ્રભુની મોટાઈ લાગશે નહીં. તેથી અશુદ્ધતા જાય ને શુદ્ધતા થાય તે એક જ કાળે છે. ૧૬૭.

*

પોતે અંતરમાં નથી જઈ શકતો તેનું કોઈ કારણ તો હોવું જોઈએ ને? અનંત ગુણનો અપાર મહિમાવંત પ્રભુ છે તેમાં ન જવાનું કોઈ કારણ તો હશે ને? –કાં પરનું અભિમાન, કાં રાગનું અભિમાન, કાં પોતે કયાં અટકે છે તેની ખબર નથી (વગેરે.) તેથી અંતરમાં જઈ શકતો નથી. ૧૬૮.

*

'આત્મા જ્ઞાનમાત્ર છે' તેમ કહેતા આત્મા શરીરરૂપ નથી, વાણીરૂપ નથી, પુણ્ય–પાપરૂપ નથી ને એક સમયની પર્યાયમાત્ર પણ નથી. 'આત્મા જ્ઞાનમાત્ર છે' તેમ કહેતાં જ્ઞાન દર્શન, અકાર્યકારણ, ભાવ આદિ અનંત શક્તિમય આત્મા છે. પ્રભુ! તારા ઘરની શી વાત! તારામાં અનંતી શક્તિઓ ભરી પડી છે ને એક–એક શક્તિ અનંત સામર્થ્યવાન છે, એક–એક શક્તિ અનંત ગુણોમાં વ્યાપક છે, એક–એક શક્તિમાં બીજી અનંત શક્તિનું રૂપ છે, એક–એક શક્તિ બીજી અનંત શક્તિમાં નિમિત્ત છે. એવી એક–એક શક્તિમાં અનંતી પર્યાય છે, તે પર્યાય ક્રમે ક્રમે થતી હોવાથી તે ક્રમવર્તી છે. તથા અનંતી શક્તિઓ એક સાથે રહેતી હોવાથી તે અક્રમવર્તી છે. એ અક્રમવર્તી ને ક્રમવર્તી ગુણ–પર્યાયનો પિંડ તે આત્મદ્રવ્ય છે. દ્રવ્ય શુદ્ધ છે, ગુણ પણ શુદ્ધ છે તેથી તેની દૃષ્ટિ કરતાં પરિણમન પણ શુદ્ધ જ હોય. ૧૬૯.

*

જ્ઞાનમાત્ર વસ્તુ છું એવી દૃષ્ટિ થતાં પર્યાયમાં જીવત્વશક્તિનું પરિણમન થયું તેની સાથે જ્ઞાન–દર્શન–આનંદ અકાર્યકારણત્વ આદિ અનંતી

શક્તિની પર્યાય ઉછળે છે-પ્રગટ થાય છે.

પ્રશ્નઃ- ઉછળે છે એટલે શું ?

ઉત્તરઃ- દ્રવ્ય વસ્તુ છે, તેમાં અનંતી શક્તિઓ છે, એક શક્તિનું જ્યારે પરિણમન થાય છે ત્યારે અનંતી શક્તિની પરિણતિ એક સાથે ઉત્પન્ન થાય છે તેને ઉછળે છે એમ કહેવામાં આવે છે. ૧૭૦.

*

અતીન્દ્રિય આનંદની મૂર્તિ સ્વરૂપ ભગવાન આત્માના અનુભવ માટે નિમિત્ત કે વ્યવહારરત્નત્રયના રાગના અવલંબનની બિલકુલ જરૂર નથી, કેમ કે પોતાના શુદ્ધ સ્વરૂપને જીવ પોતે પોતાની મેળે અનુભવવા સમર્થ છે. ભગવાનની વાણીથી અનુભવ થાય કે ગુરુના ઉપદેશથી અનુભવ થાય એમ છે જ નહીં. પોતાની મેળે શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવાના સામર્થ્ય વડે જીવદ્રવ્ય શોભાયમાન છે. પોતે પોતાની મેળે શુદ્ધ સ્વરૂપને અનુભવતો થકો સમસ્ત જગતના સાક્ષીભાવે શોભા પામે છે, માટે પરની કે રાગની અપેક્ષા વિના તારા શુદ્ધ સ્વરૂપને તું અનુભવ. ૧૭૧.

*

અનુભવની વિધિનું વર્ણન કરતાં આચાર્યદેવ કહે છે કે જીવદ્રવ્ય પોતાની મેળે શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવાને સમર્થ છે. રાગની મંદતા હતી કે ઘણાં વ્રત-તપ આદિ કર્યા તેથી આત્મજ્ઞાન થયું તેમ નથી. પોતાના સ્વરૂપનું જ્ઞાન ન હતું ત્યારે અજ્ઞાનપણે વિકારના ભાવને વેદવા અનુભવવા સમર્થ હતો એવો જીવદ્રવ્ય પોતે પોતાની મેળે પોતાના શુદ્ધદ્રવ્યને અનુભવવા સમર્થ છે, પણ અજ્ઞાનીને નિજદ્રવ્યની કિંમત નથી. ૧૭૨.

*

આનંદના સ્વભાવને અનુભવવા સમર્થ થયો ત્યારથી સમસ્ત

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જગતનો સાક્ષી થઈ ગયો. પર ચીજ મારી છે એવી દૃષ્ટિ છૂટી ગઈ છે તેથી તેનો સાક્ષી થયો છે, પર મારું ને હું તેનો એ માનવું છૂટી ગયું છે ને સકળ પરદ્રવ્યનો જાણનશીલ થયો છે. અરે! પરમાત્મા હોય તો પણ હું તો તેનો જાણનાર છું, અને સ્ત્રી-પુત્ર આદિ હોય તેનો પણ હું જાણનાર છું, તેઓ કોઈ મારાં નથી. મારું શું છે?-કે જ્ઞાન ને આનંદસ્વરૂપ તે હું છું - તેમ પોતાની ચીજનો પોતાથી અનુભવ કરે છે અને પોતાની ચીજથી ભિન્ન ચીજનો જાણનાર રહે છે. ૧૭૩.

*

સાધક જીવ પરદ્રવ્યરૂપ દ્રવ્યકર્મ, પરદ્રવ્યરૂપ ભાવકર્મ-દયા-દાન આદિ ભાવકર્મ અને શરીરાદિ પ્રત્યે ઉદાસીન છે, કેમ કે શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં તેને શુદ્ધ ચૈતન્ય ઉપાદેય છે. ધ્રુવને ધ્યાનમાં લઈ જ્યારથી આત્માનો અનુભવ થયો ત્યારથી તે જીવ પોતાના પૂર્ણાનંદ સ્વરૂપને ઉપાદેય જાણતો હોવાથી રાગાદિ વિકલ્પ ઉઠે તેના પ્રત્યે ઉદાસીન છે. ૧૭૪.

*

પોતાના સ્વરૂપને જાણતા નથી એવા અજ્ઞાની જીવો રાગ સાથે એકતાબુદ્ધિ કરીને 'રાગ મારું કર્તવ્ય છે'-એવી અજ્ઞાનપણે કર્તાકર્મની પ્રવૃત્તિ કરી રહ્યા છે. રાગ સાથે એકત્વપણું માન્યું છે પણ જ્ઞાયક પ્રભુ એકરૂપ થયો નથી. રાગની એકતાબુદ્ધિ એ અજ્ઞાનનો અભ્યાસ છે ને રાગથી ભિન્ન પડીને જ્ઞાયકનો અભ્યાસ તે ધર્મનો અભ્યાસ છે-જ્ઞાનનો અભ્યાસ છે. ૧૭૫.

*

પ્રશ્નઃ- હમારે લિય ઇસ ચક્કરસે છૂટનેકે લિયે કોઈ રાસ્તા નહિ હૈ?

ઉત્તરઃ- પરથી ભિન્ન છું તેવું ભેદજ્ઞાન કરવું તે જ એક સંસારના ચક્કરથી છૂટવાનો રસ્તો છે. બીજો કોઈ દુઃખથી છૂટવાનો રસ્તો નથી. ૧૭૬.

*

પ્રશ્નઃ- ધર્મ કરવો હોય પણ કુગુરુ મળી જાય તો શું કરવું?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ઉત્તરઃ- અંદરની સાચી પાત્રતા હોય તો સાચા નિમિત્તો સહજ મળી જાય. સાક્ષાત્ ભગવાન મળી જાય. સિંહ જેવા પ્રાણીને પણ અંદરની પાત્રતા તૈયાર થતાં જંગલમાં આકાશમાંથી મુનિઓ નીચે ઉતરી બોધ આપે છે. પાત્રતા હોય તો નિમિત્તનો યોગ ગમે તેમ મળી જાય છે. અંદરની પાત્રતા હોય ને સાચો યોગ ન મળે એમ ન બને. ૧૭૭.

*

પ્રશ્નઃ- શુદ્ધનયનો વિષય અંશ છે કે અંશી ?

ઉત્તરઃ- નયનો વિષય અંશ છે.

પ્રશ્નઃ- શુદ્ધનયનો વિષય પરિપૂર્ણ છે ને ?

ઉત્તરઃ- પરિપૂર્ણ હોવા છતાં વર્તમાન પર્યાય વિનાનો હોવાથી તેને અંશ કહેવાય છે. પરંતુ એ અંશ ત્રિકાળી હોવાથી તે અપેક્ષાએ તેને અંશી પણ કહેવાય. ૧૭૮.

*

એકબાજુ જ્ઞાનસિંધુ છે ને બીજી બાજુ ભવસિંધુ છે. જ્યાં રુચે ત્યાં જા. ૧૭૯.

*

પ્રશ્નઃ- સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થવાય છે ને ?

ઉત્તરઃ- સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થવાય છે તેનો અર્થ સવિકલ્પથી નિર્વિકલ્પ થાય છે તેમ નથી પણ નિર્વિકલ્પ થતાં પહેલાં હું શુદ્ધ છું, બુદ્ધ છું, જ્ઞાયક છું એવા વિકલ્પો આવે છે તેને પણ છોડીને અંદર અભેદ સ્વભાવનો આશ્રય લેતાં નિર્વિકલ્પ થાય છે ત્યારે તેને સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થયો તેમ ઉપચાર આવે છે -ઉપચારથી કહેવાય છે. ૧૮૦.

*

પ્રશ્નઃ- સમયસાર ગાથા ૧૩માં, નવતત્ત્વને ભૂતાર્થથી જાણતાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


સમ્યગ્દર્શન થાય છે તેમ કહ્યું છે ત્યાં ભૂતાર્થથી શ્રદ્ધેય કેમ નથી કહ્યું?

ઉત્તરઃ– જાણ્યા વિના શ્રદ્ધા થતી નથી તેથી ભૂતાર્થથી જાણેલ તેમ કહ્યું છે, કેમકે જાણે છે તેની શ્રદ્ધા થાય છે. જાણ્યા વિના શ્રદ્ધા થતી નથી. ૧૮૧.

*

પ્રશ્નઃ– જાણવામાં ને શ્રદ્ધવામાં એક જ સમય છે કે સમય ભેદ છે?

ઉત્તરઃ– એક જ સમયમાં જ્ઞાન–શ્રદ્ધાન સાથે જ છે, છતાં જ્ઞાનને કારણ કહે છે અને શ્રદ્ધાનને કાર્ય કહે છે. ૧૮૨.

*

એક એક ગુણનું પરિણમન સ્વતંત્ર સીધું થતું નથી પણ અનંતગુણમય દ્રવ્યનું પરિણમન થતાં સાથે ગુણોનું પરિણમન થાય છે. એક એક ગુણ ઉપર દૃષ્ટિ મૂકતાં ગુણ શુદ્ધ પરિણમતો નથી પણ દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકતાં અનંતગુણનું નિર્મળ પરિણમન થાય છે–એમ કહીને ગુણભેદ ઉપરની દૃષ્ટિ છોડીને અનંત ગુણમય દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરતાં દ્રવ્ય શુદ્ધરૂપે પરિણમે છે એમ કહ્યું. ૧૮૩.

*

પ્રશ્નઃ– જ્ઞાન વિભાવરૂપ પરિણમે છે?

ઉત્તરઃ– જ્ઞાનમાં વિભાવરૂપ પરિણમન નથી. જ્ઞાન સ્વપરપ્રકાશક સ્વભાવી છે પણ જે જ્ઞાન સ્વને પ્રકાશે નહિ ને એકલા પરને પ્રકાશે તે જ્ઞાનનો દોષ છે. ૧૮૪.

*

પ્રશ્નઃ– મિથ્યા શ્રદ્ધાના કારણે જ્ઞાન વિપરીત કહેવાય છે?

ઉત્તરઃ– મિથ્યા શ્રદ્ધાના કારણે જ્ઞાનને વિપરીત કહેવું એ તો નિમિત્તથી કથન થયું. જ્ઞાન સ્વપ્રકાશક હોવા છતાં સ્વને પ્રકાશતું નથી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


તે જ્ઞાનનો પોતાનો દોષ છે. ૧૮૫.

*

પ્રશ્નઃ- સમ્યગ્દૃષ્ટિને શુભભાવ આવે છે તેમાં તે વખતે ઉદાસીન છે કે શુભભાવથી ખસીને આત્મામાં જાય તે ઉદાસીનતા છે?

ઉત્તરઃ- સમ્યગ્દૃષ્ટિને શુભભાવ આવે છે તેમાં તે વખતે ઉદાસીન છે અને તેમાંથી ખસીને આત્મામાં જાય તે તો વીતરાગતા છે જ પણ શુભભાવ વખતે પણ ઉદાસીન છે. ૧૮૬.

*

પ્રશ્નઃ- સમ્યગ્દર્શન થયા પછી વિકારભાવ તે દુઃખરૂપ છે તેમ ખરો ખ્યાલ આવે ને?

ઉત્તરઃ- સમ્યગ્દર્શન થયા પછી વિકારનું દુઃખ ખરેખર ભાસે છે, પણ તે પહેલા પણ પર તરફ વલણ જાય છે તેમાં આકુળતા થાય છે, એટલો તો જિજ્ઞાસુને ખ્યાલ આવે છે, તેથી તે વિકારથી ખસીને સ્વભાવ તરફ વળે છે. ૧૮૭.

*

પ્રશ્નઃ- સમ્યગ્દર્શન થયા પછી તત્ત્વની આ બધી વાત સમજવામાં આવે કે પહેલાં પણ આવે?

ઉત્તરઃ- સમ્યગ્દર્શન થયા પહેલાં પ્રયોજનભૂત નવતત્ત્વની બધી વાત લક્ષમાં આવે છે પછી અનુભવ થાય છે. વસ્તુનું સ્વરૂપ શું છે, મુનિપણું ને કેવળજ્ઞાન શું છે, હું કોણ છું, વિગેરે નવતત્ત્વનું ભિન્ન ભિન્ન સ્વરૂપ જે રીતે છે તે રીતે પહેલાં લક્ષમાં આવે પછી અનુભવ થાય છે. ૧૮૮.

*

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પ્રશ્નઃ- સમ્યગ્દર્શનનું માહાત્મ્ય ઘણું ઘણું કરવામાં આવે છે તેનું શું કારણ ?

ઉત્તરઃ- સમ્યગ્દર્શનમાં પૂર્ણ પરમાત્મા પ્રતીતિમાં આવી ગયા છે. એના માહાત્મ્યનું શું કહેવું! પૂર્ણ પ્રભુ પ્રતીતિમાં આવી ગયા છે પછી બાકી શું રહ્યું? ૧૮૯.

*

સિંહ ચારેકોર ફરતાં હોય ને જેમ ઊંઘ ન આવે, હથિયાર બંધ પોલીસ પોતાને મારવા ફરતો હોય ને જેમ ઊંઘ ન આવે તેમ તત્ત્વ નિર્ણય ન કરે ત્યાં સુધી એને સુખેથી ઊંઘ ન આવે. ૧૯૦.

*

બહારની વિપદા એ ખરેખર વિપદા નથી. બહારની સંપદા એ સંપદા નથી. ચૈતન્યનું વિસ્મરણ તે જ મોટી વિપદા છે, ચૈતન્યનું સ્મરણ ખરેખર સાચી સંપદા છે. ૧૯૧.

*

સર્વજ્ઞનો નિર્ણય કરવા જાય, આદર કરવા જાય, વિશ્વાસ કરવા જાય, પ્રશંસા કરવા જાય, રુચિ કરવા જાય ત્યાં જ પોતાના સર્વજ્ઞસ્વભાવનો નિર્ણય થઈ જાય છે. એ જ પુરુષાર્થ આવ્યો (એ જ પુરુષાર્થનું સ્વરૂપ છે.) ૧૯૨.

*

આત્માનો વિકલ્પ સહિત સાધારણ મહિમા આવે તે મહિમા ન કહેવાય. અંદરથી રુચે તો વીર્ય ઉછળે, એ ક્યાં ઉછળે છે? સાધારણ ધારણા અને માહાત્મ્ય તો અનંતી વાર આવ્યા. પણ ખરેખર માહાત્મ્ય અંદરથી આવવું જોઈએ. બાકી એ જ રહી ગયું છે ને! પહેલાં માહાત્મ્ય આવે છે અને પછી માહાત્મ્યની ઉગ્રતા થતાં એકાગ્રતા થાય છે. ૧૯૩.

*

આત્મ-અનુભવ સિવાય બધાં મીંડા છે. લાખ કષાયની મંદતા કરે કે લાખ શાસ્ત્ર ભણે પણ અનુભવ વિના બધાં મીંડા છે અને કાંઈ ન આવડે છતાં અનુભવ થયો તો બધું આવડે છે, જવાબ દેતાં પણ ન આવડે પણ કેવળજ્ઞાન લેશે. ૧૯૪.

*

થોડું પણ સાચું ગ્રહણ કરે તો તેટલામાં કેવળજ્ઞાન પ્રગટ કરવાની તાકાત છે. અને થોડું પણ વિપરીત ગ્રહણ કરે તો તેટલામાં અનંતા નિગોદના ભવ કરવાની તાકાત છે. ૧૯૫.

*

ક્રોધમાં રંગાયેલો કહે કે અમે ક્રોધના જ્ઞાતા છીએ તો એમ નથી એ તો ક્રોધથી રંગાયેલો છે. જ્ઞાતા નથી. જ્ઞાનથી જે રંગાયેલો છે. એ જ ક્રોધના પરિણામનો જ્ઞાતા છે. ૧૯૬.

*

ભાઈ! તું વિશ્વાસ લાવ કે મારા આનંદ આગળ બધી પ્રતિકૂળતા અને આખી દુનિયા ભુલાઈ જાય એવી વસ્તુ હું છું. ૧૯૭.

*

પાત્ર થવું કઠણ છે વાતુ કરતાં શીખી ગયો એટલે હું સમજી ગયો એમ માને તો એમ નથી આ તો બાપુ સમજવું બહુ દુષ્કર છે, કેટલી પાત્રતા, કેટલી સજ્જનતા, કેટલી લાયકાત હોય ત્યારે ઈ સમજવાને લાયક થાય. ૧૯૮.

*

અહો! જેના આનંદની એક ક્ષણની લહેજતમાં-લહેરકીમાં ત્રણલોકના સુખ વિષ જેવા લાગે, ઝેર જેવા લાગે, તરણા જેવા તુચ્છ લાગે એવો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ભગવાન આત્મા છે. ૧૯૯.

*

અમારો ચૈતન્ય ઉપયોગ હણાતો જ નથી. હણાય તેને ઉપયોગ જ કહેતાં નથી. પણ પ્રભુ! કેવળજ્ઞાન નથી ને! કેવળજ્ઞાનનું કામેય શું છે? કેવળજ્ઞાનની ખાણ હાથમાં આવી છે તેને કેવળજ્ઞાન આવશે જ. ૨૦૦.

*

પરમાત્મદશા એ પણ દ્રવ્યમાં નથી, એનાથી રહિત છે. આહાહા! દ્રવ્ય ઉપર લક્ષ ગયા વિના એને પ્રતીતિમાં જોર આવી શકતું નથી, જોર આવતું જ નથી. પર્યાયનું લક્ષ છોડીને હું તો આ જ વર્તમાનમાં છું.-એમ દ્રવ્યમાં ભળી જાય છે ત્યારે જ પ્રતીતિમાં જોર આવી શકે છે. ૨૦૧.

*

ભગવાન આત્મા જ્ઞાનની લહેરે ઊછળતો, પરના કામ અને રાગના કામ મારા (જ્ઞાતાદષ્ટાના) નહીં. એમ દષ્ટિ કરતાં કેવળજ્ઞાનને કાંઠે આવીને ઊભો છે. ૨૦૨.

*

રાગ હોવા છતાં સાધકના હૃદયમાં સિદ્ધ ભગવાન કોતરાયેલા છે. ૨૦૩.

*

કર્મનો ઉદય ભવિષ્યમાં કેવો આવશે એમ નહીં જો! પણ હું ભવિષ્યમાં એવો આવીશ (-થઈશ) કે પુરુષાર્થ લાગુ પડી ગયો તો ક્ષણમાં કેવળજ્ઞાન લાવીશ. ૨૦૪.

*

કાગળ ઉપરના (ચિતરેલા) દીવા ખડને બાળે નહીં, તેમ એકલા શાસ્ત્રના જ્ઞાને સંસાર બળે નહીં. ૨૦૫.

*

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેના જન્મ-મરણની ગાંઠ ગળી નથી એણે જીવનમાં કાંઈ જ કર્યું નથી અને જેણે ગૃહસ્થાશ્રમમાં પણ જન્મ-મરણની ગાંઠ ગાળી નાખી એણે બધું કરી લીધું છે. સિદ્ધ ભગવાન એના હાથમાં આવી ગયાં છે. ૨૦૬.

*

વસ્તુ શરીરને અડયું નથી. શરીર કર્મને અડયું નથી. કર્મ વિકારને અડેલ નથી. વિકાર નિર્મળ પર્યાયને અડેલ નથી. નિર્મળ પર્યાય દ્રવ્યને અડેલ નથી. આહાહા! વસ્તુસ્વભાવ સૂક્ષ્મ છે એક પ્રદેશનો બીજા પ્રદેશમાં અભાવ છે. એક ગુણમાં બીજા ગુણનો અભાવ. એક પર્યાયનો બીજા પર્યાયમાં અભાવ છે. વિભાવ વ્યંજન પર્યાયનો સ્વભાવ વ્યંજન પર્યાયમાં અભાવ છે. આ વસ્તુસ્વભાવ સર્વજ્ઞે જેવો જોયો તેવો કહ્યો છે. ૨૦૭.

*

રાગ સ્વભાવને સ્પર્શ્યો નથી એ વાત બેઠા વિના નિમિત્ત ઉપાદાનને સ્પર્શતું નથી એ વાત નહીં બેસે. ૨૦૮.

*

જેણે પોતાના પર્યાયઅંશની દૃષ્ટિ છોડીને દ્રવ્યદૃષ્ટિ કરી એ બીજા દ્રવ્યને પણ એ જ રીતે જોવે છે, એટલે કે અન્ય પદાર્થોને પણ તેની પર્યાયથી જોતા નથી, તેને પણ દ્રવ્યથી જ વસ્તુપણે જ અખંડ દેખે છે. ૨૦૯.

*

પહેલાં આ શ્રદ્ધામાં, જ્ઞાનમાં, રુચિમાં અને લક્ષમાં આવવું જોઈએ. તો એના વીર્યમાં સ્વભાવ સન્મુખની સ્ફૂરણા ચાલ્યા કરે, આ સમ્યક્ પહેલાંની વાત છે આ જ સમ્યગ્દર્શનનો ઉપાય છે બીજો કોઈ ઉપાય જ નથી. ૨૧૦.

*

કેવળજ્ઞાનનો કેવો આનંદ છે અને કેવું સ્વરૂપ છે એનો ખ્યાલ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ભાવશ્રુતજ્ઞાનમાં આવી ગયો છે. ૨૧૧.

*

દૃષ્ટિનું પરિણમન સ્વભાવમાં થયું તે થયું, પછી એને સંભારવું છે ક્યાં? એ તો રુચિનું પરિણમન થયું તે થયું તે સદાય રહ્યાં જ કરે છે, નિઃશંક છું એમ સંભારવું પડતું નથી ને શુભાશુભમાં હોય કે આત્માના અનુભવમાં હોય તોપણ સમ્યક્નું પરિણમન તો જે છે તે જ છે. ૨૧૨.

*

વિકારની તુચ્છતા ભાસે તો વીર્ય ત્યાંથી ખસે, અને સ્વભાવની મહિમા ભાસે તો વીર્ય ત્યાં ઢળે. ૨૧૩.

*

અભિપ્રાય એ તો જીવનું જીવન થઈ જાય છે, ઘર થઈ જાય છે. અભિપ્રાય બદલવો એ એને જીવન બદલવા જેવું લાગે છે. ૨૧૪.

*

જૈન એટલે અંતરમાં સમાય તે જૈન છે. બહારના જેટલા ઉભરા આવે એ તો બધા પ્રકૃતિના ચાળા છે. વિકલ્પ ઊઠે ઈ પણ બધા પ્રકૃતિના ચાળા છે. ૨૧૫.

*

જેણે બહારમાં ક્યાંક રાગમાં, સંયોગમાં, ક્ષેત્રમાં એમ ક્યાંક ને ક્યાંક કોઈ દ્રવ્યમાં, ક્ષેત્રમાં, કાળમાં, આ ઠીક છે એમ માનીને ત્યાં વિસામામાં કાળ ગાળ્યો તેણે પોતાના આત્માને ઠગી લીધો છે. ૨૧૬.

*

સ્વના લક્ષનો માર્ગ અલૌકિક છે. આ તો વીતરાગનો માર્ગ છે વીતરાગ કહે છે કે તું મારી સામું ન જો. આમ વીતરાગ સિવાય બીજો કોણ કહી શકે? ૨૧૭.

*

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પહેલાં સમજણ તો કરે, સ્વભાવનો પક્ષ તો કરે, કે રાગ અને નિમિત્ત તરફ ઢળવા જેવું નથી પણ સ્વભાવ તરફ જ ઢળવા જેવું છે, એમ પાકો નિર્ણય તો કરે. નિર્ણયનો વજ્રનો સ્થંભ તો નાખે,.... એ વિના એકેય પગલું જવાય તેમ નથી. ૨૧૮.

*

જિતના સામર્થ્ય દ્રવ્યમેં પડા હૈ, ઉતના સામર્થ્ય દૃષ્ટિમેં ન આવે તબ તક નિર્વિકલ્પ દૃષ્ટિ નહીં હોતી. ૨૧૯.

*

જે બહારની સગવડતા એને સગવડતા માને છે, બહારની અગવડતા એને અગવડતા માને છે, તે પ્રગટપણે ભગવાનને (આત્માને) શરીર સ્વરૂપ જ માને છે. ૨૨૦.

*

ધર્મીનું ચિત્ત આત્મા સિવાય બીજે ક્યાંય ચોંટતું નથી. સંસારમાં બધે ઉપર ઉપરથી નજર કરે છે, પણ ચિત્ત ક્યાંય ચોંટતું નથી. માખીને સાકરના સ્વાદમાં ચિત્ત ચોંટયું છે તેથી પાંખને ભીંસ આવે પણ ત્યાંથી ખસતી નથી, તેમ ધર્મીનું ચિત્ત આત્મામાં ચોંટયું છે. પ્રતિકૂળતા આવે, બહારની ભીંસ આવે પણ આત્મામાંથી ચિત્ત ખસતું નથી. દુનિયાને ભલે ધર્મી ગાંડા જેવો લાગે, પાગલ લાગે. ૨૨૧.

*

સર્વજ્ઞ-સર્વદર્શી ઈ શબ્દ જ્યાં સામે આવે છે ને ત્યાં આહાહા! આખી વસ્તુ સર્વજ્ઞ અને સર્વદર્શી છે ઈ આખી તરવરે છે. ૨૨૨.

*

પુણ્યના પરિણામનું કામ સર્વજ્ઞને સોંપાય? ચક્રવર્તીને વાશીદાનું કામ ન સોંપાય. તેમ આત્મા સર્વજ્ઞસ્વભાવી છે. એવું ભાન થયું એને

પુણ્યના કાર્યમાં કર્તાબુદ્ધિ ન હોય. ૨૨૩.

*

સમકિતીની આખી દુનિયામાંથી રુચિ ઉડી ગઈ છે. એક આત્મામાં જ રુચિ છે, એક આત્માને જ ઠરવાનું ઠામ જાણે છે. ફરી ફરીને એક આત્મા તરફ જ તેની પરિણતિ આવે છે. ૨૨૪.

*

પુણ્યથી આત્મા પમાય ઈ આત્માને ગાળ આપે છે એને પામવાનું સાધન તો એની અંદરમાં પડયું છે, ઈ કાંઈ પાંગળો નથી. ૨૨૫.

*

ભગવાન આત્મામાં એકાકાર થવું, વીંટાઈ જવું એનું નામ વ્રત છે. ૨૨૬.

*

આત્મા આનંદસ્વરૂપ છે. એના ભાન વિના વ્રત, જપ ને તપ ઈ બધું "વર વિનાની જાન" જેવું છે. ૨૨૭.

*

જ્યાં સુધી પૈસામાં સુખ નથી, પુણ્ય-પાપમાં સુખ નથી-એમ અંતરમાં ભાસે નહીં, ત્યાં સુધી ઈ આત્માના સુખમાં જંપલાવે નહીં. ૨૨૮.

*

આ વાત સમજવામાં અનંતો પુરુષાર્થ જોઈએ, ઘણી અંદરમાં પાત્રતા જોઈએ, બધેથી સુખબુદ્ધિ ઉડી જવી જોઈએ, એની ઘણી પાત્રતા જોઈએ. એની પર્યાયમાં ઘણી યોગ્યતા જોઈએ છે. શ્રીમદ્ કહે છે કે તું તારા દોષથી દુઃખી થઈ રહ્યો છે, તારો દોષ એટલો કે પરને પોતાનું માનવું ને પોતાને ભૂલી જવું. ૨૨૯.

*

સુખને જગત ઇચ્છે છે, પણ સુખના કારણને જાણતું નથી. દુઃખને લેશ માત્ર જગત જીવો ઇચ્છતાં નથી, પણ દુઃખના કારણમાં લીન છે. ૨૩૦.

*

દુર્ધર, દુષ્કર જો કાંઈપણ હોય તો તે આત્માનો પુરુષાર્થ છે. બાકી બધું થોથે થોથા છે. ઉત્તમમાં ઉત્તમ પણ એ જ છે. ૨૩૧.

*

વિચારમાં ઉભો છે તેને ભક્તિ આદિનો રાગ આવ્યા વિના રહે જ નહીં. એવો જ સ્વભાવ છે. ભક્તિ આદિનો રાગ હોય છે છતાં હેય છે. ૨૩૨.

*

જેને માથે જન્મ-મરણની ડાંગુ તોળાઈ રહી છે અને તે સંયોગોમાં રાજીપો માની રહ્યો છે તે પાગલ છે. ૨૩૩.

*

સત્‌ને માટે આખું જગત વેચાઈ જાવ, આખું જગત જાવ, પણ આત્મા જતો ન કરાય. ૨૩૪.

*

ભગવાનની મૂર્તિની જેમ ભગવાનના આગમનું બહુમાન જોઈએ. આગમ એ મુનિઓનો અક્ષરદેહ છે. ૨૩૫.

*

જ્ઞાનમાં જેમ જેમ સમજણ દ્વારા ભાવભાસન વધતું જાય છે તેમ તેમ જ્ઞાનનું સામર્થ્ય વધતું જાય છે અને એ વધતાં જતાં જ્ઞાન સામર્થ્ય વડે મોહ શિથિલ થતો જાય છે. જ્ઞાન જ્યાં સમ્યક્‌પણે પરિણમે છે, ત્યાં મોહનો સમૂહ નાશ પામે છે. માટે જ્ઞાનથી જ આત્માની સિદ્ધિ છે, જ્ઞાન સિવાય બીજું કોઈ આત્મસિદ્ધિનું સાધન નથી. ૨૩૬.

*

બીજા જીવને નિંદા કરવાનો ભાવ એ તો આસ્રવ છે અને કાગળમાં લખાણ આવે એ પણ પુદ્‌ગલની પર્યાય છે. એમાં સામો જીવ ક્યાંય આવતો નથી અને અહીં વિકલ્પ ઉઠે અસ્થિરતાનો એ કયાં આત્મા છે? ઈ તો આસ્રવ છે. આ રીતે જ્ઞાની, સામો ગમે તેવો વિરોધી જીવ હોય તોપણ એને પૂર્ણ આત્મા તરીકે જ જુએ છે, આનું નામ વીતરાગી સમતા છે. આવા જ્ઞાન વિના સહજ સમતા થઈ શકે નહીં. ૨૩૭.

*

મરણ થવા છતાં જેની કિંમત કરી હશે તે નહીં છૂટે. રાગ-દ્વેષ અને સંયોગની કિંમત કરી હશે તો તે નહીં છૂટે, આત્માની કિંમત કરી હશે તો તે નહીં છૂટે, જેનું મૂલ્ય આવ્યું હશે તે છૂટશે નહીં. ૨૩૮.

*

જે વિચિક્ષણતા આત્માને દુઃખથી મુક્ત ન કરે તે વિચક્ષણતા શેની? ૨૩૯.

*

ધન રળવાનો કાળ છે ઈ તો મરવાનો કાળ છે. આ તો કમાવાનો કાળ છે, આત્માના આનંદને કમાવાનો કાળ છે એને ચૂકીશ નહીં. ૨૪૦.

*

શુભરાગની મીઠાશ જીવને મારી નાખે છે અને પરસત્તાવલંબી જ્ઞાનની મીઠાશ પણ જીવને મારી નાખે છે. ૨૪૧.

*

જેણે જીવન કાળમાં સંયોગનો વિયોગ સાથે જ ભાવ્યો છે. અનુકૂળતામાં પણ એના વિયોગની ભાવના ભાવી છે તેને તેના વિયોગ કાળે ખેદ નહિ થાય. ૨૪૨.

*

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


દેહ તો તને છોડશે જ પણ તું દેહને (દૃષ્ટિમાં) છોડ એની બલિહારી છે... આ તો શૂરવીરના ખેલ છે. ૨૪૩.

*

હે ભગવાન! આપે જે ચૈતન્યનો ભંડાર ખોલી દીધો છે તેની પાસે કોણ એવો હોય કે જેને ચક્રવર્તીનો વૈભવ પણ તરણા જેવો ન લાગે? અહા! અંતર અવલોકનમાં અમૃતરસ ઝરે છે અને બહારના અવલોકનમાં તો ઝેર અનુભવાય છે. ૨૪૪.

*

અશુભના ફળ પ્રત્યે જેને દ્વેષ છે તેણે અશુભભાવને હેય માન્યો નથી. શુભભાવના ફળમાં જેને ગલગલીયાં થઈ જાય છે અને મીઠાશ આવે છે તેણે શુભભાવને હેય માન્યો નથી. ૨૪૫.

*

બ્રહ્મચર્ય આદિ વ્રત લે, કપડા આદિ છોડે ત્યાં તો તેને એમ થઈ જાય કે હું કાંઈક ધર્મમાં આગળ વધ્યો! પણ આત્માના ભાન વિના ઉલટું શલ્ય વધાર્યું છે, મિથ્યાત્વની પુષ્ટિ કરી છે. ૨૪૬.

*

એકવાર અંદરમાં નજર કર કે હું પણ સિદ્ધની જેમ અશરીરી છું, શરીરને સ્પર્શતો જ નથી, અત્યારે જ શરીરથી છૂટો છું, એમ શ્રદ્ધા નહીં કરે તો જ્યારે શરીરથી છૂટો પડશે ત્યારે એની લાળ શરીરમાં જ લંબાશે. ૨૪૭.

*

ભાઈ! સંયોગોનો ત્યાગ થયો એમાં તારી પર્યાયમાં શું ફેર પડયો? બહારમાં ઓછા-વધતા સંયોગો હોય એનું લક્ષ છૂટી જાય. અને કષાય મંદ હોય કે તીવ્ર હોય તેનું પણ લક્ષ છૂટી જાય, અને તારો પર્યાય

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ચૈતન્યવસ્તુને પકડીને પરિણમે ત્યારે મિથ્યાત્વનો ત્યાગ થાય એ ખરો ત્યાગ છે. ૨૪૮.

*

રાગને જાણતાં જ્ઞાન મલિન થતું નથી, પણ રાગને પોતાનો માનતા જ્ઞાન મલિન થાય છે. રાગ મારો છે તેમ માનનાર પોતાના જીવને મારે છે અને રાગ મારો નથી તેમ માનનાર પોતાના જીવને બચાવે છે. ૨૪૯.

*

પુણ્ય-પુણ્ય કરીને અજ્ઞાની પુણ્યની મીઠાશ વેદે છે, પણ પુણ્યની મીઠાશ તો એનું ખૂન કરે છે. મિથ્યાત્વભાવ તે કષાયખાનું છે, મિથ્યાત્વનું પાપ સાત વ્યસનથી પણ અનંતગણું છે, તેનું જે પોષણ કરે છે તેણે કષાયખાના માંડયા છે. ૨૫૦.

*

પર્યાયદ્રષ્ટિવાળો જીવ દયા-દાન, પૂજા-ભક્તિ, યાત્રા, પ્રભાવના આદિ અનેક પ્રકારના શુભભાવોનો કર્તા થઈ, બીજા કરતાં પોતે કાંઈક અધિક છે એવો અહંકાર કરતો થકો મિથ્યાત્વભાવને દ્રઢ કરે છે અને નિશ્ચયસ્વરૂપ મોક્ષમાર્ગને લેશમાત્ર પણ જાણતો નથી. ૨૫૧.

*

પ્રશ્નઃ- તત્ત્વનું શ્રવણ-મનન કરવા છતાં સમ્યગ્દર્શન કેમ થતું નથી ?

ઉત્તરઃ- ખરેખર અંતરથી રાગના દુઃખનો થાક લાગ્યો નથી એટલે તેને વિસામાનું સ્થાન-શાંતિનું સ્થાન હાથ આવતું નથી. ખરેખર અંદરથી દુઃખનો થાક લાગે છે તેને અંદરમાં જતાં વિસામાનું સ્થાન હાથ આવે છે. સત્યના શોધવાવાળાને સત્ય મળે નહીં એમ બનતું નથી. ૨૫૨.

*

ભગવાને ઉપદેશ આપ્યો પણ શાસનનું શું થયું કે કોને લાભ થયો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


તે જોવા ભગવાન રોકાતા નથી. તેમ સમ્યગ્દષ્ટિને પણ વિકલ્પ ઊઠયો ને વાણી નીકળી પણ કોને લાભ થયો. કેટલો લાભ થયો તે જોતા નથી. પોતાના આત્મામાં જોવે છે. ૨૫૩.

*

આ આત્મા સ્પર્શ રસ આદિ વિનાનો ને પુદ્‌ગુલ તથા બીજા ચાર અજીવ છે, તેનાથી ભિન્ન છે, તેને ભિન્ન પાડવાનું સાધન તો ચેતના ગુણમયપણું છે રાગ અને વિકલ્પથી પણ ભિન્ન પાડવાનું સાધન તો ચેતનાગુણમયપણું છે. જાણન શક્તિ ચેતનાગુણમય શક્તિ તે આત્માને બીજા દ્રવ્યથી ભિન્ન પાડવાનું સાધન છે. ૨૫૪.

*

ભગવાન આત્મા જ્ઞાયક સ્વરૂપે બિરાજમાન છે તેને અતીન્દ્રિયજ્ઞાનથી જાણવું થાય પણ તેને ઇન્દ્રિયો વડે જાણવાનું થતું નથી. ઇન્દ્રિયો વડે જાણવાનું કાર્ય તેને થતું નથી. તેને એટલે કે જ્ઞાયક આત્માને લિંગો વડે એટલે કે પાંચ-ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી. ઇન્દ્રિય વડે જાણવાનું કામ કરે તે આત્મા નથી, ઇન્દ્રિય અણાત્મા છે, તેથી તે વડે જાણવાનું કાર્ય કરે તે જ્ઞાન જ અણાત્મા છે, શાસ્ત્ર સાંભળે ને તે વડે જે જ્ઞાન થાય તે જ્ઞાનને આત્મા કહેતાં નથી. શાસ્ત્ર સાંભળતાં ખ્યાલમાં આવે કે આમ કહે છે-એમ જે જાણવું થયું તે ઇન્દ્રિય વડે થયું હોવાથી તેને આત્મા કહેતાં નથી. ૨૫૫.

*

અતીન્દ્રિય જ્ઞાનમય આત્મા છે, ઇન્દ્રિય જ્ઞાનમય નથી. ઇન્દ્રિયોથી શાસ્ત્રો વાંચ્યા, સાંભળ્યા તે જ્ઞાન, અતીન્દ્રિય જ્ઞાન નહીં, તે આત્મજ્ઞાન નહીં, તે તો ખંડ-ખંડ જ્ઞાન છે. ૧૧ અંગ ને ૯ પૂર્વનું જ્ઞાન પરસત્તા અવલંબી જ્ઞાન છે. તે બંધનું કારણ છે. અહીં પરમાત્મા એમ ફરમાવે છે કે પ્રભુ! એકવાર સાંભળ, આત્માને અતીન્દ્રિયજ્ઞાનથી જાણવું થાય

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

છે, ઇન્દ્રિય જ્ઞાનથી જાણવું થાય તે આત્મા નહીં. ૨૫૬.

*

ઇન્દ્રિયજ્ઞાનના જેને રસ ચઢયા છે તેને અતીન્દ્રિયજ્ઞાન થતું નથી. ૨૫૭.

*

સમ્યગ્દષ્ટિનું જ્ઞાન અતિ સૂક્ષ્મ છે તોપણ રાગ ને સ્વભાવ બે વચ્ચે સંધિ છે તેમાં જ્ઞાનની પર્યાયનો પ્રવેશ કરતાં પ્રથમ બુદ્ધિગમ્ય ભિન્નતા કરે છે. રાગને ને સ્વભાવને ખ્યાલમાં આવે એ રીતે બેને પ્રથમ છેદે. બુદ્ધિગમ્ય છેદ કરે એટલે ખ્યાલમાં આવે એ રીતે બેની ભિન્નતા કરે. સમ્યગ્દર્શન પામવાની ને સમ્યગ્દર્શનને રાખવાના માર્ગની આ વાત છે. આ વાત પ્રથમ સાંભળે, સાંભળીને વિચારે ને પછી પ્રયત્ન તો કરે. ૨૫૮.

*

કેવી રીતે ભિન્ન ભિન્ન કરે છે?-કે સ્વપરગ્રાહક લક્ષણ ચૈતન્યપ્રકાશ છે તે ચૈતન્યને જાણીને અને રાગને જાણીને ભિન્ન ભિન્ન રાખે છે. સ્વ-પર ગ્રાહક એવો જ્ઞાનપ્રકાશ સ્વને જાણે છે ને પરને પણ જાણે છે. પણ પરને જાણીને જુદો રાખે છે. ચૈતન્યલક્ષણ વડે તેને લક્ષિત કરતાં ધ્રુવના પૂર ઉપર લક્ષ જાય છે. ૨૫૯.

*

પહેલાં નક્કી તો કરે કે આમ જ વસ્તુ પ્રાપ્ત થાય એમ છે. બાકી વ્રત-તપ-ભક્તિ-યાત્રાથી કે પૈસા ખર્ચવાથી વસ્તુ પ્રાપ્ત થાય એમ નથી. ત્રિકાળી ટકતી અસંખ્ય પ્રદેશી શુદ્ધ વસ્તુ સર્વ કાળે પ્રત્યક્ષ છે એમ પહેલાં નક્કી કરવું. વસ્તુનું સ્વરૂપ જ પ્રત્યક્ષ છે, સ્વરૂપ પરોક્ષ હોઈ શકે જ નહીં. ૨૬૦.

*

ડો. ગાંગુલી: વ્રત-તપ-ત્યાગ કરવાથી આત્માના ઉપરની છાલ-મેલ નીકળી જાય છે ને?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


પૂ. ગુરુદેવશ્રીઃ ના, એ તો રાગ છે. એ વ્રત, તપ આદિના રાગને પોતાનો માનવો એ મિથ્યાત્વ છે, ગુન્હો છે, ભ્રમણા છે.

ડો. ગાંગુલીઃ તો સાધારણ જીવોને એ વ્રતાદિ કરવા તો ઠીક છે ને!

પૂ. ગુરુદેવશ્રીઃ નહિ, સાધારણને પણ એ વ્રતાદિથી ધર્મ નથી, એનાથી જન્મ-મરણનો અંત આવતો નથી. તેમાં લાભ બુદ્ધિથી જન્મ મરણ વધે છે. ૨૬૧.

*

ડો. ગાંગુલી! આત્મજ્ઞાન થવાથી એ વ્રતાદિ રાગ છે એમ ભાસે છે પણ પહેલા તો જલ્દી આત્મજ્ઞાન થતું નથી ને?

પૂ. ગુરુદેવશ્રીઃ જલ્દીનો અર્થ-એનો અભ્યાસ કરવો જોઈએ. રાગ શું છે? આત્મા શું છે? હું કાયમી ટકનાર ચીજ કેવી છું? વિગેરે અભ્યાસ કરી જ્ઞાન કરી રાગથી ભિન્ન આત્માનો અનુભવ કરવો એ પહેલી વસ્તુ છે. આત્માને જાણ્યા વિનાના એના ક્રિયાકાંડ બધા રણમાં પોક મૂકવા સમાન છે. આત્મા અંદર આનંદસ્વરૂપ ભગવાન ચૈતન્યતેજનો પુંજ પ્રભુ છે. તેનું જ્ઞાન ન હોય. અંદર દશાનું વેદન ન હોય ત્યાં સુધી એના ક્રિયાકાંડ બધાં જૂઠા છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું દુર્લભ છે. પહેલાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન હોવો જોઈએ. ૨૬૨.

*

પ્રશ્નઃ- આત્મા પરમાં તો કાંઈ ફેરફાર ન કરી શકે એ તો ઠીક, પણ પોતાની પર્યાયોમાં ફેરફાર કરવામાં પણ તેનો કાબુ નહિ?

ઉત્તરઃ- અરે ભાઈ! જ્યાં દ્રવ્યને નક્કી કર્યું ત્યાં વર્તમાન પર્યાય પોતે દ્રવ્યમાં વળી જ ગઈ. પછી તારે કોને ફેરવવું છે? મારી પર્યાય દ્રવ્યમાં અંતર્મુખ થઈ ગઇ, તે પર્યાય હવે ક્રમેક્રમે નિર્મળ જ થયા કરે છે અને શાંતિ વધતી જાય છે. આ રીતે પર્યાય પોતે જ્યાં દ્રવ્યમાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

અંતર્મગ્ન થઈ ગઈ ત્યાં તેને ફેરવવાનું ક્યાં કહ્યું? તે પર્યાય પોતે દ્રવ્યના કાબુમાં આવી જ ગયેલી છે. પર્યાય આવશે કયાંથી? – દ્રવ્યમાંથી, માટે જ્યાં આખા દ્રવ્યને કાબુમાં લઈ લીધું (–શ્રદ્ધા–જ્ઞાનમાં સ્વીકારી લીધું) ત્યાં પર્યાયો કાબુમાં આવી જ ગઇ એટલે કે દ્રવ્યના આશ્રયે પર્યાયો સમ્યક્ નિર્મળ જ થવા માંડી. જ્યાં સ્વભાવ નક્કી કર્યો ત્યાં જ મિથ્યાજ્ઞાન ટળીને સમ્યક્જ્ઞાન થયું, મિથ્યાશ્રદ્ધા પલટીને સમ્યગ્દર્શન થયું. એ પ્રમાણે નિર્મળ પર્યાય થવા માંડી તે પણ વસ્તુનો ધર્મ છે. વસ્તુનો સ્વભાવ ફર્યો નથી. ને પર્યાયોના ક્રમની ધારા તૂટી નથી. દ્રવ્યના આવા... આવા સ્વભાવનો સ્વીકાર કરતાં પર્યાયની નિર્મળ ધારા શરૂ થઈ ગઈ ને જ્ઞાનાદિનો અનંતો પુરુષાર્થ તેમાં ભેગો જ આવી ગયો.

સ્વ. કે પર કોઈ દ્રવ્યને, કોઈ ગુણને કે કોઈ પર્યાય ને ફેરવવાની બુદ્ધિ જ્યાં ન રહી ત્યાં જ્ઞાન જ્ઞાનમાં જ ઠરી ગયું એટલે એકલો વીતરાગી જ્ઞાતા ભાવ જ રહી ગયો, તેને અલ્પકાળમાં મુક્તિ થાય જ. બસ! જ્ઞાનમાં જ્ઞાતાદષ્ટાપણું રહેવું તે જ સ્વરૂપ છે, તે જ બધાનો સાર છે. અંતરની આ વાત જેને ખ્યાલમાં ન આવે તેને ક્યાંક પરમાં કે પર્યાયમાં ફેરફાર કરવાનું મન થાય છે. જ્ઞાતાભાવને ચૂકીને ક્યાંય પણ ફેરફાર કરવાની બુદ્ધિ તે મિથ્યાબુદ્ધિ છે. ૨૬૩.

*

પ્રશ્નઃ– હું જાણનાર જ છું એવું જોર આવતું નથી તે કેમ આવે?

ઉત્તરઃ– જોર પોતે કરતો નથી તેથી આવતું નથી. બહારના સંસારના પ્રસંગોમાં કેટલી હોંશ ને ઉત્સાહ આવે છે! એમ અંદરમાં પોતાના સ્વભાવની હોંશ ને ઉત્સાહ આવવો જોઈએ. ૨૬૪.

*

ભાઈ! તારું રૂપ તો ભગવાન સ્વરૂપ છે ને! પરમાત્મસ્વરૂપ તું છો. જિનસ્વરૂપ જ આત્મા છે. વીતરાગ અકષાયમૂર્તિ જ આત્મા છે,

તેને પરમપારિણામિકભાવ કહો કે એકરૂપ ભાવ કહો, અહીં તેને શુદ્ધભાવ કહેવામાં આવે છે. તેનાથી જીવાદિ સાત બાહ્યતત્ત્વો ભિન્ન છે. નિમિત્ત આદિ તો ભિન્ન છે જ પણ રાગાદિ અશુદ્ધભાવ છે તે બહિર્તત્ત્વ છે અને પૂર્ણ સ્વરૂપના આશ્રયે જે વીતરાગી પર્યાય ઉત્પન્ન થઈ તે પણ પર્યાય હોવાથી બહિર્તત્ત્વ છે ને બહિર્તત્ત્વ છે તે હેય છે. ૨૬૫.

*

કારણપરમાત્મા એ જ ખરેખર આત્મા છે. નિર્ણય કરે છે પર્યાય. નિત્યનો નિર્ણય કરે છે અનિત્ય પર્યાય. પણ તેનો વિષય છે કારણપરમાત્મા. તેથી તે જ ખરેખર આત્મા છે. પર્યાયને અભૂતાર્થ કહીને, વ્યવહાર કહીને, અણાત્મા કહ્યો છે. ૨૬૬.

*

અલિંગગ્રહણના ૨૦ માં બોલમાં ધ્રુવને સ્પર્શતો નથી એવી શુદ્ધ પર્યાય તે આત્મા છે એમ કહ્યું, ત્યાં વેદનની અપેક્ષાએ કહ્યું છે, કેમ કે આનંદનું વેદન પરિણતિમાં છે. ત્રિકાળીનું વેદન થતું નથી. તેથી વેદનમાં આવ્યો તે હું-એમ કહ્યું છે. જ્યાં જે આશય હોય તે સમજવો જોઈએ. અહીં સમ્યગ્દર્શનની વાત છે. સમ્યગ્દર્શનનો વિષય જે ત્રિકાળી-ધ્રુવસામાન્ય તે એક જ સર્વ તત્ત્વોમાં સાર છે. એ વસ્તુ પોતે ધ્રુવ છે. તેના ઉપર લક્ષ જતાં સમ્યગ્દર્શન થાય છે. ૨૬૭.

*

ત્રિકાળી દ્રવ્યનો અવતાર શુદ્ધજ્ઞાન જ છે. અવતાર એટલે નવી ઉત્પત્તિ એમ નહીં પણ શુદ્ધજ્ઞાનસ્વરૂપ છે. વિકલ્પથી કે રાગથી રહિત જ છે. ગુણ-ગુણીના ભેદથી રહિત શુદ્ધ જ્ઞાનસ્વરૂપ જ છે. તથા સુખસાગરનો પૂર છે. વસ્તુ પોતે સુખસાગરનો પૂર છે. વસ્તુમાં સુખસાગરની ભરતી ભરી પડી છે, અતીન્દ્રિય આનંદનો પુંજ પ્રભુ છે તે શુદ્ધભાવ છે, સામાન્યભાવ છે, જ્ઞાયકભાવ છે, તેનો એક સમયમાત્ર અનુભવ થતાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


સમસ્ત સંસારનો નાશ થઈ જાય છે. ૨૬૮.

*

હું અભેદ છું. 'નિર્વિકલ્પ અહમ્' એમ પાઠ છે. વિકલ્પ-ભેદ નથી એ તો નાસ્તિથી વાત છે તેથી તે ન લીધી પણ હું નિર્વિકલ્પ છું. એમ કહ્યું. હું ઉદાસીન છું. આહાહા! આવી ચીજ સમજવા બધા આગ્રહ છોડવા જોઈએ. અમે જાણીએ છીએ એવા અભિમાન છોડવા જોઈએ. હું ઉદાસીન છું. મારી બેઠક ધ્રુવમાં છે. મારું આસન ધ્રુવ છે. પરથી તો હું ઉદાસ છું પણ પર્યાયથી પણ ઉદાસ છું. ૨૬૯.

*

ત્રણે કાળ ને ત્રણે લોકમાં શુદ્ધ નિશ્ચયનયે એકલો જ્ઞાનરસ ને આનંદકંદ પ્રભુ હું છું. આવો છું એવી દૃષ્ટિ તે આત્મભાવના છે. હું આવો છું તથા બધાય જીવો ભગવત્ સ્વરૂપ છે. પરમાત્મસ્વરૂપ બધા જીવો છે. વસ્તુ તરીકે બધા જીવો આવા છે. આવા આત્માને અનુભવવો તેનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન ને તેમાં ઠરવું તે ચારિત્ર છે. એ રીતે મન-વચન-કાયાથી તે કૃત-કારિત-અનુમોદનાથી બધાય જીવો આવા છે એમ નિરંતર એટલે કે અંતર પાડયા વિના આ ભાવના કરવા લાયક કર્તવ્ય છે. એ સિવાય કાંઈ કરવા લાયક માને તે આત્માનો અનાદર છે. ૨૭૦.

*

સર્વજ્ઞ જિનેન્દ્રદેવે જે આત્મા ધ્રુવ કહ્યો છે તેને જે જીવ અવલંબે છે તેને તે ધ્રુવસ્વભાવમાંથી શુદ્ધતા પ્રગટ થાય છે. તેને તે આત્મા શુદ્ધપણે ઉલ્લસ્યો તેમ કહેવામાં આવે છે. જેમ અનાદિ અજ્ઞાનથી પુણ્ય-પાપના ભાવ તે હું એવો મિથ્યાત્વનો અનુભવ છે તે દુઃખનો અનુભવ છે. તેમ જ્ઞાનીને અતીન્દ્રિય આનંદામૃતના ભોજન છે. ૨૭૧.

*

પ્રશ્નઃ- જ્ઞાનીની પ્રરૂપણામાં અસત્‌ની પ્રરૂપણા આવે?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ઉત્તરઃ- ના. જ્ઞાનીની વાણીમાં અસત્‌ની પ્રરૂપણા ન આવે. જ્ઞાનીને અસ્થિરતા હોય. પણ પ્રરૂપણામાં અસત્ કથન ન આવે. વ્યવહારથી નિશ્ચય થાય, રાગથી લાભ થાય કે રાગથી ધર્મ થાય કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાર્ય કરે એવી પ્રરૂપણાને અસત્ પ્રરૂપણા કહે છે. ૨૭૨.

*

પ્રશ્નઃ- પ્રવચનસારમાં વિકારને શુદ્ધનયથી જીવનો કહેવાનું શું પ્રયોજન છે?

ઉત્તરઃ- વિકાર તે જીવથી પોતાથી થયો છે. પોતાના અપરાધનું કાર્ય છે પણ કર્મથી (પુદ્‌ગલથી) વિકાર થયો નથી તેમ બતાવવા વિકારને શુદ્ધનયથી (અશુદ્ધ નિશ્ચયનયથી) જીવનો કહ્યો છે. ૨૭૩.

*

બે નય પરસ્પર વિરોધી છે. જો તે એક હોય તો બે નય રહેતા નથી. વ્યવહારનય નથી એમ નથી. પણ વ્યવહારથી લાભ થાય તો નિશ્ચયનય રહેતો નથી. પાણી ગરમ થાય છે તેમાં અગ્નિ નિમિત્ત નથી તેમ નથી. પણ નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય તો ઉપાદાન રહેતું નથી. નિશ્ચયની સાથે વ્યવહાર હોતો નથી તેમ નથી, પણ વ્યવહારથી નિશ્ચય થાય તો નિશ્ચય રહેતો નથી. ઉપાદાનના કાર્ય કાળે નિમિત્ત હોય છે પણ નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થતું નથી. આવી વસ્તુની સ્થિતિ છે. ૨૭૪.

*

પ્રશ્નઃ- આપ ધ્રુવસ્વભાવમાં (ઉપયોગ) લઈ જવાનું વારંવાર કહો છો પણ ધ્રુવસ્વભાવ દેખ્યો હોય તો ઉપયોગ લઈ જવાય ને?

ઉત્તરઃ- ધ્રુવસ્વભાવ તરફ લક્ષ કરે ત્યારે પર્યાયમાં ધ્રુવસ્વભાવ દેખાય ને! લક્ષ કર્યા વિના દેખાય કેમ! ધ્રુવસ્વભાવ તરફ લક્ષ કરે નહિ તો

તેને ક્યાંથી દેખાય? અંદરમાં લક્ષ યથાર્થ કરે તો ધ્રુવસ્વભાવ તેને દેખાય જ. પર્યાય પાછળ દ્રવ્ય સ્વભાવ પડયો છે. જ્યાં નજર કરે તો ધ્રુવસ્વભાવ દેખાય જ. ૨૭૫.

*

પ્રશ્નઃ- અભેદસ્વરૂપ આત્માની અનુભૂતિ થઈ ગયા પછી વ્રતાદિ કરવાથી શું લાભ છે?

ઉત્તરઃ- શુદ્ધાત્માનો અનુભવ થયા પછી પાંચમે છઠ્ઠે ગુણસ્થાને તે તે પ્રકારનો શુભ રાગ આવ્યા વિના રહેતો નથી. તે શુભ રાગ બંધનું કારણ છે અને હેય છે તેમ જ્ઞાની જાણે છે. શુદ્ધતાની વૃદ્ધિ અનુસાર કષાય ઘટતો જતો હોવાથી વ્રતાદિનો શુભરાગ આવ્યા વિના રહે જ નહિ એવો જ સ્વભાવ છે. ૨૭૬.

*

પ્રશ્નઃ- પરના લક્ષથી આત્મામાં જવાતું નથી, પણ શાસ્ત્ર વાંચવાથી તો આત્મામાં જવાય છે ને?

ઉત્તરઃ- શાસ્ત્ર વાંચવાના વિકલ્પથી પણ આત્મામાં જવાતું નથી.

પ્રશ્નઃ- તો શાસ્ત્ર વાંચવા નહિ ને?

ઉત્તરઃ- આત્માના લક્ષે શાસ્ત્રનો અભ્યાસ કરવો તેમ પ્રવચનસારમાં કહ્યું છે અને સમયસારની પહેલી ગાથામાં આચાર્યદેવે કહ્યું કે તારી પર્યાયમાં સિદ્ધોની સ્થાપના કરીને સાંભળ! એનો અર્થ એ કે તું સિદ્ધ-સ્વરૂપ છો એવી શ્રદ્ધા-પ્રતીતિ કરીને સાંભળ. સિદ્ધસ્વરૂપમાં દૃષ્ટિ જોડી છે એટલે સાંભળતા અને વાંચતા પણ એ સ્વરૂપમાં એકાગ્રતાની વૃદ્ધિ થશે. ૨૭૭.

*

વાંચવું સાંભળવું આદિ બહારથી બધું કરે પણ એનાથી શું? એને પોતાથી અંદરથી હા આવવી જોઈએ કે રાગ તે હું નહિ અને જ્ઞાયક સ્વરૂપ ધ્રુવવસ્તુ તે જ હું એમ એના અસ્તિત્વની અંદરથી હા આવે.

હા એટલે સ્વભાવની પ્રતીત કરીને હા આવે ત્યારે એના કલ્યાણની શરૂઆત થાય. ૨૭૮.

*

પ્રશ્નઃ- દ્રવ્યલિંગીને શુભમાં રુચિ છે કે અશુભમાં પણ છે?

ઉત્તરઃ- દ્રવ્યલિંગીને શુભમાં રુચિ છે. ૨૭૯.

*

પ્રશ્નઃ- કાયા અને કષાયમાં એકત્વ છે તેનો ખ્યાલ તેને આવે છે?

ઉત્તરઃ- તેને ખ્યાલ આવતો નથી.

પ્રશ્નઃ- તો ધારણાજ્ઞાન પણ તેને સાચું ન થયું?

ઉત્તરઃ- તત્ત્વના જાણપણાનું ધારણાજ્ઞાન તો તેને બરાબર છે પણ પોતે કયાં અટકે છે તે પકડાતું નથી. કષાયની ઘણી મંદતા છે તેમાં સ્વાનુભવ માને છે. ૨૮૦.

*

પ્રશ્નઃ- બંધનું કારણ પરદ્રવ્ય ને મોક્ષનું કારણ સ્વદ્રવ્ય છે ને?

ઉત્તરઃ- બંધનું કારણ પરદ્રવ્ય નથી. પરદ્રવ્ય તો સદાય હોય છે. જો તે બંધનું કારણ હોય તો બંધ રહિત ક્યારેય ન થઈ શકે. પરદ્રવ્ય પ્રત્યેનું સ્વામીત્વ તે બંધનું કારણ છે અને સ્વદ્રવ્ય પણ અનાદિથી છે જ છતાં મોક્ષ થયો નહિ. તેથી સ્વદ્રવ્યમાં સ્વામીત્વ તે મોક્ષનું કારણ છે. સ્વદ્રવ્યમાં સ્વામીપણું થતાં પરદ્રવ્ય હોવા છતાં પણ બંધ થતો નથી. માટે સ્વદ્રવ્યનાં સ્વામીપણું તે મોક્ષનું કારણ છે ને પરદ્રવ્યમાં સ્વામીપણું તે બંધનું કારણ છે. ૨૮૧.

*

કાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખે છે એટલે સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર, કેવળજ્ઞાન આદિ જે સમયે થવાના છે તે જ સમયે થાય છે. જે કાળે જે થવાનું તે જ કાળે તે થાય. પણ એનો અર્થ એમ નથી કે પુરુષાર્થ વિના થઈ જાય! કાળનયને દેખનાર સાધકની દૃષ્ટિ કાળ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપર નથી પણ સ્વભાવ ઉપર હોય છે. તેથી કાળનયથી જાણે છે કે જે સમયે ચારિત્ર પ્રગટ થવાનું છે તે સમયે જ પ્રગટ થશે. જે કાળે કેવળજ્ઞાન થવાનું છે તે જ કાળે થશે. કોઈ મુનિ લાખો વર્ષ ચારિત્ર પાળે ને કેવળજ્ઞાન થતા વાર લાગે. કોઈ મુનિને અલ્પકાળમાં કેવળજ્ઞાન થઈ જાય. તેથી લાંબો કાળ ચારિત્ર પાલન કરનાર મુનિને અધીરજ થતી નથી. તે જાણે છે કે કેવળજ્ઞાન થવાનું જ છે તે સ્વકાળે થશે. ૨૮૨.

*

માંગલિકનો અર્થઃ-'મંગ' એટલે પવિત્રતા અને 'લ' એટલે પ્રાપ્તિ. આત્મા આનંદસ્વરૂપ છે. તેના આનંદની પ્રાપ્તિ થવી તે માંગલિક છે. વસ્તુ આનંદ સ્વરૂપ છે. પણ પર્યાયમાં તેની પ્રાપ્તિ થવી તે માંગલિક છે. ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ શાશ્વત જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે. તેની પર્યાયમાં પ્રાપ્તિ થવી તે મંગલ છે. ૨૮૩.

*

બીજો અર્થઃ મમ્ અને ગલ. પુણ્ય-પાપનો રાગ તે હું ને તેનું ફળ તે હું એવો અહંકાર તે મમ્ અર્થાત્ વિપરીત અભિપ્રાય, તેનો નાશ તે ગલ એટલે કે તે મંગલ છે. પહેલો અર્થ અસ્તિથી છે. આ બીજો અર્થ નાસ્તિથી છે. મિથ્યાત્વનો નાશ તે મમ્+ગલ=મંગલ છે. ૨૮૪.

*

કેવો છે ચૈતન્યભાવ?-કે વિભુ છે અર્થાત્ પોતાના સ્વરૂપમાં વ્યાપનારો છે. પોતાના વિશેષણોમાં વ્યાપનારો, ગુણોનો એકરૂપ વિભુ છે. પોતાના સ્વરૂપમાં વ્યાપનારો ચૈતન્યવિભુ છે. તે પર્યાયમાં આવતો નથી એવો નિર્ણય, એવો અનુભવ પર્યાયમાં છે પણ તે પર્યાયમાં વસ્તુ આવી નથી. અનુભવથી વસ્તુ ભિન્ન છે પણ અનુભવની દ્રષ્ટિમાં એકરૂપ વસ્તુ છે કે જે સર્વ કર્મની ઉપાધિથી રહિત છે. અનુભવમાં આવા સંસ્કાર તે એક માત્ર કર્તવ્ય છે. ૨૮૫.

*

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આચાર્યદેવ કહે છે કે અનેક પ્રકારના શુભ વિકલ્પો કરવાથી કાર્યસિદ્ધિ તો કાંઈ થતી નથી. કાર્યસિદ્ધિ તો અનંત અનંત આનંદના સાગર એવા આત્મા તરફ જવાથી જ થાય છે. ત્યાં કેમ જતો નથી? અનેક પ્રકારના શુભ વિકલ્પોની ક્રિયામાં જેમ જેમ આગળ વધતો જાય છે તેમ તેમ સ્વાનુભવની કાર્યસિદ્ધિ કરવાથી ભ્રષ્ટ થાય છે. પહેલા આત્માનો નિર્ણય કરીને સ્વાનુભવનો પ્રયત્ન કરવો જોઈએ. એ ન કરતાં શુભ વિકલ્પમાં ને વિકલ્પમાં આગળ વધતો જાય છે તે સ્વાનુભવથી ભ્રષ્ટ થાય છે. અશુભમાં જવાની તો વાત છે જ નહિ. શ્રીમદ્ પણ કહે છે કે એકલું વાંચન કર્યા કરવાથી મનન શક્તિ ઘટે છે. તેમ એકલા શુભ વિકલ્પો ને ક્રિયાકાંડમાં વધતો જાય છે તેમ સ્વાનુભવથી ભ્રષ્ટ થતો જાય છે. સર્વ શાસ્ત્ર જાણવાનો સાર તો આત્માનો અનુભવ કરવો તે છે. બાર અંગમાં પણ આત્માનુભૂતિ જ કરવાનું કહ્યું છે. ૨૮૬.

*

પ્રશ્નઃ- શુદ્ધનિશ્ચયનયનો પક્ષ તો કરવો ને?

ઉત્તરઃ- પક્ષ કરવો એટલે શું? અનુભવમાં જતાં પહેલા એવો પક્ષ આવે છે કે હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ છું. પુણ્ય-પાપ ભાવ તે હું નહિ-એવો વિકલ્પ સહિત નિર્ણય પહેલા આવે છે પણ એ મૂળ પરમાર્થ વસ્તુ નથી. પહેલા શુદ્ધ નિશ્ચયનયનો પક્ષ આવે છે. હોય છે પણ અંદર સ્વાનુભવથી નિર્ણય કરવો એ મૂળ વસ્તુ છે. ૨૮૭.

*

અહો! ભગવાનના વિરહ અહીં પડયા ને તત્ત્વની વિપરીત શ્રદ્ધા-આચરણવાળાને રોકનાર કોઈ રહ્યું નહિ. વસ્તુ અંતરની છે ને લોકો બાહ્ય ક્રિયાકાંડમાં ચડી ગયા! ભાઈ! અમે તો વસ્તુનું સ્વરૂપ જે સત્ય છે તે કહીએ છીએ. એથી વિપરીત શ્રદ્ધાવાળાને ન રુચે તો માફ કરજો. ભાઈ! વિપરીત શ્રદ્ધાના ફળ બહુ આકરા છે. તેથી તો શ્રી કુંદકુંદાચાર્યે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહ્યું છે કે અમારા દુશ્મનને પણ દ્રવ્યલિંગ ન હો! અમારે વ્યક્તિગત કોઈની સાથે વિરોધ નથી. તે બધા પણ દ્રવ્યસ્વભાવે તો પ્રભુ છે એથી દ્રવ્યે તો તેઓ સાધર્મી છે તેથી અમને સમભાવ છે. ૨૮૮.

*

સમ્યગ્દષ્ટિ એમ જાણે છે કે શુદ્ધ નિશ્ચયનયથી હું મોહ-રાગ-દ્વેષ રહિત છું, એથી સમ્યગ્દષ્ટિને એમ હોતું નથી કે શુભ ને અશુભ બન્ને સરખા છે. માટે અશુભ ભલે આવે? સમ્યગ્દષ્ટિ અશુભથી છૂટવા વાંચન, શ્રવણ, વિચાર, ભક્તિ આદિ કરે છે. પ્રયત્નથી પણ અશુભ છોડી શુભ કરો એમ શાસ્ત્રમાં ઉપદેશ આવે છે. શુભ ને અશુભ પરમાર્થે સરખા છે તોપણ પોતાની ભૂમિકા પ્રમાણે અશુભ કરતાં શુભમાં રહેવાનો વિવેક હોય છે અને તેવો વિકલ્પ પણ આવે છે. ૨૮૯.

*

સ્વસમય અને પરસમય સાથે વાદ-વિવાદ કરવા યોગ્ય નથી. તું તારા આત્માનો અનુભવ કર. પરની સાથે વાદ-વિવાદમાં પડવા જેવું નથી. નિધાન પામીને નિજ વતનમાં જઈ ભોગવવા કહ્યું છે માટે પોતાની નિધિ પામી પોતે એકલા ભોગવવા જેવું છે. ૨૯૦.

*

પ્રશ્નઃ- સમ્યક્ સન્મુખ જીવ તત્ત્વના વિચારમાં રાગને પોતાનો જાણે છે કે પુદ્ગલનો જાણે છે?

ઉત્તરઃ- સમ્યક્ સન્મુખ જીવ રાગ તે પોતાનો અપરાધ છે તેમ જાણે છે અને અંદર ઉતારવા માટે રાગ તે મારું સ્વરૂપ નથી, રાગ તે હું નથી તેમ જાણીને તેનું લક્ષ છોડી અંદરમાં ઉતરવાનો પ્રયત્ન કરે છે. ૨૯૧

*

પ્રશ્નઃ- સ્વભાવ સન્મુખ થવા હું શુદ્ધ છું, જ્ઞાયક છું, આદિ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ચિંતવન કરતાં કરતાં એવો અપૂર્વ આનંદ આવે છે તે આનંદ અતીન્દ્રિય છે કે કષાયની મંદતાનો છે તે કેમ ખ્યાલમાં આવે?

ઉત્તરઃ- ચિંતવનમાં કષાયની મંદતા ઘણી થતાં તેને આનંદ માની લ્યે તે ભ્રમ છે. ખરો અતીન્દ્રિય આનંદ નથી. અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવતાં રાગ ને જ્ઞાનની ભિન્નતા પ્રતીતમાં આવે છે. એ અતીન્દ્રિય આનંદનું શું કહેવું? અલૌકિક છે. ખરેખરી રુચિવાળા જીવને કષાયની મંદતામાં અતીન્દ્રિય આનંદનો ભ્રમ થતો નથી. અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યા વિના તે ઝંપતો નથી. ૨૯૨.

*

પ્રશ્નઃ- જ્ઞાની સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે અને સમ્યક્ સન્મુખ જીવ પણ સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે. તે બન્નેની વિધિનો પ્રકાર એક જ છે કે કાંઈ ફેર છે?

ઉત્તરઃ- જ્ઞાની સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે તેને આત્માનું લક્ષ તો થયું છે આત્મા લક્ષમાં છે અને તેમાં એકાગ્રતાનો વિશેષ પુરુષાર્થ કરતાં વિકલ્પ છૂટી નિર્વિકલ્પ થાય છે. સ્વસન્મુખ જીવને તો હજુ આત્માનું લક્ષ થયું નથી. આત્મા લક્ષમાં આવ્યો નથી. પણ જ્ઞાનમાં મોઘે-ઓઘે (ધારણાથી) જાણ્યો છે. પ્રત્યક્ષ થયો નથી. વિકલ્પથી આત્માનું લક્ષ ઓઘે-ઓઘે થયું છે તેને અંદર પુરુષાર્થ ઉગ્ર થતાં સવિકલ્પતા છૂટીને નિર્વિકલ્પતા થાય છે. (એ રીતે નિર્વિકલ્પ થવાની વિધિનો પ્રકાર એક હોવા છતાં જ્ઞાનીએ વેદનથી આત્મા જાણ્યો છે અને સ્વસન્મુખવાળાએ ઓઘેઓઘે-આનંદના વેદન વિના આત્માને જાણ્યો છે.) ૨૯૩.

*

પ્રશ્નઃ- વિકલ્પથી નિર્વિકલ્પ થવામાં સૂક્ષ્મ વિકલ્પ રોકે છે તેનું શું કરવું?

ઉત્તરઃ- નિર્વિકલ્પ થવામાં વિકલ્પ રોકતો નથી પણ અંદર ઢળવા-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


યોગ્ય પુરુષાર્થ કરતો નથી તેથી વિકલ્પ તૂટતો નથી. વિકલ્પને તોડવો નથી પડતો પણ સ્વરૂપમાં ઢળવાનો પુરુષાર્થ ઉગ્ર થતાં વિકલ્પ સહજ તૂટી જાય છે. ૨૯૪.

*

એક સમયની નિર્મળ પર્યાય જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય છે તેને રત્નત્રય કહ્યું છે તો તેનું ફળ જે કેવળજ્ઞાન પર્યાય તે મહારત્ન છે અને જ્ઞાનગુણની એક સમયની તે પર્યાય તે મહારત્ન છે તો તેવી અનંત અનંત પર્યાયનો ધરનાર જ્ઞાનગુણ તે મહારત્ન છે. એવા જ્ઞાન આનંદ આદિ અનંતા ગુણોરૂપ મહામહા રત્નોનો ધરનાર આત્મદ્રવ્ય એ તો મહા રત્નોથી ભરેલો સાગર છે. એના મહિમાનું શું કહેવું? અહો! એનો મહિમા વચનાતીત છે. એ અપાર અપાર મહિમા અનુભવ ગમ્ય જ છે. આવા સ્વભાવનો વિશ્વાસ ને દૃષ્ટિ કરે તો ખબર પડે. ૨૯૫.

*

સંતો કહે છે કે અમે અમારા સ્વઘરમાં આવ્યા. હવે અનુકૂળતાના બરફમાં અમે ઓગળી જવાના નથી અને પ્રતિકૂળતાની અગ્નિમાં બળવાના નથી. અમારો જ્ઞાન વિલાસ પ્રગટયો છે એમાં અમે પોઢયા તે પોઢયા. હવે અમને ઉઠાડવા કોઈ સમર્થ નથી. ૨૯૬.

*

અનુભવની શોભા ખરેખર આત્મદ્રવ્યને લઈને છે. આત્મદ્રવ્ય કૂટસ્થ હોવાથી જોકે અનુભવમાં આવતું નથી. અનુભવ તો પર્યાયનો જ થાય છે, પરંતુ પર્યાયે દ્રવ્યને સ્વીકાર્યું એ પર્યાયની શોભા આત્મદ્રવ્યને લઈને જ છે. ૨૯૭.

*

સમયસાર એટલે સર્વજ્ઞની દિવ્યધ્વનિનું વર્તમાન પુરું રૂપ. બાર અંગ અને ચૌદ પૂર્વનું દોહન સમયસાર છે અને આખા સમયસારનું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

દોહન ૪૭ શક્તિઓ છે. શક્તિઓનું વર્ણન કરીને આત્માનું પરમાત્માપણું ખોલી નાખ્યું છે. આ શક્તિઓના વર્ણનમાં તો કેવળીના પેટ છે. ભરતક્ષેત્રમાં અજોડ શાસ્ત્ર સમયસાર છે. ૨૯૮.

*

અહો! સમ્યગ્દૃષ્ટિ જીવ છ છ ખંડના રાજ્યમાં ઊભા હોય છતાં તેના જ્ઞાનમાં જરીયે મચક નથી આવતી કે આ મારા છે અને છન્નું હજાર અપ્સરા જેવી રાણીઓના વૃંદમાં ઊભા હોય છતાં જરીયે એમાં સુખબુદ્ધિ થતી નથી. અરે! કોઈ નરકની ભીષણ વેદનામાં પડયા હોય તોપણ અતીન્દ્રિય આનંદની વેદનની અધિકતા છૂટતી નથી. એ સમ્યગ્દર્શનનું શું મહાત્મ્ય છે તે જગતને બાહ્યદૃષ્ટિથી કળવું કઠણ છે. ૨૯૯.

*

દર્શન મોહ મંદ કર્યા વિના વસ્તુસ્વભાવ ખ્યાલમાં આવે નહિ અને દર્શન મોહનો અભાવ કર્યા વિના આત્મા અનુભવમાં આવે તેવો નથી. ૩૦૦.

*

આત્માને માટે કાંઈક એની પાછળ પડવું જોઈએ. આનું આ રટણ કરવું જોઈએ. જાગતાં, ઉંઘતાં એનો પ્રયત્ન જોઈએ. એની રુચિનો પ્રકાર સરખો થવો જોઈએ. અંદરમાં પરમેશ્વર કેટલો મહાન છે! એને જોવાનું કુતૂહલ જાગે તેને જોયા વિના ચેન ન પડે. ૩૦૧.

*

કોઈપણ જીવ પોતાની હૈયાતી વિના, ક્રોધાદિ થવા કાળે, આ ક્રોધાદિ છે, એમ જાણી શકે જ નહિ. પોતાની વિદ્યમાનતામાં જ એ ક્રોધાદિ જણાય છે. રાગાદિને જાણતાં પણ જ્ઞાન... જ્ઞાન એમ મુખ્યપણે જણાવા છતાં જ્ઞાન તે હું એમ ન માનતાં. જ્ઞાનમાં જણાતા રાગાદિ તે હું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમ રાગમાં એકતાબુદ્ધિથી જાણે છે–માને છે, તેથી તે મિથ્યાદષ્ટિ છે. ૩૦૨.

*

ભાઈ તારા મહાત્મ્યની શી વાત! જેનું સ્મરણ થતાં જ આનંદ આવે એના અનુભવના આનંદની શી વાત! અહો! મારી તાકાત તે કેટલી? જેમાં નજરું નાખતાં નિધાન ખુલી જાય એ તે વસ્તુ કેવી? રાગને રાખવાનો તો મારો સ્વભાવ નહિ. પણ અલ્પજ્ઞતાને પણ હું રાખી શકું નહિ.–એમ પોતાને પ્રતીતિ આવતાં હું સર્વજ્ઞ થઈશ ને અલ્પજ્ઞ નહિ રહી શકું એમ ભરોસો આવી જાય છે. ૩૦૩.

*

આ વસ્તુ પ્રયોગમાં લાવવા માટે અંદર મૂળમાંથી પુરુષાર્થનો ઉપાડ આવવો જોઈએ કે હું આવો મહાન પદાર્થ!–એ નિરાવલંબનપણે કોઈના આધાર વિના અદ્ધરથી વિચારની ધૂન ચાલતાં ચાલતાં એવો રસ આવે કે બહારમાં આવવું ગોઠે નહિ. હજુ છે તો વિકલ્પ, પણ એમ જ લાગે કે આ હું... આ.. હું એમ ઘોલનનું જોર ચાલતાં ચાલતાં એ વિકલ્પો પણ છૂટીને અંદરમાં ઉતરી જાય છે. (નિર્વિકલ્પ થવા પહેલાંની દશા આવી હોય છે.) ૩૦૪.

*

આ આત્માને પરમાત્મા થવાની વાત અબજો રૂપિયા આપે તો પણ સાંભળવા મળે તેવી નથી. આ પરમાત્માની વાત પૈસાની ચીજ જ નથી. આનું પૈસાથી મૂલ્યાંકન થઈ શકે નહિ. બહારની ચીજથી મૂલ્યાંકન થઈ શકે એવી આ ચીજ જ નથી. ૩૦૫.

*

માથાનો કાપનાર, કંઠનો, છેદનાર, પોતાનું જેટલું અહિત નથી કરતો તેટલું અહિત પોતાનો ઊંધો અભિપ્રાય કરે છે, જગતને પોતાના

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ઊંધા અભિપ્રાયની ભયાનકતા ભાસતી નથી. ૩૦૬.

*

જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું એ લક્ષણ છે કે જ્ઞાનમાં રાગ પ્રત્યે તીવ્ર અનાદર ભાવ જાગે છે, તે જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું લક્ષણ છે. આત્મામાં રાગની ગંધ નથી. રાગના જેટલા વિકલ્પો ઊઠે છે તેમાં બળું છું તેમ દુઃખ દુઃખ ને દુઃખ છે-ઝેર છે તેમ પહેલા જ્ઞાનમાં નિર્ણય કરે તો ભેદજ્ઞાન પ્રગટે છે. ૩૦૭.

*

પોતાની પાછળ વિકરાળ વાઘ ઝપટું મારતો દોડતો આવતો હોય તો પોતે કેવી દોટ મૂકે! એ વિસામો ખાવા ઊભો રહેતો હશે! એમ આ કાળ ઝપટું મારતો ચાલ્યો આવે છે અને અંદર કામ કરવાના ઘણા છે એમ પોતાને લાગવું જોઈએ. ૩૦૮.

*

સત્યની વાત સમજવામાં ટકી રહેવું એ પણ એક પુરુષાર્થ છે. ૩૦૯.

*

પરાવલંબી ભાવોમાં કયાંક કયાંક મહિમા રહી જાય છે એટલે આત્માની મહિમાનું ખૂન થઈ જાય છે. ૩૧૦.

*

ભાઈ! તું શરીર સામું ન જો! તારા વિકલ્પ મફતમાં જાય છે ને આત્માનું કાર્ય પણ થતું નથી. શરીર દગો દેશે. ભાઈ! તારા આત્માનું કરવાનું છે તે કરી લે. ૩૧૧.

*

પરસત્તાવાળા તત્ત્વોને ગ્રહવાનું અભિમાન. પરસત્તાવાળા તત્ત્વોને ત્યાગવાનું અભિમાન. એ અભિમાન જ મિથ્યાત્વ છે. અને તે સાત

વ્યસનના પાપ કરતાં પણ મહાન પાપરૂપ છે. ૩૧૨.

*

આ ચૈતન્યતત્ત્વ તો કોઈ અગમ્ય વસ્તુ છે. તે બહારના વૈરાગ્યથી કે જ્ઞાનના ક્ષયોપશમથી મળી જાય તેવી ચીજ નથી. અંતરમાં અવ્યક્ત છતાં પ્રગટ અચિંત્ય વસ્તુ પડી છે. તેના મહાત્મ્ય પ્રત્યે જાય ત્યારે તે ગમ્ય થાય ને તેના જન્મ-મરણ ટળે એવી એ ચીજ છે. ૩૧૩.

*

એકવાર પ્રસન્ન ચિત્તથી ચૈતન્યસ્વભાવ લક્ષગત થયો એટલે તે નિર્વાણનો જ પાત્ર છે. નિશ્ચયનો પક્ષ બંધાણો તે પુરુષને ભલે હજુ અનુભવ નથી તોપણ એનું જોર ચૈતન્યસ્વભાવ તરફ વળી રહ્યું છે. આ જ સ્વભાવ છે, આ જ સ્વભાવ છે એમ સ્વભાવ સન્મુખમાં જ જોર હોવાથી અનુભવ અવશ્ય કરીને કેવળજ્ઞાન લેવાનો જ છે. ૩૧૪.

*

સાંભળતી વખતે એને આત્માનું સ્વરૂપ સ્પષ્ટ લાગે છે. છતાં પણ એની ભ્રમજાળ બની રહે છે એનું કારણ એ છે કે એણે જ્ઞાનનો પાયો ઊંડો નાખ્યો જ નથી. ૩૧૫.

*

વર્તમાનમાં જરાક એક પ્રતિકૂળતા આવે તો એ એનાથી સહન થતી નથી પણ ભવિષ્યમાં અનંતી પ્રતિકૂળતાઓ આવે તેવા ભાવોથી છૂટવાની એને દરકાર નથી! ૩૧૬.

*

મૂળ ચીજ ધ્રુવવસ્તુ એવી ઝીણી છે કે એ ઝીણી ચીજ તેના હાથમાં આવે એટલે બસ! તેને અમૃતના વરસાદ વરસ્યા. ૩૧૭.

*

સ્મશાનમાં ફૂલેલા મડદા પડયા હોય તેમાં કાળા કાગડાને મજા લાગે છે. તેમ આ રુષ્ટપુષ્ટ દેખાતા શરીરો ફૂલેલા મડદા છે તેમાં સુખ માને છે તે બધા કાળા કાગડા સમાન છે. ૩૧૮.

*

હે નાથ! ચક્રવર્તીની આજ્ઞા ફરે. પણ આપની આજ્ઞા ન ફરે. સર્વજ્ઞની આજ્ઞા બહાર કોઈ દ્રવ્ય પરિણમવા સમર્થ નથી. ૩૧૯.

*

શરીરની ક્રિયાથી ને રાગની ક્રિયાથી આત્માને ઓળખાવવો તે આત્માનું અપમાન છે. ૩૨૦.

*

કર્મથી વિકાર થાય એમ જેણે માન્યું. અરેરે! તેણે આત્માનું ખૂન કરી નાખ્યું છે. ૩૨૧.

*

જેના જ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણનારા ભગવાન બેઠા તેને ભવ હોય જ નહિ, કેમકે તેનું જ્ઞાન સર્વજ્ઞ સ્વભાવમાં જ ઢળે છે. ૩૨૨.

*

લાકડાના, લોઢાના, અગ્નિના, જળના, વિજળીના સ્વભાવનો જીવ ભરોસો કરે છે. દવાની ગોળીનો ભરોસો કરે છે, જેનાથી પરમાં કાંઈ થતું નથી છતાં તેનો ભરોસો જીવ કરે છે, તો જેનામાં આશ્ચર્યકારી એક જ્ઞાનશક્તિ છે, એવી એવી અનંતી શક્તિઓમાં વ્યાપક ભગવાન આત્મા અચિંત્ય શક્તિ સામર્થ્યવાન છે એનો ભરોસો કરે તો ભવભ્રમણ છૂટી જાય. ૩૨૩.

*

અમે સર્વજ્ઞ છીએ અને તારા પેટમાં પણ સર્વજ્ઞપદ પડયું છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


સ્વભાવમાં પડેલા સર્વજ્ઞ પદનો આદર થયો તેમાં અનંતા સર્વજ્ઞનો આદર આવી ગયો-એમ સર્વજ્ઞ કહે છે. ૩૨૪

*

ભગવાન જેના હૃદયમાં બિરાજે છે તેનું ચૈતન્ય શરીર રાગ દ્વેષરૂપ કાટ વગરનું થઈ જાય છે. ૩૨૫.

*

મવાળો (વાળ) ચોરવાની તો શું વાત! પણ આ તો પરમાણુને ચોરવાની વાત છે. પરમાણુ શું પણ તેની અનંતી પર્યાયને ચોરવાની વાત છે. એક પર્યાયને બીજી પર્યાયની સહાય નથી. આત્માના અનંતા ગુણની પર્યાયમાં એક પર્યાયને બીજી પર્યાય સહાયક નથી. પર્યાય પર્યાયની યોગ્યતાથી, ષટ્કારકથી સ્વતંત્ર પરિણમે છે. અહો! આ તો જૈનદર્શનના પેટની સ્વતંત્રતાની મૂળ વાત છે. ૩૨૬.

*

જેમ રાગની મંદતા તે મોક્ષમાર્ગ નથી. જેમ વ્યવહાર સમ્યગ્દર્શન તે મોક્ષમાર્ગ નથી કે મોક્ષનું કારણ નથી તેમ તેની સાથે રહેલું પરસત્તાવલંબીજ્ઞાન પણ મોક્ષમાર્ગ નથી કે મોક્ષનું કારણ નથી. સ્વસત્તાને પકડવાની લાયકાતવાળું જ્ઞાન જ મોક્ષનું કારણ છે. જ્ઞાનાનુભૂતિ-આત્માનુભૂતિ એ જ મોક્ષનું કારણ છે. ૩૨૭.

*

પર્યાયમાં સ્વકાળે જ મોક્ષ થાય છે, વહેલો કે મોડો થઈ શકે નહિ. એમ નક્કી કરવા જાય ત્યાં એની દૃષ્ટિ ધ્રુવ ઉપર જ જાય છે અને એમાં સ્વભાવ સન્મુખનો અનંત પુરુષાર્થ આવે છે અને ત્યારે જ પર્યાયના સ્વકાળનું સાચું જ્ઞાન થાય છે. આત્માના શ્રદ્ધા-જ્ઞાન સમ્યક્ થયા એને કાર્ય થઈ જ રહ્યું છે, પછી વહેલા મોડાનો પ્રશ્ન જ ક્યાં છે. ૩૨૮.

*

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

હે પ્રભુ! આપે ચૈતન્યના અનંતા ખજાના ખોલી નાખ્યા! તો હે પ્રભુ! હવે એવો તે કોણ હોય કે તરણા સમાન ચક્રવર્તીના રાજને છોડીને ચૈતન્યના ખજાનાને ખોલવા ન નીકળી પડે. ૩૨૯.

*

આ આત્મા એ જ જિનવર છે, એ જ તીર્થંકર છે. અનાદિકાળથી જિનવર છે. આહાહા! અનંતા કેવળજ્ઞાનની વેલડી છે. પોતાનો આત્મા જ અમૃતનો કુંભ છે, અમૃતની વેલડી છે. એના પર એકાગ્ર થવાથી પર્યાયમાં જિનવરના દર્શન થાય છે. પરમાત્મા પ્રગટ થાય છે તેને સમ્યગ્દર્શન કહે છે. ૩૩૦.

*

ભગવાન સર્વજ્ઞદેવ એમ કહે છે કે આત્મામાં શરીર-સંસાર કે રાગાદિ છે જ નહિ-એમ પહેલામાં પહેલો નિર્ણય કરીને આત્માનો અનુભવ કરી લે! એને બદલે જે એમ માને છે કે પહેલા શુભ ક્રિયા કરી કષાયમંદ કરી આત્મા હળવો થાય પછી આત્માનો અનુભવ થાય. તે જીવ દેવ-શાસ્ત્ર-ગુરુ જે કહે છે તેનો અનાદર કરે છે. ૩૩૧.

*

નિર્મળ પર્યાય ને ત્રિકાળી દ્રવ્યનું જ્ઞાન ને અનુભવ થવા છતાં દૃષ્ટિનું આસન તો અવ્યક્ત ઉપર છે. વ્યક્તપણા પ્રત્યે ઉદાસીનપણે છે. ૩૩૨.

*

ભગવાન તું તો ગુણનો ગોદામ છે. પુણ્ય-પાપના ભાવનો તું ગોદામ નથી. ભગવાન આત્મા જ્ઞાયકભાવરૂપ છે ને શુભાશુભ અચેતન છે. જ્ઞાયકભાવ શુભાશુભપણે થાય તો ચેતન છે તે અચેતન થઈ જાય. જાણક જાણક ભાવ તે અજાણક એવા શુભાશુભ ભાવે થાય તો તે અચેતન થઈ જાય. માટે જ્ઞાયક તે તો જ્ઞાયક જ રહ્યો છે કે જે સમ્યગ્દર્શનનો વિષય છે. ૩૩૩

*

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વપરપ્રકાશનો પુંજ પ્રભુ તો શુદ્ધ જ છે પણ તેને રાગથી ભિન્ન પડીને ઉપાસવામાં આવે તેને તે શુદ્ધ છે. સમસ્ત પરદ્રવ્યથી ભિન્ન પડીને સ્વમાં એકાગ્રતા કરતાં શુદ્ધતા પ્રગટે છે તેને તે શુદ્ધ છે. રાગના વિકલ્પપણે થયો નથી માટે રાગાદિથી ભિન્ન પડીને જ્ઞાયકને સેવવામાં આવતાં પર્યાયમાં શુદ્ધતાનો નમૂનો આવ્યો તેને તે શુદ્ધ છે એમ પ્રતીતિમાં આવે છે. વિકલ્પવાળાને તે શુદ્ધ છે એમ પ્રતીતિમાં આવતો નથી. ૩૩૪.

*

જેની જ્ઞાનધારામાં જ્ઞાયકનું જ્ઞાન થયું છે તેને રાગાદિ પરજ્ઞેયનું જ્ઞાન થાય છે તે જ્ઞેયના લઈને થાય એવી પરાધીનતા જ્ઞાનને નથી. શુભાશુભથી ભિન્ન પડીને ચૈતન્યની દૃષ્ટિ થઈ છે તેને જ્ઞાનની પર્યાયમાં સ્વ અને પરનું જ્ઞાન થયું ત્યાં પરજ્ઞેય છે માટે પર સંબંધી જ્ઞાન થયું છે એમ નથી. જ્ઞાનના સ્વપર પ્રકાશકપણાને લઈને જ્ઞાન થયું છે. તેથી રાગને-જ્ઞેયને જાણતાં જ્ઞેયકૃત જ્ઞાન છે એમ નથી પણ જ્ઞાનકૃત જ્ઞાન છે. ૩૩૫.

*

ઓહો! આત્મા તો અનંતી વિભૂતિથી ભરેલો, અનંતા ગુણોનો રાશિ, અનંતા ગુણોનો મોટો પર્વત છે. ચારે તરફ ગુણો જ ભરેલા છે. અવગુણ એક પણ નથી. ઓહો! આ હું? આવા આત્માના દર્શન માટે જીવે કદી ખરું કુતૂહલ જ કર્યું નથી. ૩૩૬.

*

પ્રશ્નઃ- આત્માનો મહિમા કેવી રીતે આવે?

ઉત્તરઃ- આત્મા વસ્તુ જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાયક છે તે અનંતગુણનો પિંડ છે. એ આખું પૂર્ણતત્ત્વ ત્રિકાળી અસ્તિરૂપ છે. એનું સ્વરૂપ એનું સામર્થ્ય અગાધ ને આશ્ચર્યકારી છે. તેને સમજે તો આત્માનો મહિમા મહાત્મ્ય આવે અને રાગનું મહાત્મ્ય છૂટી જાય. આત્મવસ્તુ કેવા અસ્તિત્વવાળી છે, કેવા સામર્થ્યવાળી છે, એનું સ્વરૂપ રુચિ પૂર્વક

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ખ્યાલમાં લ્યે તો એનું મહાત્મ્ય આવે ને રાગનું ને અલ્પજ્ઞતાનું મહાત્મ્ય છૂટી જાય. એક સમયની કેવળજ્ઞાનની પર્યાય ત્રણકાળ ત્રણલોકને જાણવાના સામર્થ્યવાળી છે તે પણ ક્ષણે ક્ષણે નવી નવી થાય છે તો તેને ધરનાર ત્રિકાળી દ્રવ્યનું સામર્થ્ય કેટલું? એમ આત્માના આશ્ચર્યકારી સ્વભાવને ખ્યાલમાં બરાબર લ્યે તો આત્માનો મહિમા આવે. ૩૩૭.

*

અહો! આ મનુષ્યપણામાં આવા પરમાત્મસ્વરૂપનો માર્ગ સેવવો, આદર કરવો એ જીવનની કોઇ ધન્ય પળ છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાયક જ છે. એ એને ભાવમાં આવે. ગમે તેવા પ્રસંગમાં પણ હું જ્ઞાયક છું....જ્ઞાયક છું એમ ભાવમાં આવે. જ્ઞાયકનું લક્ષ રહે તો તે તરફ ઢળ્યા જ કરે. ૩૩૮.

*

પ્રશ્નઃ– આત્મા પામવા માટે આખો દિવસ શું કરવું?

ઉત્તરઃ– આખો દિવસ શાસ્ત્રનો અભ્યાસ કરવો, વિચાર–મનન કરીને તત્ત્વનો નિર્ણય કરવો. અને શરીરાદિથી ને રાગથી ભેદજ્ઞાન કરવાનો અભ્યાસ કરવો. રાગાદિથી ભિન્નતાનો અભ્યાસ કરતાં કરતાં આત્માનો અનુભવ થાય છે. ૩૩૯.

*

વ્યવહારનય જૂઠા અર્થને બતાવનારો હોવાથી અભૂતાર્થ છે. ત્રિકાળી જ્ઞાયકભાવ કે જે સમ્યગ્દર્શનનો વિષય છે તે અભેદમાં ભેદ નથી છતાં તેને (ભેદને) વ્યવહારનય બતાવે છે. તેથી તેને જૂઠો કહેવામાં આવે છે. વ્યવહારનય ત્રિકાળી જ્ઞાયકભાવને છોડીને જ્ઞાયકભાવમાં નથી એવા ભેદને, પર્યાયને આદિને પ્રગટ કરે છે માટે અભૂતાર્થ છે. પર્યાયને ગૌણ કરી વ્યવહાર કહીને જૂઠો કહેવામાં આવ્યો છે. ૩૪૦.

*

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમ ધૂમાડાના ગોટા આડે ચૂલા ઉપર લાપસીનું તપેલું દેખાતું નથી તેમ પુણ્ય-પાપનો ધૂમાડાના પ્રેમની આડમાં જ્ઞાયકભાવ દેખાતો નથી. પર્યાયબુદ્ધિવાળાને રાગનો રસ છે, રુચિ છે તેથી તેને અંદર જે વીતરાગમૂર્તિ સકળ-નિરાવરણ છે તે ઢંકાઈ ગયો છે. પ્રબળ કર્મના મળવાથી જ્ઞાયકભાવ તિરોભૂત થયો છે. એટલે? જ્ઞાયકભાવ તો જ્ઞાયકભાવ જ છે, તે તિરોભૂત થતો નથી. પણ પ્રબળ રાગના મળવાથી એટલે કે રાગની રુચિના પ્રેમને લઈને તેને જ્ઞાયકભાવ દેખાતો નથી. તેથી તિરોભૂત થઈ ગયો છે. ૩૪૧.

*

આનંદનો ઘન પ્રભુ અને રાગ વચ્ચે સંધિ છે. નિઃસંધિ થયા જ નથી, કેમ કે ચૈતન્ય આનંદનો પ્રભુ જ્ઞાયકતત્ત્વ અને શુભાશુભરાગ એ બે ભિન્ન ભિન્ન તત્ત્વો છે. એ બે એક નથી છતાં આત્મા અને કર્મનો એટલે કે આત્મા અને રાગનો વિવેક નહીં કરનારા-ભિન્ન નહીં પાડનારા શુભભાવમાં વિમોહિત થઈ ગયા છે. ૩૪૨.

*

જ્ઞાયકભાવને ને રાગને જુદા ન પાડનારા જીવો વ્યવહારથી વિમોહિત થયા છે એટલે કે શુભરાગ કરતાં કરતાં મને લાભ થશે. શુભોપયોગ તે સાધન છે ને શુદ્ધોપયોગ તે સાધ્ય છે. એમ માનનારા રાગમાં લાભ માનતા હોવાથી, વ્યવહારથી વિમોહિત હૃદયવાળાઓ આત્માને અને રાગને એક માને છે. ચૈતન્યના સ્વભાવને ભૂલી જઈને રાગના કર્તૃત્વમાં દોરાઈ જવાથી રાગથી વિમોહિત થયેલાઓ, પર્યાયમાં જે અનેકરૂપ વિશ્વરૂપ ભાવો પ્રગટ છે તે રૂપે આત્માને અનુભવે છે. ૩૪૩.

*

જ્ઞાયક ધ્રુવ નિત્યાનંદ પ્રભુને દેખનારાઓ ભૂતાર્થદર્શીઓ છે. પણ શાસ્ત્રને દેખનારા કે એક સમયની પર્યાયને દેખનારાઓ ભૂતાર્થદર્શી છે-

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમ કહ્યું નથી. પૂર્ણાનંદના નાથ પ્રભુને પોતાની બુદ્ધિથી એટલે કે સ્વ-ચૈતન્ય તરફ વળેલી જ્ઞાનદશારૂપ મતિજ્ઞાન વડે ભગવાન જ્ઞાયકસ્વરૂપ છે અને રાગ આકુળતા સ્વરૂપ છે એમ બેનો વિવેક કરીને-ભેદવિજ્ઞાન કરીને અંતરના પુરુષાર્થ દ્વારા જ્ઞાયકને આવિર્ભૂત કરીને આત્માને જ્ઞાયકપણે અનુભવે છે. ૩૪૪.

*

અખંડ આનંદનો નાથ પ્રભુ છે તેને જાણ્યા વિના ગુણ-ગુણીના વિકલ્પમાં મગ્ન છે તે વ્યવહારમાં મગ્ન છે. જ્ઞાન છે તે આત્માનું છે એમ લક્ષણલક્ષ્યના વિકલ્પમાં રોકાયો છે ત્યાં સુધી વ્યવહારમાં મગ્ન છે. સંસારના પાપના ભાવમાં કે દયા દાન આદિના ભાવમાં રોકાયો છે એ તો ક્યાંય રહ્યો પણ લક્ષણ-લક્ષ્યના ને ગુણ-ગુણીના વિકલ્પમાં રોકાયો છે ત્યાં સુધી તે વ્યવહારમાં મગ્ન છે. ૩૪૫.

*

રાગદ્વેષનો વિકારભાવ, રાગદ્વેષની પરિણતિ તે દુઃખ છે. તેનાથી મુક્ત થવા ઇચ્છતા મોક્ષાર્થી પુરુષે સૌ પ્રથમ શું કરવું?-કે આત્માને જાણવો. એ તો ચૈતન્યરત્નાકર છે. ચૈતન્યરત્નોથી ભરેલો આત્મા છે, વિકારની વૃત્તિ તેનાથી ભિન્ન છે. પુણ્ય-પાપના વિકારથી ભિન્ન થઈને સૌ પ્રથમ જાણનાર સચ્ચિદાનંદપ્રભુને જાણવો. ૩૪૬.

*

મોક્ષાર્થી પુરુષ એટલે?-કે અનંત અનંત સુખની પ્રાપ્તિ અને અનંત દુઃખના વ્યયનો અર્થી. પરમ આનંદના લાભનો અર્થી પુરુષ કે જે જગતની આબરૂ, કીર્તિ, પૈસા કે સ્વર્ગનો અર્થી નથી તે મોક્ષાર્થી છે. જે એકમાત્ર પૂર્ણાનંદની પ્રાપ્તિ અને રાગદ્વેષના દુઃખના વ્યયનો અર્થી છે તે મોક્ષાર્થી છે. ૩૪૭.

*

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પહેલામાં પહેલી ક્રિયા શું?–કે સર્વ પ્રકારે ભેદજ્ઞાનમાં પ્રવીણતા કરવી તે પ્રથમ ક્રિયા છે. દ્રવ્ય તો ત્રિકાળી નિરાવરણ છે. પણ વર્તમાન પર્યાયમાં રાગાદિને મિશ્રિત કર્યા છે. તોપણ ભેદજ્ઞાનની પ્રવીણતાથી, રાગની દશાની દિશા પર તરફ છે અને જ્ઞાનની દશાની દિશા સ્વ તરફ છે. એમ બે વચ્ચે પ્રજ્ઞાછીણી મારવાથી ભિન્નતા અનુભવી શકાય છે. ૩૪૮.

*

એ રીતે સર્વ પ્રકારથી ભેદજ્ઞાનની પ્રવીણતાથી શું થાય છે?–કે ‘આ અનુભૂતિ છે તે જ હું છું’ પણ વ્યવહારરત્નત્રયનો રાગ છે તે હું નથી એમ આત્મજ્ઞાન થાય છે. જ્ઞાનલક્ષણથી લક્ષિત ચૈતન્યસ્વભાવનો અનુભવ થતાં આ અનુભૂતિ તે જ હું છું એમ સમ્યગ્જ્ઞાન થાય છે. ૩૪૯.

*

આ મનુષ્યભવ મળ્યો છે તે ભવના અભાવ માટે મળ્યો છે, પૈસા કમાવા માટે આ ભવ મળ્યો નથી, તેથી મૃત્યુ પહેલા આત્મકલ્યાણનું આ કાર્ય કરી લે. ૩૫૦.

*

સમ્યગ્દર્શનનું લક્ષણ શું કહ્યું?–કે ભેદજ્ઞાનની પ્રવીણતાથી આત્મજ્ઞાન વડે આત્માને જેવો જાણ્યો છે તેવો જ પ્રતીતિમાં આવવો તે સમ્યગ્દર્શનનું લક્ષણ છે જ્ઞાનમાં પૂર્ણાનંદ અભેદ અખંડ આત્માનું જ્ઞાન થતાં જેવો આત્મા જાણ્યો એવી જ પ્રતીતિ થતાં સમ્યક્શ્રદ્ધાન ઉદ્યોત થાય છે. ૩૫૧.

*

પરમાત્મા ફરમાવે છે કે પ્રભુ! તારા જ્ઞાનની પર્યાયમાં સદાય સ્વયં આત્મા પોતે જ અનુભવમાં આવે છે. જ્ઞાનની પ્રગટ દશામાં સર્વને ભગવાન આત્મા અનુભવમાં આવે છે.

અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા અનુભવમાં આવવા છતાં પણ તું

તેને દેખતો નથી. કેમ ?–કે પર્યાયબુદ્ધિને વશ થઈ જવાથી પરદ્રવ્યોની સાથે એકત્વબુદ્ધિથી સ્વદ્રવ્યને દેખી શકતો નથી. ૩૫૨.

*

ગુરુ અને શાસ્ત્ર તો દિશા બતાવે કે રાગાદિ તું નથી તેથી ત્યાંથી દૃષ્ટિ હટાવ અને ધ્રુવમાં દૃષ્ટિ લગાવ. કેમકે સ્થિર વસ્તુમાં દૃષ્ટિ સ્થિર થઈ શકશે અસ્થિર વસ્તુમાં દૃષ્ટિ સ્થિર ન થઈ શકે. ધ્રુવ સ્થિર વસ્તુ છે. તે પોતાના પરિણામમાં પણ આવતી નથી. તેથી તેના ઉપર દૃષ્ટિ દેવાથી દૃષ્ટિ સ્થિર થાય છે. એટલે કે સમ્યગ્દર્શન થાય.–એમ શાસ્ત્ર ગુરુ દિશા દેખાડે પણ કરવાનું તો એણે પોતે છે. એ સિવાય જન્મ-મરણના અંત નહીં આવે. ૩૫૩.

*

જ્ઞાનની પર્યાયમાં વસ્તુ જેવી છે તેવી પ્રત્યક્ષપ્રતિભાસ પ્રથમ આવે. પછી આત્મા જેવો જાણ્યો તે હું છું એમ પ્રતીતિરૂપ શ્રદ્ધાન થાય અને પછી તેમાં–પોતાનામાં સ્થિર થાય ત્યારે સાધ્ય આત્માની સિદ્ધિ થાય છે. ૩૫૪.

*

જેમ દૂધપાકના સ્વાદ આગળ લાલ જાુવારના રોટલાનો સ્વાદ ન આવે તેમ જેણે પ્રભુ આનંદ સ્વરૂપ છે એના સ્વાદ લીધા છે તેને જગતની કોઈ ચીજમાં પ્રેમ લાગતો નથી, રસ આવતો નથી. એકાકારપણું થતું નથી. સ્વ સ્વભાવ સિવાય જેટલા વિકલ્પ અને બાહ્ય જ્ઞેયો તે બધાનો રસ તૂટી ગયો છે. ધ્યાનમાં ઉતરે ત્યાં જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય એક થઈને આનંદનો રસ આવે, એટલી મોકળાશ રાખીને રાગમાં-બહારમાં આવે છે. ૩૫૫.

*

જયારે આ આત્મા પોતે રાગથી ભિન્ન પડીને સ્વમાં એકાગ્ર થાય છે ત્યારે કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ ઉદિત થાય છે અને

દર્શનજ્ઞાન સ્વભાવમાં અસ્તિત્વરૂપ જે આત્મતત્ત્વ તેમાં એકત્વગતપણે વર્તે ત્યારે તે આત્મા સ્વસમયમાં આવ્યો તેથી તેને આત્મા કહ્યો. ૩૫૬.

*

પ્રભુને રાગના સંબંધવાળો કહેવો તે દુઃખરૂપ છે. રાગની એકતા તોડીને, રાગને જીતીને, સ્વભાવની એકતા કરે તો સાચો જૈન કહેવાય. કાયમી લક્ષણ સ્વભાવ સાથે નકલી ભાવ જોડવો તે દુઃખરૂપ છે, ખેદ છે. પ્રભુ જિનસ્વરૂપી આત્માને નાનામાં નાના રાગના રજકણ સાથે સંબંધ જણાવવો તે વિસંવાદ છે, દુઃખરૂપ છે. ૩૫૭.

*

પવિત્ર વસ્તુ અપવિત્રપણે પરિણમે તે તેની શોભા નથી. વસ્તુ અકષાય સ્વરૂપ છે. તે અકષાયભાવે થાય તે તેની શોભા છે. એકપણું જેમાં છે એવી વસ્તુ રાગાદિપણે પરિણમે તે વિવિધપણું છે તેથી તે અશોભનીક છે. ચૈતન્યનું જે ત્રિકાળીક સ્વરૂપ છે તેનો વિચાર કરવામાં આવે તો એકપણું જ શોભનીક છે. સુંદર વસ્તુ છે તે સુંદરપણે પરિણમે તે જ શોભા છે. સત્ શાશ્વત જ્ઞાન ને આનંદ સ્વરૂપ ભગવાન એકપણામાં રહે તે તેની શોભા છે. રાગ રહિત નિર્વિકલ્પ સ્વરૂપ છે તેથી નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ એકપણું છે તે શોભા છે. ૩૫૮.

*

હું પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક પ્રભુ છું. એમ જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે છે. તેને સાંભળતા પણ લક્ષ જ્ઞાયકનું રહે છે. તેને ચિંતવનમાં પણ હું પરિપૂર્ણ જ્ઞાયક વસ્તુ છું એમ જોર રહે છે તે જીવને સમ્યક્ સન્મુખતા રહે છે. મંથનમાં પણ લક્ષ જ્ઞાયકનું રહે છે. આ ચૈતન્યભાવ પરિપૂર્ણ વસ્તુ છે એમ એના જોરમાં રહે છે, તેને ભલે હજુ સમ્યગ્દર્શન ન થયું હોય. જેટલું કારણ આપવું જોઈએ તેટલું કારણ ન આપી શકે તોપણ તે જીવને સમ્યક્ની સન્મુખતા થાય છે. એ જીવને અંદર

એવી લગની લાગે કે હું જગતનો સાક્ષી છું. જ્ઞાયક છું. એવા દૃઢ સંસ્કાર અંદરમાં પાડે કે જે સંસ્કાર ફરે નહિ. જેમ સમ્યગ્દર્શન થતાં અપ્રતિહત ભાવ કહ્યો છે તેમ સમ્યક્ સન્મુખતાના એવા દૃઢ સંસ્કાર પડે કે તેને સમ્યગ્દર્શન થયે જ છુટકો. ૩૫૯.

*

પ્રશ્નઃ- સમ્યગ્દષ્ટિને શુદ્ધ આત્માનો વિચાર ઉપયોગમાં ચાલે તે જ શુદ્ધ ઉપયોગ છે ને?

ઉત્તરઃ- ના. શુદ્ધ આત્માનો વિચાર ચાલે એ શુદ્ધ ઉપયોગ નથી. એ તો રાગ મિશ્રિત વિચાર છે. શુદ્ધ આત્મામાં એકાગ્ર થઈ નિર્વિકલ્પ ઉપયોગરૂપ પરિણામ થાય તે શુદ્ધ ઉપયોગ છે. જેમાં જ્ઞેય-જ્ઞાન-જ્ઞાતાના ભેદ છૂટીને એકલો અભેદરૂપ ચૈતન્યગોળો અનુભવમાં આવે છે તે શુદ્ધ ઉપયોગ છે. ૩૬૦.

*

ક્રિયાકાંડની દૃષ્ટિવાળાને એમ લાગે કે સમયસાર સાંભળે છે પણ કોઈ આગળ વધતાં નથી. બાહ્ય ત્યાગ-તપ-વ્રત આદિ ક્રિયા કરે તો તેને આગળ વધ્યા દેખાય. પણ ભાઈ! સમયસાર સાંભળીને પરદ્રવ્યની ભિન્નતા, પરદ્રવ્યનું અકર્તાપણું રાગાદિ ભાવોમાં હેયબુદ્ધિ ને અંદર પડેલી પરમાત્મશક્તિનું ઉપાદેયપણું નિરંતર એના શ્રદ્ધા-જ્ઞાનમાં ઘૂંટાય છે. એ એના શ્રદ્ધા-જ્ઞાનનો સુધારો થાય છે તે આગળ વધ્યા નથી? અંદર શ્રદ્ધાજ્ઞાનમાં સત્યના સંસ્કાર પડે છે તે આગળ વધે છે. શ્રદ્ધા-જ્ઞાનને સાચા કર્યા વિનાના ત્યાગ-તપ-વ્રત આદિ કરે છે તેને આત્માનુશાસનકાર તો કહે છે કે આત્મભાન વિનાનો બાહ્ય ત્યાગ આદિ છે તે અજ્ઞાનીને અંતરંગ બળતરા છે. અંતરંગ મિથ્યાત્વના ત્યાગ વિનાના બાહ્ય ત્યાગને સાચો ત્યાગ કહેતા નથી. અંદરમાં શ્રદ્ધા-જ્ઞાન-સ્વરૂપાચરણ ચારિત્રમાં જે સુધારો થાય છે તે જ સાચો સુધારો છે પણ બાહ્ય દૃષ્ટિના

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આગ્રહવાળાને તે દેખાતા નથી. ૩૬૧.

*

પ્રશ્નઃ- ( ધ્રુવ ) દ્રવ્યમાં પર્યાય નથી તો પછી પર્યાયને ગૌણ કરાવવામાં કેમ આવે છે ?

ઉત્તરઃ- ( ધ્રુવ ) દ્રવ્યમાં પર્યાય નથી પણ વર્તમાન પ્રગટ પર્યાય છે તે પર્યાય પર્યાયમાં છે. સર્વથા પર્યાય નથી જ તેમ નથી. પર્યાય છે તેની ઉપેક્ષા કરીને, ગૌણ કરીને, નથી તેમ કહીને, પર્યાયનું લક્ષ છોડાવી દ્રવ્યનું લક્ષ ને દૃષ્ટિ કરાવવાનું પ્રયોજન છે. તેથી દ્રવ્યને મુખ્ય કરી ભૂતાર્થ છે તેની દૃષ્ટિ કરાવવી છે ને પર્યાયની ઉપેક્ષા કરી, ગૌણ કરી પર્યાય નથી, અસત્યાર્થ છે તેમ કહી તેનું લક્ષ છોડાવ્યું છે. પણ પર્યાય સર્વથા જ ન હોય તો ગૌણ કરવાનું પણ ક્યાં રહે છે? દ્રવ્ય અને પર્યાય બે થઈને આખું દ્રવ્ય તે પ્રમાણજ્ઞાનનો વિષય છે. ૩૬૨.

*

સ્વરૂપની લીલા જાત્યાંતર છે. મુનિની દશા અલૌકિક જાત્યાંતર છે. મુનિરાજ સ્વરૂપના બાગમાં લીલા કરતાં કરતાં એટલે કે સ્વરૂપના બાગમાં રમતાં રમતાં કર્મનો નાશ કરે છે. દુઃખી થતાં થતાં નહિ પણ સ્વરૂપમાં રમતાં રમતાં કર્મનો નાશ કરે એવી તેમની જાત્યાંતર દશા છે-લીલા છે. સ્વરૂપ જ જેનું આસન છે, સ્વરૂપ જ જેની બેઠક છે, સ્વરૂપ જ જેનો આહાર છે, સ્વરૂપ જ જેનું વિચરવું છે, સ્વરૂપ જ જેની લીલા છે. અંતરના આનંદની રમતુંમાં ચડયો તેની લીલા જાત્યાંતર છે. અરે! સમ્યગ્દૃષ્ટિની લીલા પણ જાત્યાંતર છે. કોઈ સમ્યગ્દૃષ્ટિ લડાઈમાં હોય ને ત્યાંથી ઘેર આવી ધ્યાનમાં બેસતાં નિર્વિકલ્પ આનંદને અનુભવે છે. અરે! કોઈવાર લડાઈના પ્રસંગમાં હોય ને વખત મળતાં ધ્યાનમાં આવી જાય અરે! સંસારના અશુભ ભાવમાં પડયા હોય ને ત્યાંથી ખસીને બીજી ક્ષણે ધ્યાનમાં બેસતાં નિર્વિકલ્પતા આવી જાય છે. એ વસ્તુ અંદર પડી છે. તેના મહાત્મ્યના જોરથી નિર્વિકલ્પતા આવી જાય છે. આહાહા! રાગની ભિન્નતા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

થઈને. સ્વરૂપની એકતા થઈને. આનંદના ખજાનાના તાળા ખુલી ગયા છે એ અશુભ ભાવના પ્રસંગમાંથી ખસીને ધ્યાનમાં નિર્વિકલ્પ આનંદમાં આવી જાય છે. એ બધો ચમત્કાર પૂર્ણાનંદનો નાથ જાણ્યો તેનો છે. સમ્યગ્દર્શનમાં પૂર્ણાનંદનો નાથ જાગ્યો તેનો છે. સમ્યગ્દર્શનમાં પૂર્ણાનંદનો નાથ આખો કબજે થઈ ગયો છે એ એની જાત્યાંતર લીલા છે. અરે! કોઈ જીવ નિગોદમાંથી નીકળીને આઠ વર્ષે સમ્યગ્દર્શન પામી તુરત મુનિ થઈ સ્વરૂપમાં એકાગ્ર થતાં અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પામે ને અંતર્મુહૂર્તમાં દેહ છૂટતાં સિદ્ધ થઈ જાય. આહાહા! સ્વરૂપની જાત્યાંતર લીલા જ કોઈ અદ્દભુત છે. અને સમ્યગ્દર્શન વિનાના વ્રત કરે, તપ કરે, ઘરબાર છોડી મુનિ થાય. તોપણ એની લીલા જાત્યાંતર નથી. સંસારની લીલા હતી તેની તે જ છે. ૩૬૩.

*

આત્મા અચિંત્ય સામર્થ્યવાળો છે. તેમાં અનંત ગુણસ્વભાવ છે, તેની રુચિ થયા વિના ઉપયોગ પરમાંથી પલટીને સ્વમાં આવી શકતો નથી. પાપ ભાવોની રુચિમાં પડયા છે તેની તો શું વાત! પણ પુણ્યની રુચિવાળા બાહ્ય ત્યાગ કરે, તપ કરે, દ્રવ્યલિંગ ધારે તોપણ શુભની રુચિ છે ત્યાં સુધી ઉપયોગ પર તરફથી પલટીને સ્વમાં આવી શકતો નથી. માટે પહેલા પરની રુચિ પલટાવવાથી ઉપયોગ પર તરફથી પલટીને સ્વમાં આવી શકે છે. માર્ગની યથાર્થ વિધિનો આ ક્રમ છે. ૩૬૪.

*

જિજ્ઞાસુ (જીવને) ભૂમિકા અનુસાર શુભાશુભ પરિણામ તો આવશે જ. રાગને છોડું, છોડું, એમ રાગ ઉપર દૃષ્ટિ રાખવાથી રાગ છૂટશે નહિ. માટે એકદમ (ખોટી) ઉતાવળ કરવી નહિ, ઉતાવળ કરતાં રાગ છૂટશે નહિ ને ઉલટી મુંઝવણ વધી જશે. રાગ છોડું, છોડું, એમ નાસ્તિ પક્ષમાં ઊભા રહીને રાગ છૂટશે નહિ ને મુંઝવણ થશે અને સ્વભાવના

અસ્તિ પક્ષનો યથાર્થ પુરુષાર્થ ઉપાડતાં રાગ સહજ છૂટી જશે. ૩૬૫.

*

આ કરું, આ કરું, આ કરું, પંડિતાઇ કરું, જગતને ઘણું ઘણું સમજાવું દુનિયાને લાભ થાય તો મને પણ કાંઈક લાભ થાય ને?–એમ તૃષ્ણારૂપ દાહે તેને સપડાવી દીધો છે. ભાઈ! અંતરમાં જવું હોય તો બાહ્યની રુચિ છોડી દે! બીજાને ઉપદેશ દઉં ને તેનાથી મને લાભ થાય–એ તૃષ્ણારૂપી દાહ છે, એ દાહથી એને અંતરંગમાં પીડા પ્રગટ થઈ છે. ૩૬૬.

*

અતીન્દ્રિય આનંદના વેદનમાં આનંદસ્વરૂપ પ્રભુને પરથી ભિન્ન, દયા–દાન આદિના ભાવથી સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે છે. શાસ્ત્રથી સાંભળીને કે ધારણાથી ભિન્ન જાણ્યો છે એમ નહીં. કેમકે એ તો રાગમિશ્રિતપણે જાણ્યું છે. પરંતુ રાગથી ભિન્ન નિર્મળ ભેદજ્ઞાનના પ્રકાશ વડે આત્માને ભિન્ન દેખવો તેને ભિન્ન જાણ્યો કહેવાય. ૩૬૭.

*

આહાહા! વીતરાગી સંતો વીતરાગભાવ પ્રગટ કરવાની જ વાત કરે છે. સંતો જે વાત કહે છે તે વીતરાગ સ્વરૂપની દૃષ્ટિ કરાવવાની જ વાત કરે છે, કેમ કે વીતરાગ સ્વરૂપની દૃષ્ટિ કરે ત્યારે વીતરાગતા પ્રગટ થાય છે. તેથી કહે છે કે હું કહું છું તેની હા પાડજે. એમ ને એમ ઊભો ન રહીશ પણ પુરુષાર્થ ઉપાડજે. ૩૬૮.

*

પ્રશ્નઃ– જેના પ્રતાપે જન્મ–મરણ ટળે ને મુક્તિ મળે એવું અપૂર્વ સમ્યગ્દર્શન પાંચમાં આરામાં જલ્દી થઈ જાય?

ઉત્તરઃ– પાંચમાં આરામાં ક્ષણમાં સમ્યગ્દર્શન થાય. પાંચમો આરો આત્માને નડતો નથી. પાંચમાં આરાથી આત્મા પાર છે. સમ્યગ્દર્શન પ્રગટ કરવું તે વીરોના કામ છે, કાયરનું કામ નથી. પાંચમાં આરામાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ન થઈ શકે, હમણાં ન થઈ શકે-એમ માનનારા કાયરનું આ કામ નથી. પછી કરીશ. કાલે કરીશ-એવા વાયદા કરનારનું આ કામ નથી. હમણાં કરીશ, આજે જ કરીશ-એવા વીરોનું આ કામ છે. આત્મા આનંદસ્વરૂપ છે. તેની સામું જોવે તેને કાળ-આરો શું નડે?-શું કરે? ૩૬૯.

*

પ્રશ્નઃ- આત્મવસ્તુ અવ્યક્ત છે તો કેમ જણાય?

ઉત્તરઃ- વર્તમાન વર્તતી પર્યાય વ્યક્ત છે-પ્રગટ છે. તે પર્યાય ક્યાંથી આવે છે? કોઇ વસ્તુ છે તેમાંથી આવે છે કે અદ્ધરથી આવે છે? તરંગ છે તે પાણીમાંથી આવે છે કે અદ્ધરથી આવે છે? તેમ પર્યાય છે તે અદ્ધરથી આવતી નથી પણ અંદર વસ્તુ અવ્યક્ત-શક્તિરૂપ છે તેમાંથી આવે છે. વ્યક્ત પર્યાય અવ્યક્ત આત્મશક્તિને પ્રસિદ્ધ કરે છે-બતાવે છે. ૩૭૦.

*

પ્રશ્નઃ- વર્તમાન કર્મબંધન છે, હીણીદશા છે, રાગાદિ ભાવો વર્તે છે, તો શુદ્ધ આત્માની અનુભૂતિ કેમ થઈ શકે?

ઉત્તરઃ- રાગાદિ ભાવો વર્તમાન વર્તતા હોવા છતાં તે બધા ભાવો ક્ષણિક છે, વિનાશિક છે, અભૂતાર્થ છે, જૂઠા છે. તેથી તેનું લક્ષ છોડીને ત્રિકાળી ધ્રુવ શુદ્ધાત્માનું લક્ષ કરતાં આત્માની અનુભૂતિ થઇ શકે છે. રાગાદિ ભાવો એક સમયની સ્થિતિવાળા છે ને ભગવાન આત્મા કાયમ ટકનાર અબદ્ધસ્પૃષ્ટસ્વરૂપ છે. તેથી એક સમયની ક્ષણિક પર્યાયનું લક્ષ છોડી ત્રિકાળી શુદ્ધાત્માનું લક્ષ કરતાં-દૃષ્ટિ કરતાં આત્માનુભૂતિ થઈ શકે છે. ૩૭૧.

*

પ્રશ્નઃ- ગુરુવાણીથી આત્મવસ્તુનો સ્વીકાર કરીએ છીએ છતાં અનુભવ થવામાં શું બાકી રહી જાય છે?

ઉત્તરઃ- ગુરુવાણીથી સ્વીકાર કરવો કે વિકલ્પથી સ્વીકાર કરવો તે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ખરો સ્વીકાર નથી. પોતાના ભાવથી–પોતાના આત્માથી સ્વીકાર થવો જોઈએ.

કુંદકુંદ આચાર્યે કહ્યું છે કે અમે કહીએ છીએ તે તું તારા સ્વાનુભવથી પ્રમાણ કરજે. પોતાથી અંતરથી સાચો નિર્ણય કરે તેને અનુભવ થાય. ૩૭૨.

*

પ્રશ્નઃ– આત્માની કેવી લગની લાગે તો છ માસમાં સમ્યગ્દર્શન થાય?

ઉત્તરઃ– જ્ઞાયક.... જ્ઞાયક... જ્ઞાયકની લગની લાગવી જોઈએ. જ્ઞાયકની ધૂન લાગે તો છ માસમાં કાર્ય થઈ જાય અને ઉત્કૃષ્ટ લગની લાગે તો અંતર્મુહૂર્તમાં થઈ જાય. ૩૭૩.

*

અરે ભાઈ! તું રાગાદિથી નિર્લેપસ્વરૂપ પ્રભુ છો! કષાય આવે તેને જાણવો તે તારી પ્રભુતા છે. કષાયને મારા માનવા તે તારી પ્રભુતા નથી. તું નિર્લેપ વસ્તુ છો. તને કષાયનો લેપ લાગ્યો જ નથી. આત્મા તો સદાય કષાયોથી નિર્લેપ તરતો ને તરતો જ છે. જેમ સ્ફટિકમણિમાં પરનું પ્રતિબિંબ પડે છે તેમ કષાય ભાવો – વિભાવો જ્ઞાનમાં જણાય છે તે તારામાં પેઠા નથી. તું નિર્લેપ છો. વ્રતાદિના વિકલ્પો આવે તે સંયોગીભાવ જ્ઞાયકથી ભિન્ન છે. જ્ઞાયકની જાતના નથી તેથી કજાત છે. પરજાત છે, પરજ્ઞેય છે, સ્વજાત–સ્વજ્ઞેય નથી. તું જ્ઞાયકસ્વરૂપ નિર્લેપ પ્રભુ છો. એ પ્રભુતાનો અંતરથી વિશ્વાસ કરતાં પર્યાયમાં પ્રભુતા પ્રગટે છે. ૩૭૪.

*

પ્રશ્નઃ– ઘણા વખતથી તત્ત્વનો અભ્યાસ કરવા છતાં આત્મા પ્રાપ્ત કેમ થતો નથી?

ઉત્તરઃ– આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ છે. એના અતીન્દ્રિય આનંદની તાલાવેલી જાગે, આત્મા સિવાય બીજે ક્યાંય મીઠાશ લાગે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


નહિ, બીજે ક્યાંય રસ પડે નહિ. જગતના પદાર્થોનો રસ ફીકો લાગે, સંસારના રાગનો રસ ઉડી જાય. અહો! જેના આટલા આટલા વખાણ થાય છે એ આત્મા અનંતાનંત ગુણોનો પુંજ પ્રભુ છે કોણ? એમ આશ્ચર્ય થાય, એની લગની લાગે, એની ધુન ચડે એને આત્મા મળે જ, ન મળે એમ બને જ નહીં. જેટલું કારણ આપે એટલું કાર્ય આવે. કારણ આપ્યા વિના કાર્ય આવતું નથી. કારણની કચાશના લઈને કાર્ય આવતું નથી. આત્માના આનંદ સ્વરૂપની અંદરથી ખરેખરી લગની લાગે, તાલાવેલી લાગે, સ્વપ્નમાં પણ એનું એ જ રહે, તેને આત્મા પ્રાપ્ત થાય જ. ૩૭૫.

*

જેને આત્માના સ્વરૂપની રુચિ થઈ છે તેને શુભરાગ આવે છે, પણ તેને રાગની વિરક્તિનો વૈરાગ્ય હોય છે અને આત્માના અસ્તિ તરફનો શાંત ઉપશમ રસ હોય છે. રાગ હોવા છતાં રાગથી અંશે છૂટો પડયો છે એટલો ઉપશમ રસ છે. જેને આત્માની ખરી રુચિ નથી તેના શુભ ભાવો લૂખા ને ચંચળતાવાળા હોય છે. પોતાના સ્વભાવનું આશ્ચર્ય અને મહિમા ન આવે અને બીજા પદાર્થોનું આશ્ચર્ય ને મહિમા આવે છે તેના શુભભાવો લૂખા ને ચંચળતાવાળા હોય છે. ૩૭૬.

*

અરે ભાઈ! તું ક્યાં રોકાઈ ગયો? બહારમાં ને બહારમાં રોકાઈ ગયો ત્યાં આત્મપ્રાપ્તિ કયાંથી થાય? જેમ ઘરમાં આનંદનો પ્રસંગ હોય ને કોઈ માણસ સાંજ સુધી ઘરે ન આવે તો વડીલો કહે કે અરે ભાઈ! તું આખો દિવસ કયાં રોકાઈ ગયો? તેમ શ્રી ગુરુ કહે છે કે અરે ભાઈ! આ પરમાનંદના ધામરૂપ આત્મામાં તું આવ્યો નહીં ને બહાર ને બહારમાં કયાં રોકાઈ ગયો? કેટલાક તો સંસારના પાપના કામોમાં રોકાઈ રહે છે ને ત્યાંથી નીકળે તો શુભરાગના કામમાં બહારમાં ને બહારમાં રોકાઈને પોતાના ભગવાનને ભૂલી જાય છે. પોતાની અંદર પરમાત્મા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

બિરાજે છે ત્યાં આવતો નથી તેને શ્રીગુરુ ઓલંભો આપી કરુણાથી અંદર બોલાવે છે. ૩૭૭.

*

ભાઈ! બધું આત્મામાં ભર્યું છે, બહારમાં કાંઈ નથી. આત્મામાં જ્ઞાન ને સુખ ભર્યાં છે ત્યાં જો, ત્યાં નજર કર, તો તને જ્ઞાન ને સુખ મળશે. બહારમાં કયાંય સુખ નથી. અરે! એક છોકરો મરી જાય પછી ઘરના રોવે છે કે અરે! દીકરા! તારા વિના આ મહેલ ને મકાનો સ્મશાન જેવા લાગે છે. તેમ ભાઈ! આત્માને જાણ્યા વિના બહારમાં બધું સ્મશાન જેવું છે. ૩૭૮.

*

પોતાને કેવળજ્ઞાન પ્રગટ કરવું એ તો જીવનો સ્વભાવ છે. એ ન થઈ શકે તેમ ન માન! કેવળજ્ઞાન પ્રગટ કરવું તે અઘરું પડે તેમ ન માન? જીવને પરમાણુ બનાવવો હોય તો તે ન થઈ શકે. અરે! રાગને કાયમ રાખવો હોય તો તે કાયમ રહી ન શકે, પણ શુદ્ધતા પ્રગટ કરવી તે તો જીવનો સ્વભાવ છે. એ કેમ ન થઈ શકે? તે કેમ અઘરું પડે? જીવમાં ઠરવું, શુદ્ધતા પ્રગટ કરવી એ તો જીવનો સ્વભાવ હોવાથી થઈ શકે છે. માટે ન થઈ શકે એવી માન્યતાનું શલ્ય છોડી દે! ૩૭૯.

*

આત્માર્થી હઠ ન કરે કે મારે ઝટ ઝટ મારું કામ કરવું છે. સ્વભાવમાં હઠ કામ ન આવે. માર્ગ સહજ છે, હઠથી, ઉતાવળથી, અધીરજથી માર્ગ હાથ આવતો નથી. સહજ માર્ગને પહોંચવા માટે ધીરજ ને વિવેક જોઇએ. ૩૮૦.

*

પ્રશ્નઃ– આ આત્માનું સ્વરૂપ ખ્યાલમાં આવવા છતાં પ્રગટ કેમ નહીં થતું હોય?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ઉત્તરઃ- એને યોગ્ય પુરુષાર્થ જોઈએ. અંદરમાં અપાર શક્તિ પડી છે. તેનું મહાત્મ્ય આવવું જોઈએ. વસ્તુ તો પ્રગટ છે જ. અપ્રગટ તો પર્યાયની અપેક્ષાએ કહેવાય છે. આમ તો વસ્તુ પ્રગટ જ છે, કાંઇ આડું ઢાંકણું નથી. પ્રથમ વસ્તુનું મહાત્મ્ય આવવું જોઈએ. ભાન થાય તો મહાત્મ્ય આવે એમ નહી, કેટલાક એમ લઈ લ્યે છે, પણ પહેલા મહાત્મ્ય આવે તો મહાત્મ્ય આવતાં ભાન થાય એમ છે. ૩૮૧.

*

આત્માને ઓળખાવવા જ્ઞાન તે આત્મા, જ્ઞાન તે આત્મા, એમ કહ્યું છે. કારણ કે જ્ઞાન તે પ્રગટ અંશ છે અને આનંદનો અંશ કાંઈ પ્રગટ નથી, પ્રગટ તો આકુળતા છે, તેથી જ્ઞાનના પ્રગટ અંશ દ્વારા આત્માને ઓળખાવ્યો છે. જ્ઞાનના પ્રગટ અંશને અંદરમાં વાળે એટલે આખું સળંગ થઈ જાય છે. (દ્રવ્ય ગુણ શુદ્ધ છે તેમ પર્યાય પણ શુદ્ધ થઈ જાય છે). આત્માને જ્ઞાનના અંશથી ઓળખાવવાનો મૂળ હેતુ તો આ છે. ૩૮૨.

*

(પરસન્મુખ જ્ઞાનમાં થતું પરલક્ષ છોડાવવા અને પોતાનું સ્વરૂપ-અસ્તિત્વ વેદ્ય-વેદકપણે જાણવા યોગ્ય છે. તે ન્યાયે..) જ્ઞેય-જ્ઞાયક સંબંધી પણ જીવને ભ્રાંતિ રહી જાય છે કે છ દ્રવ્યો તે જ્ઞેય ને આત્મા તેનો જ્ઞાયક છે. પરંતુ જીવથી ભિન્ન પુદ્‌ગલ આદિ છ દ્રવ્યો તે જ્ઞેય ને આત્મા તેનો જ્ઞાયક છે એમ નિશ્ચયથી નથી. અરે! રાગ તે જ્ઞેય ને આત્મા જ્ઞાયક એમ પણ (પર સન્મુખપણે) નથી. પરદ્રવ્યોથી લાભ તો નથી પણ પરદ્રવ્યો જ્ઞેય ને તેનો તું જાણનાર છો એમ પણ ખરેખર નથી. હું જાણનાર છું, હું જ જણાવા યોગ્ય છું, હું જ મને જાણું છું. પોતાના અસ્તિત્વમાં જે છે તે જ સ્વજ્ઞેય છે એમ પરમાર્થ બતાવીને પર તરફનું લક્ષ છોડાવ્યું છે. ૩૮૩.

*

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પોતાની અપેક્ષાએ બીજા દ્રવ્યો અસત્ છે. પોતે જ સત્ છે. પોતે જ પોતાનો જ્ઞાતા જ્ઞેય ને જ્ઞાનરૂપ સત્ છે. માટે પોતાના સત્નું જ્ઞાન કરવું. પોતાના સત્નું જ્ઞાન કરતાં અતીન્દ્રિય આનંદની ઝલક આવ્યા વિના રહે જ નહીં, અને આનંદ ન આવે તો તેણે પોતાના સત્નું સાચું જ્ઞાન કર્યું જ નથી. મૂળ તો અંતરમાં વળવું એ જ આખા સિદ્ધાંતનો સાર છે. ૩૮૪.

*

ભલે જીવ તથા રાગ ભિન્નપણે રહીને એકક્ષેત્રે રહે પણ બન્ને કદી પણ એકરૂપ થયા નથી ને થઈ શકતા નથી. માટે તું સર્વ પ્રકારે પ્રસન્ન થા. પ્રભુ! તારી ચીજ કદી રાગરૂપે થઈ નથી માટે તું તારું ચિત્ત ઉજ્જ્વળ કરીને, સાવધાન થઈને રાગથી ભિન્નપણે આનંદસ્વરૂપનો અનુભવ કર. પ્રસન્ન થઈને ભેદજ્ઞાન પૂર્વક આ સ્વદ્રવ્ય તે જ મારું છે એમ અનુભવ કર. ૩૮૫.

*

આ આત્મા છે તે જ્ઞાયક અખંડ સ્વરૂપ છે. તેમાં રાગ, કર્મ કે શરીર તો તેના નથી પણ પર્યાયમાં ખંડખંડ જ્ઞાન છે તે પણ તેનું નથી. જડ-ઈન્દ્રિય તો તેના નથી પણ ભાવ-ઈન્દ્રિય ને ભાવ-મન પણ તેના નથી. એક એક વિષયને જાણતી જ્ઞાનની પર્યાય છે એ ખંડખંડ જ્ઞાન છે. એ પરાધીનતા છે, પરવશતા છે, એ દુઃખ છે. ૩૮૬.

*

જ્ઞાયકસ્વભાવનું જ્યાં અંતરમાં ભાન થયું, જાણનારો જાગીને ઉઠયો કે હું તો એક જ્ઞાયકસ્વરૂપ છું-એમ જ્યાં અનુભવમાં આવ્યું ત્યાં જ્ઞાનધારાને કોઈ રોકી શકતું નથી. ગમે તેવો રોગ આવે પણ એ તો શરીરમાં છે, એ કયાં આત્મામાં છે? રોગ છે તેને આત્માએ જાણ્યો છે પણ એમાં ભળીને આત્માએ જાણ્યું નથી. ૩૮૭.

*

દર્શન-જ્ઞાન-ચારિત્રથી આત્મા પ્રાપ્ત થતો નથી પણ જે ચીજ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમે તે આત્મા છે એમ વ્યવહાર વડે પરમાર્થને સમજી શકાય છે. દર્શન-જ્ઞાન-ચારિત્રનું આલંબન કરાવ્યું નથી પણ પરમાર્થનું આલંબન કરાવ્યું છે. દર્શન-જ્ઞાન-ચારિત્રને જે પ્રાપ્ત હોય તે આત્મા એમ કહીને ભેદ વડે અભેદને બતાવ્યો છે. ભેદ દ્વારા બતાવ્યો ત્યાં ભેદનું આલંબન નથી કરાવ્યું પણ ભેદનું આલંબન છોડાવીને અભેદ આત્માનું આલંબન કરાવ્યું છે-એમ સમજવું. ૩૮૮.

*

અહીં તો જે જ્ઞાન આત્માના લક્ષે થાય તેને જ જ્ઞાન કહે છે. જે જ્ઞાન ઇન્દ્રિયના લક્ષે થાય છે, શાસ્ત્રના લક્ષે થાય છે તેને જ્ઞાન કહેતાં નથી. ત્રિકાળી જ્ઞાયક ભગવાનના આશ્રય વિના અગિયાર અંગના જ્ઞાનને પણ જ્ઞાન કહેતાં નથી. એ ખંડખંડ જ્ઞાન છે તે દુઃખનું કારણ છે. ચૈતન્યજ્ઞાનપિંડને ધ્યેય બનાવીને જે જ્ઞાન થાય તે જ્ઞાન ભલે થોડું હોય તોપણ તે સમ્યગ્જ્ઞાન છે. એવા આત્મજ્ઞાન વિનાના ખંડખંડજ્ઞાનથી હજારો માણસોને સમજાવતાં આવડે તોપણ તે જ્ઞાન અજ્ઞાન છે. ને તે ખંડખંડજ્ઞાન પરવશ હોવાથી દુઃખ છે. પરસત્તાવલંબી જ્ઞાનને જ્ઞાન કહેતાં નથી. ૩૮૯.

*

અહો! જેનું ક્ષેત્ર મર્યાદિત હોવા છતાં જેના કાળનો અંત નથી, જેના ગુણનો અંત નથી-એવી અનંત સ્વભાવી ચૈતન્યજ્યોતિ સદાય એકરૂપ ચૈતન્યસ્વરૂપ જ રહી છે. આત્મવસ્તુ જ ગંભીર સ્વભાવી છે, એની ગંભીરતા ભાસે નહિ ત્યાંસુધી ખરો મહિમા આવે નહિ, એની ગંભીરતા ભાસતાં આત્માનો એવો મહિમા આવે કે એ મહિમા આવતાં આવતાં એ મહિમા વિકલ્પને ઓળંગી જાય છે, વિકલ્પને તોડવો પડતો નથી પણ તૂટી જાય ને અતીન્દ્રિય આનંદનો સ્વાનુભવ થાય. ૩૯૦.

*

જ્ઞાન ને વૈરાગ્યની અચિંત્ય શક્તિથી પુરુષાર્થની ધારા પ્રગટ કર. રાગથી ભિન્ન પડેલા જ્ઞાનથી ને રાગની વિરક્તિરૂપ વૈરાગ્યથી ધારાવાહી પુરુષાર્થ કર. યથાર્થ દૃષ્ટિ કરી ઉપર આવી જા એટલે કે રાગથી ભિન્ન પડી જા. પ્રભુ તારી ભૂમિકામાં તો અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદ પાકે એવો તું છો. પુણ્ય-પાપનો કૂવો એ તો ઝેરી ગેસવાળો છે. તેને જોવા જતાં આત્મા મરી જાય છે ને બાજુમાં ચૈતન્ય કૂવો છે તેને જોવા જાય છે ત્યાં ક્રમે ક્રમે કર્મો નાશ પામે છે. સંસાર મરી જાય છે, ને જીવ જીવતો થાય છે. ૩૯૧.

*

પ્રશ્નઃ- તત્ત્વનો નિર્ણય કરવામાં કેટલા વર્ષ કાઢવા ?

ઉત્તરઃ- કાર્ય થઈ જાય તો અંતર્મુહૂર્તમાં થાય અને નહીં તો જાવજીવ ( -આજીવન ) એ નિર્ણય કરવામાં કાળ જાય. આમાં કાળનો પ્રશ્ન જ ક્યાં છે ? જેટલું વીર્ય ઉલટામાં રોકયું છે તેને ગુલાંટ મારીને આ તરફ વાળે તો કાર્ય થયા વિના રહે જ નહીં. જેટલું કારણ આપવું જોઈએ તેટલું કારણ આપતો નથી ત્યાં સુધી કાર્ય આવતું નથી. ૩૯૨.

*

પ્રશ્નઃ- આત્માની રુચિ હોય ને અહીં સમ્યક્દર્શન ન થાય તો બીજા ભવમાં થાય ?

ઉત્તરઃ- આત્માની સાચી રુચિ હોય તેને સમ્યગ્દર્શન થાય. થાય ને થાય જ. યથાર્થ રુચિ અને લક્ષ હોય એને સમ્યગ્દર્શન ન થાય તેમ ત્રણકાળમાં બને જ નહીં. વીર્યમાં હીણપ ન આવવી જોઈએ. વીર્યમાં ઉત્સાહ ને નિશંકતા આવવી જોઈએ. કાર્ય થશે જ-એમ એના નિર્ણયમાં આવવું જોઈએ. ૩૯૩.

*

જેને આત્માની ખરેખર રુચિ જાગે તેને ચોવીશે કલાક એનું એ

ચિંતન, ઘોલન ને ખટક રહ્યાં જ કરે, ઊંઘમાં પણ એનું એ રટણ ચાલ્યા કરે. અરે! નરકમાં પડેલો નારકી ભીષણ વેદનામાં પડયો હોય અને પૂર્વે સત્ સાંભળ્યું હોય તેનું સ્મરણ કરી ફડાક દઈને અંદરમાં ઉતરી જાય છે. એને પ્રતિકૂળતા નડતી જ નથી ને! અને સ્વર્ગની અનુકૂળતામાં પડયો હોય તોપણ અનુકૂળતાનું લક્ષ છોડી અંદરમાં ઉતરી જાય છે, અને અહીં જરાક પ્રતિકૂળતા હોય તો અરે મારે આમ છે ને તેમ છે-તેમ કરી કરીને અનંત કાળ ગુમાવ્યો! હવે એનું લક્ષ છોડીને અંદરમાં ઉતરી જા ને! ભાઈ! આના વિના બીજો કોઈ સુખનો માર્ગ નથી. ૩૯૪.

*

અહો! આ આત્મતત્ત્વ તો ગહન છે, એને આંખો મીંચીને, બહારના પાંચે ઈન્દ્રિયનો વેપાર બંધ કરીને, મનના સંબંધથી વિચાર કરે કે અહો! આ આત્મવસ્તુ અચિંત્ય છે. જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક જ છે-એવો વિકલ્પથી નિર્ણય કરે છે તે હજુ પરોક્ષ નિર્ણય છે. પરોક્ષ એટલે પ્રત્યક્ષ સ્વાનુભવ નથી થયો માટે તેને પરોક્ષ કહ્યો. મનથી બહારનો બોજો ઘણો ઘટાડી નાખે ત્યારે મનથી અંદરના વિચારમાં રોકાય અને ત્યાંથી પણ પછી ખસીને અંદર સ્વભાવના મહિમામાં રોકાય એને આનંદનો અનુભવ થાય તેને સમ્યગ્દર્શન કહે છે. આવું વસ્તુનું સ્વરૂપ છે ને તેને પામવાનો આ ઉપાય છે. આમાં કાંઈ મૂંઝાવા જેવું નથી. સ્વભાવનો આશ્રય તો મૂંઝવણને ટાળી નાખે છે. અત્યારે લોકો બાહ્ય ક્રિયાકાંડમાં ચડી ગયા છે. તેને તો મનથી પણ સાચો નિર્ણય કરવાનો વખત નથી. ૩૯૫

*

આહાહા! ક્ષણમાં અનેક પ્રકારના વિચિત્ર રોગો થઈ જાય એવું શરીર છે. ક્યાં શરીર ને ક્યાં આત્મા! એને શેઢે કે સીમાડે મેળ નથી. આહા! આવો દુર્લભ મનુષ્ય દેહ મળ્યો છે ને આવો વીતરાગનો માર્ગ મહા ભાગ્યે મળ્યો છે તેને મનનો ઘણો ઘણો બોજો ઘટાડીને આત્માને ઓળખવા પ્રયત્ન કરવો જોઈએ. પાંચ ઈન્દ્રિયના વલણવાળો બોજો ઘટાડીને આત્માને

ઓળખવાના વિચારમાં રોકાવું જોઈએ. અંદર અનંત આનંદ આદિ સ્વભાવો ભર્યા છે એવા સ્વભાવનો મહિમા આવે (ઓળખાણ થતાં) એને અંદર પુરુષાર્થ ઉપડયા વિના રહે જ નહિ. ૩૯૬.

*

પ્રશ્નઃ- પહેલાં અશુભરાગ ટાળે ને શુભરાગ કરે તો પછી શુદ્ધભાવ થાય તેવો ક્રમ તો છે ને?

ઉત્તરઃ- એ ક્રમ જ નથી. પહેલાં સમ્યગ્દર્શન પ્રગટ કરે છે પછી એકદમ શુભરાગ ટાળી શકતો નથી. તેથી પહેલાં અશુભરાગ ટાળીને શુભરાગ આવે છે. એ સાધકના ક્રમની વાત છે. ૩૯૭.

*

પ્રશ્નઃ- તો અજ્ઞાનીને શું કરવું?

ઉત્તરઃ- અજ્ઞાનીને પહેલાં વસ્તુસ્વરૂપનું સાચું જ્ઞાન કરીને આત્માનું ભાન કરવું. એ સમ્યગ્દર્શન પામવાનો સાચો ઉપાય છે. શુભરાગના ક્રિયાકાંડ કરવા તે સાચો ઉપાય નથી. ૩૯૮.

*

આત્માને સદાય ઊર્ધ્વ એટલે મુખ્ય રાખવો. ગમે તે પ્રસંગ આવે પણ દ્રવ્ય સ્વભાવને મુખ્ય રાખવો. શુભાશુભ પરિણામ આવે ભલે. પણ કાયમ દ્રવ્ય સ્વભાવનું ધ્યેય રાખવું. આત્માને મુખ્ય રાખતાં જે દશા થાય તે નિર્મળ દશાને સાધન કહેવાય છે ને તેનું સાધ્ય કેવળજ્ઞાન કરવું તે છે ને તેનું ધ્યેય પૂર્ણ આત્મા છે. કષાયની મંદતા કે જ્ઞાનના ઉઘાડની મુખ્યતા હશે તેની દૃષ્ટિ સંયોગ ઉપર જશે. આત્માની ઊર્ધ્વતાની રુચિ અને જિજ્ઞાસા હોય તેનો પ્રયાસ થયા વિના રહે જ નહિ. આત્માના અનુભવ પહેલાં પણ સાચી જિજ્ઞાસા હોય તેને અવ્યક્તપણે આત્માની ઊર્ધ્વતા છે. અહીં હજી આત્મા જાણવામાં આવ્યો નથી પણ અવ્યક્તપણે ઊર્ધ્વતા થાય છે. અને અનુભવમાં આવે ત્યારે વ્યક્ત-પ્રગટ ઊર્ધ્વતા થાય છે. ૩૯૯.

*

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ક્ષણ ભંગુર સંયોગના લક્ષે થતાં પરિણામ ક્ષણમાં પલટી જશે પણ જ્યારે શાશ્વત રહેનારા આત્માનું લક્ષ કરે ત્યારે પરિણામ શુદ્ધ થશે ને એ શુદ્ધ પરિણામ શુદ્ધપણે શાશ્વત થતાં રહેશે. આનંદસ્વરૂપ જ્ઞાયકસ્વરૂપ ભગવાન આત્માનો અદ્ભુત આશ્ચર્યકારી ને ગહન સ્વભાવ છે. એ સ્વભાવનું લક્ષ કરવું એ જ આ દુર્લભ ભવની સાર્થકતા છે. ૪૦૦

*

એક આત્મા જ સાર છે. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ સાર નથી. એક સમયની પર્યાય પણ સાર નથી. સારમાં સાર તો એક આત્મા જ છે. ચૌદ બ્રહ્માંડમાં સારમા સાર એક આત્મા જ છે. એ સિવાય બીજું બધું નિઃસાર છે. પૈસા, લક્ષ્મી, ચક્રવર્તીપદ, ઇન્દ્રપદ એ બધું નિઃસાર છે. ચૈતન્ય બાદશાહ એક જ જગતમાં સાર છે. અનાકુળ આનંદનો કંદ, ધ્રુવ સામાન્ય વસ્તુ તે એક જ સાર છે. ચક્રવર્તીપદ કે ઇન્દ્રનું ઇન્દ્રાસન તે પણ સાર નથી. ૪૦૧.

*

પર્યાયની બાજુમાં જ ભગવાન પૂર્ણાનંદનો નાથ બિરાજે છે તે સર્વોત્કૃષ્ટ ચીજ છે. આશ્ચર્યકારી ચીજ છે. પોતાનો સર્વોત્કૃષ્ટ ભગવાન આત્મા સિદ્ધની પર્યાય કરતાં પણ સર્વોત્કૃષ્ટ છે કેમકે સિદ્ધદશા એ તો એક સમયની પર્યાય છે ને આત્મા તો એવી અનંતી સિદ્ધ પર્યાય જેમાંથી પ્રગટે એવું દ્રવ્ય છે, તે સર્વોત્કૃષ્ટ છે. અપરિમિત, અમર્યાદિત, જ્ઞાન, દર્શન આદિ અનંત શક્તિનો પિંડ સર્વોત્કૃષ્ટ આત્મા છે. સર્વોત્કૃષ્ટ ચીજને જે દૃષ્ટિ સ્વીકારે તે સમ્યગ્દૃષ્ટિ છે. પર્યાયને ને ગુણભેદને સ્વીકારે તે દૃષ્ટિ સમ્યક્ નથી. ૪૦૨.

*

જે છૂટી જાય છે એ તો તુચ્છ વસ્તુ છે, તેને છોડતાં તને ડર કેમ લાગે છે. શરીર છૂટતાં કે વાણી બંધ થતાં તને ડર કેમ લાગે છે? એ તો તુચ્છ વસ્તુ છે. તેને છોડતાં તને ડર કેમ લાગે છે? જે આશ્ચર્યકારી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

સર્વોત્કૃષ્ટ પ્રભુ છે તેનો આશ્રય લે, તને આનંદ ઝરશે. ચિંતામણી રત્ન કહો, કલ્પવૃક્ષ કહો, કામધેનું કહો, તે આત્મા પોતે છે. જ્યારે જ્યારે તેનો આશ્રય કરે, ત્યારે ત્યારે આનંદનો આસ્વાદ આવે છે. ૪૦૩.

*

સંયોગનું લક્ષ છોડી દે ને નિર્વિકલ્પ એકરૂપ વસ્તુ છે તેનો આશ્રય લે. વર્તમાન (પર્યાય) માં ત્રિકાળી જ્ઞાયક તે હું છું એમ આશ્રય કર. ગુણ-ગુણીના ભેદનું પણ લક્ષ છોડીને એકરૂપ ગુણીની દૃષ્ટિ કર. તને સમતા થશે, આનંદ થશે, દુઃખનો નાશ થશે. એક ચૈતન્ય વસ્તુ ધ્રુવ છે તેમાં દૃષ્ટિ દેવાથી તને મુક્તિનો માર્ગ પ્રગટ થશે. અભેદ ચીજ કે જેમાં ગુણ-ગુણીના ભેદનો પણ અભાવ છે ત્યાં જા, તને ધર્મ થશે રાગથી છૂટવાનો પંથ હાથ આવશે, વિકાર ને દુઃખથી છૂટવાનો પંથ તને હાથ આવશે. ૪૦૪.

*

સ્ત્રી-પુત્ર-પૈસા આદિમાં રચ્યા-પચ્યા રહેવું એ તો સર્પનો મોટો રાફડો છે. ઝેરીલો સ્વાદ છે. પણ શુભમાં આવવું એ પણ સંસાર છે. પરમ પુરુષાર્થી મહાજ્ઞાનીઓ અંદરમાં ગુમ થયા એ બહાર ન આવ્યા. ૪૦૫.

*

સમ્યગ્દૃષ્ટિને તો બહારના વિકલ્પમાં આવવું ગમતું નથી. અહીં તો વિશેષ દશાવાળાની વાત લીધી છે કે મહાજ્ઞાનીઓ અંદરમાં જામી ગયા છે. અહો! તે ધન્ય દિવસ કયારે આવે કે મારે બહાર આવવું જ ન પડે!- આવી જ્ઞાનીની ભાવના હોય છે. સમકિતીને આવી દશાની ભાવના હોય છે. પણ હું દુનિયાને સમજાવું આદિ ભાવના હોતી નથી. ૪૦૬.

*

સ્ત્રી-પુત્ર-પૈસા-આબરું આદિમાં કે રાગની મંદતામાં સુખ છે એમ માને છે તેણે જીવનું મરણ કર્યું છે કે હું પોતે આનંદસ્વરૂપ નથી પણ મારો

આનંદ બહારથી મળે છે! ચૈતન્યપરિણતિથી જીવે તે જીવનું જીવન છે. બાકી બધા ચાલતાં મડદા છે. પામર પર ચીજમાં નજર દોડાવીને સુખી માને છે પણ પ્રભુ તું દુઃખી છો! જ્યાં આનંદનું ધામ છે, આનંદનો ઢગલો છે, તેને જેણે પ્રતીતિમાં ને જ્ઞાનમાં લીધું તેને જ્ઞાન અને આનંદની પરિણતિ થઈ-એ ખરું જીવન છે. ૪૦૭.

*

બહારમાં હોંશુ ન કરીશ ભાઈ! એ બધું તો ક્ષણભંગુર છે ને અનંતવાર મળ્યું છે. બહારમાં સર્વસ્વ મનાઈ ગયું છે તે પલટીને અનંતગુણનો પિંડ આત્મા એ મારું સર્વસ્વ છે એમ માન. ભગવાન પૂર્ણાનંદનો નાથ. ચૈતન્યની ઝળહળ જ્યોત છે. તેનું પરિણમન થાય તે જીવનું જીવન છે. પુણ્ય-પાપ ને તેના ફળમાં સર્વસ્વ માને છે તે અસાધ્ય-બેશુદ્ધ થઈ ગયો છે. માટે હવે બહારમાં સર્વસ્વ મનાઈ ગયું છે તે પલટીને સ્વમાં સર્વસ્વ માન. ૪૦૮.

*

પ્રભુ તારી ચીજ તો નિર્મળ છે. તેથી નિર્મળ પરિણતિથી તને પ્રભુ મળશે. (રાગરૂપ મલિન પરિણતિથી નહીં મળે) રાગ મારો છે ને તેનાથી મને લાભ થશે એમ પકડ રાખી છે પણ ચૈતન્યસ્વરૂપ આત્માની પકડ કર તો સંસારરૂપી મગરમચ્છના મુખમાંથી છૂટી શકીશ. પ્રભુ! તારામાં તાકાત છે. તું પરથી ભિન્ન પડી શકે છે. મગર તો કદાચિત ન છોડે પણ તું પરથી ભેદજ્ઞાન કરીને સંસારરૂપી મગરના મુખમાંથી છૂટી શકે તેમ છો. માટે પરથી ભિન્ન પડીને તારા આત્માને પકડ. ૪૦૯

*

રાગી છું કે રાગી નથી એવા નયોથી અતિક્રાંત વસ્તુ છે. વ્રત-તપાદિનો રાગ એ તો સ્થૂળ રાગ છે પણ રાગી છું કે રાગી નથી એવા સૂક્ષ્મ રાગથી પણ શુદ્ધ ચૈતન્યતત્ત્વમાં અંદર જવાતું નથી. વસ્તુ શુદ્ધ ચૈતન્ય હોવાથી શુદ્ધ નિર્મળ પરિણામથી વસ્તુને પકડી શકાય છે. એટલે

કે અંદર જઈ શકાય છે. હું શુદ્ધ છું.–એવા વિકલ્પથી પણ વસ્તુ હાથ આવે એવી નથી. ૪૧૦.

*

પહેલા રાગની મંદતા કરું એમ રહેવા દે ને એકદમ પુરુષાર્થ કર. વિકલ્પના વાયદા રહેવા દે ને એકદમ પુરુષાર્થ કર. જેમ કૂવામાં ઉભો કોશીયો પડે ને તળિયાની તાગ લઇ આવે તેમ એકદમ પુરુષાર્થ કરીને ધ્રુવ જેનું તળિયું છે ત્યાં ઊંડો ઉતરી જા. ત્રિકાળ જ્ઞાયકભાવ આનંદનો નાથ પ્રભુ છે ત્યાં ઊંડો ઉતરી જા. પર્યાય તો ઉપર ઉપર છે. દ્રવ્યમાં પેસી ગઈ નથી. પર્યાયનું લક્ષ દ્રવ્યના ઊંડાણમાં લઈ જા. પર્યાય દ્રવ્યમાં જાય નહીં પણ પર્યાયનું લક્ષ દ્રવ્યમાં લઈ જા. ૪૧૧.

*

ક્યાંય રોકાઈશ નહીં. વિકલ્પની કાંઈ પણ ખટક રહ્યા કરશે ત્યાં સુધી અંદર નહીં જઈ શકે. હમણાં યુવાની છે માટે રળી લઈએ–એ રહેવા દે બાપુ! મોત માથે નગારા વગાડે છે. પછી કરીશ, પછી કરીશ એમ રહેવા દે. અંદરમાં કાંઈ પણ વિકલ્પ રહેશે કે આ કરું આ કરું–એમ વાયદા કરીશ તો અંદર જઈ શકીશ નહીં. ૪૧૨.

*

દ્રવ્ય સદા નિર્લેપ છે. કોને?–જે તેને જાણે એને. સંયોગ ને રાગ ઉપરથી દૃષ્ટિ છોડીને, એક સમયની જ હૈયાતી છે તેનું લક્ષ છોડીને ભગવાન જે નિર્લેપ છે તેની દૃષ્ટિ કરે તો સમ્યગ્દર્શન થાય. ૪૧૩.

*

આ આત્મા પ્રત્યક્ષ છે. જેમ સામે કોઈ ચીજ પ્રત્યક્ષ હોય છે ને! તેમ આ આત્મા પ્રત્યક્ષ છે. તેને દેખ! તેમ આચાર્યદેવ કહે છે. આ શરીર છે, કુટુંબ છે, ધન, મકાન, વૈભવ છે–એમ તું દેખે છો, પણ એ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


બધાં તો તારાથી અત્યંત ભિન્ન પરદ્રવ્ય છે. તેનાથી ભિન્ન આ આત્મા સ્વસંવેદન પ્રત્યક્ષ છે. તેને દેખ! તો તારો મોહ તુરત નાશ થઈ જશે. ૪૧૪.

*

પ્રશ્નઃ- સમ્યગ્દર્શન થયા પહેલા અનુમાનજ્ઞાનથી આત્મા જેવો છે તેવો જાણી શકાય ખરો?

ઉત્તરઃ- પહેલાં અનુમાનજ્ઞાનથી ઓઘે-ઓઘે જાણે, પણ સ્વાનુભવમાં જ યથાર્થ આત્મા જેવો છે તેવો જણાય છે.

પ્રશ્નઃ- અનુમાનજ્ઞાનથી આત્મા જાણનારને પર્યાયમાં ભૂલ છે કે આત્મા જાણવામાં ભૂલ છે?

ઉત્તરઃ- અનુમાનજ્ઞાનવાળાએ આત્મા યથાર્થ જાણ્યો જ નથી. આત્માને જાણવામાં ભૂલ છે. સ્વાનુભવ પ્રત્યક્ષથી જ આત્મા જેવો છે તેવો જાણવામાં આવે છે. અનુમાનથી તો શાસ્ત્ર ને સર્વજ્ઞ કહે છે તેવો આત્મા જાણે છે, પણ યથાર્થ તો સ્વાનુભવમાં જ જણાય છે. સ્વાનુભવથી જાણ્યા વિના આત્મા યથાર્થ જાણવામાં આવતો નથી. ૪૧૫.

*

આહાહા! આનંદનો નાથ પરમાત્મસ્વરૂપ આત્મા એ મહા ગંભીર વસ્તુ છે. લોકોને અજાણ્યું લાગે. જેમ અજાણ્યા દેશમાં જાય ને અજાણ્યું-અજાણ્યું લાગે. પણ બાપુ! આ તો ભગવાનના દેશની વાતો છે. એને રુચિથી સાંભળે તો તેના પોતાના ઘરની જ છે. અજાણ્યું કાંઈ નથી. પોતાનું જ છે. અનંત અનંત જન્મ-મરણના નાશની વાતો છે. તેનો અભ્યાસ જોઇએ. નિવૃત્તિ જોઈએ. લૌકિક ભણતરમાં પણ દસ પંદર વર્ષ ગાળે છે તો આમાં થોડો વખત લઈને અભ્યાસ કરવો જોઈએ. આ વસ્તુ ગંભીર છે. નિશ્ચય કઈ વિધિથી છે, વ્યવહાર કઈ વિધિથી છે, વિગેરે જાણવું જોઇએ. આ તો સર્વજ્ઞે જાણીને કહેલી વાતો છે એને રુચિથી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


અંદરમાં જઈને અનુભવે તો એનો મહિમા કેવો ને કેટલો છે તે ખ્યાલમાં આવે. ૪૧૬.

*

આત્મા ગમે તેવા સંયોગમાં પણ પોતાની શાંતિ પ્રગટ કરી શકે છે. પોતાની શાંતિને પ્રગટ કરવામાં જગતનો કોઈ બાહ્ય પદાર્થ વિઘ્ન કરવા સમર્થ નથી. ગમે તેવા આકરા પ્રસંગો આવી પડે. દીકરો મરી જાય, દીકરી રાંડે, જંગલમાં એકલો પડી ગયો હોય ને કોલેરા આદિનો રોગ થઈ ગયો હોય. ક્ષુધા-તૃષાની આકરી વેદના હોય કે સિંહ વાઘ ફાડી ખાવા આવ્યો હોય કે ગમે તેવા આકરા પ્રસંગ આવી પડે તોપણ તે સંયોગનું લક્ષ છોડીને અંદરમાં આત્મા પોતાની શાંતિને પ્રગટ કરી શકવા સમર્થ છે. બાહ્યમાં રહેલી પ્રતિકૂળતા અંદરમાં આત્મશાંતિને રોકી શકતી નથી. શાસ્ત્રમાં તો કહે છે કે નરકની એક ક્ષણની પીડા એવી છે કે તેને કોટિ જીભથી કોટિ વર્ષ સુધી કહેવામાં આવે તોપણ એ પીડા કહી શકાય નહીં એવી આકરી નરકની પીડા છે. છતાં ત્યાં પણ એ સંયોગનું ને પીડાનું લક્ષ છોડી દે તો આત્મા પોતાની શાંતિને પ્રગટ કરી શકે છે. ભાઈ! તારું તત્ત્વ હાજરાહજૂર છે. તેમાં લક્ષ કરીને પોતાની શાંતિને પ્રગટ કરી શકાય છે. ૪૧૭.

*

જાણનાર... જાણનાર... જાણનાર તે માત્ર વર્તમાન પૂરતું સત્ નથી. જાણનાર તત્ત્વ તે પોતાનું ત્રિકાળી સત્પણું બતાવી રહ્યું છે. જાણનારની પ્રસિદ્ધિ તે વર્તમાન પૂરતી નથી પણ વર્તમાન છે તે ત્રિકાળીને પ્રસિદ્ધ કરી રહ્યું છે. વર્તમાન જાણનાર અસ્તિ તે ત્રિકાળી અસ્તિ-સત્ને બતાવે છે. ૪૧૮.

*

પ્રશ્નઃ- મિથ્યાત્વ-આસ્રવભાવને તોડવાનો વજ્રદંડ શું?

ઉત્તરઃ- ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવ છે. તે વજ્રદંડ છે. તેનો આશ્રય

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

લેવાથી મિથ્યાત્વ-આસ્રવભાવ તૂટે છે. પહેલામાં પહેલું કર્તવ્ય રાગથી ભિન્ન પડીને જ્ઞાયકભાવની દૃષ્ટિ કરવી એ છે. એ કાર્ય કર્યા વિનાના વ્રતાદિ બધું થોથા છે. ૪૧૯.

*

ભાઈ! તું સંસારનાં પ્રસંગોને યાદ કર્યા કરે છે પણ તું પોતે પૂર્ણાનંદનો નાથ અનંત ગુણરત્નોથી ભરેલો મહાપ્રભુ સદાય એવો ને એવો જ છો તેને યાદ કર ને! બાયડી, છોકરા આદિને આમ રાજી રાખ્યા હતા ને આમ ભોગ વિલાસ મોજ મજા માણી હતી, તેમ યાદ કરે છે, સ્મરણ કરે છે, પણ એ તો બધા તને દુઃખના કારણો છે. સુખનું કારણ તો તારો સ્વભાવ છે. તે સદાય શુદ્ધરૂપે એવો ને એવો જ પડયો છે. ચાર ગતિઓના ભ્રમણ કરવા છતાં તારો સ્વભાવ સુખસાગર એવો ને એવો જ ભર્યો પડયો છે. તેને યાદ કર ને! તેનું સ્મરણ કર ને! એ એક જ તને સુખ-શાંતિનું કારણ થશે. ૪૨૦.

*

ભાઈ! તું ચેતીને રહેજે. મને આવડત છે-એમ આવડતની હૂંફના અભિમાનને રસ્તે ચડીશ નહીં. વિભાવના રસ્તે તો અનાદિનો ચડેલો જ છો. અગિયાર અંગના જ્ઞાનમાં, ધારણામાં તો બધું આવ્યું હતું પણ શાસ્ત્રની ધારણાના જ્ઞાનની અધિકતા કરી પણ આત્માની અધિકતા કરી નહીં. ધારણાજ્ઞાન આદિના અભિમાનથી રોકવા માટે ગુરુ જોઈએ. માથે ટોકનાર ગુરુ જોઈએ. ૪૨૧.

*

પ્રભુ! આવડતના અભિમાનથી દૂર રહેવું સારું છે. બહાર પડવાના ભાવથી -બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં આત્માર્થી ને લાભ છે. આવડતના કારણે લોકો માન-સન્માન-સત્કાર કરે પણ એ પ્રસંગોથી આત્માર્થીએ દૂર ભાગવા જેવું છે. એ માન-સન્માનના પ્રસંગો નિઃસાર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. કોઈ હિતકર નથી. એક આત્મસ્વભાવ જ સારભૂત ને હિતકારી છે. માટે આવડતના અભિમાનથી દૂર ભાગી આત્મસન્મુખ જ વળવા જેવું છે. ૪૨૨.

*

જડ-પર્યાયરૂપ દ્રવ્યેન્દ્રિય, ખંડખંડ જ્ઞાનરૂપ ભાવેન્દ્રિય અને પાંચ ઇન્દ્રિયના વિષયભૂત પદાર્થ-ત્રણેને જ્ઞાયકના અવલંબન વડે ભિન્ન કરવા એ ઇન્દ્રિયનું જીતવું કહેવાય છે. ત્રણેનું લક્ષ છોડીને પોતાના આત્મામાં એકાગ્રતા કરવી એ નિશ્ચય સ્તુતિ છે. ૪૨૩.

*

સદા અંતરંગમાં ઝળહળ જ્યોતિ પ્રકાશમાન અવિનશ્વર, સ્વતઃસિદ્ધ તથા પરમાર્થ સત્ પરમ પદાર્થ એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે. તેના અવલંબને ઇન્દ્રિયોનું જીતવું થાય તેને સંતો જિતેન્દ્રિય કહે છે. ૪૨૪.

*

જે નિર્મળભાવનો પિંડ છે એવા ચૈતન્યનો જેને મહિમા છે તેને સમ્યગ્દૃષ્ટિ કહે છે અને તેને દયા-દાન આદિના રાગની ને તેના ફળની મહિમા હોતી નથી. જેને દયા-દાન આદિના રાગની ને તેના અનુકૂળ ફળની મહિમા છે તેને સુખનો સમૂહ, આનંદનો કંદ એવા આત્માની મહિમા નથી આવતી. જેને વ્યવહાર- રત્નત્રયના શુભ રાગની, દેવ-શાસ્ત્ર-ગુરુની અંદરમાં મહિમા વર્તે છે તેને, નિમિત્તનો જેમાં અભાવ, રાગનો જેમાં અભાવ એવા સ્વભાવભાવનો મહિમા નથી, તેથી પર્યાયમાં તેને આનંદ આવતો નથી. જેને શુભભાવથી માંડીને બહારમાં કંઈ પણ અધિકતા, આશ્ચર્યતા ને મહિમા ( આવે ) છે, તેને સમ્યગ્દર્શન થતું નથી. ૪૨૫.

*

હું જાણનાર દેખનાર જ્ઞાતા છું-એમ વારંવાર અંતર્મુખ અભ્યાસ કરવાથી જ્ઞાતાપણું પ્રગટ થાય છે ને ત્યારે વિકલ્પનું કર્તાપણું છૂટે છે. ૪૨૬.

*

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ચૈતન્યમૂર્તિ મુક્તસ્વરૂપ છે. ચૈતન્યમૂર્તિ, અનંતગુણનું અરૂપી સ્વરૂપ, તે અંદરમાં મુક્તસ્વરૂપ છે. એ મુક્ત સ્વરૂપનું અંદર ધ્યાન કરવાથી પર્યાયમાં મુક્તસ્વરૂપ પ્રગટ થાય છે. બાહ્યથી મુક્તસ્વરૂપ પ્રગટ થતું નથી પણ અંદર જે પૂર્ણાનંદ સ્વરૂપ છે તેને દૃષ્ટિમાં લઈ તેનું ધ્યાન કરીને અંદરમાં સ્થિર થઈ જવાથી પર્યાયમાં મુક્તપણું પ્રગટ થાય છે. ધ્યાન કરતા તો આવડે જ છે ને! આર્ત્તધ્યાન આદિ તો કરે જ છે ને? છોકરાના લગ્નનો આખો વરઘોડો નીકળી જાય છતાં વિચારમાં-ધ્યાનમાં વિકલ્પમાં એવો મશગૂલ થઈ જાય કે ખબર ન પડે! તેમ અતીન્દ્રિય આનંદ સ્વરૂપ પ્રભુને ધ્યાનમાં લઈને ઠરી જા. ૪૨૭.

*

આત્મામાં અનંતા ગુણો ભર્યા છે ને એક એક ગુણમાં અનંતા ગુણોનું રૂપ છે ને એક એક ગુણમાં અનંતી પર્યાય થવાની તાકાત છે. તારો સ્વદેશ ભગવાન અનંત ગુણોની અદ્ભુત ૠદ્ધિથી ભરેલો છે. તેમાં એકવાર નજર કર તો તને સંતોષ થશે, આનંદ થશે. પુણ્ય-પાપના પરિણામમાં નજર કરતાં દુઃખ વેદાય છે. ૪૨૮.

*

શુભરાગ થવો એ કાંઈ વિશેષ નથી. ક્ષણમાં શુભ ને ક્ષણમાં અશુભ ભાવ થયા જ કરે છે. અરે! નિગોદના જીવને કે જે અનાદિથી બહાર આવ્યો નથી ને અનંત કાળે પણ બહાર આવશે નહિ એવા નિગોદના જીવને પણ ક્ષણે શુભ ને ક્ષણે અશુભ રાગ આવ્યા કરે છે. એ કાંઈ વિશેષ વાત નથી. ધર્મીને જ્ઞાનધારા ક્ષણે ક્ષણે ચાલ્યા કરે છે. એ જ્ઞાનધારા ચાલવી એ જ વિશેષ વાત છે. એ જ્ઞાનધારાથી જ સંસાર ભ્રમણ છૂટે છે. ૪૨૯.

*

પ્રશ્નઃ- અગિયાર અંગ ને નવ પૂર્વના જ્ઞાનવાળો પંચ મહાવ્રતોનું

પાલન કરે છતાં આત્માનું જ્ઞાન કરવામાં તેને શું બાકી રહી ગયું?

ઉત્તરઃ- અગિયાર અંગનું જ્ઞાન ને પંચ મહાવ્રતનું પાલન કરવા છતાં એને ભગવાન આત્માનું અખંડ જ્ઞાન કરવું બાકી રહી ગયું. ખંડ-ખંડ ઈન્દ્રિયજ્ઞાન-અગિયાર અંગનું કર્યું હતું તે ખંડખંડ જ્ઞાન પરવશ હોવાથી દુઃખનું કારણ હતું. અખંડ આત્માનું જ્ઞાન કર્યા વિનાનું અગિયાર અંગનું જ્ઞાન નાશ પામતા કાળક્રમે નિગોદમાં પણ તે જીવ ચાલ્યો જાય છે. અખંડ આત્માનું જ્ઞાન કરવું તે જ મૂળ વસ્તુ છે. એના વિના ભવભ્રમણનો અંત નથી. ૪૩૦.

*

પ્રશ્નઃ- નિશ્ચય (શુદ્ધ પરિણમન) સાથેનો ઉચિત રાગ (ભૂમિકા અનુસારનો રાગ) હોય તેને ક્રોધ કહેવાય?

ઉત્તરઃ- નહિ, અહીં સમયસાર ગાથા ૬૯-૭૦-૭૧માં જેને આત્મસ્વ- ભાવની રુચિ નથી, અનાદર છે તેના રાગભાવને ક્રોધ કહ્યો છે એટલે કે મિથ્યાત્વ સહિતના રાગાદિ ભાવને ક્રોધ કહ્યો છે. જ્ઞાનીના અસ્થિરતાના રાગનું તો જ્ઞાનીને જ્ઞાન થાય છે. જ્ઞાનના પરિણમનવાળા જ્ઞાનીને આનંદરૂપ આત્મા રુચે છે. આત્મા માલૂમ પડે છે. તેથી તેને રાગની રુચિરૂપ ક્રોધ હોતો જ નથી. તેથી ક્રોધ માલૂમ પડતો નથી. અજ્ઞાનીને દુઃખરૂપ ભાવ-રાગભાવ રુચે છે. આનંદરૂપ ભાવ રુચતો નથી. તેથી તેને ક્રોધાદિ જ માલૂમ પડે છે. આત્મા માલૂમ પડતો નથી. આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે તેની રુચિ નથી અને પુણ્યના પરિણામની રુચિ છે. તેને આત્માનો અનાદર છે, તેથી તેને સ્વરૂપ પ્રત્યે ક્રોધી કહે છે. ૪૩૧.

*

પ્રશ્નઃ- આત્મા પરોક્ષ છે તો કેમ જણાય?

ઉત્તરઃ- આત્મા પ્રત્યક્ષ જ છે. પર્યાય અંતર્મુખ થાય તો આત્મા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રત્યક્ષ છે તેમ જણાય છે. બહિર્મુખ પર્યાયવાળાને આત્મા પ્રત્યક્ષ લાગતો નથી– પ્રત્યક્ષ દેખાતો નથી પણ આત્મા પ્રત્યક્ષ જ છે. એની સન્મુખ ઢળીને દેખે તો જણાય છે. ૪૩૨.

*

ચલો સખી વહાં જઈએ,
જહાં અપના નહિ કોઈ,
શરીર ભખે જનાવરા,
મુવા રોવે ન કોઈ,

આહાહા! સંગથી ચાલ્યો જા! સંગમાં રોકાવા જેવું નથી. ગિરિગુફામાં એકલો ચાલ્યો જા! આ મારગ એકલાનો છે. સ્વભાવના સંગમાં પડયો એને શાસ્ત્રસંગ પણ ગોઠતો નથી. આહાહા! અંદરની વાતો બહુ ઝીણી છે ભાઈ! શું કહીએ. ૪૩૩.

*

ખરેખર તો આત્મા રાગને ત્યાગે છે એમ કહેવું એ પણ નામમાત્ર છે. કેમકે રાગાદિને પરભાવરૂપ જાણીને, જ્ઞાનમાં સ્થિર થતાં રાગાદિ ઉત્પન્ન થતા જ નથી. જ્ઞાન જ્ઞાનમાં ઠરે છે ત્યારે રાગાદિ ઉત્પન્ન થતા જ નથી. તેથી સ્થિર થયેલું જ્ઞાન તે જ પ્રત્યાખ્યાન છે. ૪૩૪.

*

આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે એમ જ્ઞાનમાં આવ્યું છે એવો જ્ઞાની જીવ જીવનમાં સ્થિર થઈ જાય છે. એ પ્રત્યાખ્યાન છે. જ્ઞાન જ્ઞાનમાં સ્થિર થયું ત્યાં આનંદની વિશેષ ધારા વહી એ જ પ્રત્યાખ્યાન છે. પોતાના જ્ઞાનમાં રાગના અભાવરૂપ અવસ્થા અર્થાત્ આનંદની ઉગ્ર અવસ્થા પ્રત્યાખ્યાન છે. ૪૩૫.

*

ખરેખર ત્યાગ કોને કહે?–અતીન્દ્રિય આનંદના નાથની દૃષ્ટિ તો થઈ છે ને રાગરૂપે નહીં થનારો મારો જે દ્રવ્યસ્વભાવ છે તે રાગરૂપે થતો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

નથી એમ દ્રવ્યસ્વભાવમાં ઠરે છે ત્યારે રાગનું પરિણમન છૂટી જાય છે એ રાગનો ત્યાગ છે. ખરેખર તો રાગનો ત્યાગ કરે છે એમ કહેવું એ પણ આત્મામાં નામ માત્ર છે. કેમકે રાગરૂપે થયો નહીં ને આનંદરૂપે પરિણમતા, આત્મામાં સ્થિર થતાં રાગ ઉત્પન્ન ન થયો તેથી રાગનો ત્યાગ કરે છે એમ કથનમાત્ર છે. ૪૩૬.

*

હે ભવ્ય! "રાગ એ મારું કાર્ય છે. રાગ તે હું છું"–એવો અકાર્ય કોલાહલ છોડી દે. શુભરાગ છે એ પણ તારું કાર્ય નથી. રાગ એ તારું અકાર્ય છે. દયા–દાન–વ્રત–તપ–ભક્તિનો રાગ હો કે–ગુણ–ગુણીના ભેદનો વિકલ્પ–રાગ હો પણ એ નકામો કોલાહલ છે. એ કોલાહલથી તને શો લાભ છે પ્રભુ! એ કોલાહલથી તું વિરક્ત થા. પુણ્યના પરિણામના કાર્યથી તું છૂટો થા. ૪૩૭.

*

પરિણામને પરિણામ વડે દેખ એમ નહીં પણ પરિણામ વડે ધ્રુવને દેખ. પર્યાયથી પરને તો ન દેખ, પર્યાયને પણ ન દેખ, પણ ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ તેને પર્યાયથી દેખ. તેને તું જો. તારી દૃષ્ટિ ત્યાં લગાવ. છ મહિના આવો અભ્યાસ કર. અંતર્મુખતત્ત્વને અંતર્મુખના પરિણામ વડે દેખ. અંતરમાં પ્રભુ પરમેશ્વર પોતે બિરાજે છે તેને એકવાર છ માસ તો તપાસ કે આ શું છે? બીજી ચપળાઇ ને ચંચળાઈ છોડી દઈ અંદર ભગવાન પૂર્ણાનંદનો નાથ સિદ્ધસદૃશ પ્રભુ છે તેને છ માસ તપાસ. ૪૩૮.

*

અહીં છ–માસનો અભ્યાસ કહ્યો તેથી એટલો જ વખત લાગે તેમ ન સમજવું, ખરેખર તો એક સમયમાં પ્રાપ્ત થાય છે પણ ઉપયોગ અસંખ્ય સમયનો હોવાથી અંતર્મુહૂર્તમાં પ્રાપ્ત થાય છે પરંતુ શિષ્યને કઠિન લાગતું હોય તો કહે છે કે છ–માસથી વધુ કાળ નહીં લાગે માટે

જ્ઞાયક ભગવાનની લગની લગાવ. ૪૩૯.

*

પરથી વિરક્તતા અને વિભાવની તુચ્છતા આવ્યા વિના અંદર આવી શકે નહીં. સ્ત્રી, પુત્ર, પૈસા આદિથી અમે વધ્યા છીએ એમ માને તે મૂઢ છે. જેને પરદ્રવ્યની વિરક્તતા લાગે નહીં, રાગાદિ વિભાવની તુચ્છતા લાગે નહીં ને અંદર તાલાવેલી અર્થાત્ ઉત્કંઠા જાગે નહીં તે અંદર ક્યાંથી જઈ શકે? ૪૪૦.

*

દેહની સ્થિતિ પણ મર્યાદિત છે, કર્મની સ્થિતિ પણ મર્યાદિત છે ને વિકારની સ્થિતિ પણ મર્યાદિત છે. પોતાની પર્યાયમાં જે કાર્ય થાય છે એ પણ મર્યાદિત છે. અંદરમાં એટલે કે સ્વભાવમાં મર્યાદા ન હોય. પ્રભુ! વસ્તુસ્વભાવ, જ્ઞાનસ્વભાવ આદિ ત્રિકાળી સ્વભાવની મર્યાદા ન હોય. ધર્મીની દૃષ્ટિ એ અમર્યાદિત સ્વભાવ ઉપર હોય છે. બહારના કાર્યમાં ધર્મી દેખાય પણ એ તો અમર્યાદિત સ્વભાવમાં ઝૂલે છે. ત્યાં તેની દૃષ્ટિ ચોંટી ગઇ હોય છે. ૪૪૧.

*

પોતાની ચીજ અખંડ આનંદકંદ ચૈતન્ય છે તેની જેને ખબર નથી તે બધા ચાલતા મડદા છે. પછી ભલે તે કરોડોપતિ કે મોટો રાજા હોય, પણ પોતાની ચૈતન્યલક્ષ્મીનું ભાન નથી તે બધા ચાલતાં મડદા છે. દુનિયાના ડાહ્યા થઈને પાંચ પચ્ચીસ લાખ કમાતા હોય કે લૌકિક બુદ્ધિના ખાં થઈને ફરતા હોય પણ તે પોતાની પ્રભુતાના ભાન વિના, પોતાની મહાનતાના ભાન વિના, નરકાદિના અનંત અનંત દુઃખોને ભોગવવાના, કે જે દુઃખોનું વર્ણન કરોડો જીભ વડે કરોડો ભવ સુધી કહે તોપણ કહી શકાય નહિ એવા અનંત દુઃખોને પોતાના પ્રભુના ભાન વિના ભોગવવા પડશે. ૪૪૨.

*

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


જેને આત્મા પોષાય છે તેનાથી આત્મા ગુપ્ત રહેતો નથી. પૂરણ સ્વરૂપ ભગવાન આત્મા જેને રુચિમાં પોષાય છે અને બીજું પોષાતું નથી તેને આત્મા પ્રગટ થયા વિના રહેતો નથી. ૪૪૩.

*

શુભરાગ પણ જેને પોષાતો નથી ને આત્મા પોષાય છે તેને આત્મા પ્રગટ થયા વિના રહેતો નથી. ૪૪૪.

*

પ્રશ્નઃ- ધ્રુવમાં એકાગ્રતા કરવા ધ્રુવને ક્યાં શોધવો?

ઉત્તરઃ- એ પોતે જ ધ્રુવસ્વરૂપ વસ્તુ છે. વસ્તુ છે જ એને ક્યાં શોધવા જવું છે? એક સમયની પર્યાય છે એ કોના આધારે છે? વસ્તુ છે, છે ને છે. એક સમયની પર્યાયમાં પહેલાં ધ્રુવ વસ્તુનું મહાત્મ્ય આવવું જોઇએ. સર્વજ્ઞે જેના ગુણગાન કર્યા છે એવી અનંત અપાર અપાર મહિમાવાળી ચીજ આત્મા છે કોણ? -કે જેના સામર્થ્યનો પાર નથી, જેની આશ્ચર્યતાનો, અદ્‌ભુતતાનો પાર નથી, જેની શક્તિઓનો પાર નથી એવી મહિમાવાળી વસ્તુનો જ્ઞાન પર્યાયમાં નિર્ણય કરતાં એ ધ્રુવ વસ્તુનો મહિમા આવે છે. એ મહિમા આવતાં આવતાં જેવું સ્વરૂપ છે એવો મહિમા આવતાં પર્યાય ધ્રુવમાં ઢળી જાય છે. આહાહા! અનંત અનંત ગુણનો પિંડ પ્રભુ છે. એના દરેક ગુણો મુક્ત સ્વરૂપ છે, વીતરાગ સ્વરૂપ છે. એનું જ્ઞાન થઈને પ્રતીત થઈ એટલે બસ! ખલાસ થઈ ગયું! મુક્તિ પ્રતીતમાં આવી એટલે હાથમાં આવી ગઈ. ૪૪૫.

*

પ્રશ્નઃ- આત્માનો સાક્ષાત્કાર કરવો છે પણ કેમ કરવો? તે પુરુષાર્થ ઉપડતો નથી.

ઉત્તરઃ- ચૈતન્યસ્વભાવનો મહિમા કોઈ અચિંત્ય છે એમ અંદરથી મહિમા આવે તો સ્વ તરફ પુરુષાર્થ ઉપડે. ખરેખર તો જે પર્યાય પરલક્ષી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


છે તેને સ્વલક્ષી કરવી એમાં મહાન પુરુષાર્થ છે. ભાષા ભલે ટૂંકી કરી નાખી કે દ્રવ્ય તરફ વળ, ધ્રુવ તરફ વળ-એમ ભાષા સહેલી ને ટૂંકી કરી પણ તેમાં પુરુષાર્થ મહાન છે. ભલે શાસ્ત્રજ્ઞાન કરે, ધારણાજ્ઞાન કરી લે પણ પર્યાયને સ્વલક્ષમાં વાળવી એ પુરુષાર્થ અનંત છે, મહાન અપૂર્વ પુરુષાર્થ છે. ૪૪૬

*

જ્ઞાયક નિષ્ક્રિય તળ ઉપર તું દૃષ્ટિ સ્થાપ ને! પર્યાય ઉપર શું કામ જોર દે છો? આ મારી ક્ષયોપશમની પર્યાય વધી, આ મારી પર્યાય થઈ. એમ પર્યાય ઉપર જોર શું કામ દે છો? પર્યાયના પલટતાં અંશમાં ત્રિકાળી વસ્તુ થોડી આવી જાય છે? ત્રિકાળી ધ્રુવદળ જે નિત્યાનંદ પ્રભુ છે તેના ઉપર જોર દે ને! ૪૪૭.

*

સમ્યગ્દૃષ્ટિ, જીવ-અજીવ-આસ્રવ-બંધ આદિના સ્વાંગોને જોનારા છે. રાગાદિ આસ્રવ બંધના પરિણામ આવે પણ સમ્યગ્દૃષ્ટિ તે સ્વાંગોના જોનારા જ્ઞાતા-દૃષ્ટા છે, તે સ્વાંગોના કર્તા નથી. સમ્યગ્દૃષ્ટિ એ સ્વાંગોને કર્મકૃત જાણી શાંતરસમાં જ મગ્ન રહે છે. શુભાશુભભાવો આવે છે. પણ સમ્યગ્દૃષ્ટિ તેને કર્મકૃત સ્વાંગો જાણી તેમાં મગ્ન થતાં નથી. મિથ્યાદૃષ્ટિ જીવો જીવ-અજીવનો ભેદ જાણતા નથી, તેથી તે કર્મકૃત સ્વાંગોને જ સાચા (પોતારૂપ) જાણીને તેમાં મગ્ન થઈ જાય છે. રાગાદિ ભાવો કર્મકૃત ભાવો હોવા છતાં તેને પોતાના ભાવો જાણી તેમાં લીન થઈ જાય છે. તેવા અજ્ઞાની જીવોને ધર્મીજીવો આત્માનું યથાર્થ સ્વરૂપ બતાવી, તેનો ભ્રમ મટાડી, ભેદજ્ઞાન કરાવીને શાંતરસમાં લીન કરી સમ્યગ્દૃષ્ટિ બનાવે છે. ૪૪૮.

*

આત્માને જાણવા માટે પરિણામને સૂક્ષ્મ કર, સ્થૂલ પરિણામથી દ્રવ્ય જાણવામાં આવતું નથી. અજ્ઞાનીને અગિયાર અંગનું જ્ઞાન થઈ જાય છે તોપણ તેનો ઉપયોગ સૂક્ષ્મ નથી, સ્થૂલ છે. આત્મા સ્થૂલ પરિણામોથી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાણવામાં આવતો નથી. સૂક્ષ્મ એવો આત્માને જાણવા માટે ઉપયોગને સૂક્ષ્મ કરવો પડે છે. ૪૪૯.

*

એકાન્તે દુઃખના જોરથી રાગથી છૂટો પડી શકે એમ બનતું નથી પણ દ્રવ્યદૃષ્ટિના જોરથી રાગથી છૂટો પડી શકે છે. આત્માને ઓળખ્યા વિના-જાણ્યા વિના જાય ક્યાં? આત્માને જાણ્યો હોય તેનું અસ્તિત્વ ગ્રહણ કર્યું હોય તો રાગથી છૂટો પડીને આત્મામાં લીન થઈ શકે છે. ૪૫૦.

*

પ્રશ્નઃ- નિર્મળ પર્યાયને તો અંતર્લીન કહી છે ને?

ઉત્તરઃ- એ તો સ્વ સન્મુખ વળી છે તેથી તે પર્યાયને અંતર્લીન કહ્યું છે પણ તેથી કાંઈ પર્યાય ધ્રુવમાં ભળી જતી નથી. ધ્રુવના આશ્રયે દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થઈ પછી ચારિત્રની શુદ્ધિ પણ પર્યાયના આશ્રયે થતી નથી. ત્રિકાળી અંતઃતત્ત્વ જે ધ્રુવ તળ-દળ છે તેના આશ્રયે જ ચારિત્રની શુદ્ધિ થાય છે. આ વસ્તુની સ્થિતિ છે, ભગવાનના વચનો છે. આ ઉપદેશ ભેદજ્ઞાનની પરાકાષ્ઠાનો છે. પ્રભુ! નિર્મળ પર્યાય બહિર્તત્ત્વ છે. તે નિર્મળ પર્યાયના આશ્રયે ટકે નહિ, વધે નહિ, પણ અંતઃતત્ત્વ જે ધ્રુવતત્ત્વ છે. તેના જ આશ્રયે પ્રગટે છે, ટકે છે ને વધે છે. દયા-દાન આદિના શુભ પરિણામ એ તો મલિન બહિર્તત્ત્વ છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ તે નિર્મળ બહિર્તત્ત્વ છે. દ્રવ્યદૃષ્ટિ તો એક શુદ્ધ અંતઃતત્ત્વને જ અવલંબે છે. ૪૫૧.

*

જ્ઞાયક-ધ્રુવ શુદ્ધ તેનું જ્ઞાન કરીને, તેની પ્રતીતિ કરીને, તેની રમણતા કરીને એક આત્મારામ થઈને શું અનુભવ કરે છે તે કહે છે. સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના સ્વરૂપને જાણીને, પ્રતીતિ કરીને, સ્વરૂપાચરણ કરીને એમ અનુભવે છે કે હું તો ચૈતન્યમાત્ર જ્યોતિ છું. શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ, સુખધામ હું છું. ચૈતન્ય જાનન-દેખન માત્ર જ્યોતિ છું.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

રાગાદિ બિલકુલ હું નથી. ધર્મી પોતાને ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા માને છે. રાગરૂપ પોતાને નથી માનતો. ૪૫૨.

*

કેવળી અને શ્રુતકેવળીમાં તફાવત નથી, માટે વિશેષ જાણવાની આકાંક્ષાના ક્ષોભથી બસ થાઓ. કેવળી અને શ્રુતકેવળીમાં વધુ ઓછું જાણવારૂપ ભેદ છે પણ એ ભેદ અત્યંત ગૌણ છે. કેવળી એકીસાથે પરિણમતા સમસ્ત ચૈતન્યવિશેષોવાળા કેવળજ્ઞાન વડે શુદ્ધ અખંડ એક આત્માને આત્માથી આત્મામાં અનુભવે છે અને શ્રુતકેવળી ક્રમે પરિણમતા કેટલાક ચૈતન્યવિશેષોવાળા શ્રુતજ્ઞાન વડે શુદ્ધ અખંડ એક આત્માને આત્માથી આત્મામાં અનુભવે છે. આમ આત્મઅનુભવનમાં કેવળી તે શ્રુતકેવળી તુલ્ય જ છે. સ્વરૂપસ્થિરતાની તરતમતારૂપ ભેદ છે. માટે ઘણું જાણવાની ઇચ્છારૂપ ક્ષોભ છોડીને કેવળજ્ઞાનની પ્રાપ્તિના ઉપાયરૂપ સ્વરૂપમાં નિશ્ચળ રહેવું જ યોગ્ય છે. ૪૫૩.

*

જ્ઞાની એને કહીએ કે જે ત્રિકાળી જ્ઞાયકને પકડે ને તેની પર્યાયમાં વીતરાગતા પ્રગટી છે છતાં પર્યાયમાં રોકાતો નથી, તેની દૃષ્ટિ તો ત્રિકાળી ધ્રુવ ઉપર જ પડી છે. ધર્મની દશા પ્રગટ થાય, નિર્મળ પર્યાય પ્રગટ થાય પણ જ્ઞાની એ પર્યાયમાં રોકાતા નથી. ૪૫૪.

*

ત્રિકાળી ધ્રુવ આત્મદ્રવ્યને પકડીને સમ્યગ્દર્શન-જ્ઞાન થાય, તેને પકડીને ચારિત્ર થાય, તેને પકડીને કેવળજ્ઞાન થાય. ધર્મીની દૃષ્ટિ આત્મદ્રવ્ય ઉપરથી ખસતી નથી, અને જો એ દૃષ્ટિ ત્યાંથી ખસીને વર્તમાન પર્યાય ઉપર રોકાય, એક સમયની પર્યાયમાં ચોંટી જાય, પર્યાયની રુચિ થઇ જાય તો વસ્તુની દૃષ્ટિ છુટી જાય અને મિથ્યાદૃષ્ટિ થઈ જાય. એક સમયની પર્યાયની જો મહિમા-મહત્તા થઈ જાય તો દ્રવ્યની દૃષ્ટિ ખસી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

જાય. એક સમયની નિર્મળ પર્યાયની પણ રુચિ થઈ જાય તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. ૪૫૫.

*

પરિપૂર્ણ કૃતકૃત્ય ભગવત્ સ્વરૂપ ભગવાન આત્માને સાધ. દૃષ્ટિ ને દૃષ્ટિનો વિષય એ તો સમજાવવાનું ભેદકથન છે. દૃષ્ટિને દ્રવ્ય સન્મુખ વાળ. પર્યાયમાં ઊભો રહીને આ દ્રવ્ય છે એમ નહીં સાધી શકે, ધ્રુવસ્થંભ છે તેમાં નિર્વિકલ્પપણે અહમ્‌પણું કર. ૪૫૬.

*

ભગવાનની વાણીથી નહિ, તેના નિમિત્તે થયેલું પરલક્ષી જ્ઞાન તેનાથી પણ નહિ પરંતુ સ્વલક્ષી જે ભાવશ્રુતજ્ઞાન તેનાથી આત્મા જણાય છે. જે જ્ઞાન વડે આત્મા જણાય એ ભાવશ્રુતજ્ઞાન પરની અપેક્ષા વિનાનું છે. શ્રુત પણ વધારાનું છે (નકામું છે.) તેમ શ્રુતથી થયેલું જ્ઞાન પણ વધારાનું છે. એટલે કે તેમની અપેક્ષા ભાવશ્રુતજ્ઞાનને નથી. એવા ભાવશ્રુત જ્ઞાનથી આત્માને જાણે કે કેવળજ્ઞાનથી આત્માને જાણે પણ એ જાણવામાં-અનુભવનમાં ફેર નથી. માટે જ્ઞાનમાં શ્રુત-ઉપાધિકૃત ભેદ નથી. શ્રુતજ્ઞાન કહ્યું માટે તેમાં શ્રુત-ઉપાધિકૃત ભેદ છે એમ નથી. ૪૫૭.

*

સમ્યગ્દર્શન એટલે? જેવું ને જેવડું તત્ત્વ છે તેની તેવી પ્રતીતિ થવી તે સમ્યગ્દર્શન છે. મહા અસ્તિત્વરૂપ મોજૂદ ચીજ છે તે અનંતકાળ ગયો ને અનંતા ભવ થયા છતાં એવી ને એવી જ તે ચીજ છે. વાહ તત્ત્વ! ગમે તેવા પરિણામ થયા છતાં વસ્તુમાં વિભ્રમતા કે ઊણપતા આવી નથી. મહા ગ્રહીત મિથ્યાત્વના પરિણામ થયા છતાં જે વસ્તુ છે તેમાં કાંઈ મેલપ-મલિનતા આવી નથી. સર્વજ્ઞ પરમાત્માનો આ પોકાર છે. ૪૫૮.

*

પાંચેક ગાઉ ચાલે તો થાક ખાવા વિસામો લે ને! આ તો અનંતા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનંતા ભવ કર્યા છતાં થાક લાગ્યો નથી! સર્વજ્ઞદેવ કહે છે કે તું સ્વભાવમાં વિસામો લે. તારો થાક ઉતરી જશે. શુદ્ધ ચૈતન્ય ભગવાનના આશ્રયે શુદ્ધ પરિણતિ કરવી એ અપૂર્વ છે. એ સમ્યક્ પરિણતિ કરે તો શાશ્વત સુખને પામે, અનંતા અનંતા ગુણની પૂરણ પર્યાયો પ્રગટતાને પામે. માટે બહારની હરખુના-હોશુંના સબડકા છોડી દે. એ ભ્રાંતિ છોડી દે ને જિનવરદેવે ઉપદેશેલી શુદ્ધ સમ્યક્ પરિણતિ કર તો તું જરૂર શાશ્વત સુખને પામીશ. ૪૫૯.

*

ભગવાનની વાણી એ શ્રુત છે-શાસ્ત્ર છે. શાસ્ત્ર પૌદ્ગલિક છે તેથી તે જ્ઞાન નથી, ઉપાધિ છે અને એ શ્રુતથી થતું જ્ઞાન એ પણ ઉપાધિ છે, કેમ કે તે શ્રુતના લક્ષવાળું જ્ઞાન પરલક્ષી જ્ઞાન છે. પરલક્ષી જ્ઞાન સ્વને જાણી શકતું નથી. માટે તેને પણ શ્રુતની જેમ ઉપાધિ કહે છે. જેમ સત્-શાસ્ત્ર તે જ્ઞાન નથી વધારાની ચીજ છે-ઉપાધિ છે તેમ એ શ્રુતથી થયેલ જ્ઞાન પણ વધારાની ચીજ છે-ઉપાધિ છે. આહાહા! શું વીતરાગની શૈલી છે! પરલક્ષી જ્ઞાનને પણ શ્રુતની જેમ ઉપાધિ કહે છે. સ્વજ્ઞાનરૂપ જ્ઞપ્તિક્રિયાથી આત્મા જણાય છે, ભગવાનની વાણીથી આત્મા જણાતો નથી. ૪૬૦.

*

પ્રશ્નઃ- વિકલ્પો અમારો પીછો નથી છોડતા!

ઉત્તરઃ- વિકલ્પ તને વળગ્યા નથી, તું વિકલ્પને વળગ્યો છો. તું પરમાનંદ સ્વરૂપથી ભરેલો ભગવાન છો તેને જોતો નથી તેથી વિકલ્પો તને વળગ્યા લાગે છે. તું તારા ભગવાનને ભ્રમથી ભૂલીને વિકલ્પને વળગ્યો છો. તું ખસી જા ને! તું વિકલ્પનું લક્ષ છોડી તારા ભગવાનનું લક્ષ કર તો વિકલ્પો તને વળગેલા લાગશે નહિ. વિકલ્પમાં ક્યાંય સુખ શાંતિ નથી, જ્યાં સુખ શાંતિ ભરી છે ત્યાં જા! સુખ શાંતિનો ભંડાર એવા ભગવાનને વળગ. તારી અંદરમાં પૂર્ણ સુખ શાંતિ ભર્યા છે. વિકલ્પ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


તો બહાર છે. તેમાં ક્યાંય સુખ શાંતિ નથી. તારી અંદર વિકલ્પ વિનાની ચીજ છે. તેમાં સુખ શાંતિ ભર્યા છે તેનું લક્ષ ને પ્રતીતિ કરીને વિકલ્પથી પ્રથમ ભેદજ્ઞાન કર, સ્થિરતા અનુસાર ક્રમે સર્વ વિકલ્પો છૂટશે. ૪૬૧.

*

પ્રશ્નઃ- આત્મજ્ઞાન કરવા માટે ઘણા ઘણા શાસ્ત્રોનો અભ્યાસ કરવો પડે એ કરતાં કાંઈક સહેલો રસ્તો બતાવો ને?

ઉત્તરઃ- આત્મજ્ઞાન માટે ઘણા શાસ્ત્રો ભણવાની ક્યાં વાત છે? તારી પર્યાય દુઃખના કારણો તરફ વળે છે તેને સુખના કારણભૂત સ્વભાવ સન્મુખવાળ એટલી જ વાત છે. પોતે ભગવાન આત્મા અનંત અનંત ગુણ સંપન્ન જ્ઞાનાનંદ સ્વરૂપ છે એનો મહિમા લાવીને સ્વસન્મુખ થા! આટલી વાત છે. તારી જ્ઞાનપર્યાયને દ્રવ્ય સન્મુખ વાળવી. આ ટૂંકું ને ટચ છે. ૪૬૨.

*

પ્રશ્નઃ- આપ બહુ સૂક્ષ્મતામાં ને બહુ ઊંડાણમાં લઈ જાવ છો?

ઉત્તરઃ- વસ્તુ જ એવા સ્વભાવવાળી છે. પર્યાય ઉપર ઉપર છે અને દ્રવ્ય ઊંડું... ઊંડું છે અનંત... અનંત... અનંત... ઊંડપ છે. ક્ષેત્રથી નહિ પણ ભાવથી અનંત.. અનંત... અનંત સામર્થ્યરૂપ ઊંડપ છે. ત્યાં જ્ઞાનપર્યાયને ધીરજથી લઇ જતાં ભગવાનનો ભેટો થાય છે. ૪૬૩.

પ્રશ્નઃ- શુભ રાગને જ્ઞાની હેય માને છે તો ષોડશકારણભાવનાને તો ભાવે છે?

ઉત્તરઃ- જ્ઞાની ષોડશકારણભાવના ભાવતા નથી પણ તે પ્રકારનો રાગ આવી જાય છે. જ્ઞાનીને ભાવના તો સ્વરૂપમાં ઠરવાની જ હોય છે, પણ સ્વરૂપમાં ઠરી શકે નહિ ત્યારે હેયબુદ્ધિએ શુભરાગ આવી જાય છે. જ્ઞાની તેના જાણકાર છે કર્તા નથી. ૪૬૪.

*

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પાપને પાપ તો જગતમાં સૌ કહે છે પણ અનુભવી-જ્ઞાનીજન તો પુણ્યને પણ પાપ કહે છે. હિંસા, જૂઠું, ચોરી આદિને તો જગત પાપ માને છે પણ દયા, દાન, પૂજા, ભક્તિ આદિના શુભ રાગને જ્ઞાનીજનો પાપ કહે છે, કેમ કે સ્વરૂપમાંથી પતિત થઈને શુભરાગ ઊઠે છે તેથી તે પણ પાપ છે. શુભરાગમાં સ્વની હિંસા થાય છે તેથી પ્રવચનસાર ગાથા ૭૭માં કહ્યું છે કે પુણ્ય-પાપમાં જે ભેદ માને છે-તફાવત માને છે તે મિથ્યાદૃષ્ટિ ઘોર સંસારમાં રખડશે. આહાહા! આવી વાતો તો જેને અંતરમાં ભવનો ભય લાગ્યો હોય ને ભયથી છૂટવું હોય એને બેસે એવી છે. ૪૬૫.

*

ભાઈ! પદાર્થની સ્વતંત્રતાની વાત જાણવા માટે બહુ પુરુષાર્થ જોઈએ છે. ભિન્ન તત્ત્વને ભિન્ન તત્ત્વરૂપે જાણવું અને ભિન્ન તત્ત્વને બીજું ભિન્ન રહેલું તત્ત્વ કાંઈ જ કરી શકે નહિ એ વાતો બહુ ઝીણી છે. એને યથાર્થ જાણવામાં બહુ પુરુષાર્થ માગે છે. ૪૬૬.

*

જેમ કેવળજ્ઞાનમાં ત્રણ કાળના પર્યાયો જણાય છે તેમ જ પદાર્થોમાં ક્રમબદ્ધ પર્યાયો થાય છે. કેવળજ્ઞાને જાણ્યું માટે નહીં પણ પદાર્થોના પર્યાયો પોતાથી સ્વકાળે તે જ રીતે થાય છે અને તેમ સર્વજ્ઞ જાણે છે. આહાહા! પરદ્રવ્યને કરવાની વાત નથી પણ પોતાના અશુદ્ધ કે શુદ્ધ પર્યાયો સ્વકાળે ક્રમબદ્ધ જે થવાના તે જ થવાના તે જ થાય એટલે પોતામાં પણ પર્યાયને આડી-અવળી કરવાનું રહ્યું નહીં. માત્ર જેમ થાય છે તેમ જાણવાનું જ રહ્યું. જેમ સર્વજ્ઞ જ્ઞાતા છે તેમ ધર્મી પણ જ્ઞાતા થઈ ગયો. ક્રમબદ્ધના નિર્ણયનું તાત્પર્ય અકર્તાપણારૂપ વીતરાગતા છે. એ વીતરાગતા અનંત પુરુષાર્થે દ્રવ્ય ઉપર દૃષ્ટિ જતાં થાય છે. આહાહા! આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે. ૪૬૭.

*

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

સત્ સ્વરૂપ એવા આત્માનો પરિચય રાખજે. જેવો જેનો પરિચય એવી જ એની પરિણતિ થશે. રાગના રસીલા જગતના જીવોનો પરિચય કરીશ તો તારી પરિણતિ પડી જશે. જેને શરીર આદિનો પ્રેમ છે. જેને પુણ્યનો પ્રેમ છે એવા લૌકિકજનોનો પરિચય કરીશ તો તારી પરિણતિ પડી જશે. લોકો માન સન્માન આપે એના પરિચયથી તું મરી જઈશ. ૪૬૮.

*

મુમુક્ષુજીવ શુભરાગમાં જોડાય છે પણ મુમુક્ષુતામાં શુદ્ધાત્માની શોધક વૃત્તિ ન જાય. મુમુક્ષુજીવને દયા-દાન-પૂજા-ભક્તિ આદિના શુભભાવો આવે ખરા પણ એની વૃત્તિ અને વલણ શુદ્ધાત્મા તરફ રહ્યા કરે છે. શુભભાવમાં તલ્લીનતા ન થાય. જિન સ્વરૂપી ભગવાન આત્માની શોધક વૃત્તિ ન જાય.

*

શુદ્ધાત્માનું ધ્યેય છોડીને શુભરાગનો આગ્રહ કરતો નથી. શુભરાગથી લાભ થશે એમ માનતો નથી અને પર્યાયની અશુદ્ધતા પણ ભૂલતો નથી. સ્વછંદ કરતો નથી. ૪૬૯

*

પ્રશ્નઃ- સ્વછંદ એટલે શું?

ઉત્તરઃ- વિકારી પર્યાય તે મારી નથી એમ માની વિકારનું સેવન કરે. અશુદ્ધતા ગમે તેટલી થાય તેનું સેવન કરે અને જ્ઞાનીનો ભોગ નિર્જરા કહ્યો છે તો અમારે ભોગના ભાવ વિષય-વાસનાના ભાવથી નિર્જરા છે તેમ માને તે સ્વછંદ છે. ગમે તેટલો વિકાર થાય તોપણ મારે શું? એમ માને તે સ્વછંદ છે. ખરો મુમુક્ષુ એમ સ્વછંદતા સેવતો નથી. પર્યાયમાં વિકાર થાય તે પોતાનો અપરાધ સમજે છે. જ્ઞાનમાં બરાબર જાણે છે. પાપમાં બેદરકાર રહેતો નથી. મુમુક્ષુનું હૃદય ભીંજાયેલું હોય છે, વૈરાગ્ય હોય છે. ૪૭૦.

*

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


એ જ્ઞાનની દિવ્યતા છે! એ જ્ઞાનસ્વભાવની અચિંત્યતા છે! જે પર્યાયો વિદ્યમાન નથી છતાં જ્ઞાન તેને વિદ્યમાનપણે જાણે છે તો ચૈતન્ય મહાપ્રભુ તો વિદ્યમાન જ છે ભૂતાર્થ જ છે તેને જ્ઞાન વિદ્યમાનરૂપે કેમ ન જાણે? વસ્તુ સત્ છે ને! વિદ્યમાન છે ને? તો એ મહાપ્રભુને તું વિદ્યમાનરૂપે જાણ ને! આહાહા! જેની હૈયાતી નથી તેને હૈયાત જાણે! તો પૂર્ણાનંદનો નાથ પ્રભુ વર્તમાન વિદ્યમાન જ છે હૈયાત જ છે તેને જાણ ને! ભાઈ! તારી નજરની આળસે વિદ્યમાન પ્રભુને દેખવો રહી ગયો. જેમાં જ્ઞાન આનંદ આદિ ગુણોની અનંતતાનો અંત નથી એવો સચ્ચિદાનંદ પ્રભુ વિદ્યમાન જ છે તેને જાણ. ૪૭૧.

*

શુભભાવ કે જેને દુનિયા અત્યારે ધર્મ માને છે, ધર્મનું કારણ માને છે, એ આસ્રવો શું છે?–કે આકુળતાને ઉપજાવનારા છે. શુભ ને અશુભભાવ આકુળતાના ઉપજાવનારા છે. આત્માની શાંતિને ઉપજાવનારા નથી. તેથી વ્યવહારથી નિશ્ચય થાય એમ બને નહિ. શુભભાવો આકુળતાના ઉપજાવનારા હોવાથી આત્માની શાંતિને કે ધર્મને ઉપજાવનારા નથી. ૪૭૨.

*

ભગવાન આત્મા અનંતગુણસ્વરૂપ પ્રભુ છે. તેના એક એક ગુણમાં અનંત અનંત ગુણનું રૂપ છે પણ તેમાં રાગનું રૂપ નથી. એક સમયમાં અનંત અનંત ગુણોનો સાગર પ્રભુ છે. એના એક એક ગુણમાં તેના અનંતા અનંતા ગુણોનું રૂપ છે. એક ગુણ બીજા ગુણમાં નથી પણ એક ગુણનું રૂપ બીજા ગુણમાં છે. પરંતુ વ્યવહારરત્નત્રયનો રાગ એ આત્માનો કોઈ ગુણ નથી. તેથી રાગનું રૂપ કોઈ ગુણમાં નથી. તેથી ભગવાન આત્મા રાગનું કારણ નથી કે રાગ પોતાની આનંદની પર્યાયનું કારણ નથી. ૪૭૩.

*

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અજ્ઞાની અજ્ઞાનને લીધે પર્યાયબુદ્ધિથી રાગને કરે છે, પણ રાગનું કારણ થાય એવો એક પણ ગુણ તેનામાં નથી. જેમ ભગવાન આત્મા રાગનું કારણ નથી તેમ એ રાગનું કાર્ય પણ નથી. પર્યાયબુદ્ધિમાં નિમિત્તને આધીન થઈને અદ્ધરથી જે રાગાદિ ઉત્પન્ન કરે છે તેનું કારણ દ્રવ્યસ્વભાવ નથી. ૪૭૪.

*

ભાઈ! તારે દુઃખના પંથ છોડવા હોય ને સુખના પંથે આવવું હોય તો પુણ્ય-પાપના ભાવ દુઃખરૂપ છે ને મારું સ્વરૂપ આનંદ છે-એમ અભિપ્રાયમાં પુણ્ય-પાપના ભાવથી પાછો ફર. શ્રદ્ધામાં પુણ્ય-પાપના ભાવથી પાછો ફર. શુભાશુભ ભાવ એ મેલ છે ને પ્રભુ નિર્મળાનંદ છે એમ જો યથાર્થ ભેદજ્ઞાન થાય તો તેને આસ્રવથી નિવર્તન થાય જ છે. જો આસ્રવથી નિવર્તન ન થાય તો તેને પારમાર્થિક ભેદજ્ઞાન થયું જ નથી. ૪૭૫.

*

અરેરે! પાંચ-પચાસ હજાર રૂપિયા મળી જાય ત્યાં તો હરખાઈ જાય છે પણ ખરેખર તો એ રોઈ રહ્યો છે. આત્મામાં અનંતા ગુણની અજાયબી છે તેને જોતો નથી ને પૈસા મારા, રાગ મારો એમ જીવનની જ્યોતિને ત્યાં અટકાવી દીધી છે ને આત્માનું ખૂન કરી રહ્યો છે. ૪૭૬.

*

પ્રશ્નઃ- તત્ત્વનું સ્વરૂપ બરાબર જાણવા છતાં જીવ કેવા પ્રકારથી અટકી જાય છે?

ઉત્તરઃ- તત્ત્વને બરાબર જાણવા છતાં પર તરફના ભાવમાં ઊંડે ઊંડે રાજીપો રહી જાય છે, પરલક્ષી જ્ઞાનમાં સંતોષાય છે અથવા આવડતના અભિમાનમાં અટકી જાય છે. બહાર પડવાના ભાવમાં રોકાઈ જાય છે. અંદર રહેવાના ભાવ નથી. તેથી અટકી જાય છે અથવા શુભ પરિણામમાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

મીઠાશ રહી જાય છે. એમ ખાસ પ્રકારની પાત્રતા વિના જીવ અનેક પ્રકારથી અટકી જાય છે. ૪૭૭.

*

સાધક જીવને ભૂમિકા પ્રમાણે દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા, ભક્તિ, શ્રુત ચિંતવન, અણુવ્રત, મહાવ્રત આદિના શુભ વિકલ્પો આવે છે. હોય છે, પણ તે જ્ઞાયક પરિણતિને બોજારૂપ છે. આહાહા! અરે! આવા શુભ વિકલ્પો પણ બોજારૂપ લાગે છે! જેમ રૂના પોલ ઉપર લોખંડનો ભાર મૂકે ને પોલ દબાઈ જાય તેમ જ્ઞાયક પરિણતિને શુભ વિકલ્પો પણ જ્યાં બોજારૂપ લાગે છે ત્યાં વેપાર-ધંધો-ધનાદિની રક્ષાના અશુભ રાગના બોજાની તો વાત જ શું કરવી? પવિત્ર પરિણતિમાં શુભની અપવિત્ર પરિણતિ બોજારૂપ છે, ભારરૂપ છે, આકુલતા ને કલેશરૂપ છે. આહાહા! આવું સ્પષ્ટ કથન દિગંબર સંતોનું છે. ભાઈ! તારે જો તારું પરિભ્રમણ ટાળવું હોય તો સમ્યક્જ્ઞાનની તીક્ષ્ણબુદ્ધિથી આનંદના સાગર સ્વભાવને પકડી લે! જો આનંદસ્વરૂપ દ્રવ્ય તારા હાથમાં આવી ગયું તો મુક્તિની પર્યાય સહેજે મળી જશે. ૪૭૮.

*

ભાઈ! તું એકવાર કુતૂહલ તો કર! ભગવાન તારા આટલા આટલા વખાણ કરે છે, એ છે કોણ? તું આનંદનો સાગર છો. પરમાનંદ સ્વરૂપ છો, અનંત અનંત ગુણોનું ગોદામ છે. અતીન્દ્રિય આનંદનો દરિયો છો. સિદ્ધ સમાન શુદ્ધ છો. આટલા આટલા તારા વખાણ કરે છે એવો તું પરમાત્મસ્વરૂપ છો કોણ? એનું એકવાર કુતૂહલ કરીને જો તો ખરો! ભાઈ! મહા કષ્ટે, મરીને પણ તું કુતૂહલ કરીને જો! આ શરીરાદિનો પાડોશી થઈ આત્માનો અનુભવ કર. તો તારો આત્મા આનંદના વિલાસરૂપ દેખાશે ને પરદ્રવ્યનો મોહ તુરત છૂટી જશે. ૪૭૯.

*

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિપરીત મિથ્યાત્વના અનંત પ્રકાર છે અને સ્થૂલપણે અસંખ્ય પ્રકાર છે. તેમાંથી જેટલા પ્રકારની વિપરીતતા છૂટે છે તેટલો મિથ્યાત્વનો ત્યાગ નથી. બધા પ્રકારની વિપરીતતા છૂટતા સમ્યગ્દર્શન થશે, પણ બાહ્ય ત્યાગની દ્રષ્ટિવાળાને એ મિથ્યાત્વનો ત્યાગ છે તે દેખાતો નથી. રાગ ને હું આત્મા એક છું એવી માન્યતા ચોરાશીના અવતારમાં રખડવાનું કારણ મહા પાખંડરૂપ મિથ્યાત્વ છે પણ બાહ્ય ત્યાગ દ્રષ્ટિવાળાને એ મિથ્યાત્વનું મહાન પાપ દેખાતું નથી. આહાહા! એ મિથ્યાત્વના દુઃખો બહુ આકરા છે ભાઈ! ૪૮૦.

*

પ્રશ્નઃ- સમ્યગ્દ્રષ્ટિને ખંડજ્ઞાન અને અખંડજ્ઞાન બન્ને એક સાથે હોય?

ઉત્તરઃ- સમ્યગ્દ્રષ્ટિને અખંડની દ્રષ્ટિ છે તેમ ખંડ ખંડ જ્ઞાન જ્ઞેય રૂપ છે, એક જ્ઞાનપર્યાયમાં બે ભાગ છે, જેટલું સ્વલક્ષીજ્ઞાન છે તે સુખરૂપ છે. જેટલું પરલક્ષી પરસત્તાવલંબી જ્ઞાન છે તે દુઃખરૂપ છે. પર તરફનું શ્રુતનું જ્ઞાન ઇન્દ્રિયજ્ઞાન છે, પરજ્ઞેય છે, પરદ્રવ્ય છે. આહાહા! દેવ-ગુરુ તો પરદ્રવ્ય છે પણ ઇન્દ્રિયજ્ઞાન પણ પરદ્રવ્ય છે. આત્માનું જ્ઞાન તે જ વાસ્તવિક જ્ઞાન છે. ૪૮૧.

*

પ્રશ્નઃ- આત્માનો અનંત ગુણોનો અને તેની અનંતી પર્યાયના સામર્થ્યનો આટલો બધો મહિમા કરો છો તો તિર્યંચને આવી ખબર કયાં છે?

ઉત્તરઃ- તિર્યંચને વસ્તુનો મહિમા પ્રતીતમાં આવી જાય છે. વસ્તુનો અનંત અનંત મહિમા પ્રતીતમાં આવે છે. ૪૮૨.

*

ક્રમબદ્ધ પર્યાયનો સાચો નિર્ણય જ્ઞાયક ઉપર દ્રષ્ટિ જાય ત્યારે થાય છે. રાગ જ્ઞેય છે એમ કયારે ભાસે?-કે રાગથી ભિન્ન જ્ઞાતા થયો તેને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

રાગ જ્ઞેયપણે ભાસે છે. યોગ્યતા અનુસાર રાગ થાય તેનું ક્યારે સાચું જ્ઞાન થાય? -કે જ્ઞાતા એની દૃષ્ટિમાં આવે ત્યારે યોગ્યતાનું સાચું જ્ઞાન થાય. રાગ ઉપર દૃષ્ટિ પડી હોય અને ક્રમબદ્ધમાં રાગ હતો, યોગ્યતામાં રાગ હતો-એમ બોલે તે ન ચાલે! પર્યાય અંદરમાં વળીને દૃષ્ટિમાં દ્રવ્યને પકડે ત્યારે ક્રમબદ્ધ યોગ્યતા આદિનું સાચું જ્ઞાન થાય છે. ૪૮૩.

*

પ્રશ્નઃ- જ્ઞેયને જાણવાથી રાગ-દ્વેષ થાય કે ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિ કરવાથી રાગ-દ્વેષ થાય?

ઉત્તરઃ- પરજ્ઞેયને જાણવા ગયો (પરની સન્મુખ થવું) તે જ રાગ છે. ખરેખર પરજ્ઞેયને જાણવા જવું પડતું નથી. ૪૮૪.

*

આત્માનો નિર્વિકલ્પ અનુભવ કરવા જનાર જીવ પહેલા શુદ્ધનયથી હું એક છું, શુદ્ધ છું, પરદ્રવ્ય પ્રત્યેની મમતા રહિત છું, જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ વસ્તુ છું- એવો નિશ્ચય કરે છે. આ નિશ્ચયમાં પાંચ ઇન્દ્રિયના વિકલ્પોથી ખસ્યો છે ને મનના વિકલ્પમાં આવ્યો છે પણ એ મનના વિકલ્પોને પણ છોડવા આવ્યો છે. તે આગળ વધતા મન સંબંધી વિકલ્પોને જલદી વમી નાખીને નિર્વિકલ્પ થાય છે. ૪૮૫.

*

અનંત અનંત ગુણોનો સાગર એવા ભગવાન આત્માના અનંતા અનંતા ગુણથી વિરૂદ્ધભાવ જે મિથ્યાત્વ તેના ગર્ભમાં અનંતાનંત ભવ પડયાં છે, તેથી પહેલાં તેને છોડવો જોઈએ. અનંત ગુણના ભંડાર ભગવાનથી વિરુદ્ધ શ્રદ્ધારૂપ જે મિથ્યાત્વભાવ તેમાં અનંતા અનંતા ગુણોનો અનાદર છે. અનંતા ગુણનો લાભ સ્વ-આશ્રયથી થાય છે. એમ ન માનતાં પર-આશ્રિત એવા રાગભાવમાં જેણે પોતાપણું માન્યું છે તેણે અનંતા ગુણોનો અનાદર કર્યો છે. અનંતાનંત ગુણ છે તેનો અનાદર કરીને

રાગના એક કણને પોતાનો માન્યો એવા મિથ્યાત્વભાવમાં અનંતાનંત દુઃખો ભર્યા છે. આત્મામાં અનંતાનંત ગુણો ભર્યા છે અને તેના અનાદરરૂપ મિથ્યાત્વભાવમાં અનંતાનંત દુઃખો ભર્યા છે. તેથી એ મિથ્યાત્વભાવને છોડવાનો ઉદ્યમ કેમ કરતો નથી? ગફલતમાં કેમ રહે છે? ૪૮૬.

*

આવો ઉત્તમ યોગ ફરી ક્યારે મળશે? નિગોદમાંથી નીકળીને ત્રસપણું પામવું એ ચિંતામણી તુલ્ય દુર્લભ છે તો મનુષ્યપણું પામવું, જૈનધર્મ મળવો એ તો મહા દુર્લભ છે. પૈસો ને આબરુ મળવા એ કાંઈ દુર્લભ નથી. આવો ઉત્તમ યોગ મળ્યો છે, એ લાંબો કાળ નહીં રહે માટે વીજળીના ઝબકારે મોતી પરોવી લેવા જેવું છે. આવો યોગ ફરીને ક્યારે મળશે? માટે તું મિથ્યાત્વને છોડવા એક વાર મરણિયો પ્રયત્ન કર. દુનિયાના માન-સન્માન ને પૈસાનો મહિમા છોડીને દુનિયા શું કહેશે તેનું લક્ષ છોડીને મિથ્યાત્વને છોડવા એક વાર મરણિયો પ્રયત્ન કર. ૪૮૭.

*

અતીન્દ્રિય આનંદમાં ઝૂલતાં મુનિ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને રહે તેટલો કાળ આત્મશુદ્ધિની દશામાં આગળ વધ્યા વિના ત્યાં ને ત્યાં રહેતા નથી. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને રહેવા છતાં અંદરમાં શુદ્ધિની દશા વધતી જાય છે. કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી મુનિરાજ શુદ્ધિ વધારતા જ જાય છે. મુનિરાજની આ અંતઃસાધના છે. જગતના જીવો મુનિની અંદરની સાધના દેખતા નથી. સાધના એ કાંઈ બહારથી જોવાની ચીજ નથી કેમ કે એ તો અંતરની દશા છે. જંગલમાં એકલા વિચરતાં હોય, વાઘ-સિંહની ત્રાડ પડતી હોય, માથે પાણી પડતા હોય ને શરીરમાં રોગ હોય છતાં મુનિરાજને તો એની કાંઈ ખબરે હોતી નથી ને અંતરમાં તલ્લીન થઈ ગયા હોય છે. એવા મુનિને શુદ્ધિ તો વધે જ છે. અંદરમાં શુદ્ધતા તરફનું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જોર ચાલે છે, તે વધતું જ જાય છે. ૪૮૮.

*

નિરાકુળ જ્ઞાયકસ્વભાવને અનુભવવાનો, પ્રબળ પુરુષાર્થ કર. તને બીજું આવડે ન આવડે, લખતાં ન આવડે, તેનાથી શું પ્રયોજન છે? જ્ઞાયકસ્વભાવને જાણીને અનુભવવા પ્રબળ પ્રયત્ન કર. એ જ કરવા જેવું છે. જેના એક સમયના અનુભવ આગળ ચક્રવર્તીના રાજ પણ તુચ્છ છે. એ અનુભવ માટે પ્રબળ પુરુષાર્થ કર. દુનિયામાં કેમ આગળ વધવું ને બહાર ગણતરીમાં કેમ આવવું. અરેરે! એ બધું શું છે, ભાઈ! તારા અનંતા અનંતા ગુણોની ગણતરીનો પાર નથી. એવો જે જ્ઞાયકસ્વભાવ, પ્રભુ! તેને અનુભવવાનો પ્રયત્ન કર. એ જ આ ભવમાં કરવા જેવું છે. ૪૮૯.

*

જ્ઞાયકસ્વભાવનો અભ્યાસ કર. શુભાશુભથી જુદા જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કરીને જ્ઞાયકની પ્રતીતિ દૃઢ કરવી. પહેલામાં પહેલું આ કરવું. જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... તેના તરફનું વલણ કરવું. ૪૯૦.

*

કરોડો શ્લોકો ધાર્યા પણ અંદરમાં ઊંડે ઊંડે પર તરફના વલણમાં ક્યાંક ક્યાંક રાજીપો લાગે છે. પર તરફનું જ્ઞાન છે એ પરસત્તાવલંબી જ્ઞાન છે, તેમાં રાજી થાય છે કે, ઘણા માણસોને સમજાવું ને તેઓ રાજી થાય-એવી સુખકલ્પના રહી જાય છે. ધારણામાં યથાર્થ જાણપણું હોવા છતાં અંદરમાં અયથાર્થ પ્રયોજન છે તેથી સમ્યગ્દર્શન થતું નથી. ૪૯૧.

*

ખાસ પ્રકારની પાત્રતા એટલે શું?-કે જેને માત્ર આત્મા જ જોઇએ છે. એ સિવાય માન જોઇએ કે બહાર પડવાનો-ભાવ-એ કાંઈ નથી એ ખાસ પ્રકારની પાત્રતા છે. ૪૯૨.

*

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ખરા જિજ્ઞાસુ જીવને અંદર ઊંડે જ્ઞાનની કાંઈક ભૂલ રહી ગઈ હોય તોપણ એને ખાસ જિજ્ઞાસા હોવાથી એને ટાળી નાખશે. ખરા જિજ્ઞાસુને સ્વભાવની લગનીના બળે, જ્ઞાનની કોઈ ભૂલ રહી ગઈ હોય તો તે નીકળી જાય છે. જ્ઞાયકભાવને પકડવાની ખાસ ભાવના છે તેને કોઈ અટકાવવાના પ્રકારની ગંધ રહી ગઈ હોય તો તે લગનીના બળે નીકળી જાય છે. ૪૯૩.

*

પ્રશ્નઃ– બધા શાસ્ત્રોનો સાર સ્વસન્મુખ થવાનું કહે છે તો બધા શાસ્ત્રો વાંચવાની શું જરૂર છે? સ્વસન્મુખ થવાનો જ પ્રયત્ન કરીએ?

ઉત્તરઃ– સ્વસન્મુખ થવાનો જ પ્રયત્ન કરવાનો છે. પણ સ્વસન્મુખ ન થવાતું હોય અને અનેક પ્રકારથી અટકવાના શલ્ય પડયા હોય ત્યારે શાસ્ત્ર વાંચવાનો વિકલ્પ આવે છે. આવ્યા વિના રહેતો નથી, અને શાસ્ત્ર પણ સ્વસન્મુખ થવાનું જ કહે છે. ૪૯૪.

*

સતીઆ સત્ નવ છોડીએ. સત્ છોડયે સત્ જાય. એમ ઉત્પાદ–વ્યય–ધ્રુવયુક્તમ્ સત્ છે. દરેક પર્યાયનો ઉત્પાદ પોતાથી સત્ છે. એ સત્ પર્યાયને આડી–અવળી કરીશ નહીં. બીજાથી સત્ પર્યાયનો ઉત્પાદ થાય તેમ માનીશ નહીં. નિમિત્તથી ઉત્પાદ થતો નથી. ભાઈ, સુખી થવું હોય તો સત્ જેમ છે તેમ તારી શ્રદ્ધા રાખજે. આહાહા, આવી સ્વતંત્રતાની વાત જૈનદર્શન વિના બીજે કયાંય નથી. ૪૯૫.

*

જેને આત્માનો વિશ્વાસ આવ્યો એને કોઈ વિઘ્ન જ નથી એવી એ ચીજ છે. ૪૯૬.

*

સમ્યગ્દ્રષ્ટિ પાંચ ઇન્દ્રિયના વિષયના અશુભ રાગમાં આવે છે પણ ત્યાંથી ખસીને ધ્યાનમાં બેસતા નિર્વિકલ્પમાં જામી જાય છે, એનું કારણ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

એનું જોર પૂર્ણવસ્તુ ઉપર છે. વચ્ચે વિકલ્પ આવ્યો પણ એનાથી તરતો... તરતો... તરતો છે. ૪૯૭.

*

ગમે તેવી કટોકટીમાંથી પોતાના જ્ઞાન-ધ્યાનનો સંયમ ખેંચીને કાઢી લેવો. અમૂલ્ય જીવન ચાલ્યું જાય છે. અનેક પ્રકારની પ્રતિકૂળતા આવી પડે. પુત્રાદિનું મરણ થાય. શરીરમાં રોગ આકરા આવી પડે, અન્ય અનેક પ્રકારની પ્રતિકૂળતા આવી જાય તોપણ પોતાના જ્ઞાન-ધ્યાનનો સમય કાઢી લેવો, જીવન વ્યર્થ જવા ન દેવું. ૪૯૮.

*

પ્રશ્નઃ- પર્યાય તે સમયની સત્ છે. નિશ્ચિત છે, ધ્રુવ છે, તેમ કહેવાનું શું પ્રયોજન છે?

ઉત્તરઃ- પર્યાય તે સમયની સત્ છે. નિશ્ચિત્ છે, ધ્રુવ છે તેમ બતાવીને તેના ઉપરનું લક્ષ છોડાવી ધ્રુવ દ્રવ્ય ઉપર લક્ષ કરાવવાનું પ્રયોજન છે. ૪૯૯.

*

પ્રશ્નઃ- સમ્યગ્દર્શન નહીં થવામાં ભાવજ્ઞાનની ભૂલ છે કે આગમજ્ઞાનની ભૂલ છે?

ઉત્તરઃ- પોતાની ભૂલ છે. સ્વ તરફ નહિ વળતાં પર તરફ રોકાય છે એ જ એની ભૂલ છે. છતી શક્તિ છે તેને અછતી કરી હતી તે તેની ભૂલ છે. એ છતી શક્તિને છતી કરીને જોતાં-દેખતાં એ ભૂલ ટળે છે. (એ રીતે ભાવજ્ઞાનની ભૂલ છે.) ૫૦૦.

*

અરે ભાઈ સાંભળ...સાંભળ..અમે તો આત્માને જોઈને વાત કરીએ છીએ. ભગવાન આત્મા સદાય આનંદમય, સદાય વીર્યમય, સદાય શિવમય એવું પરમાત્મતત્ત્વ છે તેના વિષે દયા-દાન આદિ કરવાનું કહેતા તો લજ્જા આવે છે. અરે, તું એવડો મોટો પરમાત્મસ્વરૂપ સદાય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


કલ્યાણમય છો કે તારામાં ધ્યાન કરવાનું કહેતા પણ લજ્જા આવે છે. ૫૦૧.

*

આહાહા! દિગમ્બર સંતોની વાણી તો જુઓ, મારફાડ કરતી ત્રિકાળી ચૈતન્યતત્ત્વને બતાવે છે. આહાહા, શુદ્ધનય ધ્યાન કરવાનું પણ કહેતો નથી. શુદ્ધનય પર્યાયને કબૂલતો નથી એ તો સદાય આનંદસ્વરૂપ શુદ્ધ પરમાત્મતત્ત્વને જ સ્વીકારે છે. આહાહા, ભાઈ તારા પૂર્ણ પ્રભુની વાત તો જો. ૫૦૨.

*

દુનિયાની વાતનો રસ જેને હોય તેને આ વાત બેસવી કઠણ લાગે છે અને જેને આ વાતનો રસ લાગી જાય છે તેને બીજામાં રસ લાગતો જ નથી. એમ જેને ઇન્દ્રિયજ્ઞાનથી રસ ચડયો છે તેને અતીન્દ્રિય જ્ઞાન પ્રગટ થતું નથી. જેમ રાગ એ વ્યભિચાર છે તેમ ઇન્દ્રિય જ્ઞાનનો રસ એ વ્યભિચાર છે. ૫૦૩.

*

અધ્યવસાનના ત્યાગ માટે પરદ્રવ્યનો ત્યાગ કરવા કહ્યું છે. પરના ત્યાગથી અધ્યવસાનનો ત્યાગ થતો નથી પણ અધ્યવસાનનો ત્યાગ કરાવવા પરનું લક્ષ છોડાવવા જ્યાં પરનો ત્યાગ કરવા કહ્યું છે ત્યાં પરના આશ્રયનો ત્યાગ કરાવવો છે. કેમ કે અધ્યવસાનને પરદ્રવ્યનો આશ્રય છે. તે આશ્રયનો ત્યાગ કરાવવા બાહ્ય ત્યાગની વાત કરી છે. પરંતુ જેની દૃષ્ટિ બાહ્ય ત્યાગ ઉપર પડી છે તે તો મિથ્યાદૃષ્ટિ છે. (મિથ્યાત્વનું પોષણ કરનાર છે.) ૫૦૪.

*

પ્રશ્નઃ- રાગ અને આત્માની સૂક્ષ્મ સંધિ દેખાતી નથી, બીજા વિચારો આવ્યા કરે છે તો પ્રજ્ઞાછીણી કેમ મારવી?

ઉત્તરઃ- પોતે ઊંધો પુરુષાર્થ કરે છે તેથી બીજા વિચારો આવ્યા કરે છે. પુરુષાર્થ કરીને ઉપયોગને સ્વભાવ સન્મુખ સૂક્ષ્મ કરે તો આત્મા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

અને બંધની સંધિ દેખાય અને જુદા પાડી શકે છે. ૫૦૫.

*

કોઈ છરી લઇને મારવા આવે તો ડર લાગે, સર્પને દેખે તો ડર લાગે, વીંછીને દેખે તો ડર લાગે, શત્રુને દેખે તો ડર લાગે. આકરા રોગને દેખે તો ડર લાગે પણ જે અનંતા ભવ કરાવનાર છે એવા મિથ્યાત્વભાવનો એને ડર લાગતો નથી. એ ડર લાગે તે સ્વભાવનું શરણ શોધવા જાય. ૫૦૬.

*

સમ્યગ્જ્ઞાનનું આભૂષણ એવું આ પરમાત્મતત્ત્વ સમસ્ત વિકલ્પ સમૂહથી સર્વતઃ મુક્ત છે. અનેક પ્રકારના વિકલ્પનો સમૂહ તે સમ્યક્જ્ઞાનના આભૂષણ એવા પરમાત્મતત્ત્વમાં-ત્રિકાળી તત્ત્વમાં નથી. સર્વનય સંબંધી અનેક પ્રકારના વિચારો એ પણ પ્રપંચ છે. એ પણ ત્રિકાળી પરમાત્મતત્ત્વને વિષે નથી. એ વિકલ્પો નથી એ તો ઠીક પણ શુદ્ધ પર્યાયોની શ્રેણી-નિર્મળ પર્યાયની ધારારૂપ ધ્યાનાવલી એ પણ પરમાત્મતત્ત્વમાં નથી. ધ્યાનાવલીનું જે ધ્યેય છે એવા પરમાત્મતત્ત્વમાં ધ્યાનની પરિણતિરૂપ પર્યાયો-ધ્યાનાવલી નથી. ભાઈ! તું તો સદાય આવો પરમાત્મસ્વરૂપે જ છો. ૫૦૭.

*

ધ્યાન તે પર્યાય છે અને ધ્યેય તે દ્રવ્ય છે એવા અનેક પ્રકારના વિકલ્પોવાળું શુભ તપ છે. એ પણ કલ્પનામાત્ર રમ્ય છે. ધ્યાનમાં અનેક પ્રકારની કલ્પના કરે કે આ દ્રવ્ય છે, આ પર્યાય છે, આત્મા આવો છે, આવો છે-એમ અનેક પ્રકારથી કલ્પના કરે તે પણ કલ્પનામાત્ર રમ્ય છે. આહાહા, આચાર્યદેવ નિયમસારમાં કહે છે કે આ શાસ્ત્ર મેં મારા માટે બનાવ્યું છે. તમારે સમજવું હોય તો સમજો. વસ્તુસ્થિતિ તો આવી છે કે આત્મધ્યાન સિવાયનું બીજું બધું જે કાંઈ શુભાશુભ ભાવો છે તે બધાય ઘોર સંસારનું મૂળ છે. આવું જાણીને જે બુદ્ધિમાન પુરુષો છે તે સહજ પરમાનંદરૂપી પીયુષના પુરમાં લીન થઈ સહજ એક પરમાત્મસ્વરૂપનો

આશ્રય કરે છે. ૫૦૮.

*

શુદ્ધનિશ્ચયનયથી મુક્તિમાં અને સંસારમાં તફાવત નથી. આહાહા, ક્યાં પૂર્ણાનંદની પ્રગટતારૂપ મુક્ત દશા અને ક્યાં અનંત દુઃખમય સંસાર પર્યાય! છતાં તે મુક્તિ કે સંસારમાં તફાવત નથી તેમ શુદ્ધતત્ત્વના રસિક પુરુષો કહે છે. કેમ કે સંસાર પણ પર્યાય છે. અને મુક્તિ પણ પર્યાય છે. એ કોઇ પર્યાય આશ્રય કરવા લાયક નથી. એ અપેક્ષાએ મુક્તિમાં ને સંસારમાં તફાવત નથી તેમ શુદ્ધતત્ત્વના રસિક પુરુષો એટલે કે શુદ્ધતત્ત્વના અનુભવી પુરુષો કહે છે. ૫૦૯.

*

પોતાને આત્મા જ્ઞાનપ્રત્યક્ષ થયો હોય, રાગથી ભિન્ન પડી જ્ઞાનસ્વરૂપી ભગવાનનું જ્યાં વેદન થયું હોય, આનંદનું જ્યાં વેદન થયું હોય, અને જ્ઞાનમાં એ આત્મા પરની અપેક્ષા વિના પ્રત્યક્ષ જણાયો હોય, જાણનારને પોતાને આત્મા પ્રત્યક્ષ થયો હોય-વેદનમાં આવ્યો હોય એ પ્રત્યક્ષ સહિત અનુમાનથી બીજાને જાણી શકે. પરંતુ જેને પ્રત્યક્ષ થયો જ નથી. એવા બીજાઓ વડે કેવળ અનુમાનથી જણાવાયોગ્ય આત્મા નથી. ૫૧૦.

*

કોઈ જીવને દુઃખ થાય એ હોય નહિં. બધા જીવો પરમાનંદ સ્વરૂપ છે. જ્ઞાનાનંદસ્વરૂપ પરમાત્મા છે. એના સ્વભાવમાં દુઃખ ક્યાં છે? ભાઈ! ઊંધી શ્રદ્ધા કરતાં પર્યાયમાં તને દુઃખ થશે. સત્યની પ્રરૂપણા કરતાં એ ન રુચે અને તને દુઃખ થાય એ અમે ઇચ્છીએ નહિ. માફ કરજે ભાઈ! આહાહા! આવો મારગ છે. કોઈ પણ જીવ એકેન્દ્રિયથી માંડીને તે જ ભવે સિદ્ધ થનાર બધાય જીવો પરમાનંદ સ્વરૂપ આત્મા છે. પછી કોનો અનાદર હોય! મને દુઃખ થાય તો એ ન ગમે તેમ બીજાને દુઃખ થાય એ પણ કેમ ઇચ્છીએ! ઊંધી શ્રદ્ધા-પ્રરૂપણા કરીને દુઃખી થાય એને કેમ અનુમોદાય? સાધુપણાની ભગવાને કહેલી સત્ય પ્રરૂપણા થતાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અઠ્ઠાવીસ મૂળગુણ ચોક્ખા ન હોય ને છેદાય એને સાધુ કહેવાય નહિ, દ્રવ્યલિંગી પણ કહેવાય નહિ–એવી સત્ય પ્રરૂપણાથી કોઇને દુઃખ થાય એમ ન હો! ભાઈ! બાપુ! ઘાંસનું તણખલું જરા વાગે તોપણ દુઃખ થાય તો મિથ્યા શ્રદ્ધાના કેટલા દુઃખ તને થાય! એ કેમ અનુમોદાય? સૌ આત્માને શાંતિ... શાંતિ... શાંતિ થાવ. અહીં અમારે તો કોઇનો વિરોધ નથી. કોઈ અમારો વિરોધ કરતું નથી. બધા આત્મા દ્રવ્યસ્વભાવે તો સાધર્મી છે. વિરોધતાનો ભાવ પોતાને નુકશાન કરે છે. બીજાને નહિ અને અવિરોધતાનો ભાવ પણ પોતાને લાભ કરે છે. બીજાને નહિ. આહાહા! આત્મા તો સર્વથી ઉદાસ.. ઉદાસ... ઉદાસ છે. ૫૧૧.

*

જ્ઞાયકભાવ છે તે શુભાશુભભાવે થતો નથી. જે જ્ઞાયકભાવ છે તે જડભાવે થતો નથી. જાણનાર ચૈતન્યતત્ત્વ, નહીં જાણનાર એવા પુણ્ય-પાપતત્ત્વરૂપે થતું નથી.–એમ કહીને કહેવું છે કે તું આત્માનો અનુભવ કરી શકીશ કેમ કે જ્ઞાયકભાવ છે તે જડરૂપે થયો નથી. ભલે રાગાદિ અનાદિના હો પણ આત્મા તે-રૂપે કદી થયો નથી ને થશે નહીં તેથી તેનો તને અનુભવ થઈ શકશે. ૫૧૨

*

પર્યાય ગૌણ થઈ જાય છે તેનો અર્થ વીતરાગતાનો અનુભવ ગૌણ થઈ જાય છે એમ નહીં. ગૌણ થઈ એટલે વીતરાગતા પર્યાયમાં ન આવી કે વીતરાગતા પર્યાયમાં ન થઈ માટે ગૌણ થઈ ગઈ એમ નહીં. ફક્ત લક્ષની અપેક્ષાએ ગૌણ કહ્યું. વીતરાગી પર્યાયનું લક્ષ વીતરાગી પર્યાય ઉપર નથી, માટે ગૌણ કહ્યું. વીતરાગી પર્યાય થઈ તેના ઉપર લક્ષ નહીં પણ ધ્રુવ ઉપર લક્ષ છે. અપરિણામી એ પરિણામમાં આવતું નથી છતાં એ પરિણામમાં અપરિણામીનું જ્ઞાન ને વીતરાગતા આવે છે. ૫૧૩

*

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ત્રિકાળી નાથની સત્તાનો સ્વીકાર વીતરાગ ભાવે થયો એ ભાવ ક્યાંય ચાલ્યો જતો નથી. અનુભવ તો અનુભવના વેદનમાં જ રહે છે. પરિણામને ગૌણ કહ્યું. એ તો લક્ષની અપેક્ષાએ ગૌણ કહ્યું, અનુભવની અપેક્ષાએ ગૌણ નહીં. અનુભવની અપેક્ષાએ એ જ મુખ્ય છે. કારણ કે દ્રવ્યનો અનુભવ થતો નથી. મારું વીતરાગી તત્ત્વ છે તેનું જ્યાં હું લક્ષ કરું છું. ત્યાં તો વીતરાગી દશા પ્રગટ થાય છે –એ જ મારે મુખ્ય છે. વેદનમાં આવે એ જ મારે મુખ્ય છે. લક્ષની અપેક્ષાએ ભલે ગૌણ કર્યું. પણ જે આ વેદન છે તેને ગૌણ કરીશ એ નહીં ચાલે. પૂર્ણાનંદના નાથને તે જાણ્યો ને વેદનમાં આવ્યો એ વેદનને તું ગૌણ ન કરીશ હોં! એ તો લક્ષ કરાવવાની અપેક્ષાએ તને ગૌણ કહ્યું પણ મુખ્ય તો એ જ છે. જે આનંદ પોતાને પ્રત્યક્ષ વેદાય એ મુખ્ય છે. ૫૧૪.

*

ઉપયોગ નામનું લક્ષણ કહ્યું. કોનું લક્ષણ કહ્યું?–કે જીવનું, આત્માનું હવે આત્માનું જે લક્ષણ છે તે નિમિત્તને અવલંબને થાય એ લક્ષણ જ નથી. ભાઈ! આ તો ધીરા થઈને સમજવાની વાત છે. આત્માનું લક્ષણ ઉપયોગ છે, લક્ષ આત્મદ્રવ્ય છે. હવે એ ઉપયોગ નામના લક્ષણ વડે જે લક્ષણ લક્ષને જાણે એવા લક્ષણમાં પરજ્ઞેયને જાણવાનું જે અવલંબન થાય તે ઉપયોગ જીવનો નહિ. ૫૧૫.

*

કેટલાક લોકો હજી શુભરાગને મોક્ષમાર્ગ માને છે તેને કહે છે કે પ્રભુ! તું ક્યાં ગયો? શું કરે છે? અહીં તો પરલક્ષવાળું જ્ઞાન એ જીવનું નહિ તો પરલક્ષવાળો રાગ છે તે જીવને લાભ કરે એ વાત તો ક્યાંય રહી! અરે પ્રભુ શું કરે છે આ! સાંભળવા મળ્યું નથી. અરે! એની પ્રભુતા એની ચમત્કૃતિ શક્તિઓ! અને ચમત્કૃતિ એની પર્યાયો!! એની એને ખબર નથી. આવો જે ભગવાન આત્મા એની ઊંડપની શી

વાત કરવી. પાતાળ કૂવામાં જેમ પાણી ઊંડેથી ફાટીને બહાર આવે તેમ લક્ષના કારણથી જે જ્ઞાન ઉત્પન્ન થાય તે જ્ઞાનના પાતાળ કૂવામાંથી શેરડા-ફૂવારા ફાટે છે. ૫૧૬.

*

ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત એ તો સર્વ આગમના મંથનનો સાર છે. આ વાત અહીંથી (પૂ. ગુરુદેવથી) બહાર આવી છે. એ પહેલા આ વાત હિંદુસ્તાનમાં ક્યાંય ન હતી. ક્રમબદ્ધ એ પરમ સત્ય છે. જે કાળે જે થવાનું છે તે જ થશે. તેને ઇન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર પણ ફેરવવા સમર્થ નથી ક્રમબદ્ધમાં (જ્ઞાયકપણું) અકર્તાપણું સિદ્ધ કરે છે. આના સંસ્કાર પાડયા હશે તે સ્વર્ગમાં જશે ને ત્યાંથી સમકિત પામશે. ૫૧૭.

*

પ્રશ્નઃ- એક બાજુ પર્યાય ક્રમબદ્ધ કહો છો અને બીજી બાજુ પર્યાય ઉપરથી દૃષ્ટિ ઉઠાવવાનું કહો છો?

ઉત્તરઃ- પર્યાય ક્રમબદ્ધ થાય છે એમ જાણે તો પર્યાયનું કર્તૃત્વ છૂટીને અકર્તા સ્વભાવી દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય છે. ક્રમબદ્ધ ઉપર દૃષ્ટિ રાખીને ક્રમબદ્ધનો નિર્ણય નથી થતો. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે ત્યારે ક્રમબદ્ધનો સાચો નિર્ણય થાય છે. ક્રમબદ્ધ છે એ તો સર્વજ્ઞતાનો પ્રાણ છે. ૫૧૮.

*

પ્રશ્નઃ- યોગસારમાં પુણ્યને પણ પાપ કેમ કહ્યું છે?

ઉત્તરઃ- પુણ્ય છે તો શુભરાગ પણ તે સ્વરૂપથી પતિત કરે છે તેથી ત્યાં કહ્યું છે કે પાપને તો પાપ જગ સહુ કહે પણ અનુભવી જીવ પુણ્યને પણ પાપ કહે છે. જયસેન આચાર્યે પણ કહ્યું છે કે પુણ્ય છે તે અશુભથી બચાવે છે પણ શુદ્ધ સ્વરૂપથી પછાડે છે-પતિત કરે છે. તેથી પુણ્યને પણ પાપ કહ્યું છે. પાપનો અધિકાર છે છતાં તેમાં પુણ્યને પાપ કહ્યું છે. અહીં તો જેને આત્માનું હિત કરવું હોય તેની વાત છે. બાકી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો અનંતવાર શુભ કરીને નવમી ગ્રૈવેયેક ગયો પણ એક ભવ ઘટયો નહિ. ૫૧૯.

*

પ્રશ્નઃ– આત્માને ઓળખ્યો ન હોય ને શુભ રાગને ઝેર કહેવાથી સ્વછંદી ન થઈ જાય?

ઉત્તરઃ– અજ્ઞાની સ્વછંદી જ છે. મિથ્યાત્વ છે તે જ મોટું પાપ ને સ્વછંદ છે. શુભરાગને ઝેર કહીને શુભરાગની રુચિ છોડાવવી છે. શુભરાગ પહેલાં છૂટતો નથી, શુભની રુચિ પહેલાં છૂટે છે. શુભરાગને ઝેર કહીને તેની રુચિ છોડાવવી છે. ૫૨૦.

*

... આ તો સનાતન સ્યાદ્વાદ જૈન દર્શન છે, એને જેમ છે તેમ સમજવું જોઈએ. ત્રિકાળી ધ્રુવ વસ્તુ છે તેની અપેક્ષાએ એક સમયની શુદ્ધ પર્યાયને પણ ભલે હેય કહે છે પણ બીજી બાજુ શુભરાગ આવે છે, હોય છે, એના નિમિત્તો દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો શુભરાગ હોય છે. ભગવાનની પ્રતિમા હોય છે, એને ન માને તોપણ મિથ્યાદ્રષ્ટિ છે. ભલે તેનાથી ધર્મ નથી પણ તેને ઉથાપે તો મિથ્યાદ્રષ્ટિ છે. શુભરાગ હેય છે, દુઃખરૂપ છે પણ એ ભાવ હોય છે, તેના નિમિત્તો ભગવાનની પ્રતિમા આદિ હોય છે. તેનો નિષેધ કરે તો તે જૈન દર્શનને સમજ્યો નથી તેથી મિથ્યાદ્રષ્ટિ છે. ૫૨૧.

*

પ્રશ્નઃ– ધારણાજ્ઞાનમાં યથાર્થ જાણે તો સમ્યક્ સન્મુખતા કહેવાય?

ઉત્તરઃ– ધારણાજ્ઞાનમાં દ્રઢ સંસ્કાર અપૂર્વ રીતે પાડે, પૂર્વે કદી નહિ કરેલ એવા અપૂર્વ રીતે સંસ્કાર પાડયા હોય તો સમ્યક્ સન્મુખતા કહેવાય. ૫૨૨.

*

પ્રશ્નઃ– સંસારનો થાક લાગવાનો ઉપાય શું?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ઉત્તરઃ- સંસારમાં શુભાશુભ ભાવો છે તે દુઃખરૂપ છે, એના ફળમાં ચારગતિ મળે છે. તેમાં અનેક પ્રકારનાં દુઃખો ને આકુળતા છે એમ એને અંદરથી લાગવું જોઇએ. શુભાશુભભાવ દુઃખરૂપ જ છે એમ લાગે તો સંસારનો થાક લાગે. ૫૨૩.

*

ભગવાન સર્વજ્ઞના મુખારવિંદથી નીકળેલી વીતરાગી વાણી પરંપરા ગણધરો અને મુનિઓથી ચાલી આવી છે. એ વીતરાગી વાણીમાં કહેલાં તત્ત્વોનું સ્વરૂપ વિપરીત અભિનિવેશ રહિત જેને બેઠું છે એ ભવ્ય જીવના ભવ નાશ થઈ જાય છે. એને ભવ રહે જ નહીં. ભગવાનની વાણી ભવનો ઘાત કરનારી છે, એ જેને બેસે છે એ જીવની કાલલબ્ધિ પણ પાકી ગઈ છે. ૫૨૪.

*

જેને ભગવાનની વાણીમાં કહેલાં તત્ત્વો બેઠાં તેને ભવિ છું કે અભવિ એવી શંકા રહે જ નહીં. તે ભવિ જ હોય અને એને એવો નિઃશંક નિર્ણય થઈ જાય કે હું ભગવાન છું. ભગવાન સ્વરૂપ છું ને અલ્પ કાળમાં ભગવાન થઈ જવાનો છું- એમ પાકો નિર્ણય આવી જાય. કેટલાક તત્ત્વોની વાતો કરે પણ અમે ભવિ છીએ કે અભવિ એની અમને ખબર ન પડે. કેવળી ભગવાન જાણે-એવી શંકામાં પડયા હોય! તેને ભગવાનની વાણીમાં આવેલાં તત્ત્વોનું સ્વરૂપ અંદરમાં બેઠું જ નથી. ૫૨૫.

*

સમ્યગ્જ્ઞાનનું આભૂષણ એવું જે પરમાત્મતત્ત્વ તેમાં દયા-દાન આદિના વિકલ્પોનો સમૂહ નથી. આવા આત્માને અંદર ઓળખવો, ઓળખીને શ્રદ્ધા કરવી તેનું નામ ધર્મ છે. સમસ્ત વિકલ્પો એટલે કે દયા-દાન આદિનો રાગ કે ગુણ-ગુણીના ભેદનો રાગ, જ્ઞાનથી શોભતા આત્મતત્ત્વમાં નથી. ૫૨૬.

*

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મધ્યાન સિવાયનું બીજું બધું ઘોર સંસારનું મૂળ છે. એક જ્ઞાનસ્વરૂપ પ્રભુને ધ્યેય બનાવીને ધ્યાન કરવું એ સિવાય બીજું બધું એટલે કે શુભ ને અશુભભાવ ઘોર સંસારનું મૂળ છે. દયા-દાન આદિના રાગથી પણ ભિન્ન આત્માનું ધ્યાન-એ સિવાયનો જે કોઇ વિકલ્પ તે ઘોર સંસારનું મૂળ છે. પ૨૭.

*

(સહજ તત્ત્વ) અંતર પડયા વિના, કર્મના વિઘ્ન વિના, રાગના વિઘ્ન વિના નિરંતર સુલભ છે. સહજ તત્ત્વના સતત અભ્યાસે સુલભ છે. ભગવાન આત્મા ચૈતન્ય પ્રકાશનું પૂર છે. આવી મહિમાવંત ચીજનો મહિમા લાવીને અંદર ઉતરતો નથી ને બહારની ચીજમાં અટવાઇ ગયો છે. પ૨૮.

*

ધર્મી જીવે સહજ તત્ત્વ ઉપર દૃષ્ટિ દીધી છે તેને તે વીતરાગતાનું ઘર છે. વીતરાગમૂર્તિમાંથી વીતરાગતા આવે છે. જેના ઘરમાં રાગ નથી પણ સમતાથી ભરેલું ઘર છે, તેના ઉપર દૃષ્ટિ દેતાં તેમાંથી સમતા પ્રગટે છે. આત્મામાં તો એકલી વીતરાગતા ભરી છે. તેમાં જેણે નજર કરી છે, તેને તો તે વીતરાગતાનું ઘર છે. તેમાંથી તેને-સમ્યગ્દૃષ્ટિઓને સમતા પ્રગટે છે. પ૨૯.

*

(આત્માને) ચેતનાગુણમય લીધું છે કેમ કે જ્ઞાનની પર્યાયનો અંશ પ્રગટ છે. તેથી ચેતનાગુણમય ત્રિકાળ છે એમ લીધું. આનંદનો અંશ તો જ્યારે સ્વભાવનો આશ્રય લે ત્યારે પ્રગટે પણ ચેતનાનો પર્યાય જે છે તે તો અજ્ઞાનીને પણ વિકાસનો અંશ છે તેથી એમ કહ્યું કે, ચેતના ગુણમય આખો ભગવાન આત્મા છે. અંતર નજર કરતાં ચેતના....ચેતના....ચેતના.... સ્વભાવ જેનો અનંત અને અપરિમિત સ્વભાવ છે, એ ચેતનાગુણ ઉપર દૃષ્ટિ આપતાં રાગથી ભિન્ન પડે, તે એનું સાધન છે. પ૩૦.

*

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

લિંગનું એટલે કે ઉપયોગ નામના લક્ષણનું ગ્રહણ એટલે કે પરથી હરણ થઈ શકતું નથી. જે આત્મા આનંદનો નાથ પ્રભુ, જ્ઞાનનો સાગર, ધ્રુવ ભગવાન ચૈતન્યમય પ્રભુ છે તેના અવલંબને જે ઉપયોગ પ્રગટયો તે ઉપયોગને, તાકાત નથી દુનિયામાં કોઇની કે કોઇ તેને હરી શકે, લૂંટી જાય, નાશ કરી શકે, ચોરી કરી જાય. ૫૩૧.

*

ચારિત્રની પર્યાય ભલે હીણી થઈ ગઈ છતાં ત્યાં રાગથી ભિન્નપણાનો જે ઉપયોગ (પરિણમન) જ્ઞાનને લક્ષે થયો તે ઉપયોગમાં હીનપણું (નાશ થવું) થતું નથી. એ ઉપયોગ તો સ્વર્ગમાં સર્વાર્થસિદ્ધિમાં જાય ત્યાં પણ સાથે જ જાય છે. સ્વના આશ્રયે પ્રગટેલો જે ઉપયોગ છે તે, ચારિત્રવંત હોય ને ચારિત્ર ખલાસ થઈ જાય છતાં તેને કાંઈ હીનપણું થતું નથી. કર્મ મને ઢાંકી દે એમ તો નહિ પણ બીજા ગુણની પર્યાય હીણી થઈ માટે આ ઉપયોગ હણાઈ જાય-એમ પણ નથી. ૫૩૨.

*

ભગવાન આત્મા પોતાથી વિકારનો અકારક જ છે. કેમ કે દ્રવ્ય ને ગુણ તો ભગવત્ સ્વરૂપ જ છે, તેથી તે વિકારનો કર્તા કેમ થાય? તેથી પોતે પોતાથી તો રાગાદિનો અકારક જ છે. જો એમ ન હોય તો પ્રત્યાખ્યાન ને પ્રતિક્રમણનો જે (બે પ્રકારનો) ઉપદેશ છે તે નિરર્થક બને. નિમિત્ત-નૈમિત્તિક સંબંધે રાગાદિ અદ્ધરથી ઊભા થાય છે પણ વસ્તુમાં નથી માટે તો તેને છોડવાનો ઉપદેશ કર્યો છે. ૫૩૩.

*

પરથી પાછું હઠવું ને ભવિષ્યમાં પરમાં જોડાવું નહીં એવો જે ઉપદેશ છે એ એમ બતાવે છે કે આત્મા સ્વભાવથી રાગાદિકનો અકારક છે. જેમ ભગવાન જ્ઞાયકસ્વરૂપી પ્રભુ રાગને કરતો નથી તેમ પરથી-નિમિત્તથી પણ રાગ થતો નથી, પરંતુ પોતાનું લક્ષ છોડીને પરના લક્ષે

પર્યાયમાં રાગ થાય છે. પોતાનામાં જે નથી એવા પરનું-નિમિત્તનું લક્ષ કરીને પર્યાયમાં રાગ કરે છે. જેમ ભગવાન આત્મા રાગને કરતો નથી તેમ નિમિત્ત પણ રાગને કરતું નથી પણ નિમિત્તના લક્ષે રાગ થાય છે. ૫૩૪.

*

નિર્મળ અતીન્દ્રિય આનંદકંદ જેનો સ્વભાવ છે એવો ભગવાન પોતાથી વિકારનો અકારક છે. કેમકે અનંત ગુણમાં કોઇ ગુણ વિકાર કરે એવો છે જ નહીં. તેથી આત્મા સ્વતઃ દયા-દાનના પરિણામનો અકારક ઠરે છે. રાગાદિ થાય તો છે ને?-કે પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે માટે વિકાર થાય છે. જેમ સ્વદ્રવ્યનું લક્ષ કરે છે ત્યારે નિર્વિકારી પરિણમન થાય છે પણ તેને સ્વદ્રવ્ય કરતું નથી, પોતાના ષટ્કારકથી એ નિર્વિકારી પરિણમન થાય છે, તેમ પરદ્રવ્ય વિકારી પરિણમન કરાવતું નથી પણ સ્વતંત્રપણે પોતાના ષટ્કારકથી પરદ્રવ્યનું લક્ષ કરીને વિકારી પરિણમન થાય છે.

*

જો પરના નિમિત્તે વિકાર થાય એમ ન હોય તો આત્માને એકલાને વિકારનું કર્તાપણું આવી શકે અને આત્મા નિત્ય હોવાથી વિકારનું નિત્ય કર્તાપણું આવી પડતાં આત્માનો મોક્ષ જ થાય નહીં. તેથી એમ સિદ્ધ થયું કે આત્માના લક્ષે વિકાર થાય નહીં પણ સ્વદ્રવ્યનું લક્ષ છોડી પરદ્રવ્યનું લક્ષ કરે છે તેથી વિકાર થાય છે ને તેથી તે રખડે છે. ૫૩૫.

*

જ્યારે નિમિત્તભૂત દ્રવ્યને છોડે છે એટલે કે નિમિત્તભૂત દ્રવ્યનું લક્ષ છોડે ત્યારે તેના લક્ષે થતાં વિકારીભાવને પણ લક્ષમાંથી છોડે છે. જ્યારે નિમિત્તભૂત દ્રવ્યને પ્રતિક્રમે છે ને પચખે છે ત્યારે નૈમિત્તિક ભાવને-વિકારને પ્રતિક્રમે છે ને પચખે છે. તેનું નામ ધર્મ છે. ૫૩૬.

પ્રશ્નઃ- અમે આખો દિવસ સવારથી સાંજ સુધી પરના કાર્ય કરીએ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છીએ અને ન કરવું તેમ આપ કહો છો?

ઉત્તરઃ- પરનું ન કરવું એમ નહિ, પણ પરનું કાર્ય કરી શકતો જ નથી. ન કરવું એમ નહિ પણ અહીં તો આત્મા શરીરાદિ પરદ્રવ્યનું કાર્ય કિંચિત્ માત્ર પણ કરી શકતો જ નથી. પરનું કરવાની એનામાં શક્તિ જ નથી છતાં પણ હું આખો દિવસ પરનાં કાર્ય કરું છું તેમ માનવું એ જ મિથ્યાત્વનું મોટું પાપ છે. ૫૩૭.

*

આત્મલક્ષ્મી તે જ સાચી લક્ષ્મી છે અને તે જ શાહૂકાર છે. જડની લક્ષ્મીવાળો તો પરને પોતાનું માનતો હોવાથી ચોર છે. આત્મલક્ષ્મીનો મહિમા આવે તેને બીજા બધાનો મહિમા ઉડી જાય. ૫૩૮.

*

એક દ્રવ્ય બીજા દ્રવ્યને કરે તો નહિ પણ અડે પણ નહિ. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. દરેક દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ થાય છે. આત્મા માત્ર જ્ઞાયક પરમાનંદ સ્વરૂપ છે. આ ભગવાન સર્વજ્ઞદેવનો દિવ્યધ્વનિનો પોકાર છે. આવી આધ્યાત્મની સૂક્ષ્મ વસ્તુ આ કાળે જેને અંદરમાં રુચિને પરિણમી જાય છે એવા જીવોને એક-બે-ચાર ભવ જ હોય, વધુ હોય નહિ-એમ શાસ્ત્રમાં આવે છે. કેમ કે આ કાળે કેવળી નથી, અવધિજ્ઞાની કે મનઃપર્યયજ્ઞાની નથી. આશ્ચર્યના કારણો ઇન્દ્ર આદિ દેવનું આવવું થતું નથી, ચક્રવર્તી આદિ ચમત્કારિક કોઈ ચીજ નથી, છતાં આ આધ્યાત્મનું સૂક્ષ્મ તત્ત્વ અંદરમાં રુચિ જાય છે એના ભાવ વિશેષ છે એથી એને ભવ વધુ હોય નહિ. ૫૩૯.

*

પ્રશ્નઃ- અંદરમાં ઉતરવા માટે રુચિની જરૂર છે કે બીજી કાંઈ ભૂલ છે?

ઉત્તરઃ- અંદરમાં ઉતરવા માટે સાચી રુચિની જરૂર છે પણ એ રુચિ માટે બીજો ન કહી શકે પોતાથી નક્કી થવું જોઇએ, સાચી રુચિ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

થાય તો આગળ વધતો જાય અને પોતાનું કામ કરી લ્યે છે. ૫૪૦.

*

પ્રશ્નઃ- સૂક્ષ્મ ઉપયોગ એટલે શું?

ઉત્તરઃ- અંદર આત્મા ધ્રુવવસ્તુ પડી છે તેને પકડે તે ઉપયોગ સૂક્ષ્મ છે. પુણ્ય-પાપ પરિણામમાં રોકાય તે ઉપયોગ સ્થૂલ છે. ૫૪૧.

*

પ્રશ્નઃ- ઉપયોગ સૂક્ષ્મ કેમ થાય?

ઉત્તરઃ- અંદરમાં આત્મવસ્તુ અચિંત્ય સામર્થ્યવાળી પડી છે તેની રુચિ કરે તો ઉપયોગ સૂક્ષ્મ થઈને અંદરમાં વળે છે. ૫૪૨.

*

પ્રશ્નઃ- પર્યાય દ્રવ્યથી ભિન્ન છે તો અનુભૂતિ તે જ આત્મા છે તેમ કહ્યું છે ને?

ઉત્તરઃ- અનુભૂતિની પર્યાયમાં આત્મદ્રવ્યનું જ્ઞાન આવી જાય છે, દ્રવ્યનું સામર્થ્ય પર્યાયમાં આવી જાય છે, જેટલું દ્રવ્યનું સામર્થ્ય છે તે પર્યાયમાં જાણવામાં આવી જાય છે તે અપેક્ષાએ અનુભૂતિની પર્યાય તે જ આત્મા એમ કહ્યું છે. જો ધ્રુવ દ્રવ્ય ક્ષણિક પર્યાયમાં આવી જાય તો દ્રવ્યનો નાશ થઈ જાય તેથી દ્રવ્ય પર્યાયમાં આવતું નથી. પણ દ્રવ્યનું જ્ઞાન પર્યાયમાં આવી જાય છે. તેથી અનુભૂતિને આત્મા કહ્યો છે. ૫૪૩.

*

સમયસાર ગાથા ૧૧ માં પર્યાયને ગૌણ કરીને અભૂતાર્થ કહી હતી, ત્યાં તો પર્યાયનો આશ્રય છોડાવવા પર્યાયને ગૌણ કરી અભૂતાર્થ કહી હતી. પણ પર્યાય સર્વથા નથી જ એમ નથી. અહીં ગાથા-૧૫માં તો જેમાં અબદ્ધસ્વરૂપ આત્મા અનુભવમાં આવ્યો તે પર્યાય મુખ્ય જ છે, તે પર્યાય જૈનશાસન છે. આહાહા! મારું જે દ્રવ્ય વિકાર વિનાનું વીતરાગી તત્ત્વ છે એનું લક્ષ કરું છું ત્યાં પર્યાયમાં વીતરાગતા આવે છે.

એ વેદનની પર્યાય મુખ્ય જ છે. દ્રવ્ય વેદનમાં આવતું નથી, પર્યાય વેદનમાં આવે છે એ વેદનની પર્યાય મારે મુખ્ય છે. તેને તું ગૌણ કરી નાખ એ નહિ ચાલે નાથ! પૂર્ણાનંદનો નાથ જ્યાં જાણ્યો અને અનુભવમાં આવ્યો એને ગૌણ નહીં થાય હો! એ તો તને દ્રવ્યનું લક્ષ-આશ્રય કરાવવા પર્યાયને ગૌણ કરી હતી પણ વેદન તો પર્યાયમાં મુખ્ય છે હો! ભલે દ્રવ્યનો આશ્રય કરાવવા પરિણામને ગૌણ કર્યા પણ એ પરિણામ ક્યાં જતાં રહે? એ પરિણામ અસ્તિરૂપ વેદાય તે ક્યાં જાય! આહાહા! આ તો આત્મા પોકાર કરે છે કે વીતરાગસ્વરૂપ જે મારું દ્રવ્ય છે તેનું લક્ષ કરતાં મને વીતરાગતા વેદનમાં આવે છે એ વેદન મને મુખ્ય છે. ૫૪૪.

*

મુનિરાજ કહે છે કે અમે એ સંસારજનિત ભાવોમાં નથી. સ્ત્રી-પુત્ર-પૈસો-ધંધો છોડયો માટે સંસાર છોડયો છે એમ નથી. પર્યાયમાં જે સંસારજનિત સુખ-દુઃખાદિ થાય તેનાથી દૂર વર્તે તેણે સંસાર છોડયો છે. જે ચીજ પ્રત્યક્ષ છે, પ્રગટ છે, મૌજૂદ છે. જેનું અસ્તિત્વ પર્યાયમાં નથી અને ધ્રુવમાં જેનું અસ્તિત્વ છે તેમાં જે નિષ્ટ (શ્રદ્ધાવાન) નથી તે આત્માથી ભ્રષ્ટ હોવાથી બહિરાત્મા છે. ૫૪૫.

*

આહાહા! એક ભાવ જો યથાર્થપણે સમજવામાં આવે કે ભગવાન જ્ઞાનમય ચૈતન્યબિંબ છે. અતીન્દ્રિય આનંદમય છે. તેના પ્રેમમાં તેનાથી વિરુદ્ધ દુઃખ ને દુઃખફળનું એટલે કે કર્મચેતના ને કર્મફળચેતનાનું કરવું ને વેદવું હોતું નથી, એમ સમજવામાં આવે તો તેનો કેવળ જ્ઞાતા જ રહે-એવી આ વાત છે. ૫૪૬.

*

ભગવાન આત્મામાં જ્ઞાન અવસ્થિત છે તેથી જે જે પ્રસંગ બને તે તે પ્રસંગે તેનું જ્ઞાન કરવાનું ટાણું હોવા છતાં તેનું જ્ઞાન કરવાને બદલે

જ્ઞેય-જ્ઞાનના ભેદજ્ઞાનથી શૂન્યપણાને લીધે જ્ઞેયરૂપ પોતાને જાણતો થકો જ્ઞાનપણે પરિણમવાને બદલે અજ્ઞાનપણે પરિણમતો થકો, રાગાદિ જ્ઞેય મારા છે એમ જાણતો થકો, અજ્ઞાની તેનો કર્તા થાય છે. અનાદિકાળથી જ્ઞેય-જ્ઞાયકની જુદાઈને નહીં જાણવાથી જ્ઞેયરૂપ પોતાને માનતો થકો, જ્ઞાનના પરિણામને અજ્ઞાનરૂપે કરતો થકો, વિકારનો કર્તા થાય છે. ૫૪૭.

*

જેને આત્માનો રસ લાગ્યો છે તેને બહારની આખી દુનિયામાં ક્યાંય અધિકતા લાગતી નથી. જેને બહારની મીઠાશ લાગે તેને આત્માની રુચિ-મહિમા આવતો નથી. ૫૪૮.

*

પહેલી આ શરત છે કે મારે બીજી કોઈ ચીજ જોઈએ નહીં. મારે એક આત્મા જ જોઈએ એવો દઢ નિશ્ચય હોવો જોઈએ. દુનિયાની કોઈ ચીજ, પૈસા, આબરું આદિ કાંઈ નહીં પણ એક આત્મા જ મારે જોઈએ એવો દઢ નિશ્ચય થવો જોઈએ. ૫૪૯

*

ભાઈ! મનુષ્યભવ મળ્યો છે તો આ કરી લે! બીજું બધું મૂકી દે! ચિંતા મૂકી દે ને આ કરી લે. દુનિયા વખાણ કરશે એ કાંઈ હારે નહીં આવે, માટે બહારનું બધું મૂકીને આ કરી લે. ૫૫૦.

*

પોતાની પર્યાય જે પરદ્રવ્યને સ્પર્શતી પણ નથી તેને તો એક બાજુ રાખો પણ જે પોતાની પર્યાયનાં અસ્તિત્વમાં છે એ શાંતિ, આનંદ આદિની પર્યાયમાંથી નવી આનંદ આદિની પર્યાય આવતી ન હોવાથી પરદ્રવ્ય કહ્યું ને ત્રિકાળી ગુણોને સ્વદ્રવ્ય કહ્યું. કેવળજ્ઞાનની પર્યાયને પણ પરદ્રવ્ય કહ્યું, તો સ્વદ્રવ્ય કોણ?-કે ત્રિકાળી ગુણસ્વભાવ તે સ્વદ્રવ્ય. અનંત ગુણસ્વભાવને સ્વદ્રવ્ય કહ્યું તો તેનો આધાર કોણ?-કે ત્રિકાળી એકરૂપ

કારણસમયસાર તે સ્વદ્રવ્યનો આધાર છે. ત્રિકાળી સહજજ્ઞાન ત્રિકાળી સહજદર્શનાત્મક શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય છે, તેનો આધાર કારણ સમયસાર છે. એ કારણસમયસાર ઉપાદેય છે. ૫૫૧.

*

સંયોગી ચીજ વધે કે ઘટે માટે તારા ગુણમાં ફેરફાર થાય છે એમ નથી. તારો અવગુણ પણ તારામાં છે. તારી અવસ્થામાં અજ્ઞાન છે, તેથી એ અવસ્થા છોડયા વિના શરીરની ક્રિયાથી રાગાદિ ટળી જશે એમ નથી. ૫૫૨.

*

પ્રશ્નઃ- આત્માના જુદા જુદા ગુણો ખ્યાલમાં આવે છે પણ અભેદ ખ્યાલમાં કેમ નથી આવતો?

ઉત્તરઃ- પોતે ખ્યાલમાં લેતો નથી એટલે આવતો નથી. અભેદને ખ્યાલમાં લેવો એ તો છેલ્લામાં છેલ્લી સ્થિતિ છે. નિર્વિકલ્પ થાય ત્યારે અભેદ આત્મા ખ્યાલમાં આવે છે.

પ્રશ્નઃ- એ ખ્યાલમાં લેવો કઠણ પડે છે?

ઉત્તરઃ- ધી... રે... ધી.... રે. પ્રયત્ન કરવો. મૂંઝાવા જેવું નથી. અનુભવમાં આવી શકે એવો છે માટે ધી... રે.... ધી... રે.. પ્રયાસ કરવો, મૂંઝાવું નહિ. થઇ શકે એવું છે. આવા કાળે આવી ઊંચી વાત સાંભળવા મળી છે એ ઓછું છે? ૫૫૩.

*

પ્રશ્નઃ- અંતર્દષ્ટિ કરવાનો ઉપાય શું?

ઉત્તરઃ- અંતર્દષ્ટિ કરવાનો ઉપાય સ્વ-સન્મુખ થઇને અંતરમાં દૃષ્ટિ કરવી એ જ છે. સીધો અંતર્મુખ થઈને વસ્તુને પકડે એ ઉપાય છે. પછી ઢીલાને વ્યવહારથી અનેક વાતો કહેવાય છે. સવિકલ્પ ભેદજ્ઞાનથી નિર્વિકલ્પ ભેદજ્ઞાન થાય એમ કથન આવે. ૫૫૪.

*

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


પ્રશ્નઃ- અંતર્દષ્ટિ કરવામાં કળનું કામ છે કે બળનું?

ઉત્તરઃ- અંતર્દષ્ટિ કરવામાં પુરુષાર્થનું કામ છે, સ્વ-સન્મુખના પુરુષાર્થથી થાય છે. ૫૫૫.

*

શક્તિઓનું વર્ણન કરવાનો હેતુ એ છે કે, બહારમાં તારા જ્ઞાન આનંદ સુખ શાંતિ નથી. અંદરમાં તારી શક્તિઓનાં નિધાન ભર્યા પડયા છે. ત્યાં દૃષ્ટિ કર અને બહારથી દૃષ્ટિ ઉઠાવી લે! અંદરમાં જ્ઞાન દર્શન આનંદ સુખ વીર્ય પ્રભુતા આદિ શક્તિઓથી જીવવું એ ધર્મી જીવનું જીવન છે. બહારના દેહાદિથી જીવવું એ ધર્મી જીવનું જીવન નથી, અંદરમાં અનંત શક્તિઓનો ભંડાર ભગવાન સહજાનંદની મૂર્તિ પડયો છે એના દૃષ્ટિ-વિશ્વાસે જીવવું એ ખરું જીવન છે. ૫૫૬.

*

પ્રશ્નઃ- શ્રવણમાં પ્રેમ હોય તો મિથ્યાત્વ મંદ પડે?

ઉત્તરઃ- મિથ્યાત્વ ને અનંતાનુબંધી અનંતવાર મંદ પડયા પણ એ સમ્યગ્દર્શનનું કારણ નથી. મૂળ દર્શનશુદ્ધિ ઉપર જોર હોવું જોઇએ. ૫૫૭.

*

ભાઈ! તું સત્‌ની ઊંડી જિજ્ઞાસા કર કે જેથી તારો પ્રયત્ન બરાબર ચાલશે. તારી મતિ સવળી થઈને આત્મામાં પરિણમી જશે. સત્‌ના સંસ્કાર ઊંડા નાખ્યા હશે અને આ ભવમાં કાર્ય ન થયું તો બીજી ગતિમાં સત્ પ્રગટશે. સાતમી નરકના નારકીને વેદનાનો પાર નથી પણ અંદરમાંથી પૂર્વ સંસ્કાર જાગૃત થતાં સમ્યગ્દર્શન પામી જાય છે. માટે સત્‌ના ઊંડા સંસ્કાર અંતરમાં રેડ. ભાઈ ઊંડાણથી સત્‌ના સંસ્કાર નાખ! ઉપર ઉપરથી તો સંસ્કાર અનેકવાર નાખ્યા પણ ઊંડાણથી એકવાર યથાર્થ સંસ્કાર નાખ તો બીજી ગતિમાં પણ સમ્યગ્દર્શન પ્રગટ થશે. ૫૫૮.

*

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ભાઈ! તું પંચમ કાળે ભરતક્ષેત્રે ને ગરીબ ઘરે જન્મ્યો છો એથી અમારે આજીવિકા આદિનું શું કરવું એમ ન જો! તું અત્યારે અને જ્યારે જો ત્યારે સિદ્ધ સમાન જ છો. જે ક્ષેત્રે ને જે કાળે જ્યારે જો ત્યારે તું સિદ્ધ સમાન જ છો. મુનિરાજને ખબર નહિ હોય કે આ બધા જીવો તો સંસારી છે? ભાઈ! સંસારી અને સિદ્ધ એ તો પર્યાયની અપેક્ષાથી છે. સ્વભાવે તો એ સંસારી જીવો પણ સિદ્ધ સમાન શુદ્ધ જ છે. ૫૫૯.

*

પ્રશ્નઃ– સમ્યગ્દ્રષ્ટિ મનુષ્યને અશુભ રાગમાં આયુષ્ય બંધાય?

ઉત્તરઃ– તેને અશુભરાગ આવે છે પણ અશુભરાગ કાળે આયુષ્ય બંધ ન થાય, કેમકે સમ્યગ્દ્રષ્ટિ મનુષ્ય વૈમાનિક દેવમાં જાય છે તેથી શુભ રાગમાં જ આયુષ્ય બંધાય. ૫૬૦.

*

પ્રશ્નઃ– આત્મ–અનુભવ થતાં પહેલાં છેલ્લો વિકલ્પ કેવો હોય?

ઉત્તરઃ– છેલ્લા વિકલ્પનો કોઈ નિયમ નથી. રાગથી ભિન્નતા પૂર્વક શુદ્ધાત્માની સન્મુખતાનો પ્રયત્ન કરતાં કરતાં ચૈતન્યની પ્રાપ્તિ થાય છે. જ્યાં ત્રિકાળી જ્ઞાયક પ્રભુ તરફ પરિણતિ ઢળી રહી હોય, જ્ઞાયકધારાની ઉગ્રતા અને તીક્ષ્ણતા હોય ત્યાં છેલ્લો ક્યો વિકલ્પ હોય એનો કોઈ નિયમ નથી. પર્યાયને અંદર ઊંડાણમાં ધ્રુવ પાતાળમાં લઈ જાય ત્યાં ભગવાન આત્માની પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શન થાય છે. ૫૬૧.

*

પ્રશ્નઃ– મોક્ષનું કારણ સમભાવ છે. એ સમભાવ કરીએ તો મોક્ષ થાય ને?

ઉત્તરઃ– સમભાવ એટલે વીતરાગતા. એ વીતરાગતા દ્રવ્યને પકડે ત્યારે થાય. દ્રવ્યના આશ્રય વિના વીતરાગતા ન થાય. સમભાવનું કારણ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


વીતરાગ સ્વભાવી ભગવાન આત્મા છે. તેનો આશ્રય કરવો અને પરનો આશ્રય છોડવો. આ ટૂંકામાં ટૂંકું છે. ૫૬૨.

*

પ્રશ્નઃ- ઉપશમ સમ્યક્ થઈને છૂટી જાય ને મિથ્યાત્વમાં આવી જાય તેને ખ્યાલમાં આવે કે મને સમ્યક્ થયું હતું?

ઉત્તરઃ- હા, સમ્યક્ છૂટી જાય પછી થોડો વખત ખ્યાલમાં રહે પછી લાંબો વખત થાય તો ભૂલી જાય. ૫૬૩.

*

પ્રશ્નઃ- સ્વદ્રવ્ય આદરણીય છે તેમ તેની ભાવનારૂપ નિર્મળ પર્યાય આદરણીય કહેવાય?

ઉત્તરઃ- હા, રાગ હેય છે તેની અપેક્ષાએ નિર્મળ પર્યાયને આદરણીય કહેવાય અને દ્રવ્યની અપેક્ષાએ પર્યાય તે વ્યવહાર છે તે આશ્રય યોગ્ય ન હોવાથી હેય કહેવાય. ક્ષાયિક પર્યાય દ્રવ્યની અપેક્ષાએ હેય કહેવાય પણ રાગની અપેક્ષાએ ક્ષાયિક ભાવને આદરણીય કહેવાય. ૫૬૪.

*

પ્રશ્નઃ- ધ્રુવની કિંમત વધુ કે આનંદના અનુભવની?

ઉત્તરઃ- ધ્રુવની કિંમત વધુ છે. આનંદની પર્યાય તો એક સમયની છે ને ધ્રુવમાં તો આનંદનો ઢગલો ભર્યો છે. ૫૬૫.

*

પ્રશ્નઃ- એક આત્માની જ સન્મુખ થવાનું છે તો એને માટે આટલા બધા શાસ્ત્રોની રચના આચાર્યદેવે કેમ કરી?

ઉત્તરઃ- એની ભૂલો એટલી બધી છે એ બતાવવા માટે આટલા બધા શાસ્ત્રોની રચના થઈ છે, કરી નથી, પુદ્ગલથી થઈ છે. ૫૬૬

*

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

જેને દ્રવ્યદૃષ્ટિ યથાર્થ પ્રગટ થઈ છે તેને દૃષ્ટિના જોરમાં એકલો જ્ઞાયક ભાસે છે. શરીરાદિ કાંઈ ભાસતું જ નથી. ભેદજ્ઞાનની પરિણતિ એવી દઢ થઈ જાય છે કે, સ્વપ્નમાં પણ આત્મા શરીરથી ભિન્ન ભાસે છે. દિવસે તો ભિન્ન ભાસે છે પણ રાત્રિમાં ઊંઘમાં પણ આત્મા નિરાળો જ ભાસે છે. સમ્યગ્દૃષ્ટિને ભૂમિકા અનુસાર બાહ્ય વર્તન હોય છે. પરંતુ બાહ્ય વર્તનમાં પણ કોઈપણ સંયોગોમાં એની જ્ઞાન વૈરાગ્ય શક્તિ કોઈ જુદા જ પ્રકારની રહે છે. બાહ્યથી ગમે તે પ્રસંગમાં સંયોગમાં જોડાયેલો દેખાય તોપણ જ્ઞાયક તો જ્ઞાયકપણે જ ભાસે છે. વિભાવથી ભિન્ન નિઃશંક જ્ઞાયકપણે નિઃશંક ભાસે છે. આખું બ્રહ્માંડ ફરી જાય તોપણ સ્વરૂપ - અનુભવમાં નિઃશંકતા વર્તે છે. જ્ઞાયક ઉપર ચડીને ઊર્ધ્વરૂપે બિરાજે છે, બીજા બધા નીચે રહે છે. ગમે તેવા શુભભાવો આવે, તીર્થંકર ગોત્રનો શુભભાવ આવે તોપણ તે નીચે જ રહે છે. દ્રવ્ય દૃષ્ટિવંતને આવું અદ્ભુત જોર વર્તે છે. ૫૬૭.

*

ભગવાન આત્મા પૂર્ણાનંદથી ભરેલો સ્વભાવ છે, એ સ્વભાવના સાધન વડે કરીને એને મુક્તિ થાય છે. સ્વભાવના સાધન વડે તે સ્વભાવ જણાય છે. રાગથી ભેદ પાડતાં સ્વભાવનો આશ્રય લેતાં સમ્યક્ થાય છે. ૫૬૮.

*

જિનસ્વરૂપી ભગવાન આત્મા વીતરાગમૂર્તિ અંદર છે. બધા જીવો જિનસ્વરૂપે અંદર છે, પર્યાયમાં ફેર છે પણ વસ્તુમાં ફેર નથી. રાગની એકતા તોડીને જિનસ્વરૂપને જે દૃષ્ટિમાં લ્યે અને અનુભવે તે અંતરના જૈન છે, વેશમાં જૈનપણું નથી. બહારમાં કપડાં કાઢીને નગ્ન થઈને બેઠા માટે તે જૈનપણું છે, પંચમહાવ્રત પાળે છે માટે તે જૈનપણું છે, એમ નથી. જૈનપણું તો પરમાત્મા એને કહે છે કે વસ્તુ પોતે જિનસ્વરૂપ છે, વીતરાગમૂર્તિ અખંડાનંદ નાથ પ્રભુ છે એની જેને દૃષ્ટિ થઈ અને

રાગની-વિકલ્પની દૃષ્ટિ છૂટી ગઈ એને જૈન કહે છે. ૫૬૯.

*

પ્રશ્નઃ- ત્રિકાળી દ્રવ્યનાં આશ્રયથી નિર્વિકલ્પ આનંદની અનુભૂતિ થાય, તે જ સમયે હું આ આનંદને અનુભવું છું એવો ખ્યાલ આવે?

ઉત્તરઃ- નિર્વિકલ્પ અનુભૂતિ કાળે આનંદનું વેદન છે પણ વિકલ્પ નથી. વિકલ્પમાં આવે છે ત્યારે ખ્યાલમાં આવે કે આનંદનો અનુભવ થયો છે પણ આનંદના અનુભવ કાળે આનંદ અનુભવું છું તેવો ભેદ નથી, વેદન, છે. ૫૭૦.

*

પ્રશ્નઃ- ચોથા ગુણસ્થાને અનુભવ હોય કે એકલી શ્રદ્ધા હોય?

ઉત્તરઃ- ચોથા ગુણસ્થાને આનંદના અનુભવ સહિત શ્રદ્ધાન હોય છે.

પ્રશ્નઃ- તત્ત્વાર્થ શ્રદ્ધાનને સમ્યક્ કહ્યું છે ચારિત્રને કહ્યું નથી?

ઉત્તરઃ- ચારિત્રની પર્યાય પાંચમા છઠ્ઠા ગુણસ્થાનેથી મુખ્યપણે ગણાય છે, ચોથાવાળાને સ્વરૂપાચરણચારિત્ર પ્રગટ થયું છે. ૫૭૧.

*

એકવાર પરને માટે તો મરી જવું જોઈએ. પરમાં મારો કાંઈ અધિકાર જ નથી. અરે ભાઈ! તું રાગને ને રજકણને કરી શકતો નથી એવો જ્ઞાતા-દૃષ્ટા પદાર્થ છો. એવો જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવની દૃષ્ટિ કર. ચારે બાજુથી ઉપયોગને સંકેલીને એક આત્મામાં જ જા. ૫૭૨.

*

પ્રશ્નઃ- અગિયાર અંગધારી દ્રવ્યલિંગીની શું ભૂલ રહી જાય છે?

ઉત્તરઃ- સ્વસન્મુખ દૃષ્ટિ કરતો નથી, અતીન્દ્રિય પ્રભુની સન્મુખ દૃષ્ટિ કરતો નથી.

પ્રશ્નઃ- દ્રવ્યલિંગી સ્વસન્મુખનો પ્રયત્ન કરતો નહિ હોય?

ઉત્તરઃ- ના. તેને ધારણામાં બધી વાતો આવે છે પણ અંતર્મુખનો પ્રયત્ન કરતો નથી.

પ્રશ્નઃ- દ્રવ્યલિંગીની ભૂમિકા કરતાં સમ્યક્ સન્મુખની ભૂમિકા કાંઈક ઠીક છે?

ઉત્તરઃ- હા, દ્રવ્યલિંગી તો સંતોષાઈ ગયો છે અને સમ્યક્ સન્મુખવાળો તો પ્રયત્ન કરે છે. ૫૭૩.

*

પ્રશ્નઃ- અમારી કાળલબ્ધિ પાકી નથી એટલે સમ્યગ્દર્શન થતું નથી ને?

ઉત્તરઃ- ના, ના, એમ નથી પણ તમારો પુરુષાર્થ નથી એટલે સમ્યગ્દર્શન થતું નથી. કાળલબ્ધિની ભાષા સાંભળીને ધારી લ્યે ને બોલે, એમ ન ચાલે. ભગવાને દેખ્યું હશે ત્યારે થશે એમ ધારી લેવાથી ન ચાલે. ભગવાને દીઠું એની પ્રતીતિ છે? ભગવાને દીઠું એનું યથાર્થ જ્ઞાન કરે, યથાર્થ નિર્ણય કરે એની દૃષ્ટિ તો દ્રવ્યસ્વભાવ ઉપર હોય અને તેની કાળલબ્ધિ પાકી જ હોય છે. પરના કાર્ય કરવામાં તો ઊંધો પુરુષાર્થ કરો છો અને તારા આત્મકાર્યમાં કાળલબ્ધિના બહાના કાઢી પુરુષાર્થ કરતો નથી તો સમ્યગ્દર્શન ક્યાંથી થાય? ૫૭૪.

*

પ્રશ્નઃ- ધર્મી સાધક જીવ રાગનો વેદક છે કે જ્ઞાતા છે?

ઉત્તરઃ- સાધક જીવનું જ્ઞાન રાગમાં જાય છે તે દુઃખને વેદે છે. જ્ઞાન જ્ઞાનમાં રહે છે તે સુખને વેદે છે. ૫૭૫.

*

પ્રશ્નઃ- જ્ઞાનીને તો દુઃખનું વેદન છે જ નહિ ને?

ઉત્તરઃ- જ્ઞાનીને પણ રાગ છે એટલે દુઃખ છે. જ્ઞાનીને જેટલો

કષાય છે તેટલું દુઃખનું વેદન પણ છે. દુઃખનું વેદન નથી એ તો શ્રદ્ધાના જોરની અપેક્ષાએ કહ્યું છે કે જ્ઞાની રાગનો વેદક નથી, પણ જ્ઞાયક છે. એક બાજુ એમ કહે કે ચોથાગુણસ્થાને બંધન છે જ નહિ અને વળી કહે કે ચૌદમાં ગુણસ્થાન સુધી સંસારી છે. જ્યાં જે અપેક્ષાથી કથન હોય ત્યાં તે સમજવું જોઈએ. ૫૭૬.

*

અરે પ્રભુ! તું સ્વભાવે પરમેશ્વર છો. તારી વિરુદ્ધની વાતો કરતાં શરમ આવે છે! અનાદર નથી આવતો. કયાં તારી શુદ્ધતા અને કયાં આ વિકારી ભાવ-મિથ્યાત્વ-સંસાર! અરે! કયાં લીંબડામાં અવતાર! નિગોદમાં અવતાર! અરે! તું ભગવાન સ્વરૂપ! ભગવાન તું કયાં ગયો! તારો વિરોધ નથી પ્રભુ! તારાથી વિરુદ્ધભાવનો વિરોધ છે. ૫૭૭.

*

ખરેખર તો આવો અવસર મળ્યો છે એમાં પોતે પોતાનું કરી લેવા જેવું છે. દુનિયાની આલોચના કરવા જશે તો પોતાનું ખોશે! પોતે પોતાની ભૂલ ટાળવાની છે. વસ્તુસ્વરૂપ સમજીને ભૂલ ટાળે તો ભગવાન થઈ જાય. ૫૭૮.

*

જ્ઞાનીને પણ રોગ આકરાં આવે, ઇન્દ્રિયો મોળી પડી જાય. બહારથી ઇન્દ્રિયો કામ ન કરે, બહારમાં અસાધ્ય જેવું લાગે પણ અંદરમાં અસાધ્ય નથી. ૫૭૯.

*

જીવને સંસારનું એક સમય પણ વિસ્મરણ થયું નથી. (જો) એક સમય પણ વિસ્મરણ થાય તો એના હિતની શરુઆત થાય. જેની સત્તાનો કદી વિરહ નથી, જેની સત્તાની કદી અપૂર્ણતા થઈ નથી. જેની સત્તા કોઈથી દબાઈ નથી એવી જે ત્રિકાળ નિરાવરણ વસ્તુ છે, તેની નજરબંધી

થવી જોઈએ-દ્રવ્ય ઉપર દૃષ્ટિની નજરબંધી થવી જોઈએ. મારે મારા સિવાય બીજા કોઈનો આશ્રય નથી-એમ ધ્રુવ ઉપર નજરબંધી થઈ જવી જોઈએ. ૫૮૦.

*

આ સત્યને પ્રકાશમાં મૂકતાં અસત્યનાં આગ્રહવાળાને દુઃખ થાય. પણ ભાઈ! શું કરીએ? અમારો ઉદય એવો છે એથી સત્ય વાત બહાર મૂકવી પડે છે. એથી વિરુદ્ધ શ્રદ્ધાવાળાને દુઃખ થાય તો અમને માફ કરજો. ભાઈ! કોઈ જીવને દુઃખ થાય તે કેમ અનુમોદાય? મિથ્યા શ્રદ્ધાનાં દુઃખ ચાર ગતિનાં બહુ આકરાં છે. એ દુઃખની અનુમોદના કેમ થાય? અરે! દરેક જીવો ભગવાન સ્વરૂપ છે ને પૂર્ણાનંદરૂપે પરિણમીને ભગવાન થાઓ! કોઇ જીવ દુઃખી ન થાઓ. ૫૮૧.

*

અરે પ્રભુ! તું આનંદસ્વરૂપ ભગવાન છો. તને દુઃખ શોભે નહિ પ્રભુ! અરે! તમે બધા ભગવાન છો તમને દુઃખ શોભે નહિ. પર્યાયમાં કૃત્રિમ વિકાર થાય છે એની દૃષ્ટિ છોડી દે તો તું પર્યાયમાં ભગવાન થઈ જઈશ. અરે પ્રભુ! આવો અવસર ક્યારે મળે? એક સમયની પર્યાયની દ્રષ્ટિથી અનંતકાળ દુઃખમાં ગયો ને અનાદિ સત્તાવાળો પ્રભુ પડયો રહ્યો. આ સાધારણ વાત નથી, મૂળ વાત છે. સહજ અંદરથી આવ્યું છે. ૫૮૨.

*

પરચીજ તો દૂર રહી. શરીર-વાણી-મન-સ્ત્રી-પુત્ર-પૈસા. અરે! દેવ-શાસ્ત્ર-ગુરુ તો દૂર રહ્યા પણ જે એક સમયની પર્યાય છે તેમાં જે મૂઢ છે, ત્રિકાળી આનંદમૂર્તિ પ્રભુની દૃષ્ટિ ન કરીને જે એક સમયની પર્યાયની દૃષ્ટિ છે તે ભવભ્રમણનું કારણ છે. એ ભાવમાં ભવ વ્યતીત થવા દેવો યોગ્ય નથી. ૫૮૩.

*

તું જિનસ્વરૂપ જ છો પ્રભુ! એ જિનસ્વરૂપની દૃષ્ટિ કરવા માટે

ગુણગુણીના ભેદની પણ આવશ્યકતા નથી. પ્રભુ! એક સમયમાં જે અનંતા ગુણોને ગળી ગયો છે-પી ગયો છે, એમાં જ્ઞાન-દર્શન-શ્રદ્ધા આદિનો ભેદ નથી અભેદની દૃષ્ટિ કરતાં ત્યાં ભેદ દેખાતો નથી ને જ્યાં ભેદ દેખાય છે ત્યાં અભેદદૃષ્ટિ થતી નથી. સામાન્ય વસ્તુમાં શુભરાગ તો નથી. નિમિત્ત તો નથી પણ વિશેષ-ભેદ પણ નથી. તેથી ગુણીને ગુણના ભેદમાં જઈશ તો સમ્યગ્દર્શન નહિ થાય. આહાહા! આ તો ધીરાના કામ છે. ઉતાવળે આંબા ન પાકે! ૫૮૪.

*

ગુણી આત્માનો આ આનંદગુણ છે. જ્ઞાતા આત્મા છે ને જ્ઞાન એનો ગુણ છે એવા ભેદથી તો વિકલ્પ ઉઠશે અને એનાથી મને લાભ થશે એમ માને તો તેને મિથ્યાત્વ થશે. ૫૮૫.

*

પ્રશ્નઃ- જ્ઞાની તો દ્રવ્યદૃષ્ટિના જોરથી રાગને પુદ્‌ગલનો માને પણ જિજ્ઞાસુ રાગને પુદ્‌ગલનો માને તે બરાબર છે?

ઉત્તરઃ- જિજ્ઞાસુ પણ વસ્તુસ્વરૂપના ચિંતવન આદિમાં માને કે રાગ તે આત્માનો નથી, રાગ તે ઉપાધિભાવ છે, પર આશ્રયે ઉત્પન્ન થતો હોવાથી મારો નથી પુદ્‌ગલનો છે એમ માને. ૫૮૬.

*

પ્રશ્નઃ- રાગ તે પુદ્‌ગલ પરિણામ... પુદ્‌ગલ પરિણામ એમ કરીને રાગનો ડર રહે નહિ તો?

ઉત્તરઃ- એમ હોય નહિ, રાગની રુચિ હોય નહિ, રાગની રુચિ છોડવા માટે રાગ તે પુદ્‌ગલ પરિણામ છે તેમ જાણે. શાસ્ત્રમાં સ્વછંદતા કરવા કોઈ વાત કરી નથી, વીતરાગતા કરવા કહ્યું છે. ૫૮૭.

*

ત્રિકાળી દ્રવ્યના આશ્રયે જ ધર્મ થાય છે એમ પહેલાં નિર્ણય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરવો જોઈએ. ભલે હજુ પહોંચી શકે નહિ પણ એના સંસ્કાર નાખવા જોઈએ જેથી પર તરફના વલણવાળા પોતાના ભાવને અનુમોદે નહિ. ૫૮૮.

*

પ્રશ્નઃ- ધારણાજ્ઞાનથી આગળ વધાતું નથી તો કોના બળે આગળ વધાય છે?

ઉત્તરઃ- દ્રવ્યના બળે આગળ વધાય છે. જ્ઞાયકભાવ, ચૈતન્યભાવ, દ્રવ્યભાવ એના તરફ પહેલાં જોર જવું જોઈએ. ૫૮૯.

*

પ્રશ્નઃ- (પૂર્વના) પુણ્યથી મળતાં પૈસાને પાપ કેમ કહ્યું છે?

ઉત્તરઃ- પૈસાને દસ પ્રકારના પરિગ્રહમાં ગણેલ છે તે અપેક્ષાથી પાપ કહ્યું છે પણ ખરેખર તો પૈસા તે જ્ઞેય છે, તેને મારા માને મમતા કરે તે પાપ છે અને તે પાપમાં પૈસા નિમિત્ત છે તેથી તેને પાપ કહ્યું છે. ૫૯૦.

*

પ્રશ્નઃ- નિશ્ચયનય અને વ્યવહારનયને વિરોધ છે કે મૈત્રી છે?

ઉત્તરઃ- નિશ્ચયનય અને વ્યવહારનયને છે તો વિરોધ પણ સાથે રહે છે તે અપેક્ષાએ મૈત્રી પણ કહેવાય. સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શનને સાથે રહેવામાં વિરોધ છે તેમ નિશ્ચય વ્યવહારને વિરોધ નથી. સાથે રહે છે તેથી મૈત્રી કહેવાય. ૫૯૧.

*

પ્રશ્નઃ- સમ્યગ્દષ્ટિ મોક્ષ માટે પ્રયત્ન કરે કે મુક્તિની પર્યાયને આવવું હોય તો આવે?

ઉત્તરઃ- સમ્યગ્દષ્ટિ મોક્ષ માટે પ્રયત્ન કરે છે. પુરુષાર્થ કરે છે અને મુક્તિની પર્યાયને આવવું હોય તો આવે એટલે કે એની દષ્ટિ દ્રવ્ય ઉપર છે. એટલે મુક્તિની પર્યાય આવવાની જ છે. ૫૯૨.

*

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સિદ્ધ ભગવાનમાં જેવી સર્વજ્ઞતા, જેવી પ્રભુતા, જેવો અતીન્દ્રિય આનંદ, અને જેવું આત્મવીર્ય છે તેવી જ સર્વજ્ઞતા, પ્રભુતા, આનંદ અને વીર્યની તાકાત તારા આત્મામાં પણ ભરી જ છે.

ભાઈ એકવાર હરખ તો લાવ કે અહો! મારો આત્મા આવો પરમાત્મસ્વરૂપ છે. જ્ઞાનાનંદની શક્તિથી ભરેલો છે. મારા આત્માની તાકાત હણાઈ ગઈ નથી. અરેરે! હું હીણો થઈ ગયો, વિકારી થઈ ગયો. હવે મારું શું થશે! એમ ડર નહિ. મૂંઝા નહીં, હતાશ થા નહીં... એકવાર સ્વભાવનો ઉત્સાહ લાવ... સ્વભાવનો મહિમા લાવીને તારી તાકાતને ઊછાળ. ૫૯૩.

*

હે જીવ! જેમાં તારી રુચિ હશે તે પ્રમાણે ગતિ થશે, કેમ કે ભવિષ્યમાં પણ અનંતકાળ તારે રહેવાનું તો છે જ, તો દેહ છૂટીને ક્યાં રહીશ?–કે જેવી તારી રુચિ હશે, જેવી તારી મતિ હશે, તેવી ગતિ પામશે. જો તારી મતિ રાગ અને પરમાં હશે અને ચૈતન્યસ્વરૂપમાં નહીં હોય તો મરીને તને સંસારમાં રખડવાનું પ્રાપ્ત થશે. માટે હે જીવ! તારી મતિ રાગ અને પરમાં ન લગાવ. ૫૯૪.

*

સાધુનું ભાવચિન્હ તો આનંદનું ઉગ્રવેદન હોય છે. નગ્નપણું ને પાંચ મહાવ્રત એ તો દ્રવ્યલિંગ છે. ૫૯૫.

*

ભાઈ! તને ખબર નથી, તારી ચીજ તો અંદર અભેદ ધ્રુવ.... ધ્રુવ... ધ્રુવ... સામાન્ય એકરૂપ ચાલી આવે છે. ગમે તેટલી પર્યાયો આવે છે પણ વસ્તુ તો સામાન્ય એકરૂપ ચાલી આવે છે. એવી એકરૂપની દૃષ્ટિ કરતાં એનામાં ગુણ છે તેના ભેદનું પણ લક્ષ છૂટી જાય છે અને ભેદ અને ગુણની વિશેષતાનું લક્ષ છૂટતાં અભેદ ઉપર દૃષ્ટિ પડતાં તને આનંદનો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

સ્વાદ આવશે, ત્યારે તને ધર્મ થશે. ૫૯૬.

*

દિગમ્બર મુનિઓ એટલે પંચ પરમેષ્ઠીમાં ભળેલા ભગવંતસ્વરૂપ. આહાહા! કુંદકુંદાચાર્યભગવાને કહ્યું છે કે, અરિહંતભગવંતથી માંડીને અમારા ગુરુપર્યંત વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા, રાગમાં ન હોતા, નિમિત્તમાં ન હોતા, ભેદમાંય ન હોતા. એ બધા વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા. ૫૯૭.

*

શુદ્ધ દ્રવ્ય એને કહીએ કે જે પોતાની નિર્મળ પર્યાયને પણ અડતો નથી, ચુંબતો નથી, સ્પર્શતો નથી. અહીં કહે છે કે, પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી. એ પર્યાયનું લક્ષ કરે તો એને રાગ થશે, ને રાગમાં લાભ માનશે તો મિથ્યાત્વ થશે. ૫૯૮.

*

ભાઈ, આ વાદવિવાદનો વિષય નથી. આ તો અંતરનો વિષય છે. હજી તો વ્રત, તપને કરે ને એનાથી ધર્મ થશે એમ માને તે તો સ્થૂળ મિથ્યાદૃષ્ટિ-અજ્ઞાની છે. પર્યાયનું લક્ષ કરવા જઈશ તો રાગ ને દુઃખ થશે. નિર્મળ પર્યાયનું લક્ષ-આશ્રય કરવા જઈશ તોપણ વિકલ્પ ઉઠશે. ભગવાન ત્રિકાળી વસ્તુ છે તે પર્યાયને અડતો નથી. પર્યાય અડતી નથી પછી તારે પર્યાયના લક્ષનું શું કામ છે? ભગવાન આત્મા અંદર પરિપૂર્ણ છે તેને સ્પર્શને! સ્પર્શનારી તે પર્યાય પણ દ્રવ્યમાં નથી. જૈનદર્શન-વીતરાગમાર્ગ બહુ ઝીણો-સૂક્ષ્મ છે. દિગમ્બર દર્શનમાં જ આ વાત છે. આવી વાત બીજે ક્યાંય નથી. ૫૯૯.

*

જેમ રોટલીના લોટને કેળવે છે તેમ એણે આત્માને જ્ઞાનથી કેળવવો જોઈએ. એને ભાવ-ભાસન થવું જોઈએ. ભગવાન કહે છે માટે નહિ પણ એને પોતાથી ભાવ ભાસવો જોઈએ કે હું આવો મહિમાવંત

ચૈતન્ય પદાર્થ છું. એની સન્મુખ થવાથી જ સંસારના દુઃખથી છૂટકારો થાશે એમ ભાસવું જોઇએ. ૬૦૦.

*

પ્રશ્નઃ- શુદ્ધનયનો પક્ષ એટલે શું?

ઉત્તરઃ- શુદ્ધનયનો પક્ષ એટલે એને શુદ્ધાત્માની રુચિ થઈ છે. અનુભવ હજુ નથી થયો. પણ રુચિ એવી થઈ છે તેથી જીવ અનુભવ કરે જ. પણ એમાં કોઈ (દોષનો) બચાવ કરે, (ગુણ) ન હોય ને માની લ્યે એમ નહીં પણ કેવળી એ જીવને એમ જાણે છે કે આ જીવની રુચિ એવી છે કે તે અનુભવ કરશે જ. તે જીવને જ્ઞાયકનું જોર વીર્યમાં વર્તે છે. ૬૦૧.

*

પ્રશ્નઃ- તિર્યંચને જ્ઞાન ઝાઝું ન હોવા છતાં તેને આત્મા પકડાય છે ને અમે ઘણી મહેનત કરીએ છતાં કેમ આત્મા પકડાતો નથી?

ઉત્તરઃ- એ જાતનું પ્રમાણ આવવું જોઇએ. તે આવતું નથી. જ્ઞાનમાં જેટલું એનું વજન આવવું જોઈએ તે આવતું નથી, જ્ઞાનમાં એનું જેટલું જોર જોઈએ એ જોર આવતું નથી, જેટલા પ્રકારથી એને સ્પૃહા-આશા છૂટવી જોઈએ તે છૂટતી નથી. તેથી કાર્ય આવતું નથી-આત્મા પકડાતો નથી. ૬૦૨.

*

પ્રશ્નઃ- સમ્યગ્દર્શન થતું નથી એ પુરુષાર્થની નબળાઈ સમજવી?

ઉત્તરઃ- વિપરીતતાને લઈને સમ્યગ્દર્શન અટકે છે અને પુરુષાર્થની નબળાઈને લઈને ચારિત્ર અટકે છે. એને બદલે સમ્યક્ નહીં થવામાં પુરુષાર્થની નબળાઈ માનવી એ તો ડુંગર જેવડા મહાદોષને રાઈ સમાન અલ્પ બનાવે છે. તે ડુંગર જેવડા વિપરીત માન્યતાના દોષને છેદી શકે નહીં. ૬૦૩.

*

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રશ્નઃ- આત્માને કેમ ખમાવવો ?

ઉત્તરઃ- અનંતગુણમય-જ્ઞાનાનંદમય આત્માનું સ્વરૂપ ઓળખવું. આત્મામાં કોઈ વિભાવ નથી. આત્મા તો ક્ષમાનો સાગર, શક્તિનો સાગર છે. અનંત કાળથી અનંત ભાવો થયા, ગમે એટલા નિગોદના ભવો થયા છતાં આત્મા તો ક્ષમાનો ભંડાર છે એને ઓળખવો એ જ સાચી ક્ષમા છે. ૬૦૪.

*

પ્રશ્નઃ- જીવ અજીવના કાર્યો ભલે ન કરી શકે પણ પોતાના પરિણામ તો ગમે તેમ કરી શકે છે ને ?

ઉત્તરઃ- જીવ પોતાના પરિણામ પણ ગમે તેમ ન કરી શકે પણ જે પરિણામ ક્રમસર જે થવાના છે તે જ થાય છે, આડા અવળા ગમે તેમ કરી શકે નહિ. જગતમાં બધુ વ્યવસ્થિત ક્રમસર થાય છે, ક્યાંય ફેરફાર થઈ શકતો નથી. ઉતાવળો માણસ ફેરફાર કરવાનું માને ભલે પણ ફેરફાર કાંઈ થઈ શકતો નથી. એનો સાર એ છે કે ભાઈ ! તું ધ્રુવ સ્વભાવ ઉપર દૃષ્ટિ દે. ૬૦૫.

*

ભગવાન એકલો જ્ઞાનસ્વભાવ છે. (તેમાં) કેવળજ્ઞાનનો વિકલ્પ પણ નથી. એકલો જ્ઞાનસ્વભાવ છે એને પ્રગટ કરવા માટે કોઈની પણ જરૂર નથી એવો અસંગ છે. ૬૦૬.

*

પ્રશ્નઃ- રોજ સાંભળીએ છીએ હવે અંદર જવાનો કાંઈક ટૂંકો રસ્તો બતાવો ?

ઉત્તરઃ- આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ ચિદ્દઘન છે, અભેદ છે એની દૃષ્ટિ કરવી. ભેદ ઉપર લક્ષ કરતા રાગીને રાગ થાય છે. તેથી ભેદનું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

લક્ષ છોડીને અભેદની દૃષ્ટિ કરવી એ ટૂંકો સાર છે. ૬૦૭.

*

ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. ૬૦૮.

*

ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે. ૬૦૯.

*

❈ એકેક શક્તિ અનંતમાં વ્યાપક છે.
❈ એક શક્તિ અનંતને નિમિત્ત છે.
❈ એક શક્તિ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપે છે.
❈ એક શક્તિમાં ધ્રુવ ઉપાદાન, ક્ષણિક ઉપાદાન છે.
❈ એકેક શક્તિમાં વ્યવહારનો અભાવ છે.
❈ તે જ અનેકાંત છે, સ્યાદ્વાદ છે.
❈ શક્તિ પારિણામિકભાવે છે.
❈ એકેક શક્તિમાં અનંત શક્તિનું રૂપ છે.
❈ દરેક શક્તિમાં અકાર્ય-કારણનું રૂપ છે.
❈ દરેક શક્તિમાં ત્યાગ-ઉપાદાનશૂન્યત્વ છે. ૬૧૦.

*

ધ્રુવધામના-ધ્યેયના-ધ્યાનથી ધખતી ધૂણી ધગશ ને ધીરજથી ધખાવવી તે ધર્મનો ધારક ધર્મી ધન્ય છે. ૬૧૧.

*

જાણનક્રિયા પોતાનું સ્વરૂપ છે કારણ કે તેનાથી આત્મા જણાય છે માટે આત્મા તેને આધારે રહેલો છે. ૬૧૨.

*

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

જ્ઞાનના અભ્યાસથી ભેદજ્ઞાન થાય છે ને ભેદજ્ઞાનના અભ્યાસથી કેવળજ્ઞાન થાય છે. ૬૧૩.

*

પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન આવે છે પણ દ્રવ્ય આવતું નથી. અને દ્રવ્યમાં પર્યાય આવતી નથી. અને તે જ્ઞાન પણ દ્રવ્ય છે તો થાય છે એમ નથી. પર્યાય પોતાના સ્વરૂપમાં રહીને દ્રવ્યનું જ્ઞાન કરે છે. ૬૧૪.

*

શ્રુતજ્ઞાનનો અંશ તે શુદ્ધનય છે. તે જેના આશ્રયે પ્રગટ થાય છે તેવા સ્વભાવને પણ શુદ્ધનય કહેવાય છે. અને તેનું ફળ જે કેવળજ્ઞાન છે તેને પણ શુદ્ધનય કહે છે. ૬૧૫.

*

જ્ઞાનીને સમયે-સમયે જ્ઞેયસંબંધી પોતાથી થયેલા જ્ઞાનની પ્રસિદ્ધિ (મુખ્ય) છે, પરંતુ જ્ઞેયની પ્રસિદ્ધિ (મુખ્ય) નથી. અહા! જ્ઞાન તો જ્ઞાનને પ્રસિદ્ધ કરે જ છે, પરંતુ જ્ઞેય પણ જ્ઞાનને જાહેર કરે છે.... આ સત્‌ની પરાકાષ્ઠા છે. ૬૧૬.

*

'પોતે પોતાની દયા ન કરી' એટલે? પોતાનું અનંત ચૈતન્ય જ્યોતિરૂપ જીવનું જાગતું જીવન છે તેને ન માન્યું-પરંતુ 'રાગાદિરૂપ હું છું'-તેમ સ્વીકાર્યું તે પોતાની હિંસા છે. જેવું છે તેવું ન માનવું તે સ્વહિંસા છે. ૬૧૭.

*

અભેદના અનુભવમાં ભેદ દેખાતો નથી. અને જો ભેદ દેખાય તો અભેદનો અનુભવ રહેતો નથી. ૬૧૮.

*

અહિંસા-(શુદ્ધ આત્માના આશ્રયે) રાગની ઉત્પત્તિ ન થવી તે. સત્ય-સત્ સ્વરૂપી આત્માનો આશ્રય કરવો તે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અચૌર્ય-કોઈને ગ્રહે-પકડે નહીં તેવા અચૌર્યસ્વરૂપ આત્માનો આશ્રય થવો તે.

બ્રહ્મચર્ય-બ્રહ્મસ્વરૂપના આશ્રયે વર્તમાન વીતરાગી આનંદપર્યાય થાય તે.

અપરિગ્રહ-પર્યાયનો પણ જેને પરિગ્રહ નથી તેવા ત્રિકાળ અપરિગ્રહ સ્વરૂપ ભગવાન આત્માનું અવલંબન લેવું તે.-આ નિશ્ચય પંચ મહાવ્રત છે. (વ્રત-સ્વભાવને વિંટળાવું) ૬૧૯.

*

ઈર્યા-સ્વભાવને જોઈને તેમાં રમવું.

ભાષા-સ્વભાવની પરિણતિ થવી.

એષણા-સ્વભાવને શોધી તેમાં લીન થવું.

આદાન-નિક્ષેપ-જેને ગ્રહ્યું છે તેને છોડતો નથી અને જેને પકડયું નથી તેને ગ્રહતો નથી-તેવા સ્વભાવમાંથી નિર્મળ પર્યાય લેવી અને રાગને છોડવો.

પ્રતિષ્ઠાપન-પાપ-પુણ્ય કે જે ઝેર છે તેનો ત્યાગ અને વીતરાગતાની ઉત્પતિ.-આ ભાવ સમિતિની વ્યાખ્યા છે. ૬૨૦.

*

વીતરાગની વાણી સાંભળતા કાયર કંપી ઉઠે છે. જ્યારે વીર ઉછળી ઉઠે છે. ૬૨૧.

ધ્રુવ અને પર્યાયને સર્વથા એક માનવા. દષ્ટિના વિષય તરીકે માનવા તે એકત્વબુદ્ધિ-મિથ્યાત્વ છે. તેને પર્યાયબુદ્ધિ કહે છે. તે દ્રવ્યબુદ્ધિ નથી. ૬૨૨.

*

ચૈતન્યસૂર્યના પ્રકાશમાં અંધકારમય રાગનો આદર કેમ હોય?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

જ્ઞાનસ્વરૂપનું જેને જ્ઞાન છે તે જ્ઞાની છે. ૬૨૩.

*

ભાઈ, ઉતાવળો થઈશ નહીં, તારું જ્ઞાતાપણું છોડીને, હું જગતને સમજાવી દઉં તેવો અભિપ્રાય કરીશ નહીં. ૬૨૪.

*

અનંતના નાથને (પોતાના આત્માને) જાણ્યો નથી. તેથી અનંત ભવ કરવા પડયા છે. ૬૨૫.

*

જે સ્વાત્માને ધ્યેય બનાવીને સાધતા નથી તે બધાય અસાધ્ય (બેભાન) છે. ૬૨૬.

*

જે પોતામાં છે તેને પોતાનું ન માનવું ને જે પોતામાં નથી તેને પોતાનું માનવું તે દુઃખનું કારણ છે. ૬૨૭.

*

વિકારથી નિવૃત્ત થયા વિના સાચી નિવૃત્તિ કેવી? અને સ્વરૂપમાં પ્રવૃત્ત થયા વિના સાચી પ્રવૃત્તિ કેવી? ૬૨૮.

*

સર્વજ્ઞસ્વભાવમાં ગયા વિના, અલ્પજ્ઞપર્યાયમાં સર્વજ્ઞનો સ્વીકાર થાય નહીં. ૬૨૯.

*

જે જ્ઞાન સાથે આનંદ ન આવે તે જ્ઞાન જ નથી, પણ અજ્ઞાન છે. ૬૩૦.

*

પ્રશ્નઃ- શરીરમાં રોગ હોય, ખાટલામાં સૂઈ રહેવું પડે ત્યાં ધર્મ કેમ થાય?

ઉત્તરઃ- કોણ સૂતો છે? આત્મા સદાય અસંયોગી-અરૂપી જ્ઞાનઘન

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


છે તે શરીરાદિમાં નથી, શરીરને કારણે નથી. શરીર ભલે સૂતું હોય, અંદર નિત્ય પરના અભાવપણે જાગ્રત ચૈતન્ય જ્યોતપણે છે તે સૂતો નથી. સ્વથી સત્ છે તે પરથી નથી એ અનેકાંત સર્વાંગ નિઃશંકતામાં કેટલી શાંતિ! મારું ટકવું પરથી નથી માટે પરનું ગમે તે થાય, પર સામે જોવાનું ન રહ્યું. મકાન, શરીરાદિનું ધ્યાન ન રાખું તો પડી જશે એ જોવાનું ન રહ્યું. શરીર શરીરના કારણે છે. મારા કારણે નથી. ચિંતા વ્યર્થ છે. આવો સ્વતંત્ર સત્તાનો વિશ્વાસ જે કરતો નથી તે રખડે છે. ૬૩૧.

*

જ્ઞેયોની આકૃતિનું સ્મરણ થતાં આવું ન જોઈએ એમ જ્ઞેયનો તિરસ્કાર કરતાં પોતાના જ્ઞાન પર્યાયસ્વભાવનો અને જ્ઞાનવાન આત્માનો નિષેધ થઈ જાય છે તેની અજ્ઞાનીને ખબર નથી. ૬૩૨.

*

વર્તમાન સંયોગને જોનાર સ્વને ચૂકે છે તેથી દુઃખી થાય છે. સંયોગના કારણે કોઈ દુઃખી-સુખી નથી. ૬૩૩.

*

જ્ઞાન સંયમ આત્માશ્રિત, છે, પરાશ્રિત નથી એમ માની જ્ઞાની નિત્ય સહજ જ્ઞાનના પુંજમાં સ્વાલંબનથી ટકે છે. ૬૩૪.

*

ભગવાન આત્મા સદા અંતર્મુખ છે. અતિ અપૂર્વ, નિરંજન અને નિજબોધના આધારભૂત એવો કારણ પરમાત્મા છે, તેને સર્વથા અંતર્મુખ સહજ અવલોકન વડે જે મુનિઓ અવલોકે છે તેને ભગવાન સંવર અને આલોચના કહે છે. ૬૩૫.

*

જ્ઞાન જ્ઞાનથી પણ થાય અને વાણીથી પણ થાય એમ અનેકાંત નથી તે તો અનેકાન્ત મૂઢતા છે. શાસ્ત્રમાં જ્ઞાનનો અભાવ છે. માટે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

શાસ્ત્રથી જ્ઞાન થતું નથી પણ જ્ઞાનથી જ્ઞાન થાય છે, તે અનેકાન્ત છે. ૬૩૬.

*

પ્રશ્નઃ- આત્મા અનંત સ્વભાવવાન હોવા છતાં તેને જ્ઞાન માત્રપણે કેમ કહેવાય છે? જ્ઞાન માત્ર કહેવાથી બીજા અન્ય ધર્મોનો નિષેધ સમજાય છે.

ઉત્તરઃ- લક્ષણની પ્રસિદ્ધિ વડે લક્ષ્ય-આત્માનો નિર્ણય કરવા માટે આત્માને જ્ઞાનમાત્ર કહેલ છે. આત્મામાં અનંત ગુણ છે. તેમાં જ્ઞાન મુખ્ય છે તે વિશેષ ગુણ છે. ત્રણે કાળ આત્માનું લક્ષણ જ્ઞાન છે, તે અન્ય દ્રવ્યોમાં નથી. જાણવાનું કાર્ય પર્યાયથી છે, જ્ઞાનની પ્રસિદ્ધિ વડે, જાણનાર તે જ આત્મા એમ લક્ષ્ય રૂપ આત્મા નિઃશંકપણે પ્રસિદ્ધ થાય છે. વ્યવહાર, રાગ, દયા, દાન, ભક્તિવડે આત્માની પ્રસિદ્ધિ થાય નહીં. કેમકે રાગાદિ ત્રિકાળી સ્વરૂપમાં રહેતા નથી. એક સમયમાત્ર રહીને તે ટળી જાય છે. તેથી તે સ્વલક્ષણ થઈ શકે નહિ, અનંત ધર્મમાં મુખ્ય જ્ઞાન છે, પરાશ્રય બુદ્ધિ છૂટી અંતર્મુખ થવામાં જ્ઞાન જ કારણ છે. ૬૩૭.

*

પ્રશ્નઃ- એ લક્ષણની સિદ્ધિથી શું પ્રયોજન છે? લક્ષણને પ્રસિદ્ધ કર્યા વિના સીધો આત્મા અનંત ધર્મો વાળો છે એમ એકલા લક્ષ્યને જ જણાવવો યોગ્ય છે.

ઉત્તરઃ- લક્ષણના નિર્ણય વગર લક્ષ્ય આત્મા નક્કી થઈ શકે નહિ. માટે જે રીતે આત્મા પરથી ભિન્ન અને સ્વથી પરિપૂર્ણ પણે સમજાય એ રીતે જેને લક્ષણનો નિર્ણય થાય તેને લક્ષ્ય-આત્માનો નિર્ણય થાય, જ્ઞાનમાત્ર તે આત્મા છે. પણ દેહાદિ કે રાગાદિ તે આત્મા નથી. ૬૩૮.

*

પ્રશ્નઃ- કયું તે લક્ષ્ય છે કે જે જ્ઞાનની પ્રસિદ્ધિ વડે તેનાથી ભિન્ન પ્રસિદ્ધિ થાય છે?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ઉત્તરઃ– જ્ઞાનથી જુદી ચીજ લક્ષ્ય નથી. કારણ કે જ્ઞાન અને આત્મા દ્રવ્યપણે અભેદ છે; સમજાવવા માટે પર્યાયથી, વ્યવહારથી ભેદ પડે છે, વસ્તુમાં ભેદ નથી. ૬૩૯.

*

જ્ઞાન જગતમાં બધા જીવોને સ્વ–અનુભવથી નક્કી છે જ્યારે સ્વાશ્રયી જ્ઞાન વડે અંતર્મુખ જ્ઞાન વડે આત્માને જાણે ત્યારે આત્મા યથાર્થ જાણ્યો કહેવાય. પરલક્ષ્યવાળા જ્ઞાનને તથા અગીયાર અંગના શાસ્ત્રજ્ઞાનને આત્માનું જ્ઞાન કહ્યું નથી. જેનું લક્ષણ (સ્વરૂપ) નક્કી કરવું છે તે લક્ષ્યરૂપ આત્માને જ અવલંબીને જાણે તે જ જ્ઞાન છે. નિમિત્ત–રાગ, વ્યવહારને અવલંબીને જાણે તે જ્ઞાન નથી. આચાર્યદેવને પર વસ્તુનું જાણપણું પ્રસિદ્ધ કરવું નથી. જે સ્વલક્ષણરૂપ જ્ઞાન વડે આત્માને જાણે તેની પ્રસિદ્ધિ સમ્યક્ છે. જુઓ, આ રીતે પણ અંતર્મુખ દૃષ્ટિ કરવાની વાત છે. ૬૪૦.

*

જે વડે જણાય તે લક્ષણ કહીએ. જ્ઞાન વડે આત્મા જણાય છે, માટે જ્ઞાન વડે આત્મા નક્કી થાય છે. પુણ્ય–પાપાદિ કે શરીર આદિ જ્ઞાન વડે નક્કી કરવા યોગ્ય નથી પણ જ્ઞાન વડે આત્મા નક્કી કરવા યોગ્ય છે. જ્ઞાન લક્ષણ પુણ્ય–પાપનું કે દેવ–ગુરુ–શાસ્ત્રનું નથી. આ જ્ઞાન તો લક્ષ્ય એવા આત્માનું લક્ષણ છે, જ્ઞાન છે ત્યાં તેની સાથે અનંત ગુણો છે. જ્ઞાન જેનું લક્ષણ છે એવું નક્કી કરતાં અનંત ગુણોવાળો આત્મા નક્કી થાય છે, એ જ સાધ્ય છે. ૬૪૧.

*

આત્મામાં જ્યાં એક ગુણ છે ત્યાં જ અનંત ગુણો સાથે રહેલા છે, તેમાં વિભુત્વશક્તિ કારણ છે. અનંત ગુણોમાં લક્ષણભેદ હોવા છતાં પ્રદેશભેદ નથી. અનંત ભાવમાં એક ભાવરૂપ–અનંત ગુણોનો પિંડ તે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


આત્મા છે. ૬૪૨.

*

એક જ્ઞાનને ખ્યાલમાં લેતાં તો તેની સાથે જે અનંત ગુણો છે તે એકીસાથે ખ્યાલમાં આવે છે. તે એકરૂપ આત્મા ખ્યાલમાં આવતાં સમ્યગ્દર્શન થાય છે. તેની સાથે અનંત ગુણો અંશે ખીલ્યા વગર રહે નહિ. ૬૪૩.

*

અકર્તૃત્વ જેનો સ્વભાવ છે તે વિકારનો કર્તા થાય તો સાધકપણું પણ બનતું નથી. નિમિત્ત થઈને આ કામ કરું એવી જેની બુદ્ધિ છે તેને સ્વભાવનું કર્તાપણું છોડીને બહારમાં જવું ગમે છે. સ્વભાવમાં ઢળતો આત્મા અકર્તૃત્વ સ્વભાવે થાય છે તે શક્તિ આત્મામાં અનાદિ અનંત છે. ૬૪૪.

*

આત્મા શાશ્વત છે તો તેની શક્તિઓ પણ શાશ્વત છે. એના સામુ જાુએ તો સમ્યગ્દર્શન, જ્ઞાન થાય. આત્મતત્ત્વ અનંત શક્તિનો પિંડ છે તેનો જેને આદર નથી. પણ પુણ્ય-પાપનો આદર છે તે સંસારમાં રખડે છે અને અંતરનો વિશ્વાસ ન આવતાં બહારનો વિશ્વાસ પ્રસિદ્ધ છે. પાણીમાં અમુક પ્રકારની ગોળી નાખે અને ઝાડા થાય એનો વિશ્વાસ લાવે, પણ આત્મા અનંત શક્તિવાન છે તેનો અજ્ઞાની વિશ્વાસ કરતો નથી. ૬૪૫.

*

આત્માની અરુચિવાળા ઘણા લોકો એમ કહે છે કે, આવી ભંગજાળમાં પડવું રહેવા દો. આપણે તો આત્માનું કલ્યાણ કરો. એ એક જ વાત રાખો તો કહે છે કે તેનામાં વ્યવહારે પણ પાત્રતા નથી. ૬૪૬

*

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પુરુષાર્થ દ્વારા જેણે મોહનો નાશ કર્યો છે અર્થાત્ પરની સાવધાની છોડી દીધી છે અને જ્ઞાન માત્ર પોતાના સ્વભાવની સાવધાની કરે છે તે સિદ્ધદશાને પામે છે. જ્ઞાન માત્ર સિવાય બીજા કોઈ ઉપાયે કલ્યાણ થતું નથી. ૬૪૭.

*

જે આત્મસન્મુખ થાય તે વિકારથી વિમુખ થયા વગર રહે નહિ. હું નિર્વિકાર છું એમ કહે પણ વિકારથી વિમુખ ન થાય તો તે માત્ર ધારણા છે. રાગથી, પુણ્યથી કે પરથી ચૈતન્યની એકતા નથી, એવી પૃથક્તારૂપ ભેદજ્ઞાન તો કરતો નથી અને કહે છે કે જ્ઞાનમય વસ્તુ ગ્રહણ કરી છે તો તે વાત ખોટી છે. સ્વભાવની દૃષ્ટિ કરે તેને વિભાવનો અભાવ થવો જોઈએ. છતાં વિભાવનો અભાવ ન થયો તો સ્વભાવદૃષ્ટિ જ થઈ નથી. ૬૪૮.

*

દયા, દાન, ભક્તિ, પૌષધ, પ્રતિક્રમણ, સામાયિક વગેરે ક્રિયાકાંડમાં કુશળ, લૂખો આહાર ખાવો, વગેરે બધી ક્રિયા શુભ રાગ અને પરની છે, એવી એકલી શુભ રાગની ક્રિયામાં જે સંતુષ્ટ થાય છે કે આપણે ઘણું કર્યું, તેને આ પુણ્ય-પાપના વિકાર રહિત નિષ્કર્મ ભૂમિકાની પ્રાપ્તિ થતી નથી. જ્ઞાનસ્વભાવી આત્માની દૃષ્ટિ થતી નથી. કોઈ એમ કહે કે રાગને ઘટાડું છું. પણ રાગ રહિત ચૈતન્ય કોણ છે, એની ખબર નથી તો તેને પણ આત્માના ધર્મની પ્રાપ્તિ થતી નથી. આત્માને સમજે નહિ અને એકલો રાગ ઘટાડે તેને પણ ધર્મ થતો નથી. અને માત્ર જ્ઞાનની વાતો કરે ને રાગનો અભાવ ન કરે તો તેને પણ આત્માની પ્રાપ્તિ થતી નથી-ધર્મ પ્રગટ થતો નથી. ૬૪૯.

*

જે ક્ષણે અને પળે અનુકૂળતા કે પ્રતિકૂળતાના સંયોગોમાં હરખ-શોક વેદ્યા કરે છે તેને કષાયની મંદતા પણ નથી. તેને તો આત્મા કોણ છે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


એની રુચિ કરવાનો પ્રસંગ પણ નથી. કેમકે તેને ક્ષણિકની રુચિ છૂટતી નથી. રાગ ઘટવાના પ્રસંગની ખબર નથી તેને રાગનો અભાવ કદી થતો નથી. ૬૫૦.

*

ચૈતન્ય ચૈતન્યમાં એકાગ્ર થતાં ભેદપણું રહેતું નથી. આ એક જ શ્લોકમાં (૨૭૮ મા કળશમાં) અનાદિનું અજ્ઞાન છે તે અને તેનો અભાવ કેમ થાય તે વાત કરી છે. દોરાનો ફાળકો ગૂંચવાણો હોય અને ગાંઠ પડી ગઈ હોય. પણ તે ગૂંચ કાઢતાં ગાંઠ રહેતી નથી તેમ આત્માની પર્યાયમાં અજ્ઞાન રૂપી ગૂંચ ઊભી થઈ હતી તે જ્ઞાનથી ઉકેલી નાખી પછી તે કાંઈ છે જ નહિ. અંશ બુદ્ધિમાં રાગ દ્વેષ અજ્ઞાન વગેરે ભાસતા હતા. પણ સ્વભાવ બુદ્ધિ થતાં તે કાંઈ ભાસતું નથી. આમાં મોક્ષમાર્ગ સમાવી દીધો છે. હજારો શાસ્ત્રોનો આ સાર છે. ૬૫૧.

*

આત્મખ્યાતિ ટીકાને જે સાંભળે છે અને વાંચે છે તેને સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર પ્રગટ થાય છે. અને મોહનો નાશ થાય છે. પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થાય છે. માટે મુમુક્ષુઓએ આનો નિરંતર અભ્યાસ કરવા યોગ્ય છે. જેને ચિદાનંદ જ્ઞાતા હું છું એને સમજવાની દરકાર છે, રુચિ છે, અને ભાવ છે એવા મુમુક્ષુઓએ આ આત્મખ્યાતિ ટીકા એટલે ચૈતન્યસ્વભાવનો વારંવાર અભ્યાસ કરવો. સમયસાર અભેદ આત્માને બતાવનાર છે માટે નિરંતર એનો અભ્યાસ કરવો યોગ્ય છે. ૬૫૨.

*

જ્યાં સુધી જ્ઞાનમાં તત્ત્વની અયથાર્થતા છે ત્યાં સુધી તેને તત્ત્વમાં જમાવટ થતી નથી. જ્ઞાનની વિપરીતતામાં આત્માની એકાગ્રતાની જમાવટ થતી નથી. તેથી કહે છે કે જ્ઞાનાનંદ આત્મા છે. તેની રુચિ કરો અને તેનું નિરીક્ષણ કરો. ૬૫૩.

*

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

વ્યવહાર રત્નત્રય પણ શુભરાગ છે. નિમિત્ત પર છે. તેને જાુદા જાણી, શુદ્ધાત્માને ઉપાદેયપણે નિરંતર અંગીકાર કરવો તે આ સમયસાર અને દ્વાદશાંગનો સાર છે. ત્રિકાળી ચિદાનંદનું આલંબન જ મોક્ષનું કારણ છે. ત્રિકાળ ધ્રુવશક્તિ કારણપરમાત્મા તે જ એક ઉપાદેય છે. પરાશ્રય રાગ, વ્યવહાર રત્નત્રયને વીતરાગ ધર્મનું કારણ માને તેને ધર્મ નથી પણ મિથ્યાત્વનો આસ્રવ છે. ૬૫૪.

*

નિમિત્તથી ભિન્ન ને રાગથી અધિક (ભિન્ન)-એવા પોતાના ચૈતન્ય સ્વભાવનું ભાન થવા ઉપરાંત તેના અનુભવનું વેદન વધી ગયું છે, ત્યાં પરિગ્રહની મમતા છૂટી ગઈ છે. આવી દશાવાળા શ્રાવકને પ્રતિમા હોય છે. ૬૫૫.

*

ધર્મીને અન્ય ધર્મી પ્રત્યે પ્રેમ ઉછળે છે, સમ્યગ્દ્રષ્ટિને સાચા ગુરુ પ્રત્યે કે સાધર્મી પ્રત્યે પ્રેમ આવ્યા વિના રહે નહિ. તે દ્વેષ કરે નહિ. મારી આબરું કરતાં આની આબરું વધી ગઈ એમ દ્વેષ કરે નહિ. શિષ્ય કદાચ વહેલો મોક્ષે જાય તોપણ ગુરુને દ્વેષ થાય નહિ. જેમ જેને પોતાના દીકરા ઉપર પ્રેમ હોયને તે પૈસામાં વધી જાય તો તેના પ્રત્યે દ્વેષ કરે નહિ. ઉલટો પ્રેમ અને ઉલ્લાસ બતાવે છે તેમ શિષ્યની દશા વધતી જાણી તેના ઉપર ધર્માત્માને દ્વેષ થતો નથી. ૬૫૬.

*

ઉપવાસનો આવો અર્થ છે કે,-ઇન્દ્રિય તથા મન, વિષયોમાં પ્રવૃત્તિ રહિત થઈને આત્મામાં રહે તે ઉપવાસ છે. આ લોક પરલોક સંબંધી વિષયોની વાંચ્છા ન કરવી તે ઇન્દ્રિય જય છે તથા આત્મસ્વરૂપમાં લીન રહેવું વા શાસ્ત્રના અભ્યાસ-સ્વાધ્યાયમાં મન લગાવવું એ ઉપવાસમાં પ્રધાન છે. વળી જેમ કલેશ ન ઊપજે એવી રીતે ક્રિયા માત્રપણે એક

દિવસની મર્યાદારૂપ આહારનો ત્યાગ કરવો. એ પ્રમાણે ઉપવાસ નામનું અનશન તપ થાય છે. ૬૫૭.

*

જેને તત્ત્વજ્ઞાન નથી તેનું આચરણ પણ યથાર્થ હોતું નથી. જૈનમતમાં તો એવો ક્રમ છે કે પહેલાં તત્ત્વજ્ઞાની થાય અને પછી એનો ત્યાગ કરવો છે એના દોષને ઓળખે અને દોષનો નાશ થવાથી જે ગુણ પ્રગટે છે તેને પણ બરાબર જાણે. ૬૫૮.

*

પ્રશ્નઃ– બહારમાં તો ચમત્કાર બતાવે છે. તો અહીં કાંઈ ચમત્કાર છે?

ઉત્તરઃ– હા, આ આત્મા પોતે એવો ચૈતન્યચમત્કાર છે કે તેની પ્રતીત કરીને તેમાં એકાગ્ર થતાં કેવળજ્ઞાન પ્રગટી જાય. જુઓ આ ચૈતન્યનો ચમત્કાર. સર્વજ્ઞ સિવાય બીજા કોઈ ઠેકાણે આવો ચમત્કાર હોય તો બતાવો! વળી એકેક આત્મા અસંખ્ય પ્રદેશી–એ વાત પણ બીજે ક્યાંય હોય તો બતાવો? ૬૫૯.

*

જ્ઞાનનું વીર્ય જ્ઞાનમાં કામ કરી જ્ઞાનમાં રમે તે મારું સ્વરૂપ છે. આત્માનું લક્ષણ જ્ઞાન છે. તેને છોડી રાગાદિમાં રોકાય તો તે બંધનું લક્ષણ છે. ૬૬૦.

*

જે જીવ પ્રસન્નચિત્તથી–ઉલ્લાસથી–સ્વલક્ષ કરીને, પુણ્ય–પાપનો ઉલ્લાસ છોડીને, દયા–દાનના વિકાર રહિત ને શરીર, મન, વાણીથી રહિત આત્માની વાત સાંભળે છે, તે ધન્ય છે. ૬૬૧.

*

સમયસાર ગાથા ૪માં શ્રુત શબ્દ મૂકયો છે તેનો હેતુ એ છે કે પોતાની મેળે વાંચી જાય તો કામ ન આવે, જ્ઞાની પાસેથી વાત સાંભળી હોવી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જોઈએ. છતાં ત્યાં પરાધીનતા નથી. જેની લાયકાત હોય તેને જ્ઞાની મળ્યા વિના રહે નહિ. સત્‌ને સત્‌નું નિમિત્ત જોઈએ. અજ્ઞાની જીવ ધર્મમાં નિમિત્ત થઈ શકે નહિ. ૬૬૨.

*

સમ્યગ્દર્શનની પર્યાય અનાદિથી ન હોય, મિથ્યાદર્શનાદિની પર્યાય અનાદિથી ન હોય, મિથ્યાદર્શનાદિની પર્યાય પ્રવાહરૂપે અનાદિથી છે. પોતાના સ્વરૂપને ચૂકી પરમાં રુચિ કરે છે તે મિથ્યાદષ્ટિ છે. સ્વ પરના યથાર્થરૂપથી વિપરીત શ્રદ્ધાનનું નામ મિથ્યાત્વ છે. સ્વ એટલે ચેતન. તેનું જ્ઞાન દર્શનરૂપ યથાર્થ છે. પુણ્ય-પાપનું રૂપ વિકાર છે. જડનું રૂપ તેના દ્રવ્ય-ગુણ-પર્યાય છે તેમ નહિ માનતાં રાગને અને જડને પોતાનું સ્વરૂપ માનવું તે મિથ્યાત્વ છે. લોકોને મિથ્યાત્વના પાપનો ખ્યાલ આવતો નથી. ૬૬૩.

*

સમકિતીને પંચપરમેષ્ઠી, જિનવાણી, જિનપ્રતિમા, જિનધર્મ, જિનાલય-એમ નવ દેવને માને છે તે શુભરાગ છે. કોઈ જીવો પ્રતિમાને ઉથાપે છે તે મિથ્યાદષ્ટિ છે. ને કોઈ મૂર્તિપૂજામાં ધર્મ મનાવે છે તે પણ મિથ્યાદષ્ટિ છે. સમકિતીને પૂજા, યાત્રા વગેરેનો રાગ આવે છે પણ તેને તે બંધ માને છે. ૬૬૪.

*

એકડો શીખવા માટે પાંચસો રૂપિયા આપે કે પચાસ ઉપવાસ કરે તો કામ ન આવે, વાળના લોચ કરે તો એકડો ન આવડે, એકડાના જ્ઞાન વડે એકડાનું અજ્ઞાન ટળે. તેમ અબજો રૂપિયાનું દાન કરે, તપ કરે તોપણ ધર્મનો એકડો ન આવડે. પણ જ્ઞાન કરવાથી સ્વરૂપ સમજાય. દયા, દાન, વ્રતથી શાંતિ ને ધર્મ મળતાં નથી. તેથી રહિત મારું ચૈતન્ય નિરાળું છે એવી પ્રતીતિ કરે તેને ધર્મ કહે છે. તે વિના સુખ થાય નહિ. ૬૬૫.

*

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

દાગીનો વેચી નાખ્યા પછી તેને સાચવવાની ફિકર નથી તેમ જ્ઞાનીને શરીર, મન, વાણી, રાજ્ય, પૈસા વગેરેનું સ્વામિત્વ ઉડી ગયું છે તેથી તેની ફિકર નથી. અજ્ઞાનીને તેનું સ્વામિત્વ વર્તે છે. ૬૬૬.

*

આગમનો આશ્રય અનંતા પુદ્‌ગલકર્મો છે, ને અધ્યાત્મનો આશ્રય આત્મા એક છે. તે બન્નેનું સ્વરૂપ સર્વથા પ્રકારે તો કેવળીગમ્ય છે. સમ્યક્ મતિ શ્રુતજ્ઞાનમાં અંશગ્રાહ્ય છે. ૬૬૭.

*

અધ્યાત્મ એટલે શુદ્ધ આત્મા તેનું જેને ભાન નથી તેને આગમની પણ ખબર નથી. દ્રવ્ય ગુણ અનાદિથી શુદ્ધ ચાલ્યા આવે છે. ને પર્યાયમાં વિકાર અનાદિથી કરતો આવે છે. તેનું જેને ભાન નથી તે અધ્યાત્મી પણ નથી તે આગમી પણ નથી. તે મિથ્યાદ્રષ્ટિ જીવ આગમ અને અધ્યાત્મનું સ્વરૂપ શાસ્ત્ર વાંચીને ઉપદેશમાં કરે, પણ અંદરમાં તેને તેના ભાવની ખબર નથી, યથાર્થ ભેદજ્ઞાન નથી. આગમ અને અધ્યાત્મના સ્વરૂપને સમ્યક્ પ્રકારે જાણે તો ભેદજ્ઞાન થઈ જાય. ૬૬૮.

*

અજ્ઞાની આગમ-આધ્યાત્મને જાણતો નથી. અજ્ઞાની જીવ રાગને જ વ્યવહાર માને છે, પણ દ્રવ્યની નિર્વિકલ્પ પર્યાયરૂપ જે વ્યવહાર છે તેને તે જાણતો નથી. અખંડ દ્રવ્ય તે નિશ્ચય છે ને તેની નિર્વિકલ્પ પરિણતિ તે અધ્યાત્મનું અંગ છે-તે વ્યવહાર છે. અહીં તો (અધ્યાત્મમાં) મોક્ષમાર્ગ સાધવો તેને જ વ્યવહાર ગણ્યો છે. રાગને વ્યવહાર ગણ્યો નથી. ૬૬૯.

*

અંતર્ગર્ભિત અધ્યાત્મરૂપ ક્રિયા છે તે અંતર્દ્રષ્ટિ ગ્રાહ્ય છે, પણ અજ્ઞાનીને તેવી દ્રષ્ટિ પ્રગટી નથી. તેથી અધ્યાત્મની અંતરક્રિયા તો તેને દ્રષ્ટિગોચર થતી નથી. માટે તે અજ્ઞાની જીવ મોક્ષમાર્ગને સાધી શકતો નથી. ગમે તેટલો શુભભાવ કરે પણ અંતરની અધ્યાત્મદ્રષ્ટિ વગર તે

મોક્ષમાર્ગને સાધવા અસમર્થ છે. અજ્ઞાનીને બહારની ક્રિયા તથા શુભપરિણામ સુગમ લાગે છે. તેને જ તે મોક્ષમાર્ગ માને છે. બ્રહ્મચર્ય પાળે, ત્યાગ કરે, એવા શુભ પરિણામને અજ્ઞાની મોક્ષમાર્ગ માને છે, પણ અંતરમાં નિર્વિકલ્પ જ્ઞાનાનંદ સ્વભાવ છે જેમાં બ્રહ્મચર્યનો શુભવિકલ્પ પણ નથી. એવા આધ્યાત્મની નિર્વિકલ્પ પરિણતિને અજ્ઞાની ઓળખતો નથી. તેથી તેને મોક્ષમાર્ગ નથી. જ્ઞાની તો મોક્ષમાર્ગને સાધી જાણે છે. ૬૭૦.

*

અંતરનું શુદ્ધ દ્રવ્ય એકરૂપ અક્રિય ધ્રુવ ચિદાનંદ તે નિશ્ચય તેના અવલંબને જે નિર્વિકલ્પ મોક્ષમાર્ગ દશા પ્રગટી તે વ્યવહાર છે. અધ્યાત્મના નિશ્ચય વ્યવહારનું આવું સ્વરૂપ જ્ઞાની જ જાણે છે. અજ્ઞાની તે જાણતો નથી....અને કદાચિત્ સાંભળવા મળે તોપણ માને નહિ. ૬૭૧.

*

ચોથા ગુણસ્થાને ઉપાદેયરૂપ શુદ્ધભાવ અલ્પ છે. પાંચમે છઠ્ઠે તે વધતો જાય છે. તથા હેયરૂપ વિકાર ચોથા ગુણસ્થાન કરતાં પાંચમે-છઠ્ઠે મંદ થતો જાય છે. જેમ જેમ શુદ્ધતા વધે છે તેમ તેમ ગુણસ્થાન વધે છે. ગુણસ્થાન અનુસાર સ્વજ્ઞેયને પકડવાની તાકાત વધતી જાય છે. પરદ્રવ્યને છોડવાથી ગુણસ્થાન વધે એમ નથી. લંગોટી હતી ત્યારે પાંચમું ને લંગોટી છૂટતાં છઠ્ઠું સાતમું એમ નથી....પણ અંદરમાં દ્રવ્યને પકડીને તેના આચરણની ઉગ્રતા થતાં ગુણસ્થાન વધે છે. ગુણસ્થાન અનુસાર બાહ્યમાં નિમિત્તોનો સંબંધ છૂટી જાય છે. જેમકે છઠ્ઠા ગુણસ્થાને સદોષ આહાર લેવાનો ભાવ ન આવે, ત્યાં વસ્ત્રનો સંયોગ ન હોય પણ ત્યાં ગુણસ્થાન તો અંદરની શુદ્ધિથી ટક્યું છે. બહારમાં વસ્ત્રનો ત્યાગ કરીને બેસે તેથી કાંઈ છઠ્ઠું ગુણસ્થાન થઈ જતું નથી. ગુણસ્થાન પ્રમાણે જ્ઞાન અને ગુણસ્થાન પ્રમાણે ક્રિયા. કાંઈ ચોથા ગુણસ્થાને કેવળજ્ઞાન કે મનઃપર્યયજ્ઞાન ન હોય. તેમજ ક્રિયા એટલે શુભભાવ, તે પણ ગુણસ્થાન અનુસાર હોય છે. અંદર

ચોથું ગુણસ્થાન હોય ને બહારમાં દ્રવ્યલિંગી મુનિ હોય એટલે છઠ્ઠા ગુણસ્થાન જેવી ક્રિયા હોય, પણ તેની અહીં વાત નથી. અહીં તો જેટલું ગુણસ્થાન પ્રગટયું તેને અનુસાર ક્રિયા હોય છે. અંદર છઠ્ઠું ગુણસ્થાન હોય ને વેપાર કરતો હોય-એમ ન બને. પણ તેથી શુભપરિણામને લીધે ગુણસ્થાન હોય છે-એમ નથી. ૬૭૨.

*

જેને ધર્મનો આદર છે-સિદ્ધપદનો સ્વીકાર છે તેને લક્ષ્મીની રુચિ હોવી ન જોઈએ. આસક્તિ આવે તે જાુદી વાત છે. પણ રુચિ હોવી ન જોઈએ. સિદ્ધને વંદન કરનાર બીજાને વંદન કરતો નથી. લક્ષ્મીની રુચિવાળાને સિદ્ધની રુચિ નથી. માટે કહે છે કે રુચિ પલટાવો. પર્યાયમાં હું સિદ્ધ છું એવી રુચિ થઈ તેને એક પરમાણુની પણ રુચિ હોવી ન જોઈએ. ૬૭૩.

*

બે જીવ સમકિતી હોય તેમાં એક તો ધ્યાનમાં બેઠા હોય ને બીજા લડાઈમાં ઉભા હોય ત્યાં બીજા સમકિતીને એમ સંદેહ નથી થતો કે અરે! અમે બન્ને સમકિતી, છતાં આ તો ધ્યાનમાં બેઠા ને મારે તો લડાઈની ક્રિયા! આવી શંકા પડતી નથી. કેમ કે ઉદયભાવને આધીન સમ્યગ્દર્શન નથી. સમ્યગ્દર્શન તો અંતરસ્વભાવના અવલંબને છે. તે સ્વભાવનું અવલંબન ધર્મીને લડાઈ વખતે ય ખસતું નથી. જ્ઞાયકપ્રમાણ જ્ઞાન છે. તથા યથાનુભવ પ્રમાણ સ્વરૂપાચરણચારિત્ર છે. બહારની ક્રિયા અનુસાર કે શુભરાગ અનુસાર ચારિત્ર ન કહ્યું પણ અંતરમાં અનુભવ પ્રમાણે ચારિત્ર છે. જુઓ, આ ધર્મીની શક્તિ! આવું જ્ઞાતાનું સામર્થ્ય છે. ૬૭૪.

*

શ્રદ્ધામાં ચૈતન્યની રુચિ ને એકાગ્રતાનું પરિણમન છે.

જ્ઞાનમાં ચૈતન્યના સ્વસંવેદનનું પરિણમન છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ચારિત્રમાં ચૈતન્યની વિશેષ રમણતારૂપ પરિણમન છે.

એ રીતે અંતરના ચૈતન્યના આશ્રયે જ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર છે. ને તે જ મુક્તિનું કારણ છે. ૬૭૫.

*

ધર્મનું સાધન બતાવે છે. સાધન નામનો આત્મામાં ગુણ છે તે ન હોત તો સ્વરૂપ પરિણમન સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી પરિણમન ન થાત. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના સાધન વડે મોક્ષ દશા થાય છે. એવો ત્રિકાળ સાધન નામનો ગુણ છે. ચોથો કાળ મજબૂત સંહનન વગેરેને અજ્ઞાની જીવો કેવળજ્ઞાનનું સાધન કહે છે. પણ તે સાધન નથી. કરણ નામનો ગુણ પરિણમીને સાધન થાય છે. સાધકદશામાં દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેના શુભરાગને ઉપચારથી સાધન કહેવાય છે. પણ જો કરણ નામનો ગુણ આત્મામાં ન હોત તો આત્માના સ્વરૂપનું સાધન ન થાત, તે ગુણ છે તો વીતરાગી દશારૂપે તે પરિણમી રહ્યો છે. નિમિત્તો બાહ્યમાં હોવા છતાં ને શુભરાગ હોવા છતાં આ કરણ ન હોત તો વીતરાગી દશા ન થાત. તે સાધન દ્રવ્યમાં ત્રિકાળ પડયું છે. નિમિત્તમાં કે રાગમાં સાધન નથી. ૬૭૬.

*

આત્માની જેમ દરેક દ્રવ્યમાં છ કારકો સ્વતંત્ર રહેલા છે. અહીં આત્માની વાત ચાલે છે. જો રાગના આધારે ધર્મ હોય તો રાગ ટળી જતાં ધર્મનો પણ અભાવ થઈ જાય. મનુષ્ય દેહ અથવા મજબૂત સંહનનનો આધાર હોય તો તે ખસી જતાં નિર્મળતા રહેત નહીં. પણ એમ નથી. શાસ્ત્રમાં કથન આવે કે જિનમંદિરો હોય, મુનિઓ વિચરતા હોય તો ધર્મની પ્રભાવના થાય. એ નિમિત્તથી કથન છે. શુભ વિકલ્પ આવે પણ તેના આધારે કે મંદિરોના આધારે ધર્મ પ્રગટતો નથી. પણ અધિકરણ ગુણના આધારે ધર્મ પ્રગટે છે, ટકે છે ને વધે છે. જો રાગ અને પુણ્યને લીધે ધર્મ હોય ને શાસ્ત્રથી ધર્મ હોય તો તે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ખસી જતાં અથવા રાગ ટળી જતાં તે ધર્મનો નાશ થઈ જાય પણ એમ બનતું નથી. ૬૭૭.

*

આત્મામાં અજ એટલે જન્મવું નહિ એવો ગુણ છે. આત્મા કદી જન્મતો નથી, જો તે ગુણ ન હોય તો આત્મા શરીર અને રાગને ઉપજાવવામાં નિમિત્ત થયા કરત. આત્મા ચિદાનંદ ત્રિકાળ ત્રિકાળ ધ્રુવ પદાર્થ છે. જન્મવાનું તો નથી પણ રાગને ઉપજાવવામાં પણ આત્મા નિમિત્ત નથી. ૬૭૮.

*

પોતે ત્રિકાળી શક્તિમાન છે. ગુણ-ત્રિકાળી શક્તિને પર્યાય-વર્તમાન દશા-આમ દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચાર વડે નિજપદ જાણે, નિમિત્ત વડે કે રાગ વડે જાણે એમ કહ્યું નથી. એમ નિજપદ જાણવાની વિધિ બતાવેલ છે. અથવા ઉપયોગમાં જાણરૂપ વસ્તુને જાણે અંતરમાં જાણવા-દેખવાનો વ્યાપાર થાય તે દ્વારા વસ્તુને જાણે, વસ્તુ જાણનાર છે. નિજ સ્વરૂપને જાણવાની આ કળા છે. આનું નામ ધર્મ છે. ચાલતી પર્યાયમાં જાણરૂપ વસ્તુને જાણે, જાણનાર સ્વભાવ નિત્યાનંદ પદાર્થ છે તે પર્યાયનો આધાર અથવા નાથ આત્મા છે. ૬૭૯.

*

અનુભવ પ્રકાશ એટલે શું? આત્માનું નિજાનંદ સ્વરૂપ છે, તેની પર્યાયમાં પુણ્ય-પાપ થાય છે તે વેશ છે. તેની રુચિ છોડીને સ્વભાવનો અનુભવ કરવો તે અનુભવ પ્રકાશ છે. ૬૮૦.

*

નિર્વિકલ્પ કહો કે, આત્માનો અનુભવ કહો, બન્ને એક જ છે. જીવની શક્તિ તો ત્રણ કાળ ત્રણ લોકને જાણવાની છે. તેમાં જ્ઞાન જ્ઞાનને વેદે તેટલો જ્ઞાનનો વિકાસ થયો તે અંશ સર્વજ્ઞ શક્તિ પ્રગટ કરશે. સર્વજ્ઞ શક્તિ ત્રિકાળ છે. તેનું વેદન થયું. સર્વજ્ઞ શક્તિના આધારે સ્વસંવેદન

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


થયું છે, પુણ્ય-પાપના આધારે જ્ઞાન થતું નથી. ૬૮૧.

*

દરેક પદાર્થ સર્વત્ર સર્વકાળે પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં છે. પરનાં ચતુષ્ટયમાં તે નથી. આ એક મહાનિયમનો નિર્ણય કરે તો ત્રણ કાળ-ત્રણ લોકવર્તી સર્વ પદાર્થની યથાર્થ પ્રતીતિ થઈ જાય અને સ્વતંત્ર જ્ઞાનાનંદ સ્વભાવ સન્મુખ થવાની રુચિ અને સ્થિરતા થાય. એ જ સુખી થવાનો ઉપાય છે. ૬૮૨.

*

પદાર્થ દ્રવ્યપણે નિત્ય છે ને પર્યાયપણે અનિત્ય છે. આવું નિત્ય-અનિત્યપણું તે પદાર્થનું સ્વરૂપ છે. એમ જ્ઞાન જાણે છે. સંયોગના કારણે અનિત્યતા છે. એમ નથી પણ પોતાના કારણે જ અનિત્યતા છે એટલે પર્યાયનો પલટો થવાનો તેનો સ્વભાવ છે. તે પરને લીધે નથી. આવું જ્ઞેયનું સ્વરૂપ જાણવું તે સમ્યગ્જ્ઞાનનું કારણ છે. ૬૮૩.

*

આત્માની શાંતિરૂપ પ્રકાશને અનુભવ કહે છે. આત્મામાં શાંતિ ને આનંદ શક્તિરૂપે અનાદિ અનંત પડ્યા છે. તેવા આત્માનો પુણ્ય-પાપ રહિત અનુભવ થાય તેને ધર્મ કહે છે. અકષાય પરિણામના પ્રકાશને અનુભવ પ્રકાશ કહે છે. ૬૮૪.

*

જડની ક્રિયા જડના કારણે થાય છે પણ ધર્મીને પોતાના કારણે શુભરાગના કાળે શુભરાગ આવે છે પણ તે ધર્મ નથી. શુભરાગના અવલંબને ધર્મ થતો નથી. શુભરાગના કાળે સ્વઅવલોકન માત્ર ધાર્મિક ક્રિયા છે. આત્મા બહારની ચીજોને લાવી કે છોડી શકતો નથી. રાગના કારણે પરની પર્યાય થાય નહીં તેમ જ રાગથી ધર્મ થાય નહીં. ચિદાનંદ પદનું અવલોકન કરે તેટલો ધર્મ છે. ૬૮૫.

*

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

આત્માનો જાણવાનો સ્વભાવ એક પ્રકારે છે. પુણ્ય-પાપના વિકારો અનેક છે. કેમકે અનેક સંયોગોને અવલંબીને થયેલ છે. ને જાણવું-દેખવું એકરૂપ સ્વભાવને અવલંબીને થયેલ છે. માટે એક પ્રકારે છે. તેનો અનુભવ કરવો તે ધર્મ છે. ૬૮૬.

*

પ્રશ્નઃ- આ ન સમજાય ત્યાં સુધી શું કરવું?

સમાધાનઃ- ન સમજાય ત્યાં સુધી આ સમજવાની મહેનત કરવી. સ્વભાવ શું, વિભાવ શું, કોના વલણથી લાભ કે નુકશાન થાય તેનો વિચાર કરવો, ઊંધો પ્રયત્ન કરે છે તે હવે સાચો પ્રયત્ન કરવો. શરીર અને વિકાર તરફ વલણ હતું તે ફેરવી નિત્યાનંદ સ્વભાવનું વલણ કરવું તે તારા હાથમાં છે. તારી અવસ્થાનો ધરનાર તું છો. ૬૮૭.

*

જ્ઞાનચેતના, કર્મચેતના ને કર્મફળચેતના જીવમાં હોય છે. પુણ્ય-પાપના ભાવ કર્મચેતના છે, ને હરખ-શોકના ભાવ કર્મફળચેતના છે, અને ચેતના એકાકારરૂપે ચેતે તે જ્ઞાનચેતના છે. તે ત્રણે પોતાની પર્યાયમાં થાય છે. જીવની ચેતના વિકારરૂપે પરિણમે છે, તે જડને લીધે નહિ. ચેતનાને સ્વભાવમાં વાળે તે ધર્મ છે ને વિકારમાં વાળે તે અધર્મ છે. ૬૮૮.

*

અભ્યંતર આનંદકંદમાં રમતા હોય તે મુનિ હોય છે. જે આહાર પાણી દોષવાળા લેતાં હોય છે તે નિશ્ચય અગર વ્યવહારથી પણ મુનિ નથી. મુનિ માટે ખાસ ચીજો બનાવે ને મુનિ તે લ્યે તો તે વ્યવહારથી પણ મુનિ નથી. વ્યવહારથી શુદ્ધિ નહિ હોવા છતાં મુનિ માને ને મનાવે તે મિથ્યાદૃષ્ટિ છે. એક રજકણ મારો નથી, પુણ્ય-પાપ મારા નથી. હું જ્ઞાયક છું, એવી દૃષ્ટિ થઈ છે તેને વિકલ્પ ઊઠે તો એકવાર નિર્દોષ આહાર લ્યે વગેરે ૨૮ મૂળ ગુણપાલનરૂપ વિરતિ વ્યવહાર પરિણતિ સાધક છે ને અંતરમાં ચારિત્રશક્તિ મુખ્ય થવી તે સાધ્ય છે. ૬૮૯.

*

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


જ્યાં ચિત્તનો સંગ સર્વથા છૂટી જાય તેને સ્વભાવની પૂર્ણતા પ્રાપ્ત થયા વિના રહેતી નથી. મનના સંગના વિલયથી પરમાત્મા સાધ્ય છે. અંતર્જલ્પ-વિકલ્પનું છૂટી જવું તે સાધકદશા છે ને પરમાત્મદશા સાધ્ય છે. ૬૯૦.

*

એક વસ્ત્રનો તાણો પણ રાખવાનો ભાવ છે. ત્યાં સુધી મુનિપણાનો ભાવ આવી શકે નહિ. મુનિપણું આવે ને વસ્ત્ર રાખવાનો ભાવ આવે એમ બને નહિ. ૬૯૧.

*

આત્માની ને બીજા તત્ત્વોની વિપરીત દૃષ્ટિ તે ( સંસાર ) ની સાધક છે. રાગ તે રાગ છે. સ્વભાવ તે સ્વભાવ છે. નિમિત્ત તે નિમિત્ત છે. એમ સ્વતંત્ર તત્ત્વોની રુચિ કરતો નથી ને પુણ્યથી ધર્મ માને તે મિથ્યાદૃષ્ટિ છે, તેનું ફળ સંસારમાં રખડવું તે છે. ૬૯૨.

*

પૂર્ણ ભાવો પ્રગટ થયા પછી કેવળજ્ઞાન ને કેવળ દર્શન ક્રમે ઉપયોગરૂપ હોય એમ બને નહિ. જે જીવ કેવળજ્ઞાન ને કેવળ દર્શનનો ક્રમે ઉપયોગ માને છે તેને સમ્યક્ ભાવ પ્રગટયો નથી. ૬૯૩.

*

ગુણોને આવરણ નથી વળી તેનામાં ઊણપ નથી તેવી દરેક ગુણની શક્તિ છે. અસ્તિત્વ, વસ્તુત્વ, કર્તા, કર્મ, કરણ આદિ ગુણોનું સામર્થ્ય એવું છે કે તેને આવરણ ન હોય ને અધૂરા ન હોય-એમ નક્કી કરે તો ગુણની જાતિ નક્કી કરી કહેવાય. આવી તાકાત દરેક ગુણની છે. આવો સમ્યક્ભાવ સાધક છે. ને વસ્તુની જાતિ સિદ્ધ થવી તે સાધ્ય છે. ૬૯૪.

*

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ચિત્તના સંગ વિનાની જ્ઞાન ને આનંદની પરિણતિની આ વાત છે. દ્રવ્ય મનનો સંગ થઈને દયા-દાનાદિની વૃત્તિ ઊઠે તે બંધનું કારણ છે. આત્માનો સંગ બંધના અભાવનું કારણ છે. હું જ્ઞાનાનંદ છું એવા અંતર્સ્વભાવના સંગથી શુદ્ધોપયોગ થાય છે. દયા-દાનથી કે ભગવાનના સંગથી શુદ્ધોપયોગ થતો નથી. શુદ્ધોપયોગ સાધન છે ને તેનું કાર્ય પરમાત્મપણું છે. ત્રિકાળી દ્રવ્યના સંગે શુદ્ધોપયોગ થાય છે. દેવ-ગુરુ-શાસ્ત્રના સંગથી પણ શુદ્ધોપયોગ થતો નથી. ૬૯૫.

*

કેટલાક જીવો કહે છે કે, આ કાળમાં સ્વરૂપનો અનુભવ કઠણ છે. એમ કહેનારને રાગ-દ્વેષ સહેલા લાગે છે એટલે કે બહિરાત્મપણું સહેલું લાગે છે. પુણ્ય-પાપના પરિણામ કરી રખડવું સહેલું લાગે છે તે બહિરાત્માને સાધે છે. તેને બહારની રુચિ છે. તે અંતરનો પ્રેમ કરતો નથી. આવી રીતે સ્વરૂપ કઠણ માનનાર સ્વરૂપનો અનાદર કરે છે. ૬૯૬.

*

ધર્મ માટે ધનનો લોભ કરે, દેવ-ગુરુ-શાસ્ત્ર માટે સંકોચ કરે તો અનંતાનુબંધીનો લોભ છે. ૬૯૭.

*

સર્વજ્ઞ પરમાત્માએ કહેલા પદાર્થના સ્વરૂપ અનુસાર મુનિએ રચેલા શાસ્ત્રનું સમ્યક્પણે અવગાહન કરવું, સારી રીતે સમજણ કરવી તે સાધક છે. જેમ ઊંડા દરિયામાં અવગાહન કરે તો મોતી મળે છે તેમ શાસ્ત્રમાં સમ્યક્ પ્રકારે પ્રવેશ કરી જાુએ તો આત્મામાં ભાવશ્રુત પ્રગટ થાય છે. ૬૯૮.

*

આત્મા વિકલ્પરહિત થઈને આત્માને ન પકડે તો તે શાસ્ત્રને સમજ્યો નથી. આગમ કહે છે કે, તારો આત્મા જ્ઞાનજ્યોત છે. આમ દ્રવ્યશ્રુતના અવગાહનમાં ભાવશ્રુતનું ફળ છે. ૬૯૯.

*

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પ્રશ્નઃ- રાગાદિ જીવના ભાવ છે અને પરભાવ સ્પર્શાદિક છે તો રાગાદિને પરભાવ કેમ કહો છો?

ઉત્તરઃ- શુદ્ધ નિશ્ચયથી રાગાદિ જીવના નથી. કેમકે ત્રિકાળી શુદ્ધસ્વભાવમાં તાદાત્મ્યપણાની દષ્ટિએ વિકારનો અભાવ છે. વળી તે રાગાદિ આત્માના ગુણમાં તન્મય નથી. સ્વભાવમાં સંસાર તન્મય નથી. જો તન્મય હોય તો મોક્ષ થઈ શકે નહીં. સંસાર એક સમય માત્રનો પર્યાય છે. ઉત્પાદ-વ્યય પ્રત્યેક સમયે નવીન પર્યાય છે. અન્ય અન્ય ભાવ છે. રાગાદિ વિકારભાવ છે તે જીવની વર્તમાન પર્યાય છે. તે પર્યાયથી અન્ય નથી. પણ ત્રિકાળી સ્વભાવથી વિકાર પર્યાય તન્મય નથી માટે જુદી છે. તેથી પરભાવ કહેવાય છે. ૭૦૦.

*

આત્મા શુદ્ધ ચિદાનંદમૂર્તિ છે. તેની રુચિ કરીને અને રાગની-વ્યવહારની રુચિ છોડીને જે ક્ષણે આત્માના આનંદનો અનુભવ થાય તે નિશ્ચય રત્નત્રય છે. વચ્ચે શુભરાગ આવતાં ભગવાનની પ્રતિમાનું બહુમાન-ભક્તિ આવે છે કેમ કે સ્વસંવેદનરૂપ વીતરાગમુદ્રા દેખી પોતે પોતાના સ્વસંવેદનભાવરૂપ પોતાનું સ્વરૂપ વિચારે છે. મારો આત્મા રાગથી કે પરથી અનુભવમાં આવે તેવો નથી. પણ જ્ઞાનથી જ સ્વસંવેદનમાં આવે તેવો છે. એવા ભાન રહિત ભગવાનની વીતરાગમુદ્રા દેખીને પોતે તેનો વિચાર કરે છે. અહો! આ સ્વસંવેદન વડે રાગ ટાળીને ભગવાન ચિદ્‌બિંબ-જિનબિંબ અક્રિય વીતરાગ થયા. મારું સ્વરૂપ પણ તેવું જ ચિદ્‌બિંબ-જિનબિંબ છે. ૭૦૧.

*

સ્વરૂપના ભાનપૂર્વક પ્રતિમામાં ભગવાનની યથાર્થ સ્થાપનાને જ્ઞાની જાણે છે. દેખો અરિહંતદેવની વીતરાગી મુદ્રા! ! તે પથ્થરમાંથી ઘડેલી હોવા છતાં પણ ખરેખર વીતરાગમાર્ગને દેખાડે છે. પણ કોને? કે જેને અંતરમાં ભાન થયું તેને. અહો! શાંતિ શાંતિ વીતરાગ મુદ્રા! ૭૦૨.

*

અરે જીવો! ઠરી જાઓ....ઉપશમરસમાં ડૂબી જાઓ! એમ જાણે કે ભગવાનની પ્રતિમા ઉપદેશતી હોય! માટે સ્થાપના પણ પરમપૂજ્ય છે. ત્રણ લોકમાં શાશ્વત વીતરાગ મુદ્રિત જિનપ્રતિમા છે. જેમ લોક અનાદિ અકૃત્રિમ છે. લોકમાં સર્વજ્ઞ પણ અનાદિથી છે, તેમ લોકમાં સર્વજ્ઞની વીતરાગ પ્રતિમા પણ અનાદિથી અકૃત્રિમ શાશ્વત છે. જેણે આવા પ્રતિમાજીની સ્થાપનાને ઉડાડી છે તે ધર્મને સમજ્યા નથી. ધર્મી જીવને પણ ભગવાનના જિનબિંબ પ્રત્યે ભક્તિનો ભાવ આવે છે. ૭૦૩.

*

સ્વભાવની સન્મુખતાની શાંતિ વડે કષાયની અગ્નિ બુઝાય છે. વર્ષામાં અગ્નિ ઠરી જાય છે, તેમ ભગવાને સ્વસન્મુખી મોક્ષમાર્ગની વર્ષા કરી. તે જ સંસારનો દાવાનળ ઓલવવાનું સાધન છે. અંતર સ્વભાવની સન્મુખતા થતાં શાંતિરૂપી જળની વર્ષા વડે અનાદિના સંસાર દાવાનળનો નાશ થાય છે. ૭૦૪.

*

ઇષ્ટ-અનિષ્ટપણું જ્ઞાનમાં નથી તેમ જ જ્ઞેયમાં પણ નથી. આ કસ્તૂરી છે માટે ઇષ્ટ છે. આ વિષ્ટા છે માટે અનિષ્ટ એમ ઇષ્ટ-અનિષ્ટપણું કરવું તે જ્ઞાનનો સ્વભાવ નથી. તેમ જ જ્ઞેયોનો પણ એવો સ્વભાવ નથી. ૭૦૫.

*

પ્રશ્નઃ- જ્ઞાન હેય ઉપાદેય કરે છે ને?

સમાધાનઃ- ચારિત્રની અપેક્ષાએ એ ઉપચાર આવે છે. જ્ઞાન તો માત્ર બધાને જાણે છે. પરને જાણવું એમ કહેવું તે વ્યવહાર છે. કારણ કે પરમાં તન્મય થયા વિના જાણે છે. ૭૦૬.

*

આત્મામાં ભેદજ્ઞાનપૂર્વક સ્વનું અવલંબન લઈને જે આત્માનો ધર્મ થાય તે અનુભવ પ્રકાશ છે. તે વખતે ચારિત્રગુણની મિશ્રદશા હોવાના

કારણે અંશે નિર્મળતા અને અંશે મલિનતા છે. તે મલિનતા કર્મના કારણે નથી. ૭૦૭.

*

આત્માનું વેદન કેમ થાય? તો તે કાંઈ નિમિત્ત અને રાગમાં પ્રેમ કર્યે થાય નહીં. પણ ચેતનની ચેતના છે. તે જ્ઞાન દર્શન વડે ખ્યાલમાં આવે, તે પરથી તો નહિ પણ જ્ઞાન સિવાય બીજા ગુણોથી પણ ખ્યાલમાં આવતી નથી. એવા જ્ઞાન લક્ષણ વડે ચેતના જાણવામાં ચેતના વડે ચેતના સત્તાનો નિર્ણય થયો. જ્યારે જ્ઞાનમાં ચેતના ખ્યાલમાં આવી ત્યારે ચેતનસત્તા છે એમ નિર્ણય થયો. જાણવા દેખવાવાળી વસ્તુ છે તે વડે સુખનો અંશ પ્રગટ થયો ત્યારે ચેતન સત્તાનો નિર્ણય થયો. ૭૦૮.

*

જ્યારે આત્માનો અનુભવ છે ત્યારે બાહ્ય વેદનાનો અનુભવ હોતો નથી. આત્મા આનંદકંદ શુદ્ધ છે. એની રમણતા થતાં ગમે તેવા પરિગ્રહના ગજ હોય પણ એનું વેદન હોતું નથી. જેણે ચારિત્રને કષ્ટરૂપ માન્યું છે. એ ચારિત્રના સ્વરૂપને સમજતો નથી. તે અજ્ઞાની છે, તે ચારિત્રને ગાળ દે છે, અવર્ણવાદ કરે છે, દેવ-ગુરુ-શાસ્ત્રનો અવર્ણવાદ કરે છે, તે દર્શન મોહનીય બાંધે છે. ૭૦૯.

*

જ્ઞાનદ્વારમાં સ્વરૂપ શક્તિને જાણવી. લક્ષણ જ્ઞાન, અને લક્ષ્ય આત્મા પોતાના જ્ઞાનમાં ભાસે છે. ત્યારે સહજ આનંદધારા વહે છે તે અનુભવ છે. ૭૧૦.

*

જગતમાં આત્માના ભાનવાળા સંતો તથા જે ગુણવંત કહેવાય તે આત્માનો અનુભવ કરો. દયા-દાનાદિ પરિણામ થાય તે આસ્રવ છે. ધર્મ નથી-તેમ જાણો. બહારની તપશ્ચર્યા કરે, અભિગ્રહ કરે તેને ગુણવંત

કહ્યા નથી. આનંદ સ્વભાવની ખોજ કરે તે ગુણવંત સંત છે. એકલી ક્રિયાકાંડ કરે તેને સંત કહેતા નથી. બધા જીવરાશિ સ્વરૂપને અનુભવો, (આ) અનુભવ એક જ મુક્તિનો માર્ગ છે. ૭૧૧.

*

ધર્માત્મા બાળક હો, વૃદ્ધ હો, દેડકો હો પણ હું જ્ઞાનાનંદ છું, રાગ હું નથી. એમ ભાન હોવાથી જ્યારે અનુભવ કરે છે ત્યારે અંશે સિદ્ધ સમાન આત્માનો અનુભવ કરે છે. સિદ્ધના જેટલો પૂર્ણ અનુભવ નથી પણ સિદ્ધની જાતનો અનુભવે છે. પોતાના સ્વભાવમાં સ્થિર થાય છે ત્યારે આત્મતત્ત્વને અનુભવે છે. એકદેશ આનંદકંદનો અનુભવ થયો એટલે સ્વરૂપ અનુભવની સર્વ જાતિપિછાણી છે. સિદ્ધ, અર્હંત વગેરેનો આવો અનુભવ હોય છે તેમ જાણી લ્યે છે, અનુભવ પૂજ્ય છે. પોતે શુદ્ધ આનંદકંદ છે એવી શ્રદ્ધા સહિત અનુભવ પૂજ્ય છે. તે જ પરમ છે. તે જ ધર્મ છે. એ જ જગતનો સાર છે. આત્માનો અનુભવ ભવનો ઉદ્ધાર કરે છે. અનુભવ ભવનો પાર કરે છે, મહિમાને ધારણ કરે છે, દોષનો નાશ કરે છે. આત્માની શક્તિમાં જ્ઞાન ને આનંદ ભર્યા છે. શક્તિની વ્યક્તિરૂપી અનુભવથી ચિદાનંદનો સુધાર થાય છે. તે જ સુધાર છે. ૭૧૨.

*

નમસ્કાર એટલે વિકલ્પની વાત નથી. મારો શુદ્ધ આત્મા કર્મ, ભાવકર્મ, નોકર્મથી રહિત છે. તેમાં હું પરિણમન કરું છું. તેમાં મારો ઝુકાવ છે. મારો ઝુકાવ કર્મમાં નથી, રાગમાં નથી, શરીરમાં નથી. રાગની પર્યાયનું લક્ષ છોડી આત્મામાં વળવું તે સાચો ભાવનમસ્કાર છે. ને જે વિકલ્પ આવે છે તે દ્રવ્ય નમસ્કાર છે. ૭૧૩.

*

છદ્મસ્થનો ઉપયોગ એક બાજુ હોય, ઉપયોગ પુણ્ય-પાપ તરફ હોય ત્યારે સ્વઅનુભવમાં ન હોય. સ્વાનુભૂતિ જ્ઞાનની પર્યાય છે. સમ્યગ્દર્શન ને

ઉપયોગરૂપ સ્વાનુભૂતિને વિષમ વ્યાપ્તિ છે. સમ્યગ્દર્શન હોવા છતાં જ્ઞાન સ્વમાં ઉપયોગરૂપ હોય અથવા ન હોય. માટે સમ્યગ્દર્શન ને સ્વજ્ઞાનના વ્યાપારને વિષમ વ્યાપ્તિ છે. સ્વજ્ઞાન લબ્ધરૂપ હોય છે પણ સદાય ઉપયોગરૂપ હોતું નથી. ૭૧૪.

*

પ્રશ્નઃ– નિર્વિકલ્પ દશા વખતે સ્વ–પરપ્રકાશક સ્વભાવને વાંધો આવે છે?

ઉત્તરઃ– નિર્વિકલ્પતા વખતે જ્ઞાન જ્ઞાનને જાણે છે ને આનંદને પણ જાણે છે માટે ત્યાં પણ સ્વપરપ્રકાશકપણું છે. આનંદને જાણવો તે જ્ઞાનની અપેક્ષાએ પર છે. નિર્વિકલ્પદશામાં સ્વજ્ઞેય એક જ આવ્યું એમ નથી. જ્ઞાન સાથે આનંદનો ખ્યાલ આવે છે. પોતે જ્ઞાનને જાણે છે તે સ્વને આનંદને પર તરીકે જાણે છે. આમ સ્વ–પરપ્રકાશક સ્વભાવ ત્યાં પણ રહે છે. ૭૧૫.

*

છઠ્ઠા ગુણસ્થાનવાળો જીવ અંતર્મુહૂર્ત ધ્યાનમાં ન આવે તો છઠ્ઠું સાતમું ગુણસ્થાન રહેતું નથી. ચોથે–પાંચમે ગુણસ્થાને લાંબે કાળે નિર્વિકલ્પ અનુભવમાં આવે પણ જ્ઞાન લબ્ધરૂપ સદાય હોય છે. ૭૧૬.

*

એક પણ વિપરીત અભિપ્રાય રહે તો સમકિત કે ધ્યાન થતું નથી. વિપરીત અભિપ્રાય ટળી સાત તત્ત્વોનું યથાર્થ જ્ઞાન થતાં સ્વ તરફ વળે ત્યારે જે અનુભવ થાય છે, તે સ્વાનુભવ છે. ૭૧૭.

*

પ્રશ્નઃ– ચારિત્ર પ્રથમ લઈ લ્યે ને પછી સમકિત કરે તો?

સમાધાનઃ– જેમ જમીન વગર ઝાડ ઉગતું નથી, તેમ હું અખંડ ચૈતન્ય છું. તેની પ્રતીતિ વિના ચારિત્ર કયાંથી હોય? ન જ હોય. ચારિત્ર એટલે ચરવું, સ્થિર થવું. શેમાં? દેહમાં? તે તો જડ છે. પુણ્ય–પાપ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


વિકાર છે. શુદ્ધ ચૈતન્યસ્વરૂપની પ્રતીતિ થયા પછી અંતરમાં લીનતા કરે તે ચારિત્ર છે. ૭૧૮.

*

સત્યમાં દુઃખ નથી. અજ્ઞાનને લીધે દુઃખ લાગે છે. દારૂ વેચવાવાળાને દારૂના નિષેધકો ખરાબ લાગશે. તેથી શું દારૂબંધી ન કરવી? એવી કઈ ચીજ છે કે જે આખા જગતને સારી લાગે? માટે જે સત્ય છે તેને જ સત્ય માનવી. બ્રહ્મચર્યનાં વખાણ કરવાથી વ્યભિચારીને ખરાબ લાગે તેથી શું બ્રહ્મચર્યનાં વખાણ ન કરવાં? સત્ય વાત કરતા અજ્ઞાનીને અજ્ઞાનના કારણે દુઃખ લાગે છે. માટે સત્ય સદા પ્રિય જ છે. ૭૧૯.

*

લોકો જેને માનવધર્મ કહે છે તેને જ્ઞાની અધર્મ કહે છે. હું મનુષ્ય છું એમ માને તે અધર્મી છે. મારો સ્વભાવ જ્ઞાન છે, એવા ચેતના વિલાસને આત્મવ્યવહાર કહે છે. દેહની ક્રિયા આત્મવ્યવહાર નથી. તેમ જ પુણ્ય-પાપ પણ આત્મવ્યવહાર નથી. આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવી છે. તેનાં શ્રદ્ધા-જ્ઞાન કરી વીતરાગતા પ્રગટ કરે તે આત્મવ્યવહાર છે. તેવી શુદ્ધદશાથી ચ્યુત થઈ અજ્ઞાની જીવ ક્રિયાકાંડને ભેટે છે. સંસારમાં પરદેશથી કમાઈને આવતા પોતાના દીકરાને બાપ છાતી સરસો ભેટે છે. તેમ મિથ્યાદૃષ્ટિ જીવ પુણ્યપરિણામને છાતી સરસો ભેટે છે. તે સમસ્તને ક્રિયાકલાપ કહેલ છે. આ ક્રિયા કરી, આ પદાર્થ છોડયા, આ જાત્રા કરી, એમ સમસ્ત ક્રિયાકલાપને ભેટે છે. આવા મનુષ્ય વ્યવહારનો આશ્રય કરી રાગી-દ્વેષી થાય છે. ૭૨૦.

*

જિનધર્મ તો વીતરાગસ્વરૂપ છે. જિનધર્મ કોને કહેવો તથા તેથી વિપરીત અન્ય ધર્મ શું છે તે જાણવું જોઈએ. જિનધર્મ તે વીતરાગ સ્વરૂપ અર્થાત્ સ્વશુદ્ધ આત્માની અપેક્ષા તથા નિમિત્તાદિની ઉપેક્ષા સ્વરૂપ છે. જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન પ્રગટે ત્યાં સુધી જિન-

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


પ્રતિમાની પૂજા-વંદન-ભક્તિ આદિ આવે પણ ત્યાંથીયે ખસીને આત્મદર્શન કરવાનો હેતુ હોય, લક્ષ હોય, આવો જિનમત છે. ૭૨૧.

*

જે સર્વજ્ઞના શાસ્ત્રથી વિરૂદ્ધ વાત પ્રરૂપતા હોય, તત્ત્વથી જેમની વિપરીત દૃષ્ટિ હોય તે કુગુરુ છે. આ વાત કુગુરુ માટે નથી પણ પોતાનું જ્ઞાન સાચું થાય તે માટે છે કે જેથી મિથ્યાજ્ઞાન છૂટે અને સત્યનો સ્વીકાર થાય. ૭૨૨.

*

ધર્મી જીવ વાણીનો યોગ, પુણ્યનો ઉદય હોય તો, વાદ-વિવાદ કરી અસત્યનું ઉત્થાપન તથા સત્‌નું સ્થાપન કરે પરંતુ તે ન હોય તો જ્ઞાનની અંતરમાં અસત્યનો નકાર-નિષેધ તલ્લાક આવે જ. ત્યાં શાંતિ જાળવી રાખનાર, મિથ્યા મધ્યસ્થભાવ રાખનાર મિથ્યાદૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિ ત્યાં શીતળ થઈને બેસી રહે નહિ, પોતાની માતા ઉપર આળ આવે તો સુપુત્ર શું શાંતિથી તે સાંભળી રહે? તત્ત્વથી વિરૂદ્ધ કથન આવે ત્યાં ધર્મી તેને સહી શકે નહીં. ૭૨૩.

*

કોનો સમાગમ કરવાથી સમ્યક્ શ્રદ્ધાન આદિ થાય. આત્મવૃદ્ધિ થાય તથા કોની સંગતિથી મિથ્યાત્વ પુષ્ટ થશે. ચાર ગતિનું ભ્રમણ એમને એમ બન્યું રહેશે. દુર્ગતિનું કારણ થશે તે બેની બરાબર પરીક્ષા કરી નિર્ણય કરવો જોઈએ. ૭૨૪.

*

જેને આત્માની શાંતિ-સુખ જોઈતું હોય તેણે આત્મામાં સુખની સત્તા-હયાતી માનવી જોઈએ. તથા તે સુખને કોણ પામ્યા છે તેનો પણ નિર્ણય કરવો જોઈએ. આ મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત રકમ છે. ૭૨૫.

*

પ્રશ્નઃ- અમે અન્ય દેવાદિની ભક્તિ આદિ કરતા નથી તો અમને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ગૃહીત મિથ્યાત્વ તો છૂટયું છે ને? એટલો તો નફો થયો ને?

સમાધાનઃ- ના, તેમ નથી, કેમકે તમને ગૃહીત મિથ્યાત્વનું જ્ઞાન જ નથી, અઢાર દોષ રહિત સાચા સર્વજ્ઞદેવ, તેમની અનેકાંત લક્ષણ હિતકારી વાણી તથા સાચા નિર્ગ્રંથ ગુરુની તમને ઓળખાણ જ નથી. કોઈ મોટા પુરુષની દેખાદેખીથી કે કુળ પરંપરાથી તમે સાચા દેવાદિને માનો છો પણ તમને અંતરંગમાં તેમનું સ્વરૂપ તો ભાસ્યું નથી, તેથી તમને ગૃહીત મિથ્યાત્વ છૂટયું કહી શકાય નહીં.

અહીં તો કુદેવાદિનો સંબંધ તોડી સાચા દેવાદિમાં લગ્ની લગાડી તત્ત્વનો નિર્ણય કરીને જે અંતરંગ શુદ્ધ તત્ત્વનું શ્રદ્ધાન આદિ કરશે તેનું કલ્યાણ થશે. ૭૨૬.

*

ભાઈ! આ તો દુનિયા, જગત સામે બળવો છે. જેને સુખ જોઈતું હોય તેણે સાચો નિર્ણય કરવો પડશે. આમ સર્વ પ્રકારે પોતાને દેવ, ગુરુ, શાસ્ત્રના સ્વરૂપનો નિશ્ચય થયો હોય તો પ્રતિપક્ષીને સમજાવવાનું બળ રહે તથા પોતાની આસ્તિકય બુદ્ધિ ટકી રહે. પ્રસંગ આવ્યે ડામાડોળ ન થઈ જાય માટે બધા પડખે સાચો નિર્ણય કરવો જોઈએ. પણ પક્ષપાતી થઈ દેવાદિની ભક્તિ-પૂજાદિ કરે તો તેથી કાંઈ મિથ્યાત્વ ટળે નહિ. ૭૨૭.

*

જ્ઞાનનું સમ્યક્રૂપ અને મિથ્યારૂપ પરિણમન તે પોતાના જ કારણે છે. શ્રદ્ધાના કારણે નથી. શ્રદ્ધા સમ્યક્ થઈ માટે જ્ઞાન સમ્યક્ થયું અને મિથ્યાત્વ હતું માટે જ્ઞાન મિથ્યા હતું. એમ પરમાર્થે નથી. જ્ઞાનનું સમ્યક્પણું કે મિથ્યાપણું તે જ્ઞાનની જ જાતિ છે. જ્ઞાનનું જ તેવું પરિણમન થયું છે. જ્ઞાનગુણ અને શ્રદ્ધાગુણની જાતિ જુદી છે. ૭૨૮.

*

જો સાચા દેવાદિમાં ભક્તિ નથી આવતી તો લાગે છે કે ધર્મ કાર્ય

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

તમને ફીકાં ભાસ્યા લાગે છે. તેનું કારણ શું? રુચિ કેમ ઊપજતી નથી? ઉમંગ પૂર્વક ઉદ્યમ થતો નથી. તો લાગે છે કે તમારું ભવિષ્ય ખોટું લાગે છે. ચૌરાશીના અવતારમાં તમારું ભટકવું ઊભું રહેશે-એમ લાગે છે. જેમ આહાર ન રુચે ત્યારે જણાય છે કે-આનું મરણ નજીક છે. તેમ તમારા અંતરંગમાં જો રસપૂર્વક ધર્મ વાસના નથી જાગી. દેવ-ગુરુ પ્રત્યે ઉલ્લાસ-ઉમંગ નથી આવતો તો સંચાર-ચક્ર તમારા માટે હજુ ઊભું છે. લોકો તમને ભલે ભલા કહે પરંતુ જેના તમે ભક્ત છો તે કેવળજ્ઞાનીથી તમારું કપટ છુપું નહિ રહે. ૭૨૯.

*

ભાઈ, તે પરના આશ્રયની બુદ્ધિ ન છોડી ને સ્વતત્ત્વ તરફ તારું મુખ ન ફેરવ્યું-તો તારી વિદ્વતા શા કામની? ને તારા શાસ્ત્રભણતર શું કામના? વિદ્વતા તો તેને કહેવાય કે જેનાથી સ્વાશ્રય કરીને પોતાનું હિત સધાય. ૭૩૦.

*

આ ચૈતન્યવિદ્યા તો ભારતની મૂળ વિદ્યા છે. અગાઉ તો બાળપણથી જ ભારતના બાળકોમાં આવી ચૈતન્યવિદ્યાના સંસ્કાર રેડાતા....માતાઓ પણ ધર્માત્મા હતી. તેઓ પોતાના બાળકોને આવા ઉત્તમ સંસ્કારો શીખવતી અને બાળકો પણ અંતરમાં અભ્યાસ કરીને-અંતરમાં ઉતરીને આઠ આઠ વરસની ઉંમરમાં આત્માનો અનુભવ કરતા...ભારતમાં ચૈતન્યવિદ્યાનો આવો ધીકતો ધર્મકાળ હતો....તેને બદલે આજે તો આ ચૈતન્યવિદ્યાનું શ્રવણ મળવું પણ કેટલું દુર્લભ થઈ પડયું છે!! ૭૩૧.

*

અહો! પરમ સત્યની આવી વાત કાને પડવી પણ ઘણી દુર્લભ છે. અનંતકાળે મનુષ્યપણામાં આવા મોઘાં ટાણાં મળ્યા છે ત્યારે પણ જો અપૂર્વ સત્ય સમજીને સ્વતંત્ર વસ્તુ સ્વભાવનું સામર્થ્ય ન સમજાય

તો ચોરાશીના અવતારની રખડપટ્ટી ટળશે નહીં. માટે જે જીવ આ રખડપટ્ટીથી થાક્યો હોય તેને ધીરો થઈને અંતરમાં આ વાત સમજવા જેવી છે. ૭૩૨.

*

પરદ્રવ્ય તરફની વૃત્તિ અશુભ હો કે શુભ-તે આત્મા નથી. સ્વપણે અનુભવાતું જ્ઞાન તે આત્મા છે. આવા જ્ઞાનના સ્વસંવેદનની કળા તે મોક્ષની કળા છે. આત્માના અનુભવની આ કળા તે જ સાચી કળા છે. તેનો વારંવાર અભ્યાસ કરવા જેવું છે. દુઃખથી છૂટવું હોય ને સુખી થવું હોય તો પરભાવોથી ભિન્ન આત્માને જાણીને તેનો જ અભ્યાસ કરવા જેવો છે. ૭૩૩.

*

જન્મ-મરણના કલેશથી છૂટવું હોય, ને મોક્ષનું અવિનાશી કલ્યાણ જોઈતું હોય તેણે પોતાના જ્ઞાનસ્વરૂપ આત્માને જ કલ્યાણરૂપ જાણીને તેમાં સંતુષ્ટ થવું. રાગમાં કદી સંતોષ થાય તેવું નથી. તેમાં તો વિષયોની ઇચ્છા ને આકુળતા જ છે. રાગ પોતે જ આકુળતા છે તો તેમાં સંતોષ કેવો? જ્ઞાન છે તે નિરાકુળ છે, માટે તેના અનુભવથી જ સંતોષ પામ. ૭૩૪.

*

ચૈતન્યતત્ત્વના લક્ષ વગર જે કાંઈ કર્યું તે બધું સત્યથી વિપરીત હોય. સમ્યગ્જ્ઞાનની કસોટી ઉપર ચડાવતાં તેની એકેય વાત સાચી ન નીકળે, માટે જેને આત્મામાં અપૂર્વ ધર્મ કરવો હોય તેણે પોતાની માનેલી પૂર્વની બધીયે વાતો અક્ષરે અક્ષર ખોટી હતી. એમ સમજીને જ્ઞાનનું આખુંય વલણ બદલાવી નાંખવું પડે. પણ જો પોતાની પૂર્વની વાતને ઊભી રાખે અને પૂર્વની માનેલી વાતો સાથે આ વાતને મેળવવા જાય-તો અનાદિના જે ગોટા ચાલ્યા આવ્યા છે તે નીકળશે નહિ. અને આ

નવું અપૂર્વ સત્ય તેને સમજાશે નહિ. ૭૩૫.

*

પ્રશ્નઃ– આપ જે વાત સમજાવો છો તે વાત તો બરાબર સાચી જ છે–પણ તેનાથી સમાજને શું લાભ થાય?

ઉત્તરઃ– જુઓ ભાઈ–પહેલી વાત તો એ છે કે, પોતાને પોતાનું જોવાનું છે. સમાજનું ગમે તે થાય–તેની ચિંતા છોડીને પોતે પોતાનું સંભાળવું. મધદરિયે ડૂબકા ખાતો હોય ત્યારે સમાજની કે કુટુંબની ચિંતા કરવા નથી રોકાતો પણ હું દરિયામાં ડૂબતો કેમ બચું?–તે માટે જ ઉપાય કરે છે. તેમ સંસાર–સમુદ્રમાં રખડતા માંડ માંડ મનુષ્યભવ મળ્યો છે ત્યારે મારા આત્માનું હિત કેમ થાય, મારો આત્મા સંસાર–ભ્રમણથી કેમ છૂટે એ જ જોવાનું છે. પારકી ચિંતામાં રોકાય તો આત્મહિત ચુકાઈ જાય છે. આ વાત તો પોતાનું હિત કરવાની છે દરેક જીવ સ્વતંત્ર છે, તેથી સમાજના બીજા જીવોનું હિત થાય તો જ પોતાનું હિત થઈ શકે એવું કાંઈ પરાધીન–પણું નથી માટે હે જીવ! તું તારા હિતનો ઉપાય કર. ૭૩૬.

*

સર્વજ્ઞ પરમેશ્વરની વાણીમાં વસ્તુસ્વરૂપની એવી પરિપૂર્ણતાની જાહેરાત કરી છે કે દરેક આત્મા પોતાના સ્વભાવથી પૂરો પરમેશ્વર છે, તેને કોઈ બીજાની અપેક્ષા નથી તેમ જ, દરેક જડ પરમાણુ પણ તેના સ્વભાવથી પરિપૂર્ણ–જડેશ્વર ભગવાન–છે. આ રીતે ચેતન ને જડ દરેક પદાર્થ સ્વતંત્ર અને પોતાથી જ પરિપૂર્ણ છે, કોઈ તત્ત્વ કોઈ બીજા આશ્રય માંગતું નથી. આમ સમજીને પોતાના પરિપૂર્ણ આત્માની શ્રદ્ધા અને આશ્રય કરવો ને પરનો આશ્રય છોડવો તે પરમેશ્વર થવાનો પંથ છે. ૭૩૭.

*

આ આત્મસ્વભાવની વાત ઝીણી પડે તો વધુ ધ્યાન રાખીને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


સમજવા જેવી છે. આત્મા સૂક્ષ્મ છે તો તેની વાત પણ સૂક્ષ્મ હોય. જીવે એક સ્વની સમજણ વિના બીજું બધું અનંતવાર કર્યું છે. આત્માની પરમ સત્ય વાત કોઇક જગ્યાએ જ સાંભળવા મળે છે. કોઈ નોવેલો વાંચે છે, કોઈ ધર્મ સાંભળવા જાય ત્યાં ઓઠાં-વાર્તા સંભળાવે છે, બાહ્ય પ્રવૃત્તિ બતાવે છે, એ રીતે બાહ્ય ક્રિયાથી સંતોષ મનાવી ધર્મનું સ્વરૂપ ભાજી મૂળા જેવું સોંઘુ બનાવી દીધું છે. આત્મસ્વભાવની જે વાત અનંતકાળમાં ન સમજાણી તે વાત સમજવા માટે તુલનાત્મક બુદ્ધિ હોવી જોઈએ. લૌકિક વાત અને લોકોત્તર ધર્મની વાત તદ્ન જુદી હોય છે. ઝટ ન સમજાય તેથી ના ન પાડશો. જે પોતાનું સ્વરૂપ છે તે ન સમજાય એવું અઘરું હોય જ નહિ. રુચિથી અભ્યાસ કરે તો દરેક જીવ પોતાનું આત્મ- સ્વરૂપ સમજી શકે છે. માત્ર સત્ સમજવાનો પ્રેમ જોઈએ. ૭૩૮.

*

જેને સાચી શ્રદ્ધા પ્રગટે તેનું આખું અંતર ફરી જાય, હૃદયપલટો થઈ જાય, અંતરમાં ઉથલપાથલ થઈ જાય. આંધળામાંથી દેખતો થાય, અંતરની જ્યોત જાગે, તેની દશાની દિશા આખી ફરી જાય. જેને અંતર પલટો થાય તેને કોઈને પૂછવા જવું ન પડે. તેનું અંતર બેધડક પડકાર મારતું સાક્ષી આપે કે અમે હવે પ્રભુના માર્ગમાં ભળ્યા છીએ. સિદ્ધના સંદેશા આવી ચૂકયા છે. હવે ટૂંકા કાળે સિદ્ધ થયે છૂટકો, તેમાં બીજુ કાંઈ થાય નહિ, ફેર પડે નહિ. ૭૩૯.

*

ઘણા જીવો વિકલ્પનો અભાવ કરવા માગે છે અને સ્થૂળ વિકલ્પો ઓછા થતાં એમ માને છે કે વિકલ્પનો અભાવ થયો. પણ ખરેખર વિકલ્પનો અભાવ કરવા ઉપર જેનું લક્ષ છે વિકલ્પનો અભાવ થતો નથી. પરંતુ જેનામાં વિકલ્પનો અભાવ જ છે એવા શુદ્ધ ચૈતન્યને લક્ષમાં લઈને એકાગ્ર થતાં વિકલ્પનો અભાવ થઈ જાય છે. હું આ વિકલ્પનો નિષેધ કરું-એમ વિકલ્પનો નિષેધ કરવા તરફ જેનું લક્ષ છે તેનું લક્ષ શુદ્ધ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


આત્મા તરફ વળ્યું નથી પણ વિકલ્પ તરફ વળ્યું છે. એટલે તેમાં તો વિકલ્પની ઉત્પત્તિ જ થાય છે. શુદ્ધ આત્મદ્રવ્ય તરફ વળવું તે જ વિકલ્પના અભાવની રીત છે. ઉપયોગનું વલણ અંતર્મુખ સ્વભાવ તરફ બનતાં વિકલ્પ છૂટી જાય છે. ૭૪૦.

*

પહેલાં આત્મસ્વભાવનું શ્રવણ-મનન કરીને તેને લક્ષમાં લીધો હોય અને તેનો મહિમા જાણ્યો હોય તો તેમાં અંતર્મુખ થઈને વિકલ્પનો અભાવ કરે. પણ આત્મસ્વભાવનો મહિમા લક્ષમાં લીધા વિના કોના અસ્તિત્વમાં ઉભો રહીને વિકલ્પનો અભાવ કરશે! વિકલ્પનો અભાવ કરવો તે પણ ઉપચારનું કથન છે. ખરેખર વિકલ્પનો અભાવ કરવો નથી પડતો, પણ અંતર્ સ્વભાવ સન્મુખ જે પરિણતિ થઈ તે પરિણતિ પોતે વિકલ્પના અભાવ સ્વરૂપ છે. તેનામાં વિકલ્પ છે જ નહિ તો કોનો અભાવ કરવો? વિકલ્પની ઉત્પતિ ન થઈ તે અપેક્ષાએ વિકલ્પનો અભાવ કર્યો એમ કહેવાય. પણ તે સમયે વિકલ્પ હતો અને તેનો અભાવ કર્યો છે-એમ નથી. ૭૪૧.

*

પૂર્વે આત્માની દરકાર કર્યા વગર વિષય-કષાયમાં જીવન વિતાવ્યું હોય છતાં પણ જો વર્તમાનમાં રુચિ ફેરવી નાખીને આત્માની રુચિ કરે તો અપૂર્વ આત્મભાન થઈ શકે છે. ૭૪૨.

*

અરિહંત ભગવાન વગેરેને શરણ કહેવા તે તો ઉપચારથી છે પણ અરિહંત ભગવાને કહ્યો તેવો પોતાનો સ્વભાવ તે જ પોતાને શરણ છે. એ સિવાય ક્ષણિકભાવો કે પરવસ્તુ કોઈ જીવને શરણ નથી. ચૈતન્યના શરણપૂર્વક યથાર્થ અશરણભાવના છે. હું કોઈ પરવસ્તુને ગ્રહતો કે છોડતો નથી. આવા ભાનપૂર્વક ધ્રુવ શરણનું અવલંબન કરવું તેમાં જ ખરી અનિત્ય ભાવના અને અશરણ ભાવના છે. ૭૪૩.

*

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ધર્મની પ્રીતિવાળા વિવેકી જીવને પોતાના પરિણામમાંથી રાગાદિ ઘટાડવા માટે ધર્મ કાર્યમાં લક્ષ્મી વગેરે ખરચવાનો ભાવ આવ્યા વિના રહેતો નથી. કેટલાક જીવો ધાર્મિક કાર્યની સામે જોતાં નથી ને બહારમાં લૌકિક કાર્યોમાં ધન વગેરે વાપરે છે. એવા જીવોને ધર્મનો વિવેક નથી. ધર્મ કાર્યમાં લક્ષ્મી વાપરવાનો જેને ઉત્સાહ છે તેને પોતાને ધર્મની પ્રીતિ છે. તેથી તેવા જીવને પંડિત પુરુષો પ્રશંસે છે. ૭૪૪.

*

નિત્ય ટકતી જ્ઞાયક વસ્તુને જાણ્યા વિના ખરેખર હર્ષ-શોક ટળે નહિ. "હું શુદ્ધ છું, રાગ પણ મારું સ્વરૂપ નથી."-એમ એકલી અધ્યાત્મની વાત આવે તે સાંભળવી સારી લાગે અને વૈરાગ્ય ભાવનાઓના શ્રવણ ચિંતનમાં ઉત્સાહ ન આવે તો તે શુષ્ક છે. અંતર્ સ્વભાવ તરફના જ્ઞાન સાથે વૈરાગ્ય ભાવનાઓ પણ હોય છે. અંતરનો શુદ્ધ સ્વભાવ જેને રુચિમાં આવ્યો તેને પર્યાયમાં રાગ ઘટતાં વૈરાગ્ય ભાવનાઓ આવે છે. ૭૪૫.

*

સ્વભાવનું સુખ પૂર્ણ હોય છે, પણ સામગ્રીનું સુખ પૂરું ન હોય. સામગ્રીમાં સુખ તો છે જ નહિ, પણ જે સામગ્રીમાં સુખની કલ્પના કરે છે. તે સામગ્રી પણ પૂરી કોઈને હોતી નથી. ૭૪૬.

*

જગતના બધા જીવો સુખને ઇચ્છે છે. પણ સુખનો ઉપાય ઇચ્છતા નથી, અને દુઃખને ઇચ્છતા નથી. પરંતુ દુઃખના ઉપાયમાં-મિથ્યાત્વાદિમાં નિરંતર લાગ્યા રહે છે. સુખનો ઉપાય તો આત્માની સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં એકાગ્ર થવું તે જ છે. તેને બદલે અજ્ઞાની જીવ બાહ્ય પદાર્થ મેળવીને તેનાથી સુખી થવા માગે છે. ૭૪૭.

*

હું જ્ઞાનસ્વભાવ છું, મારા સ્વભાવમાં સંસાર નથી એવા ભાનપૂર્વક

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ધર્મી જીવ સંસારના સ્વરૂપનો વિચાર કરે છે, સંસાર રહિત સ્વભાવની દૃષ્ટિ જેને પ્રગટી નથી તેને સંસારના સ્વરૂપનો યથાર્થ વિચાર હોતો નથી. ૭૪૮.

*

સ્વભાવનું ભાન અને ભાવના હોય તે જ જીવો સુખી છે, જેને સ્વભાવનું ભાન અને ભાવના ન હોય તે બહારના વિષયોની ભાવના કરે. ક્યાંક તો ભાવના કરશે જ. અજ્ઞાની જીવ પોતાના સ્વભાવની ભાવના છોડીને સંયોગની ભાવના કરે છે તે વિષયોની તૃષ્ણાથી દુઃખી જ છે. ૭૪૯.

*

ચૈતન્યસ્વભાવ સુખથી ભરેલો છે. તેનો વિશ્વાસ કરીને તેની જેટલી ભાવના કરે તેટલું સુખ પ્રગટે સંયોગમાં ગમે તેટલી ભાવના કરે તો તેમાંથી કદી સુખ આવવાનું નથી, પણ તે તૃષ્ણાથી દુઃખ જ છે. ૭૫૦.

*

અજ્ઞાન અને રાગ-દ્વેષથી આત્માને દુઃખ થાય છે, તેને ચૈતન્યસ્વભાવનું ભાન અને વીતરાગતા કરીને બચાવવો તેનું નામ આત્માની દયા છે. આત્મામાં રાગાદિભાવો થાય તે હિંસા છે, ને રાગાદિભાવો ઉત્પન્ન ન થાય તેનું નામ દયા છે. અહો! શાંતિમૂર્તિ આત્મા છે એનું ભાન કરીને તેમાં ઠરવું તેનું નામ આત્માની દયા છે. ૭૫૧.

*

તપ વડે નિર્જરા થાય છે. પણ જે તપ જ્ઞાનસહિત હોય તે તપ વડે જ નિર્જરા થાય છે. જ્ઞાનસ્વભાવનું ભાન કરીને તેમાં ઉગ્રપણે સ્થિર થતાં આહારાદિની ઇચ્છા છૂટી ગઈ, તેનું નામ તપ છે ને તેનાથી નિર્જરા થાય છે. બહારમાં હઠ કરીને આહારાદિ છોડે ને અંદરમાં શાંતિનું ભાન ન હોય તે તો અજ્ઞાનતપ છે. અજ્ઞાનીને બાળતપમાં તો મિથ્યાત્વાદિ પોષાય છે ને હિંસા થાય છે, તેવા તપથી તો કર્મ બંધાય છે. ૭૫૨.

*

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

"નમો અરિહંતાણં" એમ બોલે પણ અરિહંતનું સ્વરૂપ જાણે નહિં તો તેને કાંઈ લાભ થાય નહિ. જે રેકર્ડ બોલે છે તેમ તે જીવ સમજ્યા વિના બોલે છે તેમાં કાંઈ ફેર નથી. જો સર્વજ્ઞને ઓળખે તો પોતાના આત્માની સર્વજ્ઞતાની પ્રતીત થાય, ને પુણ્ય-પાપ તથા અલ્પજ્ઞતાની રુચિ રહે નહિ. ૭૫૩.

*

આત્મા જ્યારે નિસર્ગ અથવા અધિગમ સમ્યગ્જ્ઞાનજ્યોતિ પ્રગટ કરે છે ને પરસમયને ત્યાગી સ્વસમયને અંગીકાર કરે છે ત્યારે અવશ્ય કર્મબંધનથી રહિત થાય છે. ધર્મ પામતી વખતે સાચા દેવ કે ગુરુની હાજરી હોય તો અધિગમ સમ્યગ્દર્શન કહેવાય ને તે વખતે હાજરી ન હોય પણ પૂર્વે જ્ઞાની પાસેથી દેશના સાંભળી હોય તે વખતે સમ્યગ્દર્શન ન પામેલ હોયને પાછળથી પૂર્વસંસ્કારને લઈને સમ્યગ્દર્શન પામે તે નિસર્ગ સમ્યગ્દર્શન કહેવાય, જ્ઞાની કોઈ ભવમાં ન મળ્યાં હોય ને પોતાની મેળે સમકિત પામી જાય એવો નિસર્ગનો અર્થ નથી. પણ ધર્મ પામનારને તે ભવમાં જ્ઞાનીનું સમીપપણું નથી એમ નિસર્ગ બતાવે છે. જ્ઞાની વિના પોતાની મેળે ધર્મ પામી જાય એમ પણ નથી. ને પોતાની લાયકાત હોય ને જ્ઞાની ન મળે એમ પણ ન બને, બન્ને (સમકિત) માં પુરુષાર્થ સરખો છે. ૭૫૪.

*

જ્ઞાનને સ્વતંત્ર માનનારો જ્ઞેયને પણ સ્વતંત્ર માને છે. જ્ઞેયને સ્વતંત્ર માનનારો જ્ઞાનને પણ સ્વતંત્ર માને છે. પણ પોતાને પરાધીન માનનારો બધાને પરાધીન માને છે. ૭૫૫.

*

સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના શુદ્ધ ભાવથી શુદ્ધ જીવને નિશ્ચયથી જાણે છે. પરથી કે રાગથી જાણતો નથી પણ જ્ઞાનથી જાણે છે. આવા ભાનવાળો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


આત્મા પરથી અસ્પર્શી આત્મા-પોતાનું ભાન કર્યા પછી સર્વ સંગવિમુક્ત થાય છે. હું સર્વસંગ વિમુક્ત છું એવી પ્રથમ દૃષ્ટિ હોય તે સર્વસંગ વિમુક્ત પર્યાયમાં થાય. ૭૫૬.

*

પ્રશ્નઃ- જો આત્મા પોતાના હર્ષ-શોકના ભાવને જ ભોગવે છે. તો પછી બહારનાં સ્વર્ગ-નરકાદિ ભોગ્ય સ્થાનની શું જરૂર છે?

ઉત્તરઃ- ઉપાદાન તરીકે તો પોતે પોતાના હર્ષ-શોકનો જ ભોક્તા છે, પણ તે વખતે નિમિત્ત તરીકે કેવો સંયોગ હોય છે તે બતાવ્યું છે. સ્વર્ગ-નરકાદિનો સંયોગ તે નિમિત્ત છે, ને તેવા પ્રકારના હર્ષ-શોકને ભોગવવાની લાયકાતવાળા જીવોને તેવો સંયોગ હોય છે. ૭૫૭.

*

જે આત્મા સ્વભાવનો અનાદર કરીને પર ચીજથી પોતાને સુખ માને છે તે જીવ મોટો પાપી છે, અંદર મોટી ચૈતન્યનિધિ પડી છે તેનો આદર કરતો નથી, ને જડમાં સુખ માને છે તે જીવને બહારમાં ભલે લક્ષ્મીના ગજ હોય તોપણ તેને ભગવાન "પાપી" કહે છે, ને દેહથી ભિન્ન ચિદાનંદ સ્વભાવનું ભાન કરનારું નાનું દેડકું હોય તો તે પણ 'પુણ્ય જીવ' છે, તે જીવ અલ્પ કાળમાં મોક્ષ ચાલ્યો જશે. શુભભાવ અમને લાભ કરશે, શરીરની ક્રિયાથી ધર્મ થશે, એમ માનનાર જીવ પણ પાપી છે, જેને અંદર પરથી ભિન્ન ચૈતન્યનું ભાન નથી. એને ભેદજ્ઞાન વગર પાપની જડ કપાતી નથી, તેથી તે પાપ જીવ છે, ભલે મોટો રાજા હોય, પણ તેને ભિન્ન ચૈતન્યનું ભાન નથી, તેને પાપનું મૂળિયું ઊભુ છે, તેથી તે પાપ જીવ છે, ભેદજ્ઞાન વગર મૂળ કપાતું નથી. ૭૫૮.

*

નિર્ધનતા તે કાંઈ અપરાધ નથી, ને સધનતા તે કાંઈ ગુણ નથી, નિર્ધન હોવા છતાં અંદર જેને ભાન છે કે, "હું તો ચૈતન્યનિધિનો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

સ્વામી છું, કેવળજ્ઞાનની અનંતીનિધિ મારામાં પડી છે. જડ સંયોગમાં મારું સુખ નથી ”–તેવા ધર્મી જીવને ભગવાને પુણ્યજીવ કહ્યો છે. ૭૫૯.

*

પૂર્ણતાને પામેલા પરમાત્મા જગતમાં અનાદિ અનંત છે. અંતરાત્મા સાધક જીવો પણ અનાદિથી જ છે, ને બહિરાત્મા પણ અનાદિથી જ છે. જગતમાં કાંઈ પહેલાં પછી નથી, બધું સામાન્યપણે અનાદિ અનંત છે. એક જીવની અપેક્ષાએ સંસારનો નાશ, ને મોક્ષની શરૂઆત, એમ હોઈ શકે, પણ જગતમાં મોક્ષની શરૂઆત નવી નથી થઈ. અનાદિથી સંસારમાં રખડનારા જીવો છે. તેમ જ સાધક જીવો અને પરમાત્મદશાને પામેલા જીવો પણ અનાદિથી જ છે. ૭૬૦.

*

કેરીના રસની મીઠી પર્યાય છે તે તેનો સ્વભાવ છે ને તેને જાણવાનો જીવનો સ્વભાવ છે પણ ત્યાં ‘આ મને ઠીક’ એમ માને છે તે અજ્ઞાનીની મિથ્યા કલ્પના છે, તે મિથ્યા કલ્પના કોઈએ કરાવી નથી, પોતે મિથ્યા કલ્પના કરી તેમાં કેરી નિમિત્ત છે પણ નિમિત્ત કયારે કહેવાયું? કે અહીં નૈમિત્તિક છે ત્યારે નિમિત્ત નૈમિત્તિકનો એક જ સમય હોવા છતાં બન્ને સ્વતંત્ર છે. કેરીના રસનો આત્મામાં અત્યંત અભાવ છે, તો તેના કારણે આત્મામાં કાંઈ થાય એમ બને નહિ. અભાવ કહેવો અને વળી તેનાથી કાંઈ થાય એમ કહેવું તે વાત વિરુદ્ધ છે. ૭૬૧.

*

જેને પોતાને સાચી શ્રદ્ધા ને સાચું જ્ઞાન થયું હોય તેની ભભક છાની રહે નહિ. બીજા સમ્યગ્દર્શનાદિ ગુણોના ધારક જીવો પ્રત્યે તેને અત્યંત પ્રેમ થાય છે. ધર્માત્માને દેખીને અનુરાગ આવે છે, પોતાને ગુણની પ્રીતિ અને બહુમાન છે, તેથી બીજા જીવોમાં પણ ગુણો દેખતાં તેનું બહુમાન અને આદર આવે છે. બીજા કરતાં સમ્યગ્દર્શનાદિના ધારક

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


જીવોમાં આંતરો પડી જાય છે. ૭૬૨.

*

પર્યાય અપેક્ષાએ તો પહેલા સમયનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ને ભાવ ચારેય બીજા સમયે પલટી જાય છે, સદ્દશતાની અપેક્ષાએ દ્રવ્યને ધ્રુવ કહેવાય છે. પણ પહેલા સમયનું દ્રવ્ય બીજા સમયે પર્યાય અપેક્ષાએ પલટી ગયું છે. ઘંટીના બે પડમાંથી ઉપરનું પડ ફરે છે ને નીચેનું સ્થિર રહે છે, તેમ કાંઈ વસ્તુમાં જુદાં જુદાં બે પડખાં નથી કે એક પડખું ધ્રુવ રહે ને બીજાું પડખું પલટે. ૭૬૩.

*

દ્રવ્યદ્દષ્ટિની અપેક્ષાએ એમ કહેવાય કે આત્મામાં વિકાર છે જ નહિ. વિકાર તે પુદ્ગલનું કાર્ય છે. પણ એવી દ્રવ્યદ્દષ્ટિ કોને થાય? કે જેને પર્યાયની સ્વતંત્રતાનું ભાન હોય તેને. હજી પર્યાયને પણ જે સ્વાધીન ન જાણે, તેને ત્રણકાળની પર્યાયના પિંડરૂપ દ્રવ્યની દ્દષ્ટિ થાય નહીં. પર્યાયમાં વિકાર છે તે કર્મે કરાવ્યો નથી, પણ મારા અપરાધથી છે. એમ અંશને સ્વતંત્ર જાણે, ને તે અંશ જેટલો ત્રિકાળ સ્વભાવ નથી, એમ જાણે-તો દ્રવ્યદ્દષ્ટિ થાય. પણ કર્મ જ વિકાર કરાવે છે, એમ માને તો તેને પર્યાયનું પણ ભાન નથી, ને તેને દ્રવ્યદ્દષ્ટિ થતી નથી. ૭૬૪.

*

નિરપેક્ષ સ્વભાવના ભાન વિના નિમિત્તનું યથાર્થ જ્ઞાન થાય નહિ, સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે, તેમાં સ્વના જ્ઞાન વિના પરનું જ્ઞાન થાય નહિ. ઉપાદાનની સ્વતંત્રતાના જ્ઞાન વગર નિમિત્તનું જ્ઞાન થાય નહિ. નિશ્ચય વિના વ્યવહારનું જ્ઞાન થાય નહિ. જેમ ત્રિકાળી દ્રવ્ય સ્વતંત્ર નિરપેક્ષ છે, તેમ તેની સમય સમયની પર્યાય પણ નિરપેક્ષ સ્વતંત્ર છે. સમય સમયની પર્યાય પોતાના કારણે જ થાય છે. ૭૬૫.

*

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

જગતના બધા પદાર્થો પ્રત્યેક સમયમાં પરિણમે છે. પર્યાય અપેક્ષાએ આખી વસ્તુ જ પરિણમે છે. ઘંટીનાં બે પડની જેમ એક ભાગ સર્વથા કૂટસ્થ ને બીજો ભાગ બદલે–એમ બે ભાગ ભિન્ન ભિન્ન નથી. પણ વસ્તુ પોતે પર્યાયપણે પલટે છે. પદાર્થ અને પર્યાય સર્વથા જાુદા જાુદા નથી. વસ્તુ પોતે પર્યાય અપેક્ષાએ નવી ઉપજે છે ને વિણસે છે, તથા ધ્રુવ પણ રહે છે. ૭૬૬.

*

પાત્રતા વિના ગુરુગમ મળે નહિ ને ગુરુગમ વિના સત્ય સમજાતું નથી. કહ્યું છે કે–અનંતકાળમાં સત્‌પુરુષની સેવા નથી કરી. તેનો અર્થ એ છે કે પોતાની પાત્રતા નહોતી તેથી નિમિત્તનો આરોપ પણ ન આવ્યો. રુચિપૂર્વક સત્ સાંભળ્યું નથી, પરિચય તથા સેવા કરેલ નથી. પોતાની પાત્રતા વિના સત્‌નિમિત્ત મળ્યું હોવા છતાં તે નિમિત્તકારણ પણ ન કહેવાયું. સ્વતંત્રતા સમજે તો સાચું જ્ઞાન થાય. ૭૬૭.

*

અજ્ઞાની જીવને પરાધીન દૃષ્ટિ હોવાથી શાસ્ત્રોમાંથી પણ તેવો આશય કાઢીને શાસ્ત્રોને પોતાને અનુકૂળ બનાવવા માગે છે, પણ શાસ્ત્રોમાં તેવો આશય છે જ નહિ. ગુરુગમ વગર સ્વછંદે તે જીવ શાસ્ત્રોના ઊંધા અર્થ કરે છે. ૭૬૮.

*

સમય સમયની પર્યાય સ્વતંત્ર છે, એક સમયે એક પર્યાય વ્યક્ત છે, ને બીજી અનંત પર્યાયોનું સામર્થ્ય તો દ્રવ્યરૂપે પડયું છે. જો આવું સમજે તો દ્રવ્ય સન્મુખ દૃષ્ટિ થયા વગર રહે જ નહીં. ત્રણ કાળની પર્યાયનો પિંડ તે દ્રવ્ય એમ કહ્યું ત્યાં પર્યાયો થવાનું સામર્થ્ય દ્રવ્યમાં છે એમ સમજવું. પણ તે પર્યાયો પ્રગટરૂપ નથી. શક્તિ છે તેમાંથી વ્યક્તિ થાય છે. ભવિષ્યની પર્યાયો અત્યારે કાંઇ પર્યાયરૂપે નથી, પણ

દ્રવ્યની શક્તિરૂપે છે. ૭૬૯.

*

કેવળી ભગવાનની દિવ્યધ્વનિમાં બધું રહસ્ય એક સાથે આવે છે. ઉત્કૃષ્ટ શ્રોતાની જેટલું સમજવાની યોગ્યતા હોય તે બધુંય ભગવાનની વાણીમાં એક સાથે આવે છે. ૭૭૦.

*

જ્ઞાન છે, જ્ઞેય પણ છે. કોઈથી કોઈ નથી, વર્તમાન જ્ઞાન સામાન્ય જ્ઞાન સ્વભાવ તરફ વળીને જાણે છે. તેમાં આ નહિ એવું જ્ઞાનીને નથી. ઠીક-અઠીક કરી અટકવું તે જ્ઞાનનું કાર્ય નથી.

પ્રશ્નઃ- રાગ ન જોઈએ એવો જ્ઞાનીને વિચાર હોય કે નહિ?

ઉત્તરઃ- જ્ઞાનમાં તે જ્ઞેય છે, તેને ટાળું એમ શ્રદ્ધા નથી. અસ્થિરતાથી વિકલ્પ ઉઠે ખરો પણ 'છે' તે 'છે' એમ નક્કી રાખીને વાત છે. ૭૭૧.

*

કેવળજ્ઞાની સમસ્ત સ્વપરને જાણે છે, પરને પણ જાણનારું જ્ઞાન છે તે જ્ઞાન તો નિશ્ચયથી પોતાનું છે, પણ પરને જાણે છે એમ કહેવું તે વ્યવહાર છે. એનો અર્થ એમ ન સમજવો કે જ્ઞાન પરને જાણતું નથી. જ્ઞાનનો સ્વભાવ નિશ્ચયથી સ્વ-પરપ્રકાશક છે. સ્વ-પરપ્રકાશકપણું કાંઈ વ્યવહારથી નથી. ૭૭૨.

*

આત્મા સ્વભાવને પકડીને તેમાં જે એકાગ્ર થયું તે જ્ઞાનનો જ મહિમા છે. અધૂરા જ્ઞાનનો એવો જ ખંડખંડરૂપ સ્વભાવ છે કે જેટલો ઉઘાડ હોય તેટલો પૂરેપૂરો ઉપયોગ કદી થાય નહિ! કેવળજ્ઞાન પરિપૂર્ણ છે, તેમાં લબ્ધ ને ઉપયોગ એવા ભેદ નથી. ૭૭૩.

*

પ્રમાણજ્ઞાન પણ સમ્યક્ એકાંતની અપેક્ષા રાખે છે. કઈ રીતે?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કે દ્રવ્ય અને પર્યાય બન્નેને અનેકાંતથી જાણીને અભેદ વસ્તુની મુખ્યતા તરફ ઢળીને સમ્યક્ એકાંત કરે તો જ પ્રમાણજ્ઞાન થાય છે. એટલે અનેકાંત પણ સમ્યક્ એકાંતની અપેક્ષા રાખે છે. સમ્યક્ એકાંત એટલે શું? કે અભેદ તરફ વળ્યો-ત્યારે જ સમ્યક્ એકાંત થયું, દ્રવ્ય પર્યાય બન્નેને જાણીને સામાન્ય તરફ વળીને વિશેષને અભેદ કરે. તો પ્રમાણજ્ઞાન થાય. અભેદની મુખ્યતા હોવા છતાં તેમાં વળેલી પર્યાય પણ છે તો ખરી એટલે અભેદની મુખ્યતા અપેક્ષાએ તો સમ્યક્ એકાંત છે, ને દ્રવ્ય તરફ ઢળેલી પર્યાય પણ છે તે-દ્રવ્ય-પર્યાય બન્ને અપેક્ષાએ અનેકાંત પણ છે. ૭૭૪.

*

નિશ્ચયનય તે તો જ્ઞાનનો એક અંશ છે, તે તો પર્યાય છે, તે પર્યાયના આશ્રયે કાંઈ મુક્તિ નથી, પણ નિશ્ચયનય અને તેના વિષયરૂપ જે ત્રિકાળ અભેદ સ્વભાવ છે, તે અભેદ સ્વભાવના અનુભવમાં નય અને નયના વિષયનો ભેદ નથી રહેતો, માટે અભેદ અપેક્ષાએ કહી દીધું કે, 'નિશ્ચય-નયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' અહો! સંતોની વાણી અંદરના ઊંડા અનુભવમાંથી નીકળેલી છે. જ્ઞાનના અંશને તો નય કહેવાય, પણ તે નયના વિષયરૂપ ધર્મને પણ 'નય' કહેવો તેમાં રહસ્ય છે. ૭૭૫.

*

ખાનદાન કુળ, ધનવાનપણું, નીરોગી શરીર તથા લાંબું આયુષ્ય એ બધુંય પામીને પણ અંતરમાં ઉત્તમ સરળ સ્વભાવ પામવો દુર્લભ છે. પરિણામમાં તીવ્ર વક્રતા હોય, મહાસંકિલષ્ટ પરિણામ હોય, ક્રોધ-માન-માયા-લોભ તીવ્ર હોય ત્યાં ધર્મનો વિચાર ક્યાંથી કરે? વિષય કષાયનો લંપટી હોય ને સરળ મંદકષાયના પરિણામ પણ ન હોય-તેને ધર્મની પાત્રતા પણ નથી, એટલે મંદકષાયનાં સરળ પરિણામ થવા પણ દુર્લભ છે. હજી ધર્મ તો જુદી ચીજ છે. સરળ પરિણામ થયા તે કાંઈ ધર્મ નથી. પણ અહીં તો એમ કહે છે કે, સરળ પરિણામ થવા પણ દુર્લભ છે. તો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પછી ધર્મની દુર્લભતાની તો શી વાત! ઘણા જીવોને સરળ પરિણામ થવા છતાં સત્યસમાગમ મળવો દુર્લભ છે. કોઈક લૌકિક માણસો પણ મંદકષાયવાળા હોય છે, પણ વીતરાગી સર્વજ્ઞ શાસનના તત્ત્વ સમજાવનારનો સત્યસમાગમ મળવો બહુ દુર્લભ છે. મંદકષાય કરે, પણ કુદેવ-કુગુરુના સંગે ચડીને ઊંધી શ્રદ્ધાને પોષીને મનુષ્યપણું હારી જાય છે. વીતરાગી દેવ-ગુરુનો સમાગમ મળવો મહા દુર્લભ છે. ધર્મનું યથાર્થ સ્વરૂપ સમજાવનારા જ્ઞાની પુરુષોનો સમાગમ મહા ભાગ્યથી મળે છે, સત્ સમજવાની યોગ્યતા હોય ત્યારે આવી વાણી સાંભળવા મળે અને સત્યસમાગમ પામીને પણ અંતરમાં સમ્યગ્દર્શન પામવું તે તો પરમ દુર્લભ છે. ૭૭૬.

*

મનુષ્યપણાની દુર્લભતા શા માટે વર્ણવી? કે ધર્મ સમજવા માટે? જો ધર્મ ન સમજે તો મનુષ્યપણું હારી જાય છે. અનંતવાર મનુષ્યપણું પામ્યો, પણ આત્માની દરકાર ન કરી તેથી પાછો સંસારમાં જ રખડયો. માટે આત્માની સમજણ કરી લેવા જેવી છે. સત્સમાગમે સાધુ-સંત પુરુષો પાસેથી ચૈતન્યસ્વભાવનું શ્રવણ કરીને તેનો નિર્ણય કરવો જોઈએ. અહો! મનુષ્યપણાની આવી દુર્લભતા સમજીને તો ચૈતન્યને જ ધ્યેય બનાવવા જેવો છે, જેણે ચૈતન્યને ધ્યેય ન બનાવ્યો ને એકલા પરને જ ધ્યેય બનાવ્યું તે જીવ સ્વવિષયને ચૂકીને પરવિષયોમાં રમે છે, તે કેવો છે? કે રાખને માટે રત્નને બાળી નાખે છે. ૭૭૭.

*

આત્માના જ્ઞાનાનંદ સ્વભાવની સન્મુખ રુચિ રાખીને ધર્મી જીવ બાર ભાવનાનું ચિંતવન કરીને અંતરમાં એકાગ્રતા વધારે છે, તે સંવર છે. અંતર્દષ્ટિ વગર આવી ભાવના યથાર્થ હોય નહિ. આ બાર ભાવના ધર્મી જીવને આનંદની જનની છે. ૭૭૮.

*

જીવ સ્વાધીન છે કે પરાધીન? તેનો ઉત્તર સમજ્યા વિના કોઈ કહે છે. જીવ કથંચિત્ સ્વાધીન, કથંચિત્ પરાધીન તો તેનો અર્થ એમ નથી. પણ પર્યાય અપેક્ષાએ જીવ પોતે પરાશ્રયરૂપ-પરાધીનરૂપ પરિણમે છે. પોતે દ્રવ્ય સ્વભાવનો આશ્રય ચૂકીને પરાશ્રય કરે તો પર્યાયમાં પરાધીન કહેવાય છે. કોઈ પરાધીન કરતું નથી. પરદ્રવ્ય સન્મુખ દૃષ્ટિ કરે તો પરાધીન અને સ્વદ્રવ્ય સન્મુખ દૃષ્ટિ કરે તો સ્વાધીન એમ પ્રમાણજ્ઞાન કરવું જોઈએ. ૭૭૯.

*

'મુખ્ય તે નિશ્ચય છે.' કેમ કે અધ્યાત્મદૃષ્ટિમાં તો સદાય અભેદની જ મુખ્યતા રહે છે. ને તે જ નિશ્ચય છે. અભેદ તે મુખ્ય છે. ને તે જ નિશ્ચયનો વિષય છે, ને ભેદ છે તે અધ્યાત્મમાં સદાય ગૌણ છે. તેથી ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો છે. વ્યવહાર તે પરને લીધે છે એમ નથી. પણ તે ગૌણ છે. માટે તેને વ્યવહાર કહ્યો છે. ભેદ, પર્યાય કે વિકલ્પ તે સ્વનો અંશ છે, તે કાંઈ પરનાં કારણે નથી, પણ તે અંશના આશ્રયે ધર્મ થતો નથી માટે તેને ગૌણ કરીને વ્યવહાર કહ્યો, ને અભેદને મુખ્ય કરીને તેને નિશ્ચય કહ્યો છે. ૭૮૦.

*

ધર્મ તો અહિંસાસ્વરૂપ જાણે પર જીવને મારવો નહિ તે અહિંસા નથી. કોઈ પણ જીવને મારવાનો કે જિવાડવાનો વિકલ્પ જ ન ઉઠવો તે અહિંસા છે. અરાગી સ્વભાવમાં શ્રદ્ધા-જ્ઞાન-રમણતા તે જ અહિંસા છે. ૭૮૧.

*

ભયથી, આજ્ઞાથી, સ્નેહથી કે લોભથી કુદેવ, કુઆગમ તથા કુલિંગી-વેષધારીને પ્રણામ કે તેમનો વિનય જે સમ્યગ્દૃષ્ટિ છે તે કરતો નથી. ૭૮૨.

*

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


જીવનું પ્રયોજન સિદ્ધ કરવા માટે અધ્યાત્મદૃષ્ટિમાં અભેદને મુખ્ય કરીને નિશ્ચય કહ્યો છે, ને તેમાં ભેદનો અભાવ છે. માટે અભેદ દૃષ્ટિમાં ભેદને ગૌણ કરીને વ્યવહાર કહ્યો છે. આ મુખ્ય-ગૌણના ભેદને-રહસ્યને સમ્યગ્દૃષ્ટિ જ જાણે છે. ૭૮૩.

*

અભેદની મુખ્યતાની આવી કથનપદ્ધતિ સનાતન જૈન દિગંબર ધર્મ સિવાય બીજે કોઈ ઠેકાણે નથી. આ કથની સર્વજ્ઞની પરંપરા સિવાય બીજા સ્થાનમાં છે જ નહિ. દિગંબર જૈનમાર્ગ કહો કે વીતરાગતાનો માર્ગ કહો તે એકાર્થ છે. વીતરાગતા કેમ પ્રગટે તેની આ વાત છે. ૭૮૪.

*

દ્રવ્ય-ગુણ-પર્યાયમાં અનેક ધર્મો છે. જેમ દ્રવ્યમાં અનેક સ્વભાવો છે તેમ પર્યાયમાં પણ અનેક સ્વભાવો-ધર્મો છે. એકએક સમયની પર્યાય છે તે પોતાનું અસ્તિત્વ પોતાથી ટકાવી રાખે છે. એમાં પરથી નાસ્તિત્વનો ધર્મ છે. એમ ન હોય તો પર્યાયનું અસ્તિત્વ રહી શકે નહીં. એ દ્રવ્ય, ગુણ અને પર્યાયનાં ધર્મોનો વિચાર સમ્યગ્દૃષ્ટિ પોતાના સ્વભાવસન્મુખ રહીને કરે છે, તેમાં જેટલો રાગ ઘટે છે તે ધર્મ છે. ૭૮૫.

*

પ્રશ્નઃ- નિમિત્તની પ્રધાનતા ન હોય તો તમો સમયસાર, પ્રવચનસારાદિ ગ્રંથો કેમ વાંચો છો? અને પદ્મપુરાણ, આદિપુરાણ કેમ વાંચતા નથી? એ શું નિમિત્તની પ્રધાનતા નથી?

ઉત્તરઃ- જ્ઞાન શાસ્ત્રના કારણે નથી અને શાસ્ત્ર વિકલ્પના કારણે નથી. શાસ્ત્ર શાસ્ત્રથી છે, વિકલ્પથી નથી, વિકલ્પ વિકલ્પથી છે, શાસ્ત્રથી નથી અને જ્ઞાન જ્ઞાનથી છે, શાસ્ત્રથી નથી. જ્ઞાનની પર્યાય થવાની હતી માટે સમયસાર આવ્યું-એમ નથી. અને સમયસાર આવ્યું માટે જ્ઞાનની પર્યાય થઈ એમ પણ નથી. જ્ઞાન જ્ઞાનના કારણે છે. ઈચ્છા અને શાસ્ત્રનાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


કારણે નથી. આવું અનેકાંતનું સ્વરૂપ છે. તે જીવોએ સાંભળ્યું નથી એટલે તેને એકાંત લાગે છે. પણ ખરું અનેકાંત જ આ છે અને તે વીતરાગતાનું કારણ છે. ૭૮૬.

*

અધ્યાત્મ કથનીમાં મુખ્યને તો નિશ્ચય કહ્યો છે તથા ગૌણને વ્યવહાર કહ્યો છે. મુખ્યને નિશ્ચય કહ્યો એમાં સિદ્ધાંત છે. નિશ્ચયને મુખ્ય કહ્યો નથી. કેમ કે અધ્યાત્મમાં નિશ્ચયનયનો વિષય જ મુખ્ય રહે છે તેથી મુખ્યને નિશ્ચય અને નિશ્ચયને મુખ્ય કહેવામાં મોટો આંતરો છે. ગૌણને વ્યવહાર કહેલ છે. અધ્યાત્મમાં વ્યવહાર કદી મુખ્ય થાય નહિ. એક આત્મામાં નિશ્ચય અને વ્યવહાર બન્ને સાથે છે. એમાં આત્મા અખંડ ધ્રુવ એકરૂપ છે. તેની મુખ્યતા તે જ નિશ્ચય છે. કેમ કે દ્રવ્યસ્વભાવના આશ્રયે ધર્મ પ્રગટે, ટકે છે અને વધે છે, તે પ્રયોજન દ્રવ્યથી સધાય છે. માટે અધ્યાત્મમાં મુખ્યને નિશ્ચય કહ્યો છે. વ્યવહારથી કે નિમિત્તથી ધર્મની પર્યાય પ્રગટ થતી નથી, ટકતી નથી, અને વધતી પણ નથી. તેથી અધ્યાત્મમાં વ્યવહારની મુખ્યતા કદી થતી નથી. અધ્યાત્મમાં આત્માના આશ્રયે સાધકપણું છે. વ્યવહારથી સાધકપણું નથી. તેથી એમાં કદી વ્યવહારનું મુખ્યપણું થતું નથી, પણ ગૌણપણું જ રહે છે. નિશ્ચયનું ગૌણપણું કદી થતું નથી કેમ કે પ્રયોજન તો અખંડ દ્રવ્યના આશ્રયે શુદ્ધ પર્યાય પ્રગટ કરવી તે છે. તેથી મુખ્ય તે નિશ્ચય છે ને ગૌણ તે વ્યવહાર છે. ૭૮૭.

*

દિવ્યધ્વનિ વખતે સામે ધર્મ સમજનારા જીવો હોય જ છે. ભગવાનની દિવ્યધ્વનિમાં એવા ન્યાયો આવે કે સમજનારને પોતામાં ધર્મવૃદ્ધિનું જ નિમિત્ત થાય. ધર્મવૃદ્ધિના વિકલ્પથી વાણીનાં પરમાણુ બંધાયા, તે વાણી સામા જીવોને પણ ધર્મની વૃદ્ધિનું જ નિમિત્ત થાય છે. સમ્યગ્દર્શનથી પડીને પણ અર્ધપુદ્ગલપરાવર્તન સંસારમાં રખડે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

જગતમાં અભવ્ય જીવો છે. ઇત્યાદિ બધી વાત દિવ્યધ્વનિમાં આવે છે. પણ સાંભળનારને તો તે વાણી ધર્મની વૃદ્ધિના પુરુષાર્થનું જ નિમિત્ત છે. વાણી તો ધર્મની વૃદ્ધિનું અને ધર્મની ઉત્પત્તિનું જ નિમિત્ત છે. ભગવાનની વાણી ઝીલીને બાર સભાના પાત્ર જીવો સ્વભાવ તરફ ઝૂકે છે, તેમાં ક્યાંય પુરુષાર્થહીનતાની વાત કાઢે, એવું વાણીનું નિમિત્તપણું નથી. ૭૮૮.

*

સર્વજ્ઞદેવે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણ્યા છે, ને મારો પણ જાણવાનો સ્વભાવ છે. જે બનવાનું તે ફરવાનું નથી.–પણ જેમ થાય તેમ તેનો જાણનાર જ છું. પરની પર્યાયને તો ફેરવનાર નથી, પણ મારી પર્યાયને પણ ફેરવનાર નથી. આમ પોતાના સ્વભાવ સન્મુખ રહીને ધર્મીનો નિશ્ચય છે. ને જે નહિ બનવાનું તે કદી થવાનું નથી, હું ક્યાંય ફેરફાર કરનારો નથી. ૭૮૯.

*

અહો! દિગંબર સંતોનો કોઈ પણ ગ્રંથ લ્યો, તે આત્માને ચૈતન્ય-સ્વભાવમાં થંભાવી દે છે. ૭૯૦.

*

અહો! સમ્યગ્દર્શન મહારત્ન છે. શુદ્ધ આત્માની નિર્વિકલ્પ પ્રતીતિ તે જ સર્વ રત્નોમાં મહારત્ન છે. લૌકિક રત્નો તો જડ છે. પણ દેહ ભિન્ન કેવળ શુદ્ધ ચૈતન્યનું ભાન કરીને સમ્યગ્દર્શન પ્રગટે તે જ મહારત્ન છે. ૭૯૧.

*

સ્વર્ગમાં રત્નોનાં ઢગલા મળે તેમાં જીવનું કાંઈ કલ્યાણ નથી. સમ્યગ્દર્શન રત્ન અપૂર્વ કલ્યાણકારી છે. સમ્યગ્દર્શન સર્વ કલ્યાણનું મૂળ છે. તે સમ્યગ્દર્શન વગર જે કરે તે તો બધુંય "રાખ ઉપર લીંપણ" જેવું છે. સમ્યગ્દ્રષ્ટિ જીવ લક્ષ્મી- પુત્ર વગેરે માટે કોઈ શીતળા વગેરેને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માને નહીં લોકમાં મંત્ર-તંત્ર-ઔષધ વગેરે છે. તે તો પુણ્ય હોય તો ફળે, પણ આ સમ્યગ્દર્શન રત્ન સર્વ રત્નોમાં એવું શ્રેષ્ઠ રત્ન છે કે દેવો પણ તેનો મહિમા કરે! ૭૯૨.

*

આ તો વીતરાગમાર્ગ છે. તેમાં સત્યને સત્ય જાણવું જોઈએ, આડું અવળું માને તો ચાલે તેમ નથી. આંખમાં તો કદાચ રજકણ સમાય પણ શુદ્ધ વીતરાગમાર્ગમાં જરાય આઘુંપાછું ચાલે તેમ નથી. જેમ વસ્તુ સ્વરૂપ છે તેમ તેને જાણીને પ્રતીત કરે, તે સમ્યગ્દર્શન છે, ને તે સમ્યગ્દર્શન જગતમાં શ્રેષ્ઠ છે. ૭૯૩.

*

અંતર શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ પડી છે, તે ભવને બગડવા દેતી નથી ને ભવને વધવા પણ દેતી નથી. જ્ઞાનસ્વભાવના અનાદરથી જે કર્મો બંધાયા તે કર્મોને જ્ઞાનસ્વભાવની ભાવના વડે સમ્યગ્દૃષ્ટિ નાશ કરી નાખે છે. સમ્યગ્દૃષ્ટિને પૂર્વે અજ્ઞાનદશામાં કોઈ નરકાદિનું આયુષ્ય બંધાઈ જાય પણ સમ્યગ્દર્શન સહિત જીવને તો નરકાદિનું આયુષ્ય બંધાય જ નહીં. આવો સમ્યગ્દર્શનનો મહિમા છે. ૭૯૪.

*

જ્ઞાનીની દૃષ્ટિ સંસારથી છૂટવાની છે. તેથી રાગરહિત નિવૃત્ત સ્વભાવની મુખ્યતા, ભાવના, આદરમાં તે સાવધાન છે. છતાં કોઈ અતિચારમાં જોડાઈ જાય પણ તેનાથી છૂટી શાંત જ્ઞાન ભાવમાં ઠરવા જ માગે છે. પણ સંયોગ પલટાવું ને ક્રોધાદિ કરવા જેવા છે એમ જે માને છે તેને તો શ્રદ્ધામાં મોટી વિપરીતતા છે. જ્ઞાનીને વીતરાગ દૃષ્ટિ જ મુખ્ય છે તેમાં તો જરાય હાનિ થવા દેતા નથી. પણ ચારિત્રમાં નબળાઇથી અતિચાર થઈ જાય તો નિંદા કરી ખેદ પામે છે, હોંશ લાવી બચાવ નથી કરતા કે આવો દોષ તો ગૃહસ્થમાં હોય તેથી વાંધો નહિ. જો એમ કરે તો સ્વચ્છંદી-મિથ્યાદૃષ્ટિ છે. ૭૯૫.

*

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

અશરીરી સિદ્ધની જાતનો જ હું છું તેનો એકનો જ આદર કરવાની મારી દૃઢ ટેક છે તેથી સ્વપ્નેય પુણ્ય-પાપ સંસારની વાતનો આદર કરું નહિ, હું પણ સિદ્ધ ચિદાનંદ પૂર્ણ થયા તેના કુળનો કેડાયત છું, ચાર ગતિમાં જવાનો રાગ કલંક છે. અતીન્દ્રિય સિદ્ધ પરમાત્મપણાનાં મહિમા વડે સર્વ કલંક ટાળી વીતરાગી થવાનો જ છું એમ ધર્મી ગૃહસ્થદશામાં કોલકરાર કરી દૃઢ વ્રતી થાય છે. ૭૯૬.

*

રાગ તોડીને, પુરુષાર્થની શક્તિ તથા એકાગ્રતાનું જોર દેખે તે મુજબ જ્ઞાની પ્રતિજ્ઞા લે છે. હઠ કરી દેખાદેખીથી આવેશમાં આવી જઈને પ્રતિજ્ઞા કરતાં નથી પણ સહજ જ્ઞાનમાં સમતા દ્વારા બાહ્ય આલંબનરૂપ રાગ ઘટાડવાનો પ્રયોગ નિત્ય કરે છે. ૭૯૭.

*

જિનપ્રતિમા કેવી હોય છે? અક્રિયબિંબ, પરમ પ્રસન્નતાથી પૂર્ણ, શાંત વીતરાગમૂર્તિ નિર્લેપ નિર્વિકાર મુદ્રા હોય છે. આત્માનું અસલી મૂળ શાંત અક્રિય સ્વરૂપ જોવામાં આદર્શ સમાન છે. ધ્યાનનું કારણ વીતરાગતાનું સ્વરૂપ જેણે જાણ્યું છે તેને પૂર્ણ સ્વરૂપમાં સ્મરણનું કારણ છે. ૭૯૮.

*

તત્ત્વજ્ઞાનનું મૂળ સર્વજ્ઞ છે. સર્વજ્ઞદેવે જે સાધનથી તત્ત્વજ્ઞાન સાધ્યું અને વાણીમાં જે સાધન કહ્યું તેને ઓળખે, તેવા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખે, તેને જ યથાર્થ તત્ત્વની ભાવના હોય છે, બીજાને નહિ. ૭૯૯.

*

બહુ દુઃખ સહન કરે તો નિર્જરા થાય, એમ માનનાર ધર્મને દુઃખદાતા માને છે, દુઃખ માને તો અશાતા કર્મ બંધાય છે, ધર્મમાં તો ઇચ્છા તૂટી નિરંતર અતીન્દ્રિય શાંતિનો લાભ છે. ૮૦૦.

*

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ સત્યધર્મ નિર્વિકલ્પ છે, શુભરાગની પણ મુખ્યતા નથી, વીતરાગતા વર્તે છે, જ્ઞાનમાં સત્યનો ન્યાય વર્તે છે. ભાષા ધર્મ નથી, પણ જ્ઞાનમાં વિવેક વર્તે છે, તે સત્યધર્મ છે. ૮૦૧.

*

ચારિત્ર અર્થે જે ઉદ્યમ અને ઉપયોગ કરે તે તપ કહ્યું છે. આત્મામાં પોતાનો ઉપયોગ પુરુષાર્થપૂર્વક જોડે તે ચારિત્ર અથવા તો તપ છે. વીતરાગદશા પ્રગટ કરે તે તપ છે. તે વખતે કાયકલેશ હોય છે પણ તેથી આત્મામાં વિભાવપરિણતિના સંસ્કાર થાય છે તેને મટાડવાનો મુનિ ઉદ્યમ કરે છે. એટલે કે, કાયકલેશમાં શરીર કૃશ થાય, અંગોપાંગ ઝલાઈ જાય વગેરેનાં નિમિત્તે વિભાવપરિણતિ અણગમો-દ્વેષ ન થાય પણ સ્વભાવમાં વિશેષ લીનતા થાય એવો ઉદ્યમ મુનિ કરે છે. અને પોતાનાં શુદ્ધ સ્વરૂપ ઉપયોગને ચારિત્રમાં થંભાવે છે. તે ઘણા જોરથી થંભે છે. એ જોર કરવું તે જ તપ છે. તે બાહ્ય-અભ્યંતર ભેદથી બાર પ્રકારનું છે. ૮૦૨.

*

જેને પાંચ રૂપિયા આપવાની તાકાત નથી તે કહે કે કાલે હું લાખ રૂપિયા આપીશ તો તે વાત ખોટી છે. તેમ સુદેવ ગુરુ-શાસ્ત્રની તો ખબર નથી અને આત્માની વાત કરે તો તે ખોટી છે. જેને તત્ત્વ અને અતત્ત્વની ખબર નથી, તે મિથ્યાદ્રષ્ટિ છે, સર્વજ્ઞના શાસન સિવાય બીજે આવી અખંડ આત્માની વાત હોય નહિ. ૮૦૩.

*

મુનિને વીતરાગ દશા ઘણી વધી ગઈ છે. પણ હજુ અપૂર્ણતા છે. એટલે રાગનાં કારણે શુભ ભાવ થાય છે. તેથી તે ધર્મના કારણે પુણ્ય ઉપાર્જન થાય છે એમ કહેલ છે. પણ કેવળ પુણ્યને માટે ધર્મીને એનું સેવન હોતું નથી. ખરેખર ધર્મ તો ગુણનું ઉપાર્જન છે, પણ શુભાભાવ આવ્યા વિના રહેતો નથી. તેથી પુણ્યનું ઉપાર્જન કરે છે એમ વ્યવહારથી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

કહેલ છે, પણ પુણ્યની ઇચ્છા રાખે તો તેને સમ્યગ્દર્શન રહેતું નથી. ૮૦૪.

*

જ્યારે પોતાના આત્માને શુદ્ધ સ્વરૂપ જાણે ત્યારે રાગ-દ્વેષાદિ દુઃખરૂપ જાણે ને તે ભાવોથી પોતાનો ઘાત જાણે ત્યારે કષાય ભાવોનાં અભાવને પોતાની દયા માને ને બીજાને દુઃખ થાય એવા ભાવ થવા ન દે, તે પરની દયા છે. એ પ્રમાણે અહિંસાને ધર્મ જાણે તથા હિંસાને અધર્મ માને અને એવું શ્રદ્ધાન તે જ સમ્યક્ત્વ છે. ૮૦૫.

*

પ્રશ્નઃ- ( મુનિ ) મૂર્છા વિના વસ્ત્ર રાખે તો શું વાંધો ?

સમાધાનઃ- મુનિની છઠ્ઠી ભૂમિકા અરાગી અહિંસા છે. તેને શરીર સિવાય કોઈ પણ સંયોગો પ્રત્યે મૂર્છા નહોય. કેવળજ્ઞાન લેવાની તૈયારીવાળા મુનિ જે ઘડીમાં સાતમી ને ઘડીમાં છઠ્ઠી ભૂમિકામાં ઝૂલે છે. આનંદમાં ઝૂલે છે તેને વસ્ત્રના રાગવાળી દશા હોય નહિ. રાગવાળી દશાને ચારિત્ર માનવું તે હિંસા છે. ૮૦૬.

*

ઉદારતા તો સત્ય અને અસત્યનો વિવેક કરવો તે છે. અવિવેકને ઉદારતા માનવી તે મિથ્યાદૃષ્ટિની ભૂલ છે. વ્યવહારથી ધર્મ ન થાય અને નિશ્ચયથી જ ધર્મ થાય એવો ભગવાનનો માર્ગ છે. એ અનેકાંતમાર્ગમાં શંકા કરવી તેને અહીં હિંસા કહી છે. આત્મા અકષાય સ્વરૂપ છે, તેમાં જે નિઃશંક છે તે અહિંસા ધર્મ છે. ૮૦૭.

*

મુનિ જગતમાં પોતાનું માહાત્મ્ય અને માન વધે તેમ ઇચ્છતા નથી. મુનિને ચાર ગતિના ભવમાં વૈરાગ્ય ભાવ છે. દેવના ભવને પણ મુનિ ઇચ્છતા નથી. પાંચ ઇન્દ્રિયોનાં ભોગથી જેમની લાગણી છૂટી થઈ છે. આવું બાહ્ય તપ છે. એ વખતે અંતરંગતપ પણ મુનિને હોય છે. અંતરાત્મામાં

આત્માનો જ પ્રેમ હોય છે. જેમ કોઈનો એકનો એક વીશ વર્ષનો પુત્ર મરી ગયો તો તેને મોહને લીધે કાળજામાં ઘા લાગે, તેની મુખ્યતામાં જગતના બીજા પદાર્થોનો પ્રેમ ભૂલી જાય છે. તેમ મુનિને આત્માનો પ્રેમ છે, તેથી પરનો પ્રેમ થતો નથી. ૮૦૮.

*

મુનિ જનોની ગેરહાજરીમાં મુનિઓની ભક્તિ કરવી, જે સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્રદશા પામેલા હોય ને બાહ્યથી નગ્ન દિગમ્બર દશા હોય તેને મુનિ કહે છે. અત્યારે એવા મુનિઓ દેખાતા નથી. તો તેમની પરોક્ષ ભક્તિ કરવી, સર્વજ્ઞદેવની વાણી અનુસાર કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, પૂજ્યપાદસ્વામી, સમન્તભદ્રઆચાર્ય આદિ મહાન આચાર્યો કે જેમણે શાસ્ત્રની રચના કરી ધર્મને ટકાવ્યો છે, તેમ જ જેઓ ધર્મના થાંભલા છે. તેઓની ભક્તિ-પ્રશંસા-બહુમાન કરવાને તેમનો ઉપકાર ગાવો. ૮૦૯.

*

તપની વ્યાખ્યા રોટલા ન ખાવા તે નથી. પણ આત્મા સ્વતંત્ર, જ્ઞાનાનંદ ચૈતન્યમૂર્તિ છે એવો નિર્ણય થયા પછી અંતરમાં એકાગ્ર થતાં જે ઉજ્જ્વળતાનાં પરિણામ થાય છે તેને ભગવાન તપ કહે છે અને તે વખતે વિકલ્પ હોય તેને વ્યવહાર તપ કહેવાય છે. આત્માની લીનતામાં વિશેષ ઉગ્રતા થાય છે તે ધર્મ, ધ્યાન અને શુક્લધ્યાનરૂપી તપ છે. ૮૧૦.

*

સંસાર અને મોક્ષ બન્ને ધ્યાનથી થાય છે, વિકારની અને પરની એકાગ્રતાથી સંસાર છે, અને આત્મા ચિદાનંદ છે. એવી શ્રદ્ધા, જ્ઞાન અને રમણતારૂપી એકાગ્રતાથી મોક્ષ થાય છે. ચિદાનંદની એકાગ્રતા તે મોક્ષમાર્ગ છે. અને એનું ફળ તે મોક્ષ છે. સંસારનું ધ્યાન પરલક્ષી છે. અને મોક્ષનું ધ્યાન સ્વલક્ષી છે, હિંસાદિમાં આનંદ માનવો તે રૌદ્રધ્યાન

છે. અને ઇષ્ટ વિયોગ તથા અનિષ્ટ સંયોગમાં પરલક્ષી ચિંતવન થાય તે આર્ત્તધ્યાન છે. ૮૧૧.

*

જેટલા કોઈ જગતમાં ઉપદ્રવનાં કારણો છે તેટલા રૌદ્રધ્યાન યુક્ત પુરુષથી બને છે. જે પાપ કરી ઉલટો હર્ષ માને-સુખ માને તેને ધર્મોપદેશ પણ લાગતો નથી. તે તો અચેત જેવો અતિ પ્રમાદી બની પાપમાં જ મસ્ત રહે છે. ૮૧૨.

*

ધર્મની વ્યાખ્યાઃ-વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે. સ્વભાવ તો ત્રિકાળ છે અને ધર્મ તો વર્તમાન ક્ષણિક પર્યાય છે છતાં અહીં ત્રિકાળ સ્વભાવનો નિર્ણય કરીને એમાં વળીને અભેદ થાય છે. તેથી સ્વભાવને પણ ધર્મ કહ્યો છે. બધા આત્માને ત્રિકાળ સ્વભાવ તો છે પણ વસ્તુસ્વભાવને ધર્મ કેમ કહ્યો ? કે પરતરફનું લક્ષ છોડાવી સ્વભાવના આશ્રયે ધર્મ થાય છે. એમ બતાવીને વસ્તુસ્વભાવમાં ધર્મની પર્યાય અભેદ થાય છે. માટે એને ધર્મ કહ્યો છે. ધર્મ બહારની ક્રિયામાં તો નથી પણ દયા, દાન, ભક્તિ, પૂજાનાં શુભભાવ થાય એમાં પણ નથી. આખા જગતના જ્ઞાતા-દષ્ટાપણે રહેવું તે આત્માનો ધર્મ છે. એમ નિર્ણય થયો એ જ ધર્મ છે. અભેદની અપેક્ષાએ ત્રિકાળી સ્વભાવને ધર્મ કહ્યો છે. પર્યાયમાં ધર્મ થાય છે. એ ધર્મની વાત નથી. કેમકે તે ભેદ-વિવક્ષામાં જાય છે. જેમ ગોળનો ગળપણ મીઠાનો ખારો, અફીણનો કડવો અને લીંબુનો ખાટો સ્વભાવ છે એમ આત્માનો જ્ઞાન-દર્શન સ્વભાવ છે. ૮૧૩.

*

વૈરાગ્ય વિના, ધર્મમાં ચિત્ત થંભતું નથી આત્મા ને સ્વમાં અપેક્ષા થઈ એટલે પરની ઉપેક્ષા થયા વિના રહેતી નથી. તે વૈરાગ્ય છે અને એમ પરની ઉપેક્ષા કરે તેને અંતરમાં સ્થિરતા હોય છે. ધર્મધ્યાનવાળો વિકારમાં એકાગ્ર થતો નથી. પણ અંદર પોતે જ્ઞાનમાત્ર સ્વભાવ એક છે.

તેને લક્ષમાં લે છે. આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાનવાળો (અજ્ઞાની) વિકાર અને પરને લક્ષમાં લે છે માટે એને ધર્મધ્યાન થતું નથી. ૮૧૪.

*

જગતમાં માલ લેવા જાય તો ત્યાં પણ બરાબર પરીક્ષા કરે અને ધર્મ જે અપૂર્વ છે તેની પરીક્ષા ન કરે તો ચાલે નહિ, પરીક્ષા કર્યા વગર એમને એમ ધર્મ થઈ જાય એમ નથી. માટે જેને કલ્યાણ કરવું હોય તેણે પહેલાં (ધર્મ કહેનાર અને ધર્મને) પુરુષને નક્કી કરવો પડશે. ૮૧૫.

*

કોઈ કહે કે, આપણે પરીક્ષા કરવાનું શું કામ છે? જે હોય તે માની લો. પણ એમ એવી રીતે ચાલે નહિ ધર્મ અપૂર્વ ચીજ છે, ધર્મની પર્યાય કેવી હોય? તેમાં નિમિત્ત કેવું હોય? તે પહેલાં જાણવું જોઈએ. જેણે રાગ, પુણ્ય અને નિમિત્તના આશ્રયે ધર્મ મનાવ્યો છે. એવા કુદેવાદિના નિમિત્તે રાગ-દ્વેષ રહિત થવાય નહિ. પણ વીતરાગી સર્વજ્ઞ પુરુષે રાગાદિથી રહિત આત્મા છે. એમ કહ્યું છે. એવા સાચા દેવાદિનાં નિમિત્તે રાગાદિ રહિત થવાય છે. ૮૧૬.

*

જેને ધ્યાનરૂપી તપની ખબર નથી તે તો બહારમાં તપસ્યા કરીને ધર્મ માને અને વરઘોડા કાઢે, પણ હજી કુદેવાદિની શ્રદ્ધા જેને છૂટી નથી તેને ધર્મધ્યાન થતું નથી. પણ તે ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. એવા જીવોને પુણ્ય-પાપ રહિત આત્મા છે. એ વાત રુચતી નથી. અને આત્માની જે ધર્મક્રિયા છે તે તેના લક્ષમાં આવતી નથી. જડની-શરીરની ક્રિયામાં ધર્મ માનીને તે અધર્મને સેવે છે. ૮૧૭.

*

નિજસ્વભાવ સાધન વડે પરમાત્મા થવાય છે. ગૃહસ્થાશ્રમમાં

પરમાત્મદશા પ્રાપ્ત ન થાય. જ્ઞાનાનંદનાં સાધન વડે દિવ્યશક્તિ પ્રગટ કરો. જીવન મુક્ત દશા જેમને થઈ છે. તે અરિહંત દેવ છે. એમને નિમિત્તરૂપે ચાર ઘાતિકર્મો હતાં. તેનો અભાવ થયો છે. અને પોતાની અનંત શક્તિ હતી તે પ્રગટ થઈ છે. તે ત્રણ કાળ ત્રણ લોકને એક સમયમાં પ્રત્યક્ષ જાણે છે. ૮૧૮.

*

કેટલાક જીવો જૈન સંપ્રદાયમાં જન્મીને પણ સર્વજ્ઞ દેવ કેવા હોય ? એનો વિચાર પણ કરતા નથી. અરિહંતનું સ્વરૂપ નક્કી કરે તો આત્મા પણ ચિદાનંદ પ્રભુ છે. અને પુણ્ય-પાપાદિ પર્યાયમાં છે. એનો નાશ થઈ પોતે સર્વજ્ઞ થઈ શકે છે. એમ નિર્ણય થયા વગર રહે નહિ. અને એવો નિર્ણય જેને થયો તેની મુક્તિ થયા વિના રહે નહિ. માટે અરિહંતને નમસ્કાર કરનારે એમનું જ્ઞાન કેવું હોય ? તે પ્રથમ જાણવું જોઈએ. ૮૧૯.

*

સાધવાયોગ્ય પોતાનું શુદ્ધ સ્વરૂપ તેને દર્શાવવા માટે સિદ્ધ પરમેષ્ઠી પ્રતિબિંબ સમાન છે. પોતાનું ચિદાનંદ જ્ઞાયકસ્વરૂપ છે એ જ સાધવા યોગ્ય છે. તેમાં સિદ્ધ પરમાત્મા નિમિત્ત છે. તે સિદ્ધ કૃતકૃત્ય થયા છે. માખણનું ઘી થાય પણ ઘીનું માખણ થાય નહિ. તેમ સિદ્ધને હવે ફેરફાર થતો નથી. એટલે કે તેઓ સંસારમાં આવતા નથી. પણ સિદ્ધપણે જ અનંતકાળ પર્યંત રહે છે. ૮૨૦.

*

કોઈ શાસ્ત્ર કે કોઈપણ ગાથા કે શબ્દ, અથવા તો કોઈપણ અનુયોગની વાત કરો-તે બધાનું તાત્પર્ય વીતરાગતા છે. દ્રવ્ય છે એમ કહેતાં તે પરથી ભિન્ન છે. માટે પરનાં કારણે નથી. અને પરના આશ્રયે નથી. એમ નક્કી થતાં પરની રુચિ ટળી વીતરાગતા થયા વિના રહેતી નથી. ૮૨૧.

*

શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ છે. પુણ્ય-પાપરૂપ શુભાશુભભાવ તે ધર્મ નથી. પણ શુદ્ધોપયોગ જ ધર્મ છે એવો નિર્ણય તો પહેલાં થઈ ગયો છે. તે સમ્યગ્દર્શન સહિત અંતરમાં લીનતા વર્તે છે તે મુનિધર્મ છે. ૮૨૨.

*

'બાવીસ પરિષહને મુનિ સહન કરે છે' હઠથી પરિષહને સહન કરે છે એને ધર્મ તો નથી પણ શુભભાવ પણ નથી. તેને તો એકલો અશુભભાવ હોય છે. આત્માના ભાનપૂર્વક શુદ્ધોપયોગ થયો હોય છે એમને પરિષહ વખતે તે તરફનો વિકલ્પ જ ઊઠતો નથી એને પરિષહજય કહેવાય છે. ૮૨૩.

*

આચાર્ય અને ઉપાધ્યાય એ બે પદવી ધારક વિના અન્ય સમસ્ત જે મુનિપદના ધારક તે મુનિ છે તે આત્મસ્વભાવને સાધે છે. સાધુ શબ્દથી પોતાના સ્વરૂપની સાધના કરે છે. એની મુખ્યતા એ વાત કરી છે. આત્માનું ભાન થઈને પોતાના સ્વભાવને સાધે છે અને આત્મામાં લીનતા કરે છે. એવા મુનિ પુરુષ હોય છે. સ્ત્રીને મુનિપણું ત્રણ કાળમાં હોતું નથી. બાહ્ય-અભ્યંતર નિર્ગ્રંથ દશા હોય તે મુનિ છે. જેણે સ્ત્રીને સાધુ પદ મનાવ્યું હોય તેનો નમસ્કાર મંત્ર સાચો હોતો નથી. અઠ્ઠાવીશ મૂળ ગુણ, નગ્ન દશા, પરિષહજય વગેરે જૈન મુનિઓની એવી જ અવસ્થા હોય છે. પરિષહજયમાં સ્ત્રીનો પરિષહ લીધો છે. માટે પુરુષ જ મુનિ હોય છે. ૮૨૪.

*

અર્હંતાદિકનું સ્વરૂપ વીતરાગ વિજ્ઞાનમય છે. એ વડે જ અર્હંતાદિક સ્તુતિ કરવા યોગ્ય મહાન થયા છે. પંચપરમેષ્ઠીનું મૂળ સ્વરૂપ તો વીતરાગ અને વિજ્ઞાનમય છે. અંતર્ શુદ્ધતા થઈ હોય તે, અને તેનું જ્ઞાન તે જ પરમ ઈષ્ટ છે. કારણ કે જીવતત્ત્વથી તો સર્વ જીવો સમાન છે. શક્તિએ તો બધા આત્માઓ શુદ્ધ છે. પરંતુ રાગાદિ વિકાર વડે અથવા જ્ઞાનની હીનતા વડે જીવ નિંદા યોગ્ય છે. રાગ, પુણ્ય, વ્યવહાર રત્નત્રય વડે પંચ પદ થયા

નથી. કેમકે એ તો અભવીને પણ હોય છે. માટે એકલા વ્યવહારવાળા પંચપદમાં આવતા નથી. તો પછી જેના વ્યવહારનાં પણ ઠેકાણા નથી. તે તો પાંચ પદમાં હોય જ નહીં. ૮૨૫.

*

અહીં મધ્યલોકમાં કૃત્રિમ જિનબિંબની વાત લીધી છે એટલે ધર્માત્મા નવી પ્રતિમાઓને બનાવીને પધરાવતા એવો અનાદિનો નિયમ છે. એમ નક્કી થાય છે. અને જે શાશ્વત પ્રતિમા છે તે કોઈએ બનાવી હોતી નથી. જે જીવ પોતે ભેદજ્ઞાન કરે છે. તેને પ્રતિમાજી નિમિત્ત થાય છે. એટલે એનાં દર્શન-સ્તુતિ આદિ કરવાથી ભેદજ્ઞાન થાય છે. એક ધ્વનિ સિવાય સાક્ષાત્ ભગવાનની જેમ પ્રતિમાજી છે! જે પોતે ધર્મ પામે છે. તેને તે નિમિત્ત થાય છે. અહીં પ્રતિમાજીને સ્વપર ભેદ વિજ્ઞાનમાં નિમિત્ત કહેલ છે. જે જીવો પ્રતિમાજીને માનતા જ નથી એને કહે છે કે સમ્યગ્દર્શન આદિમાં વસ્ત્રાદિ રહિત વીતરાગ પ્રતિમાજીનું નિમિત્ત હોય છે. વળી એમને અભિષેક પણ સ્વચ્છ પાણી સિવાય અન્ય વડે હોય નહીં. ૮૨૬.

*

પોતાનાં જ્ઞાનમાં વિવેક પ્રગટયો હોવાથી અર્હંતાદિકને સંભારીને નમસ્કાર કરે છે. એ જ વહાલાં સગાં છે. જેમ લગ્નપ્રસંગમાં વહાલાં સગાંને આમંત્રણ આપે છે. એમ ધર્મમાં ઇષ્ટ એવા સિદ્ધો, અર્હંતો, જિનબિંબો, વગેરેને યાદ કરીને નમસ્કાર કરે છે. એમનાં ઉપકારને ભૂલતા નથી. કેટલાક જીવો સનાતન દિગંબર પરંપરાનાંશાસ્ત્રો વાંચીને, કુદેવાદિનાં નામથી ચલાવે છે. માટે અનંત સંસારી છે. જેને સાચા નિમિત્તનું બહુમાન આવતું નથી. તેને આત્માનું માહાત્મ્ય તો આવતું જ નથી. નિમિત્તનો વિવેક તે ખરેખર આત્માનો વિવેક છે. સ્વરૂપદષ્ટિ જેને થઈ છે તેને નિમિત્તનો વિનય આવ્યા વિના રહેતો નથી. લોકો નિશ્ચયના

બહાને ભૂલ્યા છે. અને વ્યવહારને સમજતા નથી. તે નિશ્ચય વ્યવહાર બન્નેને ભૂલ્યા છે. ૮૨૭.

*

અનાદિ કાળનો આત્મા છે. એમાં આ મનુષ્યભવમાં પાંચ પચીશ વર્ષમાં સ્ત્રી કુટુંબ આદિ અનુકૂળ-પ્રતિકૂળ સામગ્રી મળી તો તેમાં સુખ-દુઃખની કલ્પના કરીને બેસી જાય છે. એમાં જ સર્વસ્વ મનાઈ ગયું છે. ત્રિકાળી ધ્રુવને ચૂકીને વર્તમાન પૂરતો પોતાને માનીને કલ્પના કરી રહ્યો છે. તે આત્માને હિતનું કારણ નથી. સામગ્રી સુખ-દુઃખનું કે હિત-અહિતનું કારણ નથી. પણ પોતાની કલ્પના તે અહિતનું કારણ છે. અને વીતરાગી વિજ્ઞાન તે હિતનું કારણ છે. ૮૨૮.

*

પૈસા કમાવાના ભાવ તો એકલા પાપનાં પરિણામ છે. એના કારણે બહારમાં અનુકૂળતાં મળતી નથી. તેનો કોઈ બીજો ઇશ્વર કર્તા નથી. પૂર્વનાં કર્મો નિમિત્ત માત્ર છે. ખરેખર તો એ નિમિત્તો સહેજે મળી આવે છે. માટે જેને પાપનો ઉદય હોય તેને અન્ય કોઇ સહાય કરતું નથી અને પુણ્યનો ઉદય હોય તો કોઇ વિઘ્ન કરતું નથી. ૮૨૯.

*

યથાર્થ શ્રુત કોને કહેવાય તે બરાબર જાણવું જોઈએ. જે રીતે પદાર્થ છે તેને યથાર્થ પ્રકાશ કરે તે શ્રુત છે, આ શ્રુત પણ અનાદિનું છે, તેને પણ કોઈએ નવું કર્યું નથી. પહેલાં કોઈ પુરુષ ન હતો અને નવા કોઈ સર્વજ્ઞ થયા અને શ્રુત પણ નવું થયું-એમ નથી. ૮૩૦.

*

ચામડા ઉતારીને જોડા કરીએ તોપણ ઉપકાર ન વાળી શકાય એવો ઉપકાર ગુરુ આદિનો હોય છે. એને બદલે તેમના ઉપકારને ઓળવે તે તો અનંત સંસારી છે. કોની પાસે સાંભળવું એનો પણ જેને વિવેક નથી

તે આત્માને સમજવા માટે લાયક નથી-પાત્ર નથી. જેને લૌકિક ન્યાય, નીતિના પણ ઠેકાણાં નથી એવા જીવો શાસ્ત્રોનું વાંચન કરે અને એને જે સાંભળવા જાય તે સાંભળનાર પણ પાત્ર નથી. ૮૩૧.

*

પ્રરૂપણામાં વીતરાગની પરંપરાને તોડે છે અને વિરોધતાની પુષ્ટિ કરે છે. તે મિથ્યાત્વની પરંપરા ચલાવે છે. મિથ્યાદષ્ટિને વંદન કરે છે તે પણ મિથ્યાદષ્ટિ છે.

અસત્ય રચનારૂપ મહાવિપરીત કાર્ય તો ક્રોધ-માન-માયા-લોભની અત્યંત તીવ્રતા થતાં જ થાય છે. ૮૩૨.

*

વીતરાગતા વધે અને કષાય ઘટે એવું પ્રયોજન જેમાં હોય તે જૈન શાસ્ત્ર છે. આ વાતની જેને પરીક્ષા કરતાં આવડતી નથી તેને ધર્મ થઈ જાય એમ બને નહિ. ૮૩૩.

*

મોક્ષમાર્ગ તો વીતરાગ ભાવ છે માટે જે શાસ્ત્રોમાં કોઈ પ્રકારે રાગ-દ્વેષ, મોહ ભાવોનો નિષેધ કરી વીતરાગ ભાવનું પ્રયોજન પ્રગટ કર્યું હોય તે જ શાસ્ત્રો વાંચવા, સાંભળવા યોગ્ય છે. હજુ કયા શાસ્ત્રો વાંચવા સાંભળવા એની ખબર ન હોય એ ક્યારે સંસારનાં દુઃખથી છૂટે? તેને દુઃખનો અભાવ થાય નહિ. માટે સાચા શાસ્ત્રનો પહેલાં નિર્ણય કરવો. ૮૩૪.

*

જે શાસ્ત્રોમાં શ્રૃંગાર-ભોગ-કુતૂહલાદિ પોષી રાગ ભાવનું તથા હિંસા યુદ્ધાદિ પોષી દ્વેષ ભાવનું અથવા અતત્ત્વ શ્રદ્ધાન પોષી મોહ ભાવનું પ્રયોજન પ્રગટ કર્યું હોય તે શાસ્ત્ર નથી પણ શસ્ત્ર છે માટે તેવા શાસ્ત્રો વાંચવા-સાંભળવા નહિ. ૮૩૫.

*

કર્મના ઉદયથી જીવ દુઃખી નથી પણ પોતાના રાગ-દ્વેષ-મોહનાં કારણે દુઃખી થાય છે. તે દુઃખનો નાશ કરવાનો ઉપાય તો એક વીતરાગ ભાવ છે. તે જે શાસ્ત્રો કહેતાં નથી અને રાગ-દ્વેષ-મોહને પોષણ કરવાવાળા શાસ્ત્રો તો આત્માના ઘાતમાં નિમિત્ત થાય છે. એટલે આત્માનો પર્યાયમાં ઘાત થાય છે. માટે એવા શાસ્ત્રો વાંચવા સાંભળવા યોગ્ય નથી. ૮૩૬.

*

સંસારના ચોપડા કેવા રાખવા જોઈએ અને કેવા વાંચવા જોઈએ એમાં ડહાપણ વાપરે પણ અહીં આત્માનાં કલ્યાણને માટે કેવાં શાસ્ત્રો વાંચવા એની પરીક્ષા કરે નહિ. તો એને મોક્ષમાર્ગ થાય નહિ. આત્માનાં લાભ માટે જે શાસ્ત્રો વીતરાગ ભાવનું પોષણ કરે તેવાં શાસ્ત્રો વાંચવા સાંભળવા. ૮૩૭.

*

વક્તાને શાસ્ત્ર વાંચી આજીવિકાદિ લૌકિક કાર્ય સાધવાની ઇચ્છા ન હોવી જોઈએ. કારણ કે આશાવાન હોય તો યથાર્થ ઉપદેશ આપી શકે નહીં. તેને તો કંઈક શ્રોતાના અભિપ્રાય અનુસાર વ્યાખ્યાન કરી પોતાનું પ્રયોજન સાધવાનો જ અભિપ્રાય રહે. તેથી લોભી વક્તા સાચો ઉપદેશ આપી શકે નહીં. ૮૩૮.

*

જેનામાં અનીતિરૂપ લોકનિંદ્ય કાર્યોની પ્રવૃત્તિ ન હોય એવો વક્તા હોવો જોઈએ. કેમકે લોકનિંદ્ય કાર્યો વડે તે હાસ્યનું સ્થાનક થઈ જાય તો તેનાં વચનનું પ્રમાણ કોણ કરે? ઉલટો જૈનધર્મ લજવે. ૮૩૯.

*

જેની તેની પાસે ધર્મ સાંભળવો તે પાત્રતા નથી. જેની તેની પાસે ધર્મ સાંભળવો તે સંભળાવનાર કરતાં સાંભળનારની પાત્રતા ઓછી હલકી છે, એમ પોતાની હલકી યોગ્યતા બતાવે છે. વક્તા કેવો છે તેના પ્રમાણમાં

સાંભળનારની યોગ્યતા કેવી છે તે સાબિત થાય છે. કેમકે તે શ્રોતા વક્તાની ઊંધી માન્યતા-શ્રદ્ધાને અનુમોદનારા છે. કરે-કરાવે અને અનુમોદે તે ત્રણેનું ફળ એક જ છે. ૮૪૦.

*

જો અધ્યાત્મરસ દ્વારા-આત્માના શાંતરસ દ્વારા-પોતાના સ્વભાવનું યથાર્થ અનુભવન ન થયું હોય તે વીતરાગ દિગંબર જૈનમાર્ગનાં રહસ્યને જાણતો નથી. વીતરાગી સંતોએ કહેલાં મર્મોને ન જાણતો હોય તે માત્ર પદ્ધતિ દ્વારા જ વક્તા થાય છે. ૮૪૧.

*

જૈનધર્મ તો અધ્યાત્મરસમય છે. કોઈ દયા-દાન આદિ જૈનધર્મ નથી. જ્ઞાયક પિંડ આનંદસ્વરૂપનું ભાન કરી અંદર લીન થવું તે જૈનધર્મ છે. લોકો દયા પાળો, વ્રત પાળો તેને જૈનધર્મ માને છે. તે જૈનધર્મનું સાચું સ્વરૂપ નથી.

અધ્યાત્મરસમય સાચા જૈનધર્મનું સ્વરૂપ તો વીતરાગતા છે. ૮૪૨.

*

ધર્મબુદ્ધિવાન વક્તા ઉપદેશદાતા હોય તે જ પોતાનું ભલું કરે છે, અને બીજાને ભલું થવામાં નિમિત્ત બને છે. પણ જે પરંપરા ચલાવવા કષાય બુદ્ધિ વડે ઉપદેશ આપે છે તે પોતાનું બૂરું કરે છે અને બીજાને બૂરું થવામાં નિમિત્ત થાય છે. ૮૪૩.

*

જૈન તે વાડો નથી. વિકાર ને રાગની પર્યાયને સ્વભાવની બુદ્ધિ અને તેમાં સ્થિરતા વડે જીતે તે જૈન છે. સ્વભાવનાં અવલંબને વિકારને ટાળે તે જૈન છે. આત્મામાં થતો વિકાર, પુણ્ય-પાપ, દયા, દાન તે વિકાર આત્માના ભાન અને સ્થિરતા વડે ટાળે-જીતે તે જૈન છે. બીજી જૈનની વ્યાખ્યા નથી. ૮૪૪.

*

શ્રોતા શાસ્ત્રાભ્યાસમાં અતિ આસક્ત હોય તથા ધર્મ, બુદ્ધિપૂર્વક નિંદવા યોગ્ય કાર્યનો ત્યાગી હોય, દારૂ, માંસ, મધ, ત્રસવાળો ખોરાક, પુરુષને પર સ્ત્રી, સ્ત્રીને પર પુરુષ સાધારણ લૌકિક નીતિમાં ન હોય તેથી શ્રોતા આવા નિંદ્ય કાર્યોનો ત્યાગી હોય છે. ૮૪૫.

*

જૈન શાસ્ત્રના-વીતરાગતા-સ્વતંત્રતાના ન્યાયને-મર્મને સમજતો હોય તે શ્રોતા વિશેષ શોભે. વળી એવો હોવા છતાં પણ જો તેને આત્મ જ્ઞાન ન હોય તો ઉપદેશનો મર્મ સમજી શકે નહિ. આત્મજ્ઞાન વિનાનો હોય તોપણ પ્રથમ આવી દઢતાવાળો તો હોવો જોઇએ. જેને આવી દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા ન હોય તે બીજા સામાન્ય શ્રોતામાં પણ આવતો નથી. માટે જે આત્મજ્ઞાન વડે સ્વરૂપનો આસ્વાદી થયો છે તે જૈનધર્મના રહસ્યનો શ્રોતા છે. ૮૪૬.

*

જે મદ ખાતર-અમે કંઈક જાણીએ છીએ એમ બતાવવા પ્રશ્ન કરે, વાદ કરવાનો અભિપ્રાય છે, મહંતતાનો ભાવ છે, સાંભળીને બીજાને કહેવાનો અભિપ્રાય રાખે છે, એ રીતે સાંભળે-વાંચે-સંભળાવે-તે ધારીને મોટપ લેવા, વક્તા થવા, માન ખાટવા-ભણે છે-ભણાવે છે તે બધા કેવળ પાપ બંધ કરે છે.

તેમ જ શાસ્ત્ર સાંભળે પણ "કોઈનો પરોપકાર કરવાની તો વાત કરતા નથી, લોકોને રોટલા મળે નહિ, કામ મળે નહિ માટે તેની સંભાળ રાખો એવી વાત તો કરતા નથી અને આ આત્મા-આત્માની વાત કરો છો." એમ જેને તે રુચતું નથી તે એકાંત પાપ બંધ કરે છે. ૮૪૭.

*

અજ્ઞાની જીવો કહે છે કે કર્મો જીવને રખડાવે છે. પણ તે માન્યતા ભૂલવાળી છે. કર્મ જડ છે, તેનાથી જીવ રખડતો નથી પણ જીવ પોતાની

ભૂલથી રખડે છે ત્યારે કર્મને નિમિત્ત કહેવાય છે. પ્રથમ ભૂલ હતી. પછી કર્મ આવ્યું એમ નથી ને કર્મ આવ્યું માટે ભૂલ થઈ એમ પણ નથી. પોતે ભૂલ કરે ત્યારે કર્મ નિમિત્તરૂપ હોય છે. ૮૪૮.

*

શરીર સંસાર નથી, સ્ત્રી, કુટુંબ પૈસો સંસાર નથી. અને કર્મ પણ સંસાર નથી. શરીર સંસાર હોય તો શરીર બળી જતાં સંસાર બળીને ખાખ થઈ જાય અને મુક્તિ થઈ જાય. પણ એમ બનતું નથી. વળી સ્ત્રી-પુત્રમાં પણ સંસાર નથી. આત્માનો સંસાર તો આત્માની પર્યાયમાં છે. અજ્ઞાની પરમાં સંસાર માને છે, તેને સંસારની પણ ખબર નથી. તો પછી સંસાર રહિત મોક્ષની તો એને કયાંથી ખબર હોય? ન જ હોય. ૮૪૯.

*

આત્માને શાંતિ જોઈએ છે તો તે શાંતિ પૂર્ણ અને સાદિ અનંતકાળ સુધી રહે એવી હોવી જોઈએ. તેવી શાંતિ કોને થાય? કે જેણે આત્માનાં ઉઘાડ અને વિકલ્પ દ્વારા આત્મા તરફ વલણ કરીને નિર્ણય કર્યો કે ઔપાધિકભાવ છે તે બધો છોડવા યોગ્ય છે અને નિરુપાધિકભાવ છે તે આદરણીય છે-એમ દ્રવ્યશ્રુત વડે નિર્ણય કરે, એવા નિર્ણય કરનારને દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોય એનો પણ નિર્ણય હોય છે. તે દ્રવ્યશ્રુતજ્ઞાનવાળો નિર્વિકલ્પ ભાવશ્રુતજ્ઞાન વડે આત્માને પકડે તેને એવી શાંતિનું કારણ પ્રગટ કરીને પૂર્ણ શાંતિ પ્રાપ્ત કરે છે. ૮૫૦.

*

વર્તમાન જ્ઞાન-દર્શન વીર્યનો અંકુર છે તે ત્રિકાળનો અંશ છે. તે અંશદ્વારા ત્રિકાળી આત્મતત્ત્વનો નિર્ણય થાય છે. જેમ આંબાના બે પાંદડા જમીનની બહાર દેખાતાં હોય તેના ઉપરથી નક્કી થાય કે આનું બીજ આંબાનો ગોટલો છે. તે બીજ અવ્યક્ત હોવા છતાં પાંદડાં વડે તેનો

નિર્ણય થાય છે. એમ જ્ઞાન-દર્શન-વીર્યનો અંશ છે તે ચૈતન્યનો અંશ છે, તેનાથી ચૈતન્યસ્વભાવી આત્માનો નિર્ણય થાય છે. કેમકે તે રાગ દ્વેષ કે પુણ્ય-પાપનો અંશ નથી, તે ઔપાધિકભાવ નથી. આમ આત્માનો નિર્ણય કરવો તે માંગલિક છે. ૮૫૧.

*

અઘાતિ કર્મના ઉદયથી બાહ્ય સામગ્રી મળી આવે છે. આત્માના પ્રયત્નથી બહારની સામગ્રી મળતી નથી. એકને જાડું શરીર અને એકને પાતળું શરીર મળે છે. તે પૂર્વના કર્મનું કારણ છે. તે સંયોગો બંધનું કારણ નથી પણ આત્મામાં મિથ્યાત્વાદિનાં ભાવો થાય છે તે બંધનું કારણ છે. એમ નક્કી કરે તો તે મોહનાં નાશનો ઉપાય કરે માટે અહીં કહે છે કે અઘાતિ કર્મના નિમિત્તે તો બહારમાં સંયોગ મળે છે. તેમાં શરીરાદિક તો જીવના પ્રદેશોથી એક ક્ષેત્રાવગાહી થઈ એક બંધાન રૂપ જ હોય છે, અને ધન, કુટુંબાદિ બહારના સંયોગરૂપે રહે છે. પૈસા મળવા તે તો પૂર્વના અઘાતિ કર્મનો ઉદય એ પ્રકારનો હોય તો મળે છે. વર્તમાન પ્રયત્નનું ફળ નથી. વર્તમાન મેળવવાનો ભાવ થયો તે મોહના કારણે નવું બંધન થાય છે એમ કહે છે. ૮૫૨.

*

ઊંધી માન્યતા અને રાગ-દ્વેષાદિ બંધનું કારણ એક જ છે. ગરીબમાંથી ધનાઢ્ય થાય છે તે અઘાતિ કર્મના નિમિત્તે થાય છે. પૂર્વે જે પ્રમાણે કર્મ બાંધ્યું હોય એટલા જ પ્રમાણમાં સામગ્રી મળે છે તે સામગ્રી શરીરાદિ અને પૈસો આદિ બંધનું કારણ નથી. કંચન-કામિની અને કુટુંબ તે બંધનનું કારણ નથી. માટે એને છોડવાથી બંધન છૂટતું નથી. તે કુટુંબાદિ તો અઘાતિ કર્મનું ફળ છે. કુટુંબની મમતા કરે તે સંસાર વૃદ્ધિનું કારણ છે. કુટુંબ સંસારનું કારણ નથી. દીકરા-દીકરી-વહુ-વેવાઈ સ્ત્રી આદિ મળેલા છે તે બધા આત્માથી દૂર, ભિન્ન છે તે કાંઈ દોષનું કારણ નથી. શરીર ઇન્દ્રિયાદિ તો એક ક્ષેત્ર અવગાહી છે એ પણ બંધનું કારણ

નથી. તો પછી આ ધનાદિ તો આત્માથી ઘણા દૂર છે. એ તો પૂર્વ કર્મના કારણે મળેલા છે તે આત્માને બંધનું કારણ નથી. કારણ કે પરદ્રવ્ય બંધનું કારણ હોય નહિ, એમ નક્કી કરે તો મોહનાં નાશનો ઉપાય કરે. ૮૫૩.

*

પ્રશ્નઃ- પર વસ્તુ બંધનું કારણ નથી તો પછી વસ્ત્ર હોય કે ન હોય તોપણ મુનિપણામાં શું વાંધો આવે છે?

ઉત્તરઃ- પર વસ્તુ બંધનું કારણ નથી. વસ્ત્ર બંધનું કારણ નથી પણ વસ્ત્ર- પાત્ર રાખે છે, એમાં જે મમત્વ ભાવ છે તે બંધનું કારણ છે. એના પ્રત્યેનો મમત્વ ભાવ ન હોય અને વસ્ત્ર-પાત્ર હોય એમ બને નહિ. માટે જેને વસ્ત્ર-પાત્ર છે તેને મમત્વ ભાવ છે છતાં એનાથી મુનિપણું મનાવે છે. તે મિથ્યાત્વ ભાવ છે તે અનંત સંસારમાં રખડાવનારો ભાવ છે. મોટર બંધનું કારણ નથી પણ મોટરમાં બેસવાનો ભાવ તે બંધનું કારણ છે એમ જાણવું. પર વસ્તુને બંધનું કારણ માને તે વસ્તુનાં સ્વભાવને સમજ્યા નથી. ૮૫૪.

*

અશુભ ભાવ પાપ ભાવ હોય છે ત્યારે જે યોગનું કંપન હોય છે તેને અશુભ યોગ કહે છે. દિકરા, દીકરી, પૈસા વગેરેની વ્યવસ્થા કરવી તે બધો પાપ ભાવ છે, અધર્મના અંગ છે. એ ફરજ નથી અધર્મનાં અંગ છે. દયા-દાન-ભક્તિ આદિનાં ભાવને શુભ યોગ કહે છે. શુભ યોગ હો કે અશુભ યોગ હો પણ સમ્યક્ત્વ પામ્યા વગર ઘાતિયા કર્મનો તો નિરંતર બંધ થયા જ કરે છે. ૮૫૫.

*

વર્તમાનમાં લક્ષ્મી ન હોય તોપણ જો પાપનો અભાવ કરીને સ્વરૂપ સંપદાની પ્રાપ્તિ થઈ તો પછી બીજી સંપદાનું મારે શું કામ છે? અને પાપનાં પરિણામ થાય તો અંતરની સંપદા તો લૂંટાય છે. તો

બહારમાં લક્ષ્મી મળે તો તેથી મને શું લાભ છે? કાંઈ નથી. એમ સમ્યગ્દષ્ટિ વિચારે છે. ૮૫૬.

*

પાંચ-પચીસ લાખ રૂપિયા કમાય તો એમાં સર્વસ્વ માનીને અજ્ઞાની સુખ માની બેઠો છે પણ ત્યાં પાપનો સંચય થાય છે અને સ્વરૂપલક્ષ્મી લૂંટાય છે. એને એ લક્ષ્મીથી કાંઈ લાભ નથી. મિથ્યાત્વનો આસ્રવ થાય છે એ જ મોટું નુકશાન છે. ૮૫૭.

*

ધર્મી જીવને ઉઘડેલી પર્યાયની પણ રુચિ હોતી નથી. રુચિ તો અંતર્મુખ સ્વભાવની જ છે. ચાર જ્ઞાન ઉઘડેલા હોય તોપણ ક્ષાયોપશમિકજ્ઞાન છે તેની રુચિ ધર્મીને હોતી નથી. તો પછી રાગ અને પર પદાર્થની રુચિ તે કરે તેમ બને નહિ. ૮૫૮.

*

તારી ઉઘડેલી પર્યાય પણ કાર્યરૂપે પૂરી ન આવે તો પૈસા કામમાં આવે એમ બની શકે નહિ. પાંચ ઇન્દ્રિયોના વિષયોને જાણવાનું લબ્ધરૂપ જ્ઞાન બધે એક સાથે પહોંચી વળે નહિ તો પરનાં કામને પહોંચી વળે એમ બનતું નથી. આ સમજણ કરે તો પરનું અભિમાન ઉડી જાય ને પર્યાયબુદ્ધિ છૂટી સ્વભાવબુદ્ધિ થાય. લબ્ધ અને ઉપયોગરૂપ પર્યાયની રુચિ છોડવા જેવી છે. ચાર જ્ઞાનનો ઉઘાડ હોવા છતાં એક જ્ઞાનનું કાર્ય કરી શકે ને એક જ્ઞાનમાં પણ એક વિષયનું જ્ઞાન કરી શકે માટે પરનું ને રાગનું અભિમાન છોડ. અધૂરી જ્ઞાન-દર્શન પર્યાયની પણ રુચિ છોડ ને પૂર્ણ સ્વભાવની રુચિ કર તો સમ્યગ્જ્ઞાન થઈ ક્રમે ક્રમે કેવળજ્ઞાન પ્રગટ થશે. ૮૫૯.

*

પૈસા મળવા દુર્લભ નથી, પણ મનુષ્યભવ મળવો અને આ રીતે

સત્શ્રવણ થવું દુર્લભ છે. અને તે શ્રવણ કરીને તેની પ્રતીતિ કરવી તે તો મહા દુર્લભ છે. બાકી દુર્લભ કાંઈ નથી. પૂર્વનાં પુણ્યનાં ઉદય પ્રમાણે પૈસા મળે છે તે કાંઈ વર્તમાન પુરુષાર્થનું ફળ નથી. વળી તેવા સંયોગો તો અનંતવાર મળ્યા તે કાંઈ દુર્લભ નથી. અનંતકાળમાં ધર્મ સમજ્યો નથી માટે તે દુર્લભ છે. ૮૬૦.

*

શરીર જાડું કે પાતળું થતાં હું જાડો-પાતળો થયો એમ અજ્ઞાની માને છે. વસ્ત્ર જાડું-પાતળું પહેરે તો શરીર પાતળું-જાડું થાય છે. એમ માનતો નથી પણ શરીર પાતળું જાડું થતાં પોતે તેવો થઈ ગયો એમ ભ્રાંતિથી માને છે. શરીરની અવસ્થાને આત્માની અવસ્થા માને છે. જ્ઞાન, રાગ અને શરીર એ ત્રણેને એકરૂપ માને છે પણ તેમાં ભેદ પાડતો નથી. ૮૬૧.

*

ઊંધી માન્યતામાં હિંસા, જૂઠું, ચોરી, અબ્રહ્મચર્ય, પરિગ્રહ એ પાંચે પાપ આવી જાય છે. હું અનાદિ અનંત જ્ઞાનવાન છું. એમાંથી પ્રવર્તતી જ્ઞાનપર્યાયનાં સામર્થ્યને જે માનતો નથી ને પરને જાણું છું એમ માને છે તે પોતાની હયાતી ઉડાડે છે. ૮૬૨.

*

ધર્મ એટલે વસ્તુ સ્વભાવ. તારો સ્વભાવ અનાદિ અનંત છે. તારી પર્યાય તારી હસ્તીમાં જ છે એમ માને તો પછી રાગ પોતાના કારણે પોતાની કમજોરીથી થાય છે, એમ માને તો રાગ ટાળવાનો પ્રસંગ આવે ને જ્ઞાન પોતાથી છે એમ માને તો જ્ઞાનસ્વભાવ તરફ વળવાનો પ્રસંગ આવે. અજ્ઞાનીને પોતાના જ્ઞાનની ખબર નથી, ને નબળાઈથી થતા રાગની ખબર નથી. તેથી સંસારમાં રખડે છે. ૮૬૩.

*

પુસ્તક વાંચવું જોઈએ. ઇતિહાસ ખૂબ જાણીએ તો બુદ્ધિ ખીલે, જુદા જુદા દેશમાં જઈએ તો બુદ્ધિ ખીલે, એમ માનનાર મૂઢ પરને લીધે બુદ્ધિ ખીલે એમ માને છે અને પોતાને જ્ઞાનથી ખાલી માને છે. ૮૬૪.

*

બધાનો સાર એ છે કે તારો પરને જાણવાનો રસ્તો ને પરમાં સ્વાદ માની રાગનો સ્વાદ લેવાનો રસ્તો શાંતિનો નથી તેથી તું દુઃખી થઈ રહ્યો છે. વિષયોનો સ્વાદ નથી ને વિષયોનું જ્ઞાન નથી. પણ રાગનો સ્વાદ છે, ને જ્ઞાનનું જ્ઞાન છે. વિષયો પર છે. રાગ ક્ષણિક છે, સ્વભાવમાં નથી ને જ્ઞાનપર્યાય જ્ઞાન સ્વભાવવાનની છે. એમ રાગ રહિત નિત્ય જ્ઞાનસ્વભાવીની દૃષ્ટિ થાય. આમ સમજે તો નિમિત્તબુદ્ધિ અને રાગબુદ્ધિ છૂટીને સ્વભાવ બુદ્ધિ થાય-ધર્મ થાય. ૮૬૫.

*

પ્રશ્નઃ- જ્ઞાન જ્ઞાનને જ જાણે છે તો જગતની બીજી ચીજની શી જરૂરીયાત છે?

સમાધાનઃ- જ્ઞાનમાં બીજી ચીજો નિમિત્ત નથી એમ કહે તો સ્વ-પર પ્રકાશક સામર્થ્ય એટલું રહેતું નથી. નિમિત્તને લીધે નહીં પણ પોતાના કારણે જ જ્ઞાન સ્વ-પર પ્રકાશક સામર્થ્યવાળું છે. વર્તમાન ઉઘાડ અંશ દેખાય છે. તે આખી ચીજનો અંશ છે. એમ નહિ માનતા તે અંશ નિમિત્તને જ અથવા રાગને જ તન્મય થઈને જાણતો હોય ને પરનો સ્વાદ લેતો હોય એમ માને છે તે નિમિત્તબુદ્ધિ ને પર્યાયબુદ્ધિવાળો મિથ્યાદૃષ્ટિ જીવ છે. ૮૬૬.

*

ઉપાદાન-નિમિત્ત બન્ને ચીજ છે પણ ઉપાદાનમાં કાર્ય થાય છે માટે નિમિત્તને આવવું પડે છે એમ નથી તેમ જ નિમિત્ત છે માટે ઉપાદાનમાં કાર્ય થાય છે તેમ પણ નથી. બન્ને પોતપોતાના કારણે સ્વતંત્ર છે-એ જ સિદ્ધાંત છે. ૮૬૭.

*

ચૈતન્યબિંબ આત્માની પર્યાય સ્વ-પર પ્રકાશક સ્વભાવ નિશ્ચયથી છે. તે પરને જાણે છે એમ કહેવું તે અસદ્ભૂત ઉપચાર છે. પણ પર પ્રકાશક સ્વભાવ વ્યવહારથી છે એમ કોઈ કહે તો પર-પ્રકાશક સ્વભાવ રહેતો નથી. અને સ્વભાવ આખો સ્વ-પર પ્રકાશક સાબિત થતો નથી. માટે પર-પ્રકાશક સ્વભાવ આત્માનો નિશ્ચયથી છે. ૮૬૮.

*

એક સમયનો રાગ અંદરમાં-ત્રિકાળી સ્વભાવમાં બેઠો નથી. મિથ્યા માન્યતા અને રાગ સ્વભાવની અંદર પેઠા નથી. અને પર્યાયમાં બિલકુલ છે જ નહિ એમ કહે તો તે પણ ખોટો છે. દરેક ચૈતન્યરત્ન છે તેની એક પર્યાયનો હાંસમાં સંસાર છે તથા જ્ઞાનની પર્યાય સ્વપર-પ્રકાશક સામર્થ્યવાળી છે. તેમાં પરપદાર્થનો પોતાના અભાવનું જ્ઞાન ને સ્વપદાર્થનો પોતાના સદ્ભાવનું જ્ઞાન છે. પરના અભાવરૂપ નાસ્તિપણે પરિણમન પોતાના કારણે છે ને સ્વનું અસ્તિત્વરૂપ પરિણમન પોતાના કારણે છે. ૮૬૯.

*

પ્રશ્નઃ- સ્વપર-પ્રકાશક સ્વભાવમાં બેપણું આવ્યું છે કે એકપણું ?

ઉત્તરઃ- શક્તિ એક છે, એક પર્યાયમાં અખંડપણું છે, બેપણું નથી. સ્વપર-પ્રકાશનું સામર્થ્યપણું એક છે. ભેદ પાડીને બેપણું કહેવાય છે. ૮૭૦.

*

મરણની પીડા કરતાં વિષયોની પીડા જીવને અસહ્ય-ઘણી અસાધ્ય લાગે છે. માટે જ્ઞાનસ્વભાવની પ્રીતિ કરવી તે સુખદાયક છે, (નહિ તો પર વિષયનો દાહ ઉત્પન્ન થયા વિના નહિ રહે.) ૮૭૧.

*

કોઈપણ પરદ્રવ્યની તાકાત નથી કે જીવને સંસારમાં રખડાવે. પોતે પોતાની ભૂલથી રખડે ત્યારે કર્મ નિમિત્ત હોય છે, જીવ પોતે જ પોતાની

ભૂલથી રખડે છે અને પોતે જ પોતાની સમજણથી મુક્તિ પામે છે. પરદ્રવ્ય કાંઈ તેને સંસાર કે મોક્ષ કરાવતું નથી. ૮૭૨.

*

રોગ વિગેરે થતાં જગત તેને પીડા અને દુઃખ માને છે પણ તેમાં ખરેખર દુઃખ નથી. દુઃખ તો ઇચ્છાનું છે. તથા એ જ પ્રમાણે બહારમાં પુણ્યની સામગ્રી મળી તેમાં અજ્ઞાની જીવ અભિમાનથી સુખ માને છે. પણ તેમાં સુખ નથી. સુખ તો ઇચ્છા રહિત મોક્ષ દશામાં છે. તે પ્રમાણે અજ્ઞાની જીવ દુઃખને પણ જાણતો નથી, અને સુખને પણ જાણતો નથી. ૮૭૩.

*

સુખી-દુઃખી થવાનું સામગ્રી અનુસાર નથી, પણ સુખી-દુઃખી થવાનું ઇચ્છાનુસાર જાણવું. (ઇચ્છા ઉત્પન્ન થવાનાં કારણો મિથ્યાદર્શન, મોહ, અજ્ઞાન અને અસંયમ છે.) ૮૭૪.

*

એક જ નિયમ છે કે, જેને મોહ છે તેને જ ઇચ્છા થાય છે, જ્યાં મોહ નથી ત્યાં બાહ્ય સામગ્રી ઇચ્છાનું કારણ નિમિત્તકારણ પણ બનતી નથી. સિદ્ધ દશામાં મોહ નથી. જ્ઞાન-દર્શન-વીર્યની અલ્પતા પણ ટળી ગઈ છે, ને બાહ્ય સામગ્રી પણ દૂર થઈ ગઈ છે. એવી સિદ્ધ દશા પ્રાપ્ત થતાં આત્મા સાદિ અનંત સર્વોત્કૃષ્ટ અનુપમ, અખંડ આનંદમાં બિરાજમાન રહે છે. માટે સિદ્ધ દશામાં જ સાચું સુખ છે. ૮૭૫.

*

અજ્ઞાની શાસ્ત્ર શીખી જાય છે. પણ તેનું શું પ્રયોજન છે તે જાણતો નથી. શાસ્ત્ર-અભ્યાસ કરી પોતામાં ઠરવું જોઈએ એ તેનું પ્રયોજન છે. તે કરતો નથી. પણ બીજાને સંભળાવવાનો અભિપ્રાય હોય અથવા વ્યાખ્યાન શૈલી સુધરી જશે એવો અભિપ્રાય રાખે તો મિથ્યાદષ્ટિ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


બીજાને ઉપદેશ આપવાનો અભિપ્રાય છે. ૮૭૬.

*

બીજા ઉપદેશ સાંભળે તેથી આત્માને લાભ નથી. પણ પોતાના જ્ઞાનની નિર્મળતાથી પોતાને લાભ છે. કોઈ સાંભળે નહિ ને સમજે નહિ તો વિષાદ શા માટે કરે છે? અનંત તીર્થંકરો થઈ ગયા પણ બધાનો મોક્ષ થયો નહિ. સૌ પોત પોતાની લાયકાતથી સમજે છે માટે પરનું કામ નથી. શાસ્ત્રનો ભાવ જાણી પોતાનું ભલું કરવું. ૮૭૭.

*

બાહ્યક્રિયાથી નિર્જરા નથી. પંચમ ગુણસ્થાનવાળો શ્રાવક એક માસના ઉપવાસ કરે તે વખતે જે નિર્જરા થાય છે તેનાં કરતાં મુનિને નિદ્રા વખતે કે આહાર વખતે નિર્જરા વિશેષ છે. માટે અકષાય પરિણામ પ્રમાણે નિર્જરા થાય છે, બાહ્ય પ્રવૃત્તિ ઉપર તેનો આધાર નથી. ૮૭૮.

*

અંતર્દૃષ્ટિ અને જ્ઞાન નથી તેના બાહ્યતપને ઉપચાર પણ ન કહેવાય. તેમ અનશન, પ્રાયશ્ચિત્ત, વિનય આદિને તપ કહ્યા તેનું કારણ અનશનાદિ સાધનથી પ્રાયશ્ચિત્તરૂપ પ્રવર્તતાં વીતરાગ ભાવરૂપ સત્યતપ પોષી શકાય છે. તેથી તે અનશન, પ્રાયશ્ચિત વગેરેને ઉપચારથી તપ કહ્યા છે. પણ કોઈ વીતરાગ ભાવરૂપ તપને તો ન જાણે પણ બાર તપને તપ જાણી સંગ્રહ કરે તો સંસારમાં ભમે. લોકો બહારનાં તપમાં ધર્મ માને છે.

અજ્ઞાનીની તપશ્ચર્યામાં સાચી તપશ્ચર્યા માનવી અને મનાવવી તે મોટું પાપ છે. દૃષ્ટિની ખબર નથી. સાચી વાત રુચે નહિ ને વ્રત ધારણ કરે. તે ખરેખર જૈન નથી. ૮૭૯.

*

જે શબ્દની યુક્તિ માટે વ્યાકરણાદિ અવગાહે તેને પંડિતપણાનું અભિમાન છે. તે વાદવિવાદ માટે અવગાહે છે. તે લૌકિક પ્રયોજન છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ચતુરાઈ બતાવવા ભણે તેમાં આત્માનું હિત નથી. તેનો બને તેટલો થોડો ઘણો અભ્યાસ કરી આત્મહિત માટે તત્ત્વોનો નિર્ણય કરે તે જ ધર્માત્મા પંડિત જાણવો. ૮૮૦.

*

બાહ્ય ક્રિયા સુધરવાથી મારા પરિણામ સુધરે છે અને મંદ કષાયનાં પરિણામથી ધર્મ થાય છે, એવા અભિપ્રાયની ગંધ બેસી જવી તેનું નામ મિથ્યાવાસના છે. એવી વાસના રાખીને બહારમાં પંચમહાવ્રતનું પાલન તથા દયા, દાન આદિની ગમે તેટલી ક્રિયા કરે અને મંદ કષાય કરે તો પણ ધર્મ થતો નથી. ૮૮૧.

*

સમ્યગ્દષ્ટિ પ્રતિજ્ઞા કરે છે તે તત્ત્વજ્ઞાનપૂર્વક કરે છે. મિથ્યાદષ્ટિની જેમ ઉતાવળ કરીને જ્ઞાની પ્રતિજ્ઞા લેતા નથી. સ્વરૂપના આચરણનો કણ- શાંતિનો કણ પ્રગટ થયો હોય છે. તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જોઈને પ્રતિજ્ઞા કરે છે. કાળ કેવો છે? હઠ વગર, આક્ષેપ વગર, પરનાં દોષ જોયા વગર પોતાના પરિણામ જોઈને પોતાની યોગ્યતા દેખાય છે એ પૂર્વક સમ્યગ્દષ્ટિ પ્રતિજ્ઞા ને પચ્ચખાણ કરે છે.

કેટલાક જીવો પ્રતિજ્ઞા લઈને બેસે પણ અંતરમાં તત્ત્વજ્ઞાન તો છે નહિ તેથી અંતરમાં કષાયની વાસના એને મટતી નથી. ૮૮૨.

*

સંસારની અને પરની જેને રુચિ નથી પણ અખંડ જ્ઞાયકસ્વભાવની જેને રુચિ છે તે જૈન છે. જેને સ્વભાવની રુચિ નથી, તેને સંસારની રુચિ છે. તે સાચો જૈન નથી. ૮૮૩.

*

કોઈ માને કે આવું તત્ત્વજ્ઞાન જો બધાને થઈ જાય તો સંસારમાં કોઈ રહેશે નહિ. તો તેમ કહેનારને આત્માની યથાર્થ રુચિ જ નથી. કેમકે સ્વભાવની રુચિવાળાની સંસારમાં કોણ રહેશે એના ઉપર દૃષ્ટિ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોતી નથી. જેમ કોઈ ધનનો અર્થી હોય તે એમ વિચાર ન કરે કે હું ધનવાન થઈશ તેમ બધા ધનવાન થઈ જશે. ગરીબ કોઈ રહેશે નહિ તો મારું કામ કોણ કરશે? જેની જેમાં રુચિ હોય તે બીજાની સામું જાુએ નહિ. ૮૮૪.

*

કોઈ દાનની મુખ્યતા કરી ઘણા પાપ કરીને પણ ધન ઉપજાવી દાન આપે છે. પહેલાં પાપ કરીને પૈસો ભેગો કરવો અને પછી દાન કરવું તે ન્યાય નથી. પહેલાં લક્ષ્મીની મમતા કરું અને પછી મમતા ઘટાડીશ તો તે યોગ્ય નથી. પરોપકારના નામે પણ પાપ કરે છે. કોઈ આરંભ-ત્યાગની મુખ્યતા કરી યાચના કરવા લાગી જાય છે. રાંધવામાં પાપ જાણી ભિખારીની જેમ માંગવા જાય તો તે યોગ્ય નથી તથા કોઈ જીવ અહિંસાને મુખ્ય કરીને જળ વડે સ્નાન શૌચાદિ પણ કરતા નથી તે યોગ્ય નથી. ૮૮૫.

*

કોઈ એમ કહે કે આત્માને જાણી શકાય નહિ, સમ્યગ્દષ્ટિ-મિથ્યાદષ્ટિની ખબર પડે નહિ, ભવી-અભવીની ખબર પડે નહિ, તો તેને જ્ઞાનના સામર્થ્યની ખબર નથી. જ્ઞાન સ્વ-પરપ્રકાશક છે. તે આત્માને અને પરને ન જાણે-એમ બને નહિ. પોતાના જ્ઞાનના સામર્થ્યનો ભરોસો એને નથી. લબ્ધિના અધિકારમાં વાત લીધી છે. એમાં કહેલ છે કે ચૌદ પૂર્વનું જ્ઞાન જેને છે એવા જ્ઞાની જે ન્યાય કાઢે એવો ન્યાય સમ્યગ્દષ્ટિ કાઢે-એટલું સામર્થ્ય છે, તેથી જ્ઞાનીને દ્રવ્યલિંગીનું અન્યથાપણું ભાસી શકે છે. ૮૮૬.

*

સમકિતી જીવ ઉત્કૃષ્ટ અંતઃક્રોડાક્રોડી સાગરની પુણ્યની સ્થિતિ બાંધી શકે છે ને મિથ્યાદષ્ટિ જીવ ઉત્કૃષ્ટ પંદર ક્રોડાક્રોડી સાગરની પુણ્યની સ્થિતિ બાંધી શકે છે. હવે બન્ને તેટલી સ્થિતિ ભોગવી શકતા નથી કારણ કે ત્રસની ઉત્કૃષ્ટ સ્થિતિ બે હજાર સાગરની છે. સમ્યગ્દષ્ટિ જીવની સ્વભાવ ઉપર દષ્ટિ હોવાથી તે પુણ્યની સ્થિતિને તોડી ક્રમે મોક્ષમાં જશે ને મિથ્યાદષ્ટિ જીવ પરથી ને પુણ્યથી લાભ માનતો હોવાથી પુણ્યની સ્થિતિ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

તોડી પાપરૂપ પરિણામ કરી ક્રમે કરી નિગોદમાં જશે, માટે યથાર્થ સમજણ કરવી. ૮૮૭.

*

પ્રશ્નઃ- સમ્યગ્દષ્ટિ પણ પરદ્રવ્યોને બૂરાં જાણી ત્યાગ કરે છે?

ઉત્તરઃ- સમ્યગ્દષ્ટિ પરદ્રવ્યોને બૂરા જાણતો નથી, પણ પોતાના રાગભાવને બૂરો જાણે છે. પોતે સરાગભાવને છોડે છે. તેથી તેના કારણનો પણ ત્યાગ થાય છે. વસ્તુ વિચારતાં કોઈ પરદ્રવ્ય તો ભલા-બૂરા છે જ નહિ. પરદ્રવ્ય આત્માનું એકરૂપ જ્ઞેય છે. એકરૂપમાં અનેકરૂપ કલ્પના કરીને એક દ્રવ્યને ઇષ્ટ અને બીજા દ્રવ્યને અનિષ્ટ માનવું તે મિથ્યાબુદ્ધિ છે. ૮૮૮.

*

પ્રશ્નઃ- પરદ્રવ્ય નિમિત્તમાત્ર તો છે?

ઉત્તરઃ- પરદ્રવ્ય બળાત્કારથી તો ક્યાંય બગાડતું નથી પણ પોતાના ભાવ બગાડે ત્યારે તે પણ બાહ્ય નિમિત્ત છે. પરદ્રવ્યથી પરિણામ બગડે તો દ્રવ્યની પરિણતિ સ્વતંત્ર રહેતી નથી. પોતે પરિણામ બગાડે તો પરદ્રવ્યને નિમિત્ત કહેવાય છે. વળી નિમિત્ત વિના પણ ભાવ તો બગડે છે માટે તે નિયમરૂપ નિમિત્ત પણ નથી. નિમિત્તના કારણે ભાવ બગડતો નથી. ૮૮૯.

*

અજ્ઞાનીની ઉદાસીનતામાં એકલો શોક જ હોય છે, એક પદાર્થની પયાર્યમાં બીજા પદાર્થની પર્યાય અકિંચિત્કર છે. તેની એને ખબર નથી. તેથી પરદ્રવ્યની પર્યાયને બૂરી જાણી દ્વેષપૂર્વક ઉદાસીનભાવ કરે છે. પણ પરદ્રવ્યનાં ગુણ-દોષ ન ભાસે એ જ ખરી ઉદાસીનતા છે. એટલે કે પરદ્રવ્ય ગુણનું કે દોષનું કારણ છે એમ જ્ઞાની ન માને. પોતાને પોતારૂપ જાણે અને પરને પરરૂપ જાણે તે જ સાચી ઉદાસીનતા છે. ૮૯૦.

*

અજ્ઞાનીને સાચી ઉદાસીનતા હોતી નથી. પરદ્રવ્યના ગુણદોષ ન ભાસે તો સાચી ઉદાસીનતા થાય. પરદ્રવ્યના દોષને અને ગુણને તો બરાબર જાણે છે. પણ પરદ્રવ્ય મને હિતકર છે કે અહિતકર છે એમ માને નહિ તેનું નામ પરદ્રવ્યના ગુણ દોષ ન ભાસે એમ સમજવું. શુભાશુભભાવ નુકશાનકારક છે. અને ત્રિકાળી સ્વભાવ લાભદાયક છે. એ સિવાય જગતનો કોઈપણ પદાર્થ આત્માને લાભ નુકશાનનું કારણ નથી. એમ સમજવું તે સાચી ઉદાસીનતા છે. ૮૯૧.

*

પરક્ષેત્ર આત્માને ગુણકર નથી. પરદ્રવ્યનાં કારણે આત્મામાં શાંતિ રહે એમ માનવું તે મૂઢતા છે. અંતર આત્મામાં ડૂબી જવું તે ધ્યાન છે. બહારના કારણે ધ્યાન અને શાંતિ નથી. સોનગઢ ક્ષેત્રનાં વાતાવરણથી આત્મામાં શાંતિ થાય છે તે વાત પણ ખોટી છે. ૮૯૨.

*

પ્રશ્નઃ– સરાગ અને વીતરાગ ભેદથી ચારિત્ર બે પ્રકારે કહ્યું છે, તે કેવી રીતે છે?

ઉત્તરઃ– ચારિત્ર બે પ્રકારથી કહેલ છે. એક તો સરાગ તથા એક વીતરાગ છે. ત્યાં એમ સમજવું કે રાગ તે ચારિત્રનું સ્વરૂપ નથી. પંચમહાવ્રત ચારિત્ર નથી. બહારથી નગ્નદશા તે ચારિત્ર નથી. અજ્ઞાની લંગોટી છોડીને છઠ્ઠું ગુણસ્થાન થયું માને છે–પણ એમ નથી. આત્માનું ચારિત્ર પરથી તો હોય નહિ પણ નગ્નદશાનો ભાવ પણ ચારિત્ર નથી. તે તો ચારિત્રમાં દોષ છે.

હવે કોઈ જ્ઞાની પ્રશસ્ત રાગસહિત ચારિત્ર ધારે છે, તેની દેખી કોઈ અજ્ઞાની પ્રશસ્ત રાગને જ ચારિત્ર માની સંગ્રહ કરે તો તે નિરર્થક ખેદખિન્ન જ થાય. દેખાદેખીથી વ્રત લઈ લે તો તે કાંઈ ચારિત્ર નથી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાની તો જેટલો વીતરાગભાવ થયો છે એને જ ચારિત્ર માને છે. અજ્ઞાની વ્રતને ચારિત્ર માને છે પણ તે ખરેખર ચારિત્ર નથી. ૮૯૩.

*

જ્ઞાનીને પરદ્રવ્યની ક્રિયા કરવાની વાત તો છે જ નહિ પણ પોતાની પર્યાયમાં અશુભનો શુભ કરવાનો પણ તેને અભિપ્રાય નથી. આત્મા જ્ઞાતાપણે રહે તે જ અભિપ્રાય છે. એવા નિર્ણય વિના જે કાંઈ સાધન કરે છે તેમાં મોક્ષનું સાધન થતું નથી. ૮૯૪.

*

દ્રવ્યલિંગી વિષયસેવન છોડી તપશ્ચરણાદિ કરે છે તોપણ તે અસંયમી છે. સિદ્ધાંતમાં અસંયત એટલે અવિરતિ સમ્યગ્દષ્ટિ અને દેશસંયત એટલે પાંચમા ગુણસ્થાનવાળા શ્રાવક કરતાં દ્રવ્યલિંગી મુનિને હલકો કહ્યો છે. કેમ કે એને પહેલું ગુણસ્થાન છે. દ્રવ્યલિંગી દિગંબર સાધુ નવકોટિએ બ્રહ્મચર્ય પાળે, મંદકષાય કરે પણ આત્માનું ભાન નથી તેથી તેને ચોથા પાંચમા ગુણસ્થાનવાળા જ્ઞાની કરતાં હીન કહ્યો છે.

પ્રશ્નઃ- અસંયત-દેશસંયત સમ્યગ્દષ્ટિને કષાયોની પ્રવૃત્તિ હોય છે. જ્ઞાનીને રાજપાટ હોય, લડાઈમાં કદાચ ઊભો હોય, એવી કષાયની પ્રવૃત્તિ હોય છે અને દ્રવ્યલિંગીને એવી કષાયની પ્રવૃત્તિ દેખાતી નથી. દ્રવ્યલિંગી મુનિ ગ્રૈવેયક સુધી જાય છે. અને ચોથા-પાંચમાવાળો જ્ઞાની સોળમા સ્વર્ગ સુધી જાય છે માટે તેનાથી દ્રવ્યલિંગીને હીન કેમ કહ્યો? દ્રવ્યલિંગીને ભાવલિંગથી હલકો કહો પણ ચોથા ગુણસ્થાનવાળા કરતાં હીન શા માટે કહો છો?

સમાધાનઃ- અસંયત-દેશસંયત સમ્યગ્દષ્ટિને કષાયોની પ્રવૃત્તિ તો છે. પરંતુ શ્રદ્ધામાં તેને કોઈ પણ કષાય કરવાનો અભિપ્રાય નથી. પર્યાયમાં કષાય થાય છે. અને તે હેય માને છે. દ્રવ્યલિંગીને તો શુભકષાય કરવાનો અભિપ્રાય હોય છે. અને શ્રદ્ધાનમાં એને ભલો પણ જાણે છે. જ્ઞાનીનાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને અજ્ઞાનીનાં અભિપ્રાયમાં મોટો ફેર છે. અજ્ઞાની મંદકષાયને ઉપાદેય માને છે, તેને એક પણ ભવનો નાશ થતો નથી. સમ્યગ્દષ્ટિ કષાયને હેય માને છે. તેથી તેણે અનંત ભવોનો નાશ કર્યો છે. માટે અભિપ્રાયની અપેક્ષાએ ચોથા તથા પાંચમા ગુણસ્થાનવાળા જ્ઞાની કરતાં દ્રવ્યલિંગીને હલકો કહ્યો છે. દ્રવ્યલિંગીને વૈરાગ્ય પણ ઘણો હોય છે. પણ અભ્યંતરમાં દૃષ્ટિ કષાય ઉપર છે. અકષાય સ્વભાવની દૃષ્ટિ તેને નથી તેથી તે મંદ કષાયરૂપ પરિણામને ઉપાદેય માને છે. જ્ઞાની અને અજ્ઞાનીના અભિપ્રાયમાં ઉગમણો આથમણો (પૂર્વ–પશ્ચિમ) ફેર છે. માટે જ્ઞાની કરતાં દ્રવ્યલિંગી મુનિને કષાય ઘણો છે–એમ કહેલ છે. ૮૯૫.

*

જેના નિમિત્તે આત્માની યથાર્થ વાત સાંભળી હોય, જેની પાસેથી ન્યાય મળ્યો હોય તેનો વિનય જ ન કરે તો તે વ્યવહારે નિહ્નવ છે,–ચોર છે. ૮૯૬.

*

એકાંત કરવું નહીં એમ મિથ્યાદૃષ્ટિ માને છે, પણ વ્યવહારનયના અંગીકારના અર્થને તે સમજતો નથી. આત્માની પર્યાયમાં રાગ થાય છે. એને સમ્યક્ પ્રકારે જાણવો તે વ્યવહારનયનો અંગીકાર છે. આત્મામાં અલ્પ જ્ઞાનની પયાર્ય છે. એને જાણવું કે મારી પર્યાય અલ્પજ્ઞાનરૂપ છે, તે વ્યવહારનય છે. રાગને આદરવો તેને અજ્ઞાની વ્યવહારનય કહે છે. તેણે તો વીતરાગભાવ અને રાગ ભાવ બન્નેથી લાભ માન્યો તે એકાંત છે. ૮૯૭.

*

આત્માનું શુદ્ધ સ્વરૂપ જ્ઞાતા છે તેની રુચિ થઈ તે વખતે રાગ હોય છે તે નિમિત્ત છે. પણ તેનાથી વીતરાગતા થતી નથી. સાધક દશામાં રાગ છે જ નહિ તેમ નથી. એટલે નિમિત્ત છે જ નહિ તેમ નથી. નિમિત્તને ફેરવવું નથી, આઘું પાછું કરવું એ સ્વભાવમાં છે જ નહિ. બહારની ક્રિયા તો આત્માના હાથની વાત છે જ નહિ. પણ અશુભ ભાવ છોડીને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુભ ભાવનું કર્તૃત્વ તે પણ પર્યાયબુદ્ધિ છે–ભ્રમબુદ્ધિ છે. વસ્તુ જ્ઞાયક સ્વરૂપી છે એને તે માનતો નથી. ૮૯૮.

*

જેમ સંસારનો અભાવ થઈને સિદ્ધ દશા થાય છે તે ફરતી નથી, તેમ અસત્ય ફરીને સત્ય ગ્રહણ થાય છે તે સત્ય છૂટતું નથી. અસત્ય હોય તે છૂટી જાય છે. એક વખત સમ્યક્ત્વ થયું એટલે તે સત્ય જ રહે છે. (સમ્યક્ત્વથી ચ્યુત થનારને અપવાદમાં ગણેલ છે.) માટે આ વાત યથાર્થપણે સમજવા જેવી છે. તે ફરે તેમ નથી. સત્ય તો સત્યરૂપ જ રહે છે એવો વિશ્વાસ પ્રથમ લાવવો જોઈએ. ૮૯૯.

*

જે જીવ સમ્યક્ત્વ સન્મુખ થયો છે તેને અંતરમાં પોતાનું સમ્યક્ દર્શનરૂપી કાર્ય કરવાનો ઘણો જ હર્ષ છે. એટલે જ તે ઉત્સાહપૂર્વક પ્રયત્ન કરે છે. પણ પ્રમાદ કરતો નથી. તત્ત્વવિચારનો ઉદ્યમ કરે છે અને એવો જ ઉદ્યમ કરતાં કરતાં કેવળ પોતાના આત્મા વિષે જ આ હું છું એવી અહમ્ બુદ્ધિ થાય ત્યારે સમ્યક્દૃષ્ટિ થાય છે. ૯૦૦.

*

અંતરમાં સ્વરૂપ સન્મુખ થવાનો અભ્યાસ કરતાં કરતાં મિથ્યાત્વનો રસ એકદમ ઘટતો જાય છે. અને એવો અભ્યાસ કરતાં કરતાં સ્વરૂપ સન્મુખ થતાં મિથ્યાત્વનો અભાવ થઈ જાય છે. અહીં ઉદ્યમ કરે ને સામે કર્મનો રસ ન ટળે એમ બને જ નહીં. અહીં સમ્યક્ત્વ થયું ત્યાં સામે મિથ્યાત્વ કર્મનો અભાવ થઈ જાય છે. એવો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે. છતાં કોઈ કોઈને કરતાં નથી. અંતરમાં સ્વરૂપ સન્મુખ થવાનો ઉદ્યમ કરવો તે સમ્યક્ત્વનું મૂળ કારણ છે. ૯૦૧.

*

તત્ત્વવિચાર કરીને યથાર્થ તત્ત્વનિર્ણયનો ઉદ્યમ ન કરે તો તે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


જીવ સમ્યક્ત્વનો અધિકારી નથી. ૯૦૨

*

પહેલાં સ્વરૂપ સન્મુખ થઈને નિર્વિકલ્પ અનુભૂતિ થાય, આનંદનું વેદન થાય ત્યારે જ યથાર્થ સમ્યક્દર્શન થયું કહેવાય, એ સિવાય યથાર્થ પ્રતીતિ કહેવાય નહિ. પણ અનુભૂતિ પહેલાં તત્ત્વવિચાર કરીને દૃઢ નિર્ણય કરે નિર્ણયમાં જ ભૂલ હોય તેને તો યથાર્થ અનુભૂતિ ક્યાંથી હોય? ૯૦૩.

*

એકલા વિકલ્પથી તત્ત્વવિચાર કર્યા કરે તો તે જીવ પણ સમ્યક્ત્વ પામતો નથી. અંતરમાં ચૈતન્યસ્વભાવનો મહિમા કરીને તેને તેની નિર્વિકલ્પ અનુભૂતિ કરવી તે જ સમ્યક્દર્શન છે. ૯૦૪.

જેના અંતરમાં ભેદજ્ઞાનરૂપી કળા જાગી છે, ચૈતન્યના આનંદનું વેદન થયું છે એવા જ્ઞાની ધર્માત્મા સહજ વૈરાગી છે. તે જ્ઞાની વિષય-કષાયોમાં મગ્ન હોય એવું વિપરીતપણું સંભવતું નથી. જેને વિષયોમાં સુખબુદ્ધિ છે તે જીવ જ્ઞાની જ નથી. અંતરના ચૈતન્યસુખ સિવાય બધાં વિષયસુખ પ્રત્યે જ્ઞાનીને ઉદાસીનતા હોય છે. હજી અંતરમાં આત્માનું ભાન ન હોય, તત્ત્વનો કાંઈ વિવેક ન હોય, વૈરાગ્ય ન હોય અને ધ્યાનમાં બેસીને પોતાને જ્ઞાની માને છે તે તો સ્વછંદ સેવે છે, જ્ઞાન-વૈરાગ્યશક્તિ વિના તે પામી જ છે. આત્મા અને અનાત્માનું ભેદજ્ઞાન જ તેને નથી. જો સ્વ-પરનું ભેદજ્ઞાન હોય તો પરદ્રવ્ય પ્રત્યે વૈરાગ્ય થયા વિના રહે નહિ. ૯૦૫.

*

સુખ-દુઃખની બાહ્ય સામગ્રીમાં રાગ-દ્વેષ ન થાય તેનું નામ વીતરાગતા છે. પણ અંદરમાં દ્વેષભાવથી ત્યાગ કરે તે કાંઈ વીતરાગતા નથી. પ્રતિકૂળતાનો સંયોગ થાય ત્યાં અંદર કલેશનાં પરિણામ જ ન થાય, ને સુખ સામગ્રી મળતાં અંદર આનંદ ન માને-એવી ચૈતન્યમાં અંતર્લીનતા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


થાય તેનું નામ વીતરાગભાવ છે. ૯૦૬.

*

(તત્ત્વ સંબંધી) વિકલ્પો વસ્તુનો નિશ્ચય કરવા માટે કારણ છે. પણ વસ્તુનો નિશ્ચય થતાં એનું કાંઈ પ્રયોજન રહેતું નથી. માટે એ વિકલ્પોને પણ છોડી અભેદરૂપ એક આત્માનો અનુભવ કરવો, પણ એના વિચારરૂપ વિકલ્પોમાં જ ફસાઈ રહેવું યોગ્ય નથી. ૯૦૭.

*

તત્ત્વજ્ઞાની થઈ ચરણાનુયોગને અભ્યાસે છે, તેને બધાં આચરણ પોતાનાં વીતરાગભાવ અનુસાર ભાસે છે, સમ્યગ્દૃષ્ટિ જીવ આત્મજ્ઞાનપૂર્વક આચરણ પાળે છે. શ્રાવકને બાર વ્રતનો તથા મુનિને ૨૮ મૂળગુણ પાલનનો વિકલ્પ આવે છે. મુનિને વસ્ત્ર-પાત્ર રાખવાનો ભાવ હોતો નથી. મુનિને માત્ર સંજ્વલન કષાય હોય છે, ઉપદેશ આપવાનો, આહારનો કે વિહારનો રાગ તેમને આવે છે તે બધાં પોતાની વીતરાગતા અનુસાર થતા ભાસે છે. ૯૦૮.

*

અજ્ઞાની જીવ શાસ્ત્રનું રહસ્ય ન સમજે તેથી તેનું બધું જ્ઞાન કુજ્ઞાન છે. ને સમ્યગ્દૃષ્ટિ કુશાસ્ત્ર વાંચે તોપણ સુજ્ઞાન છે. જેની દૃષ્ટિ સવળી છે તેનું બધું સવળું છે ને જેની દૃષ્ટિ અવળી છે તેનું બધું જ્ઞાન અવળું છે. મિથ્યાદૃષ્ટિ નવપૂર્વ, અગિયાર અંગ ભણે તોપણ અજ્ઞાન છે. ૯૦૯.

*

જેની પાસેથી જ્ઞાન મળ્યું હોય તેનો વિનય કરવો, ભગવાનનાં શાસ્ત્રનો વિનય કરવો, જ્ઞાની પાસેથી વાત મળવા છતાં કહે કે અમારાં શાસ્ત્રમાં પણ એવી જ વાત છે ને હું પણ એમ જ માનતો હતો, અમારામાં નિશ્ચય ને વ્યવહાર બન્ને છે એમ માને તો વ્યવહારનો પણ ચોર છે. આત્માનું ભાન નથી માટે નિશ્ચયનો તો ચોર છે જ માટે એવો અવિનય ન કરવો. ૯૧૦.

*

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


પ્રથમ સત્ય સમજવાની જિજ્ઞાસા હોવી જોઈએ. અનાદિથી ભૂલ ચાલી આવે છે. પણ યથાર્થ સમજવાનો પ્રસંગ મળે તો તે ભૂલ છૂટે, ભૂલને ભૂલ ન માને તો ભૂલ કદી ટળે નહિ. ૯૧૧.

*

સાધારણ બાળ જીવોને સમજાવવા કથાનુયોગમાં પુણ્યનાં ફળ બતાવે પણ તે ધર્મ નથી. પરિણામનું વર્ણન કરણાનુયોગમાં છે ને ચરણાનુયોગમાં (આચરણની) પદ્ધતિ કેવી હોય છે તે વાત ચાલે છે. સ્વભાવમાં અરાગી પરિણામ થાય ને રાગ ઘટે તે પ્રયોજન હોય છે. ૯૧૨.

*

જીવ-અજીવના ભેદો જાણવાનો હેતુ ભેદવિજ્ઞાન કરાવવાનો છે. ને આસ્રવ-પુણ્ય-આદિનું કથનમાં પણ પુણ્ય ભાવ કરાવવાનો હેતુ નથી. વીતરાગભાવ થાય તે હેતુ છે. જૈનદર્શનનો મર્મ દ્રવ્યાનુયોગમાં છે. માટે યથાર્થ રીતે દ્રવ્યાનુયોગ સમજવો જોઈએ. ૯૧૩.

*

મૂળ ચીજ આત્માની દૃષ્ટિ છે. દ્રવ્યાનુયોગ વિના નિવેડો નથી. ને સમાગમ વિના દ્રવ્યાનુયોગ સમજાય તેમ નથી. આત્મા ચિદાનંદ સ્વરૂપ છે. એની પ્રતીતિ કરી રાગરહિત થાઓ, અભેદ સ્વભાવનું લક્ષ કરો એમ દ્રવ્યાનુયોગ મહિમા ગાય છે. વળી દ્રવ્યાનુયોગમાં નિશ્ચય અધ્યાત્મઉપદેશની પ્રધાનતા છે. ત્યાં દયા-દાનાદિ પરિણામનો નિષેધ કરે છે. અજ્ઞાની દયા-દાનાદિમાં ધર્મ માને છે તે ભૂલ છે. દ્રવ્યાનુયોગમાં સ્વભાવદૃષ્ટિ કરાવવા પુણ્યનો નિષેધ કરાવે છે. અજ્ઞાની બાહ્યક્રિયામાં પુણ્ય માને છે. અહીં તો સમ્યગ્દૃષ્ટિનાં પુણ્યનો પણ નિષેધ કરે છે. સ્વભાવનાં આશ્રયે જ ધર્મ છે એમ સમજાવે છે. ૯૧૪.

*

જુઓ, સમ્યક્ત્વનું માહાત્મ્ય કે જેનાં બળથી ભોગ પણ પોતાનાં ગુણને કરી શકતા નથી. ભગવાન સત્ પરમેશ્વર છે તેનો સ્વીકાર

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

કરવાથી ભોગ પણ પોતાનાં ગુણને કરી શકતા નથી એટલે કે તેઓ (વિશેષ) બંધ કરી શકતા નથી. જ્ઞાની નબળાઈના રાગનો સ્વામી થતો નથી. ત્રિકાળી સ્વભાવનો સ્વામી થાય છે. આમ જે જોતો નથી તે બાહ્યદૃષ્ટિવાન બહિરાત્મા છે, અંતર્દૃષ્ટિ દેખવાવાળો અંતરાત્મા છે. ૯૧૫.

*

પ્રશ્નઃ- શુદ્ધોપયોગ જ્યારે લાવવા માગે ત્યારે સમકિતી લાવી શકે ને?

સમાધાનઃ- હું શુદ્ધોપયોગ લાવું એવી ઈચ્છા સમકિતીને નથી, ઇચ્છા રાગ છે, ને તેનાથી શુદ્ધોપયોગ આવતો નથી. સ્વભાવ સન્મુખ થતાં ઈચ્છા તૂટી જાય છે. સમકિતીને અકષાય પરિણમન સદાય છે, છઠ્ઠે ગુણસ્થાને અકષાય પરિણમન છે પણ શુદ્ધોપયોગ નથી. ચોથે-પાંચમે ગુણસ્થાને શુદ્ધપરિણતિ સદાય છે. પણ શુદ્ધોપયોગ સદાય નથી. સ્વરૂપમાં લીન થતાં બુદ્ધિપૂર્વક રાગનો અભાવ થાય તે શુદ્ધોપયોગ છે. સ્વભાવ સન્મુખ દૃષ્ટિ થઈ પછી કાળક્રમે શુદ્ધોપયોગ આવે છે. શુદ્ધોપયોગની ભાવના છે પણ શુદ્ધોપયોગને ઇચ્છાપૂર્વક લાવું એવો લોભ સમકિતીને નથી. ૯૧૬.

*

જ્ઞાનીને ઉપયોગનો પણ લોભ હોતો નથી. સહજ શુદ્ધોપયોગ હોય છે. ઈચ્છા થવી એ ભાવના નથી પણ આસ્રવ છે. જ્ઞાનમાં એકાગ્રતા થવી તે ભાવના છે. પર્યાયનો ક્રમ બદલાવું એ દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિની છે. ક્રમ પલટતો નથી. પુરુષાર્થ ગુણને જુદો પાડીને જ્ઞાની કાર્ય કરતા નથી. જ્ઞાનાનંદ સ્વભાવનાં આશ્રયે સહજ શુદ્ધ ઉપયોગ થઈ જાય છે. ૯૧૭.

*

પરને છોડું કે શુભને છોડું એ વાત તો છે જ નહિ. પણ શુદ્ધને લાવું એમ પણ નથી. આ વસ્તુની મર્યાદા છે. શુદ્ધોપયોગનો કાળ ન હોય તે વખતે શું જ્ઞાની તેને લાવવા માગે? શું પર્યાયનો ક્રમ ફેરવવા માગે છે? ના, જ્ઞાનસ્વભાવ તરફ પુરુષાર્થ છે તેમાં શુદ્ધોપયોગ આવી જાય છે. જે સમયે જે પરિણામ થવાના તે થવાના, તેને પલટાવવાની બુદ્ધિ સમકિતીને

નથી. પર્યાય ફેરવવાની બુદ્ધિ મિથ્યાદ્રષ્ટિને છે. સ્વભાવ સન્મુખ દશામાં જોર થતાં શુદ્ધોપયોગ સહજ થઈ જાય છે. ૯૧૮.

*

વીતરાગના માર્ગમાં તો સમકિતની મુખ્યતા પ્રથમ છે. ભેદજ્ઞાન પહેલા થવું જોઈએ. તે સમ્યક્ત્વ તો સ્વ પરનું શ્રદ્ધાન થતાં થાય છે તથા તે શ્રદ્ધાન દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરતાં થાય છે માટે દ્રવ્યાનુયોગ અનુસાર શ્રદ્ધાન કરી સમ્યગ્દ્રષ્ટિ થાય તે પ્રથમ ધર્મ છે અને પછી વ્રતાદિ હોય છે. ૯૧૯.

*

અધ્યાત્મગ્રંથ કે જે ભેદજ્ઞાન કરવાનું નિમિત્ત છે તેનો અભ્યાસ પ્રથમ કરવો યોગ્ય છે. અનાદિ અજ્ઞાની અપ્રતિબુદ્ધ છે એને આ ઉપદેશ આપવામાં આવે છે. આ કાંઈ ઊંચી દશાવાળા માટે છે એમ નથી. ત્રણે કાળે આ જ ઉપદેશ કરવો યોગ્ય છે. અમુક કાળે આ હોય અને હલકા કાળે બીજો હોય-એમ નથી. ૯૨૦.

*

પ્રશ્નઃ- ઊંચા ઉપદેશનું સ્વરૂપ નીચલી દશાવાળાને ભાસે નહિ. માટે આવી વાત અમને સમજાય નહિ. એલ. એલ. બી. અને એમ. એ. ની. ઊંચી વાત અમારે માટે નથી. તેથી અધ્યાત્મ ઉપદેશ કરવો યોગ્ય નથી. કેમકે અમારી વર્તમાન એવી લાયકાત નથી.

ઉત્તરઃ- અન્ય તો અનેક પ્રકારની ચતુરાઈ જાણે છે અને અહીં મૂર્ખપણું પ્રગટ કરે છે તે યોગ્ય નથી. સંસારની ખાવા-પીવાની વાત કરે તો એમાં ચતુરાઈ બતાવે, વ્યવહારની વાત કરે તો આવું ખપે અને આવું ન ખપે, શુદ્ધ આહાર આવો હોય વગેરે કહે પણ

"વ્યવહારે લખ દોહ્યલા, કાંઈ ન આવે હાથ રે."

સંસારમાં રુચિવાળો હોવાથી સંસારનાં કામ બધાં જાણે અને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં અમે સમજી શકીએ નહિ એમ કહે. ઘેર છોકરાની સગાઈની વાત ચાલતી હોય તો ત્યાં ઘરના બધા માણસો ચતુરાઈ બતાવે છે, ચોપડાનાં હિસાબમાં ચક્રવૃદ્ધિ વ્યાજ કાઢે, ગમે તેવું અટપટું કામ હોય તોપણ તેનો ઉકેલ કરે, ત્યાં ઉપયોગને લગાવે અને અહીં સમજાય નહિ. એમ કહે તો તેને ધર્મની રુચિ જ નથી. અધ્યાત્મશાસ્ત્રોનો અભ્યાસ કરવાનો જે નિષેધ કરે છે તે ભગવાનના માર્ગનો દ્વેષી છે એમ આથી સિદ્ધ થાય છે. ૯૨૧.

*

દ્રવ્યાનુયોગ સિવાય બીજા ત્રણ અનુયોગમાં જૈનમાર્ગનો મુખ્ય અધિકાર નથી. માટે પ્રથમ દ્રવ્યાનુયોગ કે જેમાં તત્ત્વજ્ઞાન છે તેનો અભ્યાસ મુખ્યપણે કરવો યોગ્ય છે. ૯૨૨.

શંકાઃ–એવી શંકા છે કે અધ્યાત્મ ઉપદેશ આ કાળમાં ન કરવો જોઈએ.

સમાધાનઃ– આ કાળમાં સાક્ષાત્ મોક્ષ થવાની અપેક્ષાએ હલકો છે પણ આત્માના અનુભવ માટે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટ થવામાં અત્યારે મના નથી. તેથી આત્માનુભવ માટે દ્રવ્યાનુયોગનો અભ્યાસ અવશ્ય કરવો. વર્તમાનમાં ભાવલિંગી મુનિનો પણ નિષેધ નથી. સમ્યગ્દર્શન પણ વર્તમાનમાં થઈ શકે છે તેથી તેને માટે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવો યોગ્ય છે. ૯૨૩.

*

પુણ્યભાવને સારો માને અને પાપભાવને ખરાબ માને તે બંધતત્ત્વની ભૂલ છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર સુખરૂપ છે. છતાં તે દુઃખરૂપ લાગે છે, તે સંવરતત્ત્વની ભૂલ છે. આત્મામાં શાંતિરૂપ ચારિત્રદશા સુખરૂપ છે. તેને અજ્ઞાની દુઃખરૂપ અને વેળુનાં કોળિયા સમાન માને છે તેને સંવરતત્ત્વની ખબર નથી. ધર્મ દુઃખદાયક હોય નહિ પણ સુખરૂપ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


જ હોય છે. અજ્ઞાની વીતરાગ ધર્મને દુઃખરૂપ માનીને તેની આશાતના કરે છે. ૯૨૪.

*

બધા દેવ સાચા છે, બધા ધર્મો સાચા છે એ માન્યતા તે વિનય મિથ્યાત્વ છે. વીતરાગ સર્વજ્ઞદેવનાં ધર્મ સાથે કોઈ પણ અન્ય ધર્મનો મેળ નથી. છતાં બધા ધર્મો સાથે સમન્વય કરવો તે વિનય મિથ્યાત્વ છે. કોઈનો વિરોધ કરવાની વાત નથી પણ જેને હજી ગૃહીત મિથ્યાત્વ પણ છૂટયું નથી એવાઓનો વિનય કરવો તે વિનયમિથ્યાત્વ છે. ૯૨૫.

*

રૂના ધોકડામાં પાંચ લાખની ખોટ જતી હોય તે તો જુએ નહિ ને તેની ખોળમાંથી રૂના પૂમડાં વીણવા બેસે તો કાંઈ ખોટ પૂરાય નહિ. તેમ અપ્રયોજનભૂત વાત જાણવામાં રોકાય પણ પ્રયોજનભૂત તત્ત્વો દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરેને જાણે નહીં તો મિથ્યાત્વ ટળે નહિ. અહીં હીન અધિક જાણવાની મુખ્યતા નથી પણ પ્રયોજનભૂત તત્ત્વોને ઓળખીને તેની યથાર્થ પ્રતીતિ કરવાથી જ મિથ્યાત્વ ટળીને સમ્યક્ત્વ થાય છે. ૯૨૬.

*

જીવ શું ને અજીવ શું? તે જાણે નહિ અને શરીરનો રોગ દૂર કરીને, કે પૈસા મેળવીને વગેરે ઉપાયથી પોતાનું દુઃખ ટાળવા માગે તો તે ઉપાય જૂઠા છે. દુઃખ તો જીવમાં છે ને તે દુઃખ મોહથી છે તો તે દુઃખ પણ જીવમાં યથાર્થ ભાન કરીને મોહ ટાળવો તે જ ટાળવાનો ઉપાય છે. ૯૨૭.

*

આપણે સાચું માનશું તો આપણો લોકમાં વ્યવહાર રહેશે નહિ. એવો વિચાર છોડી દે, મૃત્યુ થતાં દુનિયા સાથે આવશે નહિ. સ્ત્રી-સેવનના પાપ તથા માંસ ખાવાના પાપ કરતાં પણ મિથ્યાત્વનું પાપ અનંતગણું છે. દેવને કુદેવ માને કુદેવને દેવ માને, કુગરુને ગુરુ માનવા, કુશાસ્ત્રને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

શાસ્ત્ર માનવા વગેરે પ્રકારની મિથ્યા માન્યતા માંસ ભક્ષણ ને શિકારના પાપ કરતાં મહાન પાપ છે. સાત તત્ત્વની વિપરીત માન્યતા મહાન પાપ છે. લોકોને આ પાપનો ખ્યાલ નથી. પર જીવની અવસ્થા આત્મા કરી શકે છે એમ માને છે. કુદેવાદિને માનવા જેવું ને સાત તત્ત્વની વિપરીત માન્યતા જેવું જગતમાં કોઈ મોટું પાપ નથી. ૯૨૮.

*

વિકાર તથા સ્વભાવને જીવ એક માની રહ્યો છે. તેથી સાચા વિચાર કરી શકતો નથી. જો મિથ્યા વિચારમાં ઢીલો પડે કે વિકાર કૃત્રિમ છે ને સ્વભાવ નિરૂપાધિસ્વભાવ છે તો ભેદજ્ઞાનનો અવસર આવે પણ અજ્ઞાનીએ એકતા માની છે. દયા-દાનાદિથી ધર્મ માને છે તે માન્યતાથી એટલે મિથ્યાદર્શનના બળથી બન્નેની જુદાઈ કરતો નથી. વ્યવહાર કરીએ, કષાય મંદ કરીએ તો ધર્મ થાય, એવી ઊંધી શ્રદ્ધા સ્વભાવને તથા વિભાવને જુદા જાણવાના વિચાર કરવા દેતી નથી. ૯૨૯.

*

કોઈને સન્નિપાત થયો હોય તે કોઈવાર સરખું બોલે ને કોઈવાર, તિરસ્કાર કરે તેમ અજ્ઞાની કોઈવાર જાણપણું સાચું કરે ને કોઈવાર યથાર્થ ન જાણે પણ અજ્ઞાનીને સાચી શ્રદ્ધા નથી. તેથી તેનું જ્ઞાન સાચું નથી. નિશ્ચય નિર્ધાર વડે શ્રદ્ધાપૂર્વક તે જાણતો નથી. ૯૩૦.

*

કોઈને સત્ય વાતનો ખ્યાલ આવે પણ તેને મોટપ લેવામાં ગોઠવી દે છે. મહાન આચાર્યની વાણી વાંચી ખ્યાલમાં આવી જાય પણ તે નિમિત્તે પોતાનું માન પોષે તો તેનું જ્ઞાન મિથ્યાજ્ઞાન છે. આવો જીવ સત્ય જાણે છતાં પ્રયોજન વિપરીત સાધે છે. આચાર્યોના શાસ્ત્ર વાંચે ખરો પણ અયથાર્થ પ્રયોજન એટલે જગતનાં માન પૂજા માટેનું તથા સંપ્રદાય ચલાવવા માટેનું પ્રયોજન સાધે તેથી તેનું મિથ્યાજ્ઞાન છે. ૯૩૧.

*

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રશ્નઃ- મિથ્યાજ્ઞાનમાં નિમિત્ત કારણ શું છે? જીવ પોતે મિથ્યાજ્ઞાન કરે છે. પોતાના વાસ્તવિક જ્ઞાન વિના મિથ્યાજ્ઞાન કરે છે. તેમાં કયું કર્મ નિમિત્ત છે?

સમાધાનઃ- આત્મા જ્ઞાનાનંદ છે તે ચૂકીને પરમાં લાભ માને છે, તે મોહભાવમાં મોહકર્મ નિમિત્ત છે. કર્મ મોહ કરાવતું નથી પણ જીવ પોતે મોહ કરે તો કર્મને નિમિત્ત કહેવાય છે. આમ સમ્યગ્જ્ઞાન થતું નથી એ જ મિથ્યાજ્ઞાનનું કારણ છે. ૯૩૨.

*

સિદ્ધસમાન આત્માનો અંશે અનુભવ થવો તે ધર્મ છે. આનંદકંદ પ્રભુની નિર્વિકારી શાંતિને ધર્મ કહે છે. દ્રવ્યલિંગી સાધુ થયો છતાં તેને ધર્મ પ્રગટતો નથી કેમકે તેનું લક્ષ અપ્રયોજનભૂત ઉપર જાય છે. મિથ્યા શ્રદ્ધાને લીધે અપ્રયોજનભૂત ઉપર તેનું લક્ષ જાય છે. ૯૩૩.

*

મારો દ્રવ્યસ્વભાવ જ્ઞાનસ્વરૂપ છે. તેમાં દ્રવ્યના અવલંબને સમ્યક્ પર્યાય પ્રગટે છે. તેવી પ્રયોજનભૂત વાતને મિથ્યાદ્રષ્ટિ પકડતો નથી. મિથ્યાદ્રષ્ટિને પ્રયોજનભૂત ને અપ્રયોજનભૂત પદાર્થો બન્નેને જાણવાનો ઉઘાડ છે. પણ પ્રયોજનભૂત તત્ત્વને જાણવામાં તેનું લક્ષ જશે નહિ. તે દર્શન મોહનાં કારણે છે. ઉઘાડ તો ઉઘાડ છે. પણ ઊંધી શ્રદ્ધાના કારણે તેનું જ્ઞાન મિથ્યાજ્ઞાન છે. ૯૩૪.

*

જ્ઞાનીને પ્રયોજનભૂત-અપ્રયોજનભૂત તત્ત્વ બન્નેને જાણવાનો ઉઘાડ છે. છતાં મિથ્યાત્વનાં અભાવને લીધે પ્રયોજનભૂતને જાણવા ઉપર તેનું લક્ષ જશે ને સુખી થશે. અજ્ઞાની કદાચિત્ વ્યવહાર ધારણા કરે પણ અંતર્મુખ દ્રષ્ટિ કરતો નથી. તેથી અપ્રયોજનભૂત હોય તેને જ તે જાણે છે. ૯૩૫.

*

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


પ્રશ્નઃ- જો જ્ઞાન થયા પછી શ્રદ્ધાન થાય છે તો પહેલા મિથ્યાજ્ઞાન કહો અને પછી મિથ્યાદર્શન કહો?

ઉત્તરઃ- છે તો એ જ પ્રમાણે, કારણ કે જાણ્યા વિના શ્રદ્ધાન થાય નહિ, પરંતુ જ્ઞાનમાં મિથ્યા સંજ્ઞા મિથ્યાદર્શનનાં નિમિત્તથી ને સમ્યગ્ સંજ્ઞા સમ્યગ્દર્શનનાં નિમિત્તથી થાય છે. ૯૩૬.

*

મિથ્યાદર્શનના કારણે ઉઘાડરૂપ જ્ઞાન અપ્રયોજનભૂતમાં લાગે, પણ પ્રયોજનભૂત તત્ત્વ, દેવ, ગુરુ, શાસ્ત્ર વગેરેનાં નિર્ણયમાં ન લાગે. મારા પરિણામ શું, ગુણ શું, કેવા પરિણામનાં ધરનાર દેવ-ગુરુ હોય, કયા પરિણામને ધર્મ તથા કયા પરિણામને અધર્મ કહે છે, એ પ્રયોજનભૂત વાત ઉપર ઊંધી રુચિના કારણે લક્ષ જતું નથી. ૯૩૭.

*

સ્વભાવ ઉપાદેય છે, અને રાગ હેય છે. એ અમુક ભૂમિકા સુધી છે. પરમાર્થે તો બધું જ્ઞેય છે, પણ રાગ ટળી જાય છે માટે તેને હેય કહ્યો છે. ૯૩૮.

*

જેમ કૂતરો લાકડી પ્રત્યે દ્વેષ કરે છે પણ મારનારની સામે જોતો નથી તેમ અજ્ઞાની પર જીવો પ્રત્યે રાગ-દ્વેષ કરે છે પણ પોતાનાં પૂર્વ કર્મ અનુસાર સંયોગો મળે છે તેમ જોતો નથી. ૯૩૯.

*

આત્માના અનુભવ વિના સંસાર તૂટતો નથી. તપ કરે, ઉપવાસ કરે-તે બધો રાગનો રસ છે. જેનાં કારણે સંસારમાં ફરવું થાય છે તે વ્યવહારને ભલો જાણી કેમ સેવે છે? જેને વ્યવહાર અથવા દયા-દાનાદિનાં ભાવ સારાં લાગે છે તે મિથ્યાદૃષ્ટિ છે, તે દુઃખ પામે છે. તથા જેણે દયા-દાન, હરખ-શોકનાં ભાવને ભલા માન્યા છે તેણે મિથ્યાત્વનો દારૂ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પીધો છે. તેને આસ્રવ સારો લાગે છે. અનાસ્રવી આત્મા સારો લાગતો નથી. તું ભ્રમથી ભૂલ્યો છો માટે આ દૃષ્ટિ કરી અનુભવ કર, આ એક જ ધર્મની રીત છે. ૯૪૦.

*

કેવળજ્ઞાનની પર્યાયને પણ ન જો, પહેલી અવસ્થા શુદ્ધ ન હતી ને પછી શુદ્ધ થઈ એવા ભેદને ન જો. ગુપ્ત ને પ્રગટ અવસ્થા ભેદ એટલે કે દ્રવ્ય ને પર્યાયના ભેદને ન જો. એક સમયનો વિકાર હોવા છતાં શક્તિ એવી ને એવી છે. ને અવસ્થા પ્રગટ થઈ ત્યારે શક્તિ એવી ને એવી છે. આવી શ્રદ્ધા સુખનું મૂળ છે. ૯૪૧.

*

જ્ઞાન તો સ્વ-પર પ્રકાશક છે. એનો વિવેક એવો હોય છે કે દ્રવ્યદૃષ્ટિએ આત્મામાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે જ નહિ પણ પર્યાયદૃષ્ટિએ બિલકુલ કર્મ-નોકર્મની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે જ નહિ એમ નથી. હા, સામાન્ય સ્વભાવદૃષ્ટિમાં સિદ્ધદશા, રાગાદિ અને કર્મ-નોકર્મનો સંબંધ બધું અભૂતાર્થ છે. દ્રવ્યદૃષ્ટિએ એ બધું નથી પણ પર્યાયદૃષ્ટિએ બધું છે. એમ ન જાણે તો એકાંત થાય છે. માટે જેમ છે એમ જાણવું જોઈએ, તો જ્ઞાન સમ્યક્ થાય છે. ૯૪૨.

*

ભૂતકાળમાં જે પર્યાયમાં અશુદ્ધતા થઈ હતી એવી લાયકાત પર્યાય દૃષ્ટિએ આત્મામાં હતી જ નહિ એમ નથી. પણ વર્તમાનદૃષ્ટિ ફરી એટલે જાણ્યું કે, ભૂતકાળની પર્યાય થઈ હતી તે તો થઈ પણ મારો સ્વભાવ અને શક્તિ તો શુદ્ધરૂપે જ થવાનો છે. એમ સમજવું જોઈએ. જેવું વસ્તુનું સ્વરૂપ છે એવું ન સમજે તો તે જ્ઞાન મિથ્યા છે. એટલે અસત્ય છે. સત્‌જ્ઞાન, સત્‌દર્શન, સત્‌ચારિત્ર તે મોક્ષમાર્ગ છે માટે પ્રથમ સાચું જ્ઞાન જેમ છે એમ કરવું જોઈએ. ૯૪૩.

*

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિશ્ચયે આત્મા શુદ્ધ છે. તેની પર્યાયમાં રાગાદિ અશુદ્ધતા હોવા છતાં પર્યાયે પણ વર્તમાન શુદ્ધ માને છે તે નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ છે. મોક્ષમાર્ગમાં તો રાગાદિક મટાડવાનું શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ કરવાનું હોય છે. જે વડે વિકારનો નાશ થાય તે મોક્ષમાર્ગ છે. શ્રદ્ધામાં વિકારનો આદર નહિ, જ્ઞાનમાં વિકાર ઉપાદેય નહિ અને આચરણમાં પણ રાગ કરે નહિ એ જ મોક્ષમાર્ગ છે. ૯૪૪.

*

પ્રશ્નઃ- શાસ્ત્રમાં તો એવો ઉપદેશ છે કે પ્રયોજનભૂત થોડું જ જાણવું કાર્યકારી છે માટે વિકલ્પ શા માટે કરવા ?

ઉત્તરઃ- સાત તત્ત્વ અથવા નવ પદાર્થ જરૂરનાં છે. જે જીવ બહુ જાણે છે ને પ્રયોજનભૂત ન જાણે, તેને કહ્યું છે કે પ્રયોજનભૂત જાણો. અથવા જેનામાં બહુ જાણવાની શક્તિ નથી તેને આ ઉપદેશ આપ્યો છે. જેની બુદ્ધિ થોડી છે તેને કહ્યું કે, પ્રયોજનભૂત થોડું જાણો. ૯૪૫.

*

હું આત્મા જ્ઞાયક છું એવી સામાન્યની દૃષ્ટિ તો કાયમ રાખવી. સામાન્ય આત્મા ઉપર દૃષ્ટિ રાખવી ને જ્ઞાનની વિશેષતા કરવી તે નિર્મળતાનું કારણ છે. વિશેષ જાણવાથી વિકલ્પ થાય છે, એમ અજ્ઞાની એકાંત ખેંચે છે. તેને સમજાવ્યું કે જ્ઞાનની વિશેષતા તે નિર્મળતાનું કારણ છે. ૯૪૬.

*

જેમ કોઈ ૮૦ વર્ષનાં વૃદ્ધનાં માથા ઉપર ચાર મણનો બોજો હોય તો તે પૂર્ણિમાનાં ચંદ્રને જોઈ શકે નહિ. તેમ જે જીવને સંસારનો ઘણો બોજો હોય તે આ વાત વિચારી શકે નહિ. સંસારમાં અનંતકાળ વીતી ગયો, જન્મ-મરણ રહિત આત્માની રુચિ નથી તેને અપૂર્વતા પ્રગટતી નથી. ૯૪૭.

*

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મા જ્ઞાયક છે, વિકારથી રહિત છે, ચિદાનંદ મૂર્તિ છે એ વાત સુલભ નથી. શેઠાઈ મળવી ને કામ-ભોગ-બંધનની કથા સાંભળવી સુલભ છે. રાજ્યપદ, ચક્રવર્તીપદ દુર્લભ નથી. ઘણા પરિશ્રમથી પામવા યોગ્ય વાત તો આત્માની છે. એ એક જ વાત પ્રશંસનીય છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વાત દુર્લભ છે. જીવે તેનો પુરુષાર્થ કર્યો નથી. પરનું લક્ષ કર્યું છે માટે આત્માની વાત દુર્લભ થઈ પડી છે. જીવને પ્રયોજનભૂત વાતની રુચિ નથી. સમ્યગ્દર્શન કેવી રીતે પ્રાપ્ત થાય તેનું ભાન નથી. આબરૂ, પૈસા વગેરે દુર્લભ નથી. શરીર, મન, વાણીથી આત્મા જુદો છે એવી વાત જેને રુચે તેણે આત્માની વાત સાંભળી કહેવાય. ૯૪૮.

*

તત્ત્વજ્ઞાનપૂર્વક પ્રતિજ્ઞા હોવી જોઈએ. સમ્યગ્દર્શન થયા પછી વ્રતાદિનો શુભવિકલ્પ આવે છે, આનંદ સ્વભાવમાં લીન થાઉં એવી ભાવના ધર્મીને આવે છે. પ્રતિજ્ઞા લીધા વિના આસક્તિનો નાશ થતો નથી. પ્રથમ સ્વભાવનું ભાન થવું જોઈએ. ૯૪૯.

*

સંપ્રદાયમાં જન્મવાથી જૈન થવાતું નથી પણ ગુણથી જૈન થવાય છે. જૈન મોહ-રાગ-દ્વેષ જીતવાવાળો છે, છતાં રાગથી ધર્મ માને તો જૈન નથી. અંતરમાં રાગની રુચિ છે તે જૈન નથી. ૯૫૦.

*

જેમ અર્હંતનું લક્ષણ વીતરાગતા ને કેવળજ્ઞાન છે પણ બાહ્ય સમવસરણ લક્ષણ નથી. મુનિનું લક્ષણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા છે, પણ નગ્ન શરીર નથી; તેમ શાસ્ત્રનું ( મુખ્ય ) લક્ષણ નવતત્ત્વોનું તથા સાચા રત્નત્રયરૂપ મોક્ષમાર્ગનું નિરૂપણ છે, પણ દયાદાનાદિનું પ્રરૂપણ તે શાસ્ત્રનું મુખ્ય લક્ષણ નથી.

લક્ષણ તેને કહે છે કે જે તે જ પદાર્થમાં હોય ને બીજે ન હોય.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

અમારા ભગવાન પાસે દેવો આવે છે તે લક્ષણ નથી. અનંત ચતુષ્ટય પ્રગટ થયાં તે લક્ષણથી અર્હંતની ઓળખાણ થાય છે. ૯૫૧.

*

શાસ્ત્રોમાં જેમ જીવાદિ તત્ત્વ લખ્યાં છે તેમ અજ્ઞાની શીખી લે છે, ત્યાં જ ઉપયોગ લગાવે છે. અને અન્યને ઉપદેશ આપે છે. પણ તત્ત્વોનો ભાવ ભાસતો નથી. તેથી સમ્યક્ત્વ થતું નથી.

વસ્તુનાં ભાવનું જ નામ તત્ત્વ કહ્યું છે. અર્થ એટલે પદાર્થને વસ્તુનાં ભાવનું જ નામ તત્ત્વ છે. રાગ કરતાં કરતાં ધર્મ થશે એમ અજ્ઞાની માને છે. તેને ભાવનું ભાસન નથી. રાગ ને શરીરથી હું ભિન્ન છું, જીવતત્ત્વ છું, શરીર અજીવ છે, રાગ આસ્રવ છે એમ ભાવભાસન થવું જોઈએ. ૯૫૨.

*

જેમ કોઈ સંગીત શાસ્ત્રાદિ ભણ્યો હોય વા ન ભણ્યો હોય પણ જો તે સ્વરાદિનાં સ્વરૂપને ઓળખે છે તો તે ચતુર જ છે. તેમ કોઈ શાસ્ત્ર ભણે અથવા ન ભણે પણ જો જીવનું ભાવભાસન છે તો તે સમ્યગ્દષ્ટિ છે. પુણ્ય-પાપ દુઃખદાયક છે. અધર્મ છે; રાગરહિત પરિણામ શાંતિદાયક છે. હું શુદ્ધ જ્ઞાયક છું ને શરીર, કર્મ વગેરે અજીવ છે. એમ ભાવભાસન થાય તો તે સમ્યગ્દષ્ટિ જ છે. કદાચિત્ વર્તમાનમાં શાસ્ત્રનું બહુ ભણતર ન હોય તોપણ તે સમ્યગ્દષ્ટિ જ છે. ૯૫૩.

*

કંચન, કામિની ને કુટુંબ એ ત્રણ છોડો તો ધર્મ થશે. એમ અજ્ઞાની કહે છે. તે છૂટાં જ પડેલાં છે, તેને હું છોડું છું એ માન્યતા જ મિથ્યાત્વ છે. આત્મા તેનાથી પર છે ને રાગદ્વેષરહિત છે એવા આત્માનાં ભાનપૂર્વક રાગ છૂટે તો કંચન, કામિની ને કુટુંબનાં નિમિત્ત છૂટયાં એમ કહેવાય. નહિતર નિમિત્ત પણ છૂટયાં કહેવાતાં નથી. સ્વરૂપમાં લીનતા કરવી તે

ચારિત્ર છે. બાહ્ય ત્યાગ તે ચારિત્ર નથી. અજ્ઞાની કહે છે કે બાહ્ય વસ્તુ છોડો તો અંતરમાં રાગ છૂટશે, પણ તે વાત ખોટી છે. ૯૫૪.

*

આત્મામાં પંચમહાવ્રત ભક્તિ વગેરેના પરિણામ થાય તે શુભરાગ છે, તે આસ્રવ છે. તે રાગને આસ્રવ પણ માનવો ને તેને જ સંવર પણ માનવો તે ભ્રમ છે. એક શુભરાગ છે તે જ આસ્રવનું અને સંવરનું બન્નેનું કારણ કેમ થાય? મિશ્રભાવનું જ્ઞાન સમ્યગ્દૃષ્ટિને જ હોય છે. સમ્યગ્દૃષ્ટિને પણ જે રાગ છે તે ધર્મ નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રાગરહિત છે તે જ ધર્મ છે. હું જ્ઞાયક છું એવા સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાનથી જેટલો વીતરાગભાવ થયો તે સંવર ધર્મ છે. ને તે જ સમયે જે રાગ છે તે આસ્રવ છે. એક જ સમયમાં આવા બન્ને ભાવો મિશ્રરૂપ છે, તે બન્નેને ભિન્ન ભિન્ન ધર્મી જીવ ઓળખે છે. પહેલાં વ્યવહાર અને પછી નિશ્ચય એમ નથી. વ્યવહારનો શુભરાગ તો આસ્રવ છે, આસ્રવ તે સંવરનું કારણ કેમ થાય? પહેલો વ્યવહાર, તે વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય એવી દૃષ્ટિથી તો સનાતન જૈન પરંપરામાંથી જુદા પડીને શ્વેતામ્બરો નીકળ્યા. અને દિગમ્બર સંપ્રદાયમાં રહીને પણ કોઈ એમ માને કે રાગ કરતાં કરતાં ધર્મ થશે, વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થશે તો એમ માનનાર પણ શ્વેતામ્બર જેવા જ અભિપ્રાયવાળો છે, તેને દિગમ્બર જૈન ધર્મની ખબર નથી. ૯૫૫.

*

નિયતનો નિર્ણય પુરુષાર્થથી થાય છે. જે સમયે જે થવાનું તે થવાનું છે. એવો નિર્ણય પુરુષાર્થથી થાય છે. પુરુષાર્થ સ્વભાવમાં છે ને સ્વભાવ જ્ઞાનસ્વરૂપ છે. ૯૫૬.

*

અજ્ઞાની કોઈ વખત શાસ્ત્ર પ્રમાણે જ વાત કરે પણ અંતરંગમાં સ્વ-પરનું ભેદજ્ઞાન નથી. આત્મા આશ્રયે નિર્ણય કર્યો નહિ હોવાથી શાસ્ત્રો પ્રમાણે વાતો કરે તોપણ તેને સમ્યક્દૃષ્ટિ કહેવાય નહીં. કેફી માણસ

કદાચ કોઈ વખત માતાને માતા પણ કહે છતાં તે સાચો નથી. દિગમ્બર નામ ધરાવે પણ આ વાતને સમજે નહિ તો તે સાચા દિગમ્બર કહેવાતા નથી. કેમકે જે પ્રમાણે તે શાસ્ત્રને ભણે છે, તે પ્રમાણે અંતરંગમાં ભાવનું ભાસન થયું નથી. જેમ બીજાને બીજાથી જુદો બતાવે તેમ તે શરીરાદિથી આત્મા ભિન્ન છે. એમ કહે પણ તેનો અંતરમાં, ભિન્નપણાનો ભાવ ભાસતો નથી. તેથી તેને જીવ-અજીવનાં જુદાપણાની યથાર્થ શ્રદ્ધા નથી. ૯૫૭.

*

આત્માનું હિત મોક્ષ જ છે. સંસાર અવસ્થામાં દુઃખ છે, ત્યાં ઘણું કે થોડું દુઃખ જ છે. પણ સુખ બિલકુલ નથી. ચારે ગતિમાં દુઃખ છે. આકુળતા તે દુઃખ છે. સ્વર્ગની ઇચ્છાથી પુણ્ય કરે કે નરક-તિર્યંચના દુઃખથી ડરીને પાપ ન કરે તેમાં કલ્યાણ નથી. તેમાં આકુળતા છે. પણ શાન્તિ નથી. આકુળતા તે દુઃખ છે ને નિરાકુળતા તે સુખ છે એમ નિર્ણય કર્યા વિના મોક્ષમાર્ગમાં આવી શકે નહીં. ૯૫૮.

*

પ્રશ્નઃ- ઉપવાસાદિ કરવા કે ન કરવા?

ઉત્તરઃ- આહાર જે ક્ષણે મળવાનો નથી તેને તું મેળવ એમ કહેવામાં આવતું નથી. અને જે ક્ષણે રાગની મંદતા થવાની છે તે ન કરવી એમ પણ કહેવાતું નથી. વળી રાગ તીવ્ર હો કે મંદ હો પણ તે ધર્મ નથી. જે સમયે જે રાગ આવે તેની ના પાડી શકાય નહિ અને જે આહાર મળવાનો નથી. તેને મેળવવાનું કહી શકાય નહિ. હું તો શુદ્ધ ચૈતન્યસ્વભાવી છું, રાગની મંદતા કરનારો નથી. એવી રુચિ જ્ઞાન અને રમણતાનો પુરુષાર્થ કરે છે તેને વિકલ્પ અને નિમિત્ત હોય છે. પણ રાગ કે નિમિત્ત માટે પ્રયત્ન કરવો પડતો નથી. મોક્ષનો ઉપાય કરવો એ ઉપદેશનું તાત્પર્ય છે. નિમિત્ત મેળવવો કે રાગ કરવો વગેરે ઉપદેશમાં છે જ નહિ. ૯૫૯.

*

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


સ્વભાવનું સામર્થ્ય, વિકારની વિપરીતતા અને સંયોગોની પૃથક્તાનો નિર્ણય કરે તો સમ્યગ્દર્શન થાય. પોતે સમજીને દિશા પલટાવે તો કાર્ય આવે. નિમિત્ત, રાગ અને પર્યાયની રુચિ છોડી સ્વભાવની રુચિ કરે તો પુરુષાર્થ સાચો છે. ૯૬૦.

*

અજ્ઞાની સ્વભાવનું સાધન કરતો નથી, પણ રાગનું સાધન કરે છે તેથી તેનો ભ્રમ દૂર થતો નથી. જે સ્વભાવના આશ્રયે નિર્ણય કરે તેને ભવી- અભવીની શંકા રહેતી નથી. સાચો ઉપદેશ સાંભળીને જે નિર્ણય કરે તેની ભ્રમણા દૂર થાય. સ્વભાવ સન્મુખ નિર્ણય કરતાં વર્તમાન પરિણામની વિશુદ્ધતા થાય છે. ૯૬૧.

*

તત્ત્વાર્થ શ્રદ્ધાન કહ્યું તેમાં તત્ત્વ અને અર્થ એ બન્નેનો નિર્ણય કરવાનું આવ્યું. દ્રવ્ય-ગુણ અને પર્યાય-ત્રણે અર્થ છે. ત્રણે સત્ છે તે ત્રણેનું સ્વરૂપ તે તેનું તત્ત્વ છે. એકેક સમયની પર્યાય પણ સત્ છે. તે ત્રિકાળ નથી પણ વર્તમાન પૂરતી તે સત્ છે. પર્યાયને સત્ ન માને તેને અર્થની શ્રદ્ધા નથી. વસ્તુ શું અને તેનો ભાવ શું તે બન્નેને જાણ્યા વિના સાચું તત્ત્વાર્થ શ્રદ્ધાન થાય નહિ. એકેક સમયની પર્યાય સત્ છે. તેનો મલિનભાવ છે કે નિર્મળભાવ છે, તે પણ જાણવું જોઈએ. આસ્રવ તે તત્ત્વ છે, ને તે મલિન ભાવ છે, સંવર નિર્મળભાવ છે. ૯૬૨.

*

જીવ અર્થ છે ને જ્ઞાયકપણું તેનો ભાવ છે, અજીવ તે અર્થ છે ને અચેતનપણું-જડપણું તેનો ભાવ છે, સંવર-નિર્જરા તે અર્થ છે ને વીતરાગતા તેનો ભાવ છે. આસ્રવ-બંધ તે અર્થ છે ને મલિનતા તેનો ભાવ છે, કેવળજ્ઞાન પર્યાય તે અર્થ છે ને ત્રણ કાળ-ત્રણ લોકને એક સમયમાં જાણે એવો તેનો ભાવ છે. એ પ્રમાણે 'અર્થ' ને અને તેના 'તત્ત્વ'

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ને જાણે તો યથાર્થ શ્રદ્ધા થાય, માટે તત્ત્વાર્થ શ્રદ્ધાનને સમ્યગ્દર્શનનું લક્ષણ કહ્યું છે. ૯૬૩.

*

લાખો માણસો કદાચ ઉપદેશનાં નિમિત્તે સમજે તો તેનો લાભ ઉપદેશ કરનારને નથી. વાણીનું પરિણમન આત્માને આધીન નથી. પરદ્રવ્યનું પરિણમન ભિન્ન છે. જીવ-અજીવનું શ્રદ્ધાન કરીને પોતાના હિત માટે પરથી ઉદાસીન થાય એમ (શાસ્ત્રોમાં) કહ્યું છે, પણ પરને નિમિત્ત હું થાઉં એમ કહેલ નથી. ૯૬૪.

*

સ્વ-પરનું શ્રદ્ધાન થતાં પોતાને પરથી ભિન્ન જાણે તો પોતાના આશ્રયે સંવર-નિર્જરારૂપ દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઉપાય કરે અને પોતાથી ભિન્ન પરદ્રવ્યો છે એમ શ્રદ્ધાન થતાં પરને લક્ષે પુણ્ય-પાપ, આસ્રવ-બંધ થાય છે, તેને છોડવાનું શ્રદ્ધાન થાય છે. પોતાને પરથી ભિન્ન જાણતાં પોતાના હિતને અર્થે પ્રવર્તે અને પોતાથી પરને ભિન્ન જાણતાં તેના પ્રત્યે ઉદાસીન થાય અને રાગાદિ છોડવાનું શ્રદ્ધાન થાય એમ સામાન્ય રીતે જીવ-અજીવ બન્ને જાતિને જાણે તો મોક્ષ થાય. ૯૬૫.

*

પ્રશ્નઃ- વિપરીત અભિનિવેશ રહિત શ્રદ્ધાન કરવું કહ્યું તેનું શું પ્રયોજન છે?

ઉત્તરઃ- અભિનિવેશનો અર્થ અભિપ્રાય થાય છે. જેવો તત્ત્વાર્થ શ્રદ્ધાનનો અભિપ્રાય છે. તેથી વિપરીત અભિપ્રાય થતાં વિપરીત અભિનિવેશ થાય છે. જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવો અભિપ્રાય હોવો જોઈએ, તત્ત્વાર્થ શ્રદ્ધાન કરવાનો અભિપ્રાય તેનો નિશ્ચય કરવો એટલો જ નથી. પરંતુ જીવ-અજીવને જુદા જાણી, પોતાને પરથી જુદો જાણવો. ૯૬૬.

*

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોઈ કહે કે અમને પણ યાદ રહેતું નથી પણ ભાવનું ભાસન છે તેને કહે છે કે જેને ભાવનું ભાસન હોય તેને વાણીમાં વિપરીત વાત કદી આવે નહીં. તિર્યંચ વિકારનો આદર કરતો નથી અને અવિકારનો આદર કરે છે. અને એ જ હિતરૂપ છે એમ તેના જ્ઞાનમાં વર્તે છે. એમાં સાતે તત્ત્વોનું યથાર્થ શ્રદ્ધાન આવી જાય છે. ઢોરમાં ઊંધા લાકડાં અહીં જેવા નાખ્યા ન હોય. જેણે ઊંધા લાકડાં નાખ્યા હોય તેણે એ બધાં કાઢવા જોઈએ. એટલે કે અહીં તો બધાં પડખાથી બરાબર વિપરીતતા કાઢે તો તત્ત્વાર્થ શ્રદ્ધાન થાય. તિર્યંચને ભલે વિશેષ જ્ઞાન ન હોય પણ સ્વભાવ, વિભાવ અને સ્વ-પરનું યથાર્થ શ્રદ્ધાન હોય છે. ૯૬૭.

*

આ જાણનારમાંથી આનંદ અને શાંતિ આવે છે, એના શબ્દની ભલે ખબર ન હોય પણ એના ભાવનું ભાન બરાબર (સમ્યક્દષ્ટિ તિર્યંચને) હોય છે. શબ્દો આવડતા હોય પણ ભાવનું ભાસન ન હોય, તેને જીવતત્ત્વની ખબર નથી તેનાથી ઉલટું ભલે નામની ખબર ન હોય પણ આત્માને સ્વપણે અને અજીવ પુદ્ગલને પરપણે શ્રદ્ધે તો તેને સમ્યગ્દર્શન થાય છે. આ રીતે સામાન્યપણે જીવ-અજીવનું શ્રદ્ધાન (સમ્યક્દષ્ટિ) તિર્યંચોને પણ હોય છે. ૯૬૮.

*

જો તિર્યંચને પણ સાત તત્ત્વોનું ભાન ન હોય તો સમ્યગ્દર્શન ન હોય કેમ કે જો તે જીવની જાતિ ન જાણે તો સ્વ-પરને ન ઓળખે અને તેથી પરમાં રાગાદિ કર્યા વિના રહે નહિ. મન, વાણી આદિને પોતાનાં માનીને એ રાગ કર્યા વિના રહે નહિ. પરંતુ ઢોરને પણ જીવ-અજીવાદિનું શ્રદ્ધાન હોય છે. તેથી તે પરમાં રાગાદિ કરતાં નથી. દેડકા, ચકલાં કોઈ આત્મજ્ઞાન પામે છે. એને જીવતત્ત્વનું યથાર્થ ભાન હોય છે. મારો ચૈતન્યસ્વભાવ છે તે પરમાં નથી. તેથી પર તે હું નથી અને મારામાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પર નથી, એવા પરથી ભિન્ન પોતાનાં સ્વરૂપને ઢોર બરાબર જાણે છે. તેને પરમાં એકત્વબુદ્ધિ થઈને રાગાદિ થતા નથી. ૯૬૯.

*

આત્માની શ્રદ્ધામાં સાતની શ્રદ્ધા આવી જાય છે, પણ તે છળથી કોઈ સામાન્યપણે સ્વ-પરને જાણી અથવા આત્માને જાણી કૃત્યકૃત્યપણું માને તો એ ભ્રમ છે. પુણ્ય-પાપ, દયા-દાનાદિ વિકાર હેય છે એ જાણ્યા વિના આત્માનું જ્ઞાન સાચું થતું નથી. બંધના ફળને હિતકર માને તે બંધને હિતકર માને છે. આમ કોઈ જીવ માત્ર આત્માને સામાન્યપણે જાણે ને કહે કે મારું કાર્ય પૂરું થઈ ગયું તો તે ભ્રમણા છે. ૯૭૦.

*

સાતને (તત્ત્વ) જાણ્યા વિના આત્માની શ્રદ્ધા થતી નથી. એક જીવને જાણતાં સાત આવી જાય છે. જીવ એકલો સામાન્ય નથી. પણ તેનાં વિશેષો સહિત છે. જીવ-અજીવ સામાન્ય છે, ને આસ્રવાદિ પાંચ તેના વિશેષો છે. આ જાણ્યા વિના અજ્ઞાની લોકો વ્રત-તપમાં ધર્મ માને છે. નય-નિક્ષેપ-પ્રમાણ દ્વારા રાગસહિત વસ્તુનું જ્ઞાન કરવું તે પ્રથમ યોગ્યતા છે. પછી સ્વભાવનાં લક્ષે રાગનો અભાવ થાય છે. આ પ્રયોજનભૂત રકમ છે. તે છૂટી જાય તો પછી કાંઈ પણ કાર્યકારી નથી. ૯૭૧.

*

શુભ-અશુભભાવ બન્ને મટાડવાનો હેતુ છે. તે હેતુ જેને ભાસતો નથી તે કેવળ જાણપણાથી માનને જ વધારે છે. જીવ જ્ઞાનસ્વરૂપ છે. એમ અમે જાણીએ છીએ એમ અજ્ઞાની કહે છે પણ રાગાદિ મટાડવા જેવા છે, શુભભાવ પણ મદદગાર નથી-આદરવા યોગ્ય નથી. એવું જાણવું ન કરે તો તેનું કાર્ય કેવી રીતે સિદ્ધ થાય? ન થાય. એકલા આત્માને અથવા સ્વ-પરને જાણે પણ પાંચ વિશેષોને (આસ્રવ-બંધ-સંવર-નિર્જરા-મોક્ષ) ન જાણે તો કાર્યકારી નથી. ૯૭૨.

*

નિર્વિકલ્પ દશા થવા અર્થે નવ તત્ત્વોનો વિકલ્પ છોડવાની વાત કરી છે. નવ તત્ત્વોનું જ્ઞાન છે પણ નવ તત્ત્વોનાં ભેદનાં લક્ષે રાગ થાય છે તેથી તે છોડવાની વાત કરી છે. જ્ઞાન નવને જાણે તે રાગનું કારણ નથી, તે તો નિશ્ચય સમકિત છે. નવનું જ્ઞાન યથાર્થ કર્યું છે. પણ નવનાં વિકલ્પો ઉઠતા હતા તેનો નિષેધ કર્યો છે. ૯૭૩.

*

પર્યાયમાં પોતાના કારણે અશુદ્ધતા છે. એમ ન માને અને એકલો આત્મા શુદ્ધ જ છે. એમ માને છે તે નિશ્ચયાભાસી છે. ભક્તિ આદિનો રાગ તો મુનિને પણ આવે છે, છતાં નિચલી ભૂમિકામાં તે રાગ હોતો નથી. એમ માને તે નિશ્ચયાભાસી છે, અને રાગ થાય છે એને આદરણીય માને તો તે વ્યવહારાભાસી છે, તે બન્ને મિથ્યાદૃષ્ટિ છે. ચૌદમાં ગુણસ્થાન સુધી પણ અસિદ્ધત્વભાવ હોય છે. તેને માને નહિ તો, તે ખરેખર નિશ્ચયને પણ જાણતો નથી. અહીં નિશ્ચયનયાવલંબી કહેલ છે તેનો અર્થ નિશ્ચયને જાણે છે એમ નથી પણ નિશ્ચયની વાતો કરે છે પણ નિશ્ચયને યથાર્થપણે જાણતો નથી. પરંતુ નિશ્ચયાભાસનાં શ્રદ્ધાની બની પોતાને મોક્ષમાર્ગી માને છે તે જીવ તો નિશ્ચય-વ્યવહાર બન્નેને યથાર્થપણે જાણતો નથી. ૯૭૪.

*

સર્વ વિદ્યામાં આત્માની વિદ્યાને જ પ્રધાન કહેલ છે. તે અધ્યાત્મવિદ્યાનો રસિક વક્તા હોય તે શોભે છે. શસ્ત્ર બનાવવાની વિદ્યા યંત્ર-જંત્ર-તંત્ર આદિ વિદ્યા તે લૌકિક વિદ્યા છે. આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે. એની દૃષ્ટિપૂર્વક સંસારનો રસ જેને છૂટયો છે, તે અધ્યાત્મરસનો રસિયો છે. ૯૭૫.

*

યથાર્થ મુનિના ઉપદેશને કહેવાવાળાઓ હોય અને જૈનધર્મના શ્રદ્ધાળુ હોય એવા વક્તાનો ઉપદેશ શ્રવણ કરવા યોગ્ય છે. પણ મિથ્યાદૃષ્ટિ

હોય શિષ્યનો લાલચુ હોય પૈસાનો લોભી હોય-એવા વક્તાનો ઉપદેશ સાંભળવો નહિ માત્ર ધર્મ ઉપદેશનો દાતા હોય તે પોતાનું અને પરનું ભલું કરે છે. પણ જે કષાય વડે ઉપદેશ આપે છે તે પોતાનું બૂરું કરે છે અને બીજાનું બૂરું થવામાં નિમિત્ત થાય છે. આ પ્રમાણે વક્તાનું સ્વરૂપ છે. ૯૭૬.

*

ભલું થવા યોગ્ય છે તેથી જે જીવને એવો વિચાર આવે છે કે... હું કોણ છું? ક્યાંથી અહીં આવી જન્મ ધર્યો? મરીને ક્યાં જઈશ? મારું સ્વરૂપ શું છે? આ ચારિત્ર કેવું બની રહ્યું છે. આદિનો જેણે નિર્ણય કર્યો છે. આત્મા અદ્ધરથી આવ્યો છે કે પૂર્વભવમાંથી આવ્યો છે. હું આ કુળમાં જન્મ્યો છું. હું કોણ છું, મરીને ક્યાં જઈશ એટલે કે આ દેહ છૂટશે એટલે હું ક્યાં જઈશ-એવો વિચારવાન શ્રોતા હોવો જોઈએ. મારું ખરું સ્વરૂપ શું છે? અને આ વર્તન બધું શું થઈ રહ્યું છે. ખાવું પીવું, વેપાર-ધંધા, વગેરે જે થઈ રહ્યું છે તે શું છે? મને આ જે ભાવો થાય છે એટલે કે આ પાપ ભાવો થાય છે, કુટુંબનાં-વેપારનાં-શરીરાદિનાં ભાવો થાય છે તેનું ફળ શું આવશે? અને આ જીવ કેમ દુઃખી થઈ રહ્યો છે, તેવા વિચારો કરનારો યોગ્ય શ્રોતા છે. જેને દુઃખ જ ન લાગતું હોય તે યોગ્ય શ્રોતા નથી. ૯૭૭.

*

જે જીવ લૌકિક અનુકૂળતામાં લીન થઈ ગયો હોય, એટલે એને વર્તમાન દુઃખ લાગતું નથી. એવો શ્રોતા ધર્મ શ્રવણને લાયક નથી. ૯૭૮.

*

ધર્મબુદ્ધિ વડે નિંદ્ય કાર્યોનો જ ત્યાગી થયો છે એવા જીવો શાસ્ત્રના શ્રોતા હોવા જોઈએ. લૌકિકમાં પણ જે ન શોભે એવાં કાર્યો કરતો હોય તે શ્રોતાને લાયક નથી તો પછી એવો જીવ કદી વક્તા તો થઈ શકે જ નહિ. ૯૭૯.

*

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તો પ્રત્યક્ષ દેખવામાં આવે છે તો બંધન નથી એમ કેમ કહી શકાય? જો બંધન ન હોય તો મોક્ષમાર્ગી તેના નાશનો ઉદ્યમ શા માટે કરે?

નિમિત્ત-નૈમિત્તિક સંબંધને ન માને તો તે મિથ્યાદ્રષ્ટિ છે. સ્ત્રીનો દેહ હોય અને મુક્તિ થાય એમ અજ્ઞાની માને છે, તે નિમિત્ત-નૈમિત્તિક સંબંધને માનતો નથી. સ્ત્રીને ત્રણ કાળમાં છઠ્ઠું ગુણસ્થાન આવતું નથી. એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. એવી જ સ્ત્રી દેહમાં રહેલા જીવની યોગ્યતા છે. એમ ન માને તે ગૃહીત મિથ્યાદ્રષ્ટિ છે. વીતરાગમાર્ગ અલૌકિક છે. લોકો પોતાની કલ્પનાથી માને છે એવો તે માર્ગ નથી. આંખમાં કણું ચાલે પણ સાચા માર્ગમાં થોડી પણ ભૂલ ચાલે નહિ એમ સમજવું.

આત્મામાં ભાવબંધન જ ન હોય તો સમ્યગ્દ્રષ્ટિ જ્ઞાનાનંદ સ્વભાવમાં સ્થિર થઈને વિકારનો નાશ શા માટે કરે? માટે પર્યાયમાં બંધન છે એમ જાણવું. ૯૮૦.

*

સ્વભાવની રુચિ જેને થઈ છે તે જીવ પણ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરે તો દર્શન-જ્ઞાન નિર્મળ થાય છે. ક્ષાયિક સમ્યગ્દર્શન તો નિર્મળ છે પણ જ્ઞાનમાં વિશેષ નિર્મળતા થાય છે. ૯૮૧.

*

સમ્યગ્દ્રષ્ટિ હોય કે મિથ્યાદ્રષ્ટિ બન્નેને ચારે અનુયોગનો અભ્યાસ કાર્યકારી છે. તેમાં પણ દ્રવ્યાનુયોગનો અભ્યાસ મુખ્ય છે કેમ કે મૂળભૂત નિરૂપણ તો એમાં છે. ૯૮૨.

*

નિર્વિકલ્પ અનુભવમાં સમ્યગ્દ્રષ્ટિ નિરંતર રહી શકતા નથી એટલે તેને શાસ્ત્રાભ્યાસ વગેરેનો ભાવ આવે છે. નિર્વિકલ્પ અનુભવની અપેક્ષાએ તે શુભરાગને હેય કહ્યો છે. નિર્વિકલ્પ અનુભવમાં રહેવું તે તો ઉત્તમ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ છે. પણ છદ્મસ્થનો ઉપયોગ નીચેની દશામાં આત્મસ્વરૂપમાં લાંબો કાળ લાગતો નથી. માટે જ્ઞાનની વિશેષ નિર્મળતા માટે શાસ્ત્રાભ્યાસમાં બુદ્ધિ જોડવી યોગ્ય છે. નિશ્ચયાભાસી તો તેનો સર્વથા નિષેધ કરે છે, પણ અરે ભાઈ! તને બીજો રાગ તો આવે છે! તો શાસ્ત્રાભ્યાસ વગેરેમાં પણ ઉપયોગ જોડવો તે યોગ્ય છે. તેમાં જે રાગ છે તે દોષ છે, પણ તીવ્ર ઉપયોગ જોડવો તે યોગ્ય છે. તેમાં જે રાગ છે તે દોષ છે, પણ તીવ્ર રાગની અપેક્ષાએ શાસ્ત્રાભ્યાસમાં જોડાવું યોગ્ય છે. સમ્યગ્દર્શન થયું ત્યાં કાંઈ તદ્દન વીતરાગતા થઈ જતી નથી. સમ્યગ્દર્શન પછી પણ રાગ તો આવે છે, જો નિર્વિકલ્પ આનંદમાં જ્ઞાનપર્યાય એકાગ્ર થઈ જાય તો તે બરાબર છે, પણ જ્યારે નિર્વિકલ્પ આનંદમાં ન રહેવાય ત્યારે સ્વાધ્યાય, પૂજા, દેવ-ગુરુની ભક્તિ વગેરે પ્રશસ્ત કાર્યો છોડીને વિકથા વગેરે નિંદનીક કામમાં જોડાય તો મહા અનર્થ થાય. ૯૮૩.

*

ધારણા કરીને જો અનુભવમાં ન ઉતરે તો (બહુધા) તે ધારણાનું અભિમાન થયા વિના રહે નહિ. ૯૮૪.

*

કોઈ જ્ઞાનીને ધારણા ભલે ઓછી હોય પણ પ્રયોજનભૂત જ્ઞાન તો બરાબર હોય છે. એટલે વિરોધતા ન આવે. વિશેષ સ્પષ્ટીકરણ કદાચ ન કરી શકે. પણ સ્વભાવની અપેક્ષા અને પરની ઉપેક્ષા જ્ઞાનીને હોવાથી સમયે સમયે જ્ઞાનની વિશેષ નિર્મળતા થતી જાય છે, તે સામાન્ય કરતાં વિશેષ બળવાન છે એમ સમજવું. ૯૮૫.

*

આત્માના આશ્રયે જે જ્ઞાન પ્રગટ થયું તેનાં વડે નિર્ણય થાય છે. ખરેખર શાસ્ત્રના અભ્યાસથી જ્ઞાન નિર્મળ થાય છે એમ નથી પણ આત્માનાં યથાર્થ સ્વરૂપને અજ્ઞાની જાણતો નથી. અને (તોપણ)

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

શાસ્ત્રાભ્યાસનો નિષેધ કરે છે. તેને અહીં નિમિત્તથી કથન કરીને શાસ્ત્રનો વિશેષ અભ્યાસ કરવાથી જ્ઞાન નિર્મળ થાય છે. એમ કહેલ છે. જો શાસ્ત્રથી જ્ઞાન થતું હોય તો વધારે શાસ્ત્ર ભણે તો આત્મામાં નિર્મળતા થાય, પણ તેમ નથી. આત્માના આશ્રયે જ્ઞાન વધે છે, તેમાં શાસ્ત્રાભ્યાસ નિમિત્તમાત્ર છે. આત્માનાં આશ્રયે નિર્ણય થાય છે એને શાસ્ત્રનાં અભ્યાસથી નિર્ણય થાય છે એમ નિમિત્તથી કહેલ છે. ૯૮૬.

*

રોગ તો થોડો અથવા તો ઘણો હોય તો તે ખરાબ જ છે પણ પાંચ ડિગ્રીની અપેક્ષાએ એક ડિગ્રી તાવને સારો કહેવાય છે. તેમ શુદ્ધોપયોગ ન હોય ત્યારે અશુભભાવ છોડીને શુભમાં પ્રવર્તવું યોગ્ય છે. આ વાતના મર્મને ન સમજે તો કાં તો એકલા શુભભાવમાં લાગી જાય અને કાં તો શુભને છોડીને અશુભમાં લાગી જાય છે. પણ શુદ્ધોપયોગ કરવાનો પ્રયાસ કરતો નથી તે મિથ્યાદૃષ્ટિ છે. વીતરાગમાર્ગ તો અલૌકિક માર્ગ છે. તેને સમજવા માટે ઘણો પુરુષાર્થ જોઈએ. ૯૮૭.

*

આત્માનું સ્વરૂપ પરિપૂર્ણ છે એવું અંતરભાન થયું નથી ને પુણ્ય છોડી પાપમાં પ્રવર્તે છે. તથા શાસ્ત્રની ઓથ લઈને કહે છે કે મને પણ સમ્યગ્દૃષ્ટિની જેમ બંધન નથી. તે નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાનીને તો પર્યાયનો વિવેક વર્તે છે. ૯૮૮.

*

આત્મા આનંદસ્વરૂપ છે ને વિકાર મારું સ્વરૂપ નથી. એમ ભાન થતા આનંદનો અંશ પર્યાયમાં આવ્યો ત્યારે રાગરહિત દશા થઈ તે અનેકાંત છે. ૯૮૯.

*

જ્ઞાન સ્વભાવ તરફ ઢળે છે, તે સ્વભાવને ઉપાદેય માન્યો, ને રાગની

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રુચિ છૂટી તે રાગનું હેયપણું છે. સ્વભાવ ઉપાદેય ને રાગ હેય એવો વિકલ્પ ઉઠાવવો તે કાર્યકારી નથી. અજ્ઞાનીને વિકલ્પનો નાશ કરવાનો ઉદ્યમ નથી. વિકારની વિમુખતા ને સ્વભાવસન્મુખતા અજ્ઞાની કરતો નથી. રાગાદિ પરિણામ હેય છે. એવું શ્રદ્ધાન અજ્ઞાનીને સંભવતું નથી. આત્મા ઉપાદેય છે. સંવર-નિર્જરા કથંચિત્ ઉપાદેય છે ને પુણ્ય-પાપ, આસ્રવ, બંધ હેય છે એવા ભાન વિના સમ્યગ્દર્શન હોઈ શકે નહિ. જીવ-અજીવ આદિ સાતે તત્ત્વોના શ્રદ્ધાનનું પ્રયોજન એ છે. ૯૯૦.

*

સ્વ-પરનું જાણવું તે ઉપાધિ નથી, અને વિકારનું કારણ પણ નથી. અજ્ઞાની કહે છે કે અમને પરદ્રવ્ય જાણતાં રાગાદિ થાય છે માટે કોઈ પરદ્રવ્યનું લક્ષ કરવું નથી. તો તે સ્વ-પર પ્રકાશક જ્ઞાનની સ્વચ્છતાને જાણતો નથી. જ્ઞાની તો જેને જાણે તેને સમ્યક્જ્ઞાનની સ્વચ્છતા જાણે છે. તેમાં રાગનો અભિપ્રાય નથી. તેથી તેનું જેટલું જ્ઞાતાભાવથી જાણવું છે, તેટલી વીતરાગતા જ છે. ૯૯૧.

*

જિનાગમમાં વ્યવહારની મુખ્યતાથી ઉપદેશ છે પણ વ્યવહારની મુખ્યતાથી ધર્મનો લાભ છે એવું ક્યાંય કહ્યું નથી, છતાં અજ્ઞાની જીવ પરાશ્રય ભાવોને ભલા માની બાહ્ય સાધનાદિકનું જ શ્રદ્ધાનાદિ કરે છે, તેને ધર્મનાં સર્વ અંગ અન્યથા રૂપ થઈ મિથ્યાભાવને પ્રાપ્ત થાય છે. ૯૯૨.

*

ધર્મ અને તેનું સ્વરૂપ તથા તેનું ફળાદિ શું છે તેનો બરાબર નિર્ણય કરીને ધર્મ અંગીકાર કરવો. પણ સમજ્યા વિના કુળાચાર જાણી વર્તે તો તે ધર્મ નથી. અનુભવી જ્ઞાનીના સમાગમમાં રહી પાત્રતાપૂર્વક યથાર્થ માર્ગ ઓળખીને જૂઠા માર્ગનું અન્યથાપણું જાણીને અસલી જૈનધર્મને જ માનવો. જો નિર્ણય વિના શાસ્ત્રમાં લખ્યું તે સાચું એમ માની લે તો હઠથી, પક્ષથી માન્યું છે. તેથી તેને હિતકર-

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


અહિતકર માર્ગનો નિર્ણય નથી. તે તો અન્ય મતની જેમ જાણવું. ૯૯૩.

*

દિગંબર જૈન મતનો અનુયાયી હોવા છતાં જેને યથાર્થ વસ્તુસ્વરૂપની ખબર નથી. એકલા વ્યવહારમાં-રાગમાં ધર્મ માને છે તથા કુળપરંપરા માત્રથી જ પોતાને ધર્મી માને છે પણ સત્યનો નિર્ણય કરતા નથી તો તે પણ મિથ્યાદષ્ટિ જ છે. ૯૯૪.

*

જે જીવ આજીવિકા માટે વ્રતાદિ ધારણ કરે, વિવાહાદિ સંબંધની આશાથી, માનાદિ અર્થે, ભોજનાદિની સગવડતા અર્થે ઇત્યાદિ વિષય-કષાય સંબંધી પ્રયોજન વિચારી કપટથી જૈની થાય છે તે તો પાપી જ છે. સંસારના નાશ અર્થે જૈનધર્મ છે. તેને સંસાર પોષણનું સાધન બનાવે તે મોટો અન્યાય છે. ૯૯૫.

*

કોઈ જીવ સમકિતી થવા માટે શાસ્ત્રો દ્વારા જીવાદિ તત્ત્વોને શીખે પણ તેનું નિશ્ચય સ્વરૂપ ઓળખે નહિ ભાવભાસન ન થાય તો અન્ય તત્ત્વને અન્ય તત્ત્વરૂપ માની બેસે કોઈ વાત સત્યરૂપ પણ માને તોપણ નિર્ણય રહિત હોવાથી તેને સમ્યક્ત્વ થતું નથી. ૯૯૬.

*

બાહ્યક્રિયા સાથે નિર્જરાને સંબંધ નથી. મહિના મહિનાના ઉપવાસ કરે પણ ત્યાં પરિણામ પ્રમાણે લાભ-નુકશાન થાય છે. કષાયની મંદતા કરી હોય તો પુણ્ય બંધાય, અભિમાન કર્યું હોય તો પાપ થાય અને પુણ્ય-પાપ રહિત શુદ્ધ પરિણામ કર્યા હોય તો નિર્જરા થાય. ૯૯૭.

*

વર્તમાન ઉદયમાં જીવ એટલો બધો રચ્યોપચ્યો રહે છે કે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ભાવિના સાદિ અનંતકાળમાં મારું શું થશે? એ વિચાર પર એનું વજન નથી આવતું. ૯૯૮.

*

વસ્તુની સિદ્ધિ કરવા માટે બે નય છે, બાકી મોક્ષમાર્ગ તો એકને મુખ્ય કરતાં જ થાય છે. વ્યવહારનયની ઉપેક્ષા તે જ તેનું સાપેક્ષપણું છે. ૯૯૯.

*

હજારો વર્ષના શાસ્ત્ર-ભણતર કરતાં એક ક્ષણનો સ્વાનુભવ વધી જાય છે. જેને ભવસમુદ્રથી તરવું હોય તેણે સ્વાનુભવની વિદ્યા શીખવા જેવી છે. ૧૦૦૦.

*

ચૈતન્યના અનુભવની ખુમારી ધર્મીના ચિત્તને બીજે ક્યાંય લાગવા દેતી નથી. સ્વાનુભવના શાંતરસથી તે તૃપ્ત-તૃપ્ત છે. ચૈતન્યના આનંદની મસ્તીમાં તે એવા મસ્ત છે કે હવે બીજું કાંઈ કરવાનું રહ્યું નથી. ૧૦૦૧.

*

વિકલ્પ વિનાની જ્ઞાનની વેદના કેવી છે, તેનું અંતર્લક્ષ કરવું તેનું નામ ભાવશ્રુતનું લક્ષ છે. રાગની અપેક્ષા છોડીને સ્વનું લક્ષ કરતાં ભાવશ્રુત ખીલે છે ને તે ભાવશ્રુતમાં આનંદના ફૂવારા છે. ૧૦૦૨.

*

આ કાળે બુદ્ધિ થોડી, આયુ થોડું, સત્ સમાગમ દુર્લભ, તેમાં હે જીવ! તારે એ જ શીખવાયોગ્ય છે કે જેનાથી તારું હિત થાય ને જન્મ-મરણ મટે. ૧૦૦૩.

*

હું શુદ્ધ ચિદ્રૂપ છું' એવા નિર્ણયથી શુદ્ધ ચિદ્રૂપ પ્રાપ્ત થાય છે. તે શ્રુતસમુદ્રમાંથી નીકળેલું ઉત્તમ રત્ન છે. સર્વ તીર્થોમાં તે ઉત્કૃષ્ટ તીર્થ છે, સુખોનો તે ખજાનો છે, મોક્ષનગરીમાં જવા માટેનું તે ઝડપી વાહન

છે. ભવના વનને બાળી નાખવા માટે તે અગ્નિ છે. ૧૦૦૪.

*

એક સમયમાં હું ચિદાનંદ પરિપૂર્ણ છું, એવી પ્રતીતિ તે ભવના નાશનું કારણ છે. આવી પ્રતીતિ થયા પછી અલ્પરાગ રહે, તે પરના પડખે જાય છે. ૧૦૦૫.

*

અહો! મહાન સંત મુનિશ્વરોએ જંગલમાં રહીને આત્મસ્વભાવના અમૃત વહેતાં મૂકયાં છે. આચાર્યદેવો ધર્મના સ્તંભ છે, જેમણે પવિત્ર ધર્મને ટકાવી રાખ્યો છે. ગજબ કામ કર્યું છે. સાધકદશામાં સ્વરૂપની શાંતિ વેદતાં પરિષહોને જીતીને પરમ સત્‌ને જીવંત રાખ્યું છે. આચાર્યદેવના કથનમાં કેવળજ્ઞાનના ભણકાર વાગી રહ્યા છે. આવા મહાન શાસ્ત્રોની રચના કરીને ઘણા જીવો ઉપર અમાપ ઉપકાર કર્યો છે. રચના તો જુઓ! પદે પદે કેટલું ગંભીર રહસ્ય છે! આ તો સત્યની જાહેરાત છે, આના સંસ્કાર અપૂર્વ ચીજ છે. અને આ સમજણ તો મુક્તિને વરવાના શ્રીફળ છે. સમજે તેનો મોક્ષ જ છે. ૧૦૦૬.

*

જિજ્ઞાસુ જીવે સત્યનો સ્વીકાર થવા અર્થે અંતર વિચારના સ્થાનમાં સત્યને સમજવાનો અવકાશ અવશ્ય રાખવો જોઈએ. ૧૦૦૭.

*

જૈન કોઈ સંપ્રદાય નથી. ગુણસ્વરૂપ જે શુદ્ધ ચૈતન્યઘન તેને જે પર્યાયમાં ઉપાદેય કરી અનુભવે તેણે રાગ અને અજ્ઞાનને જીત્યા, તેને જૈન કહેવાય છે. ૧૦૦૮.

# સમાપ્ત